છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
શ્રી દિનેશચંદ્ર મહેતા (૦૭૯-૨૬૮૫ ૪૬૪૪)

**ભારતમાં લવાજમ**
૧ વર્ષના : રૂા. ૧૫૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/-
૫ વર્ષના : રૂા. ૬૦૦/-
આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો
ચેક (**Payable at AHMEDABAD**) /
ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**
**૧. રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧
**૨. શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩
**૩. રશ્મિન્ ખોના**
સી-૧૩, ઇન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* *લેખક* *પાના નં.*

- તંત્રી લેખ : ભારતીય સમાજ - અધ્યાત્મવાદ - ભૌતિકવાદ .......... અશોક મહેતા ........ ૫

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

- આવાસ યોજના – ઉદ્‌ઘાટન સમારોહ – ઋણ સ્વીકાર .......... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આગામી પ્રોજેક્ટ – ગર્લ્સ હોસ્ટેલ .......... ૧૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ યોજે છે...
  'કચ્છ બહારની, ગુજરાત સ્થિત, કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન" .......... ૧૬

*લેખ વિભાગ* :

## કચ્છ

- કચ્છી લિપી વિશે વધુ જાણો .......... ડૉ. રાજુલ ...... ૧૭
- કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત
  કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ (પ્રકરણ-૬) .......... ડૉ. નીતા ઠાકર ...... ૧૮
- સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય) (પ્રકરણ-૩) ..........વિરાજ દેસાઈ ...... ૨૧
- ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ – (૨) .......... પ્રવીણચંદ્ર શાહ ...... ૨૪
- ઝારાનો ભીષણ સંગ્રામ : મોથાળા ગામમાં મસલત (પ્રકરણ-૯)....... ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૩૦
- બિદડા સર્વોદય હોસ્પિટલ : એક મહાન સેવામંદિર...! .......... ધનલક્ષ્મી ગડા ...... ૩૧
- કચ્છના લોકપ્રિય નેતા : પ્રેમજી ભવાનજી ઠક્કર.......... ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૩૨
- કચ્છ રાજ્યના રાજકવિ અને ચારણી સાહિત્યના વિદ્વાન
  શંભુદાનજી ગઢવી.......... સંજય પી. ઠાકર ...... ૩૪

## માહિતી

- મનુષ્યની ઉત્પત્તિ અંગેના વિવિધ સિદ્ધાંતો .......... ડૉ. રામજીભાઈ સાવલિયા ...... ૩૬
- માર્ચ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ............ગુલાબચંદ ધારશી રાંભિયા....... ૪૦

## જીવન ચરિત્ર

- પ્રખર રાષ્ટ્રવાદી ડૉ. લોહિયા.......... પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી ...... ૪૧

## વિચાર-વિમર્શ

- સામા પ્રવાહે તરવું છે.... સત્યમેવ જયતે! .......... મૂરજી ગડા ...... ૪૨
- ભણતર અને ગણતર.......... શાંતિલાલ સંઘવી ...... ૪૪
- વિદ્યાર્થીઓના આપઘાતના બનાવની ભીતરમાં .......... પ્રા. પૃથ્વી શાહ ...... ૪૬
- મન દર્પણ.......... હરખચંદ સાવલા ...... ૪૭
- સંશોધન લેખશ્રેણી : લેખાંક-૫
  યોજના અમલીકરણમાં તેજ-ગતિ આણવા કેન્દ્ર પાસેથી રૂા. ૫૦૦૦ કરોડ
  ઉલેચાવાયા, પણ – ગતિમાં ડીંગો!.......... પ્રવીણચંદ્ર શાહ ...... ૪૯
- "સ્વ પ્રશંસા" – એક ચેતવા જેવો અવગુણ.......... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૩
- યક્ષના પ્રશ્નો .......... શાંતા રામેશ્વર રાવ, પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા ...... ૫૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન

● વાવણી ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૫૬

## પ્રવાસ વર્ણન

● સફર – કેનેડાના રમણિય પ્રદેશોની (લેખાંક-૨) ........ કમલબહેન શાહ ...... ૫૮

## રમત-ગમત (સ્પોર્ટ્સ)

● '૪૭માં વિદેશ ગયેલી સૌથી પહેલી ટેસ્ટ-ટીમના ભરતી-ઓટ :
'ઝીરો'માંથી આજે 'હીરો'! ........ પંકજ ...... ૫૯

## તંદુરસ્તી

● ભણતરનો તમાવ અને ઉપાય ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૬૧
● કબજિયાત (કોન્સ્ટીપેશન) ........ વૈદ્ય નવીનભાઈ ઓઝા, પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા ...... ૬૪

## હળવું વાંચન

● મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા (લેખાંક-૫) ........ શાંતિલાલ વ. શાહ ...... ૬૭
● બાળ વાર્તા : વિક્રમ અને વેતાળ (પ્રકરણ-૧૧) ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૯

## હાસ્ય

● હળવાશની ક્ષણોમાં! તમે માંગો તે મળશે! ........ ચિત્રસેન શાહ ...... ૭૩
● બાલુડેં જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૪

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૭૫
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : દિનેશ મહેતા ...... ૮૧
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૮૨
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૪
● શબ્દ રમત-૪૬ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૫
● સુડોકુ – ૧૦૦૩ ........ હરખચંદ સાવલા ...... ૮૭
● વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૮૯
● સમાજ દર્પણ ........ ૯૧
● સંસ્થા સમાચાર ........ ૯૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ........ ૯૭
● ઉડતી નજરે ........ ૧૦૦

*ન્યાયાધીશોને અને અદાલતી કર્મચારીઓને ભ્રષ્ટાચાર માટે મોકળું મેદાન મળી જાય છે, કારણ કે ન્યાય આપવાની આપણી પદ્ધતિ એટલી રેઢિયાળ છે કે સામાન્ય અને સીધા ખટલાઓ પણ વર્ષો સુધી ટીંગાતા રહે છે અને રીઢા ગુનેગારોને કદી સજા થતી નથી. આ વિલંબના કારણે આપણા રાજકારણમાં મવાલીઓનું જોર જામ્યું છે અને મવાલી આગેવાનો તથા ભ્રષ્ટાચારી ન્યાયાધીશો એકબીજાને છાવરતા રહે એવું વિષચક્ર આપણી લોકશાહી માટે જબરદસ્ત કલંક બની ગયું છે.*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ભારતીય સમાજ - અધ્યાત્મવાદ - ભૌતિકવાદ

***– અશોક મહેતા***

મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૦ના તંત્રી લેખમાં આપણો સમાજ વિજ્ઞાનની શોધખોળથી જોજનો દૂર છે, તેવી વાત કરેલ હતી.

નવી વૈજ્ઞાનિક શોધો આપણે ત્યાં પ્રમાણમાં ખૂબ જ જૂજ માત્રામાં થાય છે, તેવી વાત પણ ઉચ્ચારેલ હતી.

આજે આપણે આગળ વિચારીએ.

સેંકડો વર્ષોથી આપણી સંસ્કૃતિ વિજ્ઞાનના બદલે કદાચ અહિંસા, અપરિગ્રહ, અધ્યાત્મવાદ વગેરે તરફે વધુ ઝૂકેલ છે.

ભૌતિકવાદથી આપણી સંસ્કૃતિ ભિન્ન છે. ભૌતિકવાદ એટલે સંસારમાં રહી, પૂરેપૂરી સુખ-સગવડતા ભોગવવી.

ભૌતિકવાદ એ અમેરિકા-યુરોપની સંસ્કૃતિ છે. જ્યારે ભારતીય દ્વિપકલ્પની સંસ્કૃતિ અધ્યાત્મવાદ તરફી છે.

પરંતુ અધ્યાત્મવાદને, અપરિગ્રહને, અહિંસાને સાચા અર્થમાં પચાવવા મુશ્કેલ છે. કોઇ વીરલ આત્મા જ એ ચરમ સીમાએ પહોંચી શકે. સામાન્ય જન માટે આ માર્ગ ખૂબ જ કઠિન છે. કદાચ ભૂતકાળમાં પણ તેમજ હશે. પરિણામસ્વરૂપે સામાન્યજન આ દિશા તરફના બાહ્યાચારો જ સ્વીકારી શકેલ છે. એ વાદોના ઊંડાણમાં કદાચ તે ન પહોંચી શકેલ હોય. તેના માટે એ ખૂબ જ કઠિન કાર્ય બની રહેલ હોય.

અધ્યાત્મવાદ તો એ પચાવી શકે, જેણે પોતાની સંપૂર્ણ શક્તિ એ દિશા તરફ કેન્દ્રિત કરેલ હોય.

અનેકાંતવાદ એ સ્વીકારી શકે કે જે પોતાના મનની શક્તિને એ સૂચકાંક પર લઇ જઇ શકેલ હોય કે જે અન્યોના વિચારોને પણ તટસ્થતાથી નીરખી શકે-તેના વિશે પોતાનું મન ખુલ્લું રાખી નિર્લેપભાવે વિચારી શકે.

અપરિગ્રહ પાળવું ખૂબજ કઠિન છે. સંસાર છોડી ગયેલ સંતો-મહાત્માઓને પણ આપણે પરિગ્રહથી લદાયેલ ક્યાં જોતા નથી? અતિ ઉચ્ચ સગવડતા ધરાવતા આશ્રમો ઠેર ઠેર નિહાળી શકાય છે. મોટા ભાગના સામાન્ય જન માટે અપરિગ્રહ પાળવું સ્વપ્નવત્ જ બની રહે.

અહિંસા તો વીરને શોભે. મક્કમ મનના મનુષ્યને શોભે. બહાદુર માણસને શોભે. ઢીલો-પોચો માણસ અહિંસાની વાત કરે તો તે અહિંસાનું વજૂદ કેટલું રહે!

પરિણામસ્વરૂપ આપણા સમાજનો સામાન્યજન, ન તો આપણા જૂના સિદ્ધાંતોને આચરી શકતો હોય, કે ન તો તે ભૌતિકવાદ તરફ ઢળેલ હોય!

ભૌતિકવાદ તરફ તે પૂરેપૂરો ઢળેલ ન હોવાના કારણે, તેને ભૌતિક દુનિયાને પામવાનો રસ ના હોય તે સ્વાભાવિક છે. પરંતુ ઉપરછલ્લા ભૌતિકવાદની મોજ-મજાથી તે લપેટાઇ જતો હોય.

અન્ય તરફ સંપૂર્ણ અધ્યાત્મવાદ પચાવી શકેલ ન હોવાના કારણે, તે તેના બાહ્યાચારમાં જ પોતાના જીવનને ચરિતાર્થ પામેલ માનતો હોય. તે પ્રકારના બાહ્યાચારોમાંથી જ સંતોષ મેળવતો હોય.

આજે આપણે આપણા સમાજમાં જે નીરખી રહેલ છીએ તે હોમ-હવન વગેરે ક્રિયાકાંડો આ બાહ્યાચારનો એક પ્રકાર છે. શિવ-શંકર-વિષ્ણુ-મહેશ-ગણેશ-હનુમાન વગેરેને ભગવાન કે દેવ તરીકે પૂજી તેમના મંદિરો બનાવી, તેમની પૂજા-ધૂપ-દીવો કરવો એ બાહ્યાચારનો અન્ય પ્રકાર છે. તેઓની અહિંસા પાંજરાપોળ કે કૂતરા-બિલાડા કે કીડી-મંકોડીની રક્ષામાં જ સમાઇ જતી હોય. જેઓ કૂતરા-બિલાડા કે કીડી-મંકોડી કે ગાયો પ્રત્યે અનુકંપા દાખવી, તેમના પ્રત્યે અહિંસા દાખવી, જાતે સંતોષ લેતા હોય, તેઓ જ જ્યારે જાહેરમાં સેંકડો માણસોની વચ્ચે કોઇ માથાભારે તત્વો, કોઇ નબળાની પરેશાની કરતા હોય, કોઇ નબળાને ફટકારતા હોય, કોઇ અબળાની લાજ લૂંટતા હોય, ત્યારે બધી જ અનુકંપાને બાજુએ રાખી, બધાજ પ્રકારની અહિંસક વાતોને કોરાણે મૂકી, વચ્ચે પડવાની હિંમત નહીં દાખવી શકે. એક બાજુ ઊભા રહીને ડરના માર્યા આ તમાસો જોયા કરશે પરંતુ વચ્ચે પડીને થતી હિંસા અટકાવવા પોતાના જાનને દાવ પર નહીં લગાવી શકે. નપાણિયાની અહિંસાની વાતોનો કોઇ જ પ્રભાવ ના પડી શકે! અહિંસા તો વીરને જ શોભે કે જે જાતે વચ્ચે પડીને નબળાનું રક્ષણ કરે અને હિંસક સબળાને સબક શીખવાડે. જરૂર જણાય તો સબળાને પણ માફી બક્ષી વીરતાના દર્શન કરાવે-ખરો અહિંસા ધર્મ પાડી બતાવે!

*કોઈનું દિલ દુભાય તેવું વિચારવું કે વર્તન કરવું નહિ.*

આ બધી વાતોના પ્રત્યાઘાત સમાજ પર એ પડે છે કે સારોયે ભારતીય સમાજ ન તો પૂરેપૂરો અધ્યાત્મવાદ-અહિંસાવાદ વગેરે તરફ તેના સાચા અર્થમાં જઇ શકે છે કે ન તો તે ભૌતિકવાદ તરફ ઢળી દુન્યવી અજાયબીઓને પામવા પોતાના પ્રયાસો જારી રાખી શકે છે.

પરિણામે આપણે ભૌતિકવાદ તરફ ઢળી નવી નવી શોધખોળો પ્રત્યે લક્ષ આપી શકતા નથી.

બ્રહ્માંડને માપવા કોઇ ઉપકરણની શોધના પ્રયાસો આદરતા નથી.

માનવ શરીરના કૃત્રિમ અંગો લોહી, લીવર, હૃદય વગેરેની શોધખોળ કરી, જીવનને સરળ બનાવવા અને લાંબી તંદુરસ્ત જિંદગી જીવવા, શોધખોળભર્યા પ્રયાસ કરતા નથી.

યુવા વયે રહેતી તંગ ચામડી, વૃદ્ધ થયે ઢીલી ના પડે તેની શોધખોળ કરવા પ્રયાસ તો ઠીક પણ વિચાર સુદ્ધાં કરતા નથી.

જ્યારે અન્ય તરફની વાત કરીએ તો અહિંસા, અપરિગ્રહ, અધ્યાત્મને બાજુએ મૂકી, ભૌતિકવાદ તરફ ઢળેલા લોકો જરૂરી અભ્યાસ, ચિંતન, વિચાર-વિમર્શ અને પ્રયોગો આદરી આ સૃષ્ટિનો તાગ મેળવવા ચારે દિશા તરફના પ્રયાસો આદરે છે. મોબાઇલ, કોમ્પ્યુટર, રોકેટ, ચંદ્રયાન જેવા જટિલ ઉપકરણો બનાવી પોતાના સઘન પ્રયાસો જારી રાખે છે.

આજ અંકમાં અન્યત્ર છપાયેલ શ્રી હરખચંદ સાવલાના 'મન-દર્પણ' લેખમાં જે દલીલ કરવામાં આવેલ છે એ "Necessity is mother of invention" એ વાત સંપૂર્ણ સાચી, પરંતુ દુનિયાનો તાગ મેળવવાની શોધખોળ એ "invention" એકદમ જરૂરિયાતની વસ્તુ નથી પરંતુ ઊંડા વિચાર-વિમર્શને અંતે સ્ફુરી શકેલ, શોધખોળ માટેની ખોજ કરવાનો એક પ્રયાસ છે. નવીન દિશા તરફ આગળ ધપવા માટે એક વીરતાભર્યું કદમ છે.

ભારત દેશનો સારોયે સમાજ ભૌતિકવાદ તરફી એ શોધખોળ બાબત ન વિચારી શકવાનું મુખ્ય કારણ, આપણી સંસ્કૃતિનો કહેવાતા અધ્યાત્મવાદ તરફ ઢળવાનો ઝોક કદાચ હોઇ શકે.

ભારતનો સામાન્ય જન કે જે યુરોપ-અમેરિકામાં પોતાનો વસવાટ કરી રહેલ છે, તેઓ ત્યાંના વાતાવરણને અનુરૂપ પોતાના પ્રયાસો આ દિશા તરફ પણ જારી રાખે છે અને આપણા એ સામાન્ય જનની સક્ષમ બુદ્ધિમત્તાના કારણે તે સફળતાની ટોચ પર પહોંચી શકે છે. જ્યારે આજ ભારતીય જન જ્યારે ભારત દેશમાં પરત આવશે ત્યારે તેને આ પ્રકારની શોધખોળ કરવાનું વાતાવરણ જ પ્રસ્થાપિત થયેલ નહીં ભાસે.

**આ પ્રકારના વિચારવાદના ઇલાજ બાબત જરૂરથી વિચારી શકાય.**

૧. જેઓ આર્થિક રીતે સમાજની ટોચ પર પહોંચી શકેલ છે, તેઓએ પોતાની સંપત્તિ આ પ્રકારના પ્રયાસો પાછળ વાપરવાનો આજે નહીં તો આવતીકાલે નિર્ણય લેવો જ રહેશે. આ પ્રકારના નિર્ણયો જેટલા જલદી લેવાય, તેટલા જ ભારતીય સમાજ માટે ઉપયોગી સાબિત થઇ રહેશે. આજે જાણતા કે અજાણતા તેઓમાંના મોટા ભાગના લોકો જે રસ્તે છે, તે રસ્તે તેઓ ભારતીય સમાજની પ્રગતિને રૂંધવામાં જ સહાય કરી રહેલ છે. આ વર્ગ જેટલો જલદી જૂની વિચારસરણીમાંથી બહાર આવશે તેટલો જલદી ભારતીય સમાજ પ્રગતિના પંથે ચડી શકશે.

૨. ભારતીય સમાજનો એક અન્ય હાનિકર્તા વર્ગ – ગુરુજનોનો-મહંતોનો છે, કે જેની પાછળ સામાન્ય માનવી તેનો બોલ ઝીલતો રહે છે. તેમને ભગવાનની જેમ પૂજે છે.

અગર આ ગુરુજનો-સંતો-મહંતો ઇચ્છે તો તેઓ સમગ્ર ભારતીય સમાજને વૈજ્ઞાનિક રાહે પ્રગતિના પંથે દોડતું કરી શકે. તેઓ જેટલા જલદી હોમ-હવન કરાવવામાંથી, હનુમાનજી-ગણેશજીના મંદિરો બંધાવવામાંથી, સમૂહોને પગપાળા તીર્થોની જાત્રાઓ કરાવવામાંથી, મંદિરોમાં ભગવાનને ધજા ચડાવવામાંથી, ઘંટારવ કરી નાદો જગાવવામાંથી કે રાત્રિ-જાગરણોની પ્રક્રિયાઓમાંથી બહાર આવશે, તેટલી જલદી ભારતીય સમાજની પ્રગતિ સાધી શકાશે.

**સક્ષમ ધનપતિઓના નાણા થકી અને ગુરુજનોના બોલ થકી, ભારતીય સમાજની પ્રગતિની મશાલ જેટલી જલદી પ્રજ્જવલિત થાય, તેટલું જલદી આ દેશનું ભવિષ્ય સુધરી શકે. આ દેશ સાચા ઢબે અને વૈજ્ઞાનિક રાહે પ્રગતિ હાંસલ કરવાના રાહ પર દોડી શકે!**

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૩૦૧૫૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*વસ્તુ પ્રાપ્તિના પાયામાં પ્રામાણિકતા હોવી જ જોઈએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિર્મિત

# આવાસ યોજના – નવનીત ભવન

### ઉદ્‌ઘાટન તા. ૨૬-૧-૨૦૧૦ (ભારતીય પ્રજાસત્તાક દિન)

## ઋણ સ્વીકાર

આવાસ યોજના એ આ સંસ્થાનું સ્વપ્ન હતું.

એ સ્વપ્ન મૂર્તિમંત થયું - પરિપૂર્ણ થયું.

આ સમાજ તથા તેના કાર્યકરોએ વિકાસ પામવા મથતા સમાજના બંધુઓ તરફ ફરજ બજાવી તેનું ઋણ અદા કરવા પ્રયાસ કર્યો, ત્યારે

આ સમાજ તેના પ્રયાસમાં સાથ આપનાર સહુ દાનવીર શ્રેષ્ઠીઓ, સખી દાતાશ્રીઓ, પરોક્ષ તથા અપરોક્ષ રીતે સહયોગ આપનાર સહુ શુભેચ્છકોનો ઋણ સ્વીકાર કરી, જાહેર આભાર માને છે. સખી દાતાશ્રીઓને ધન્યવાદ પાઠવે છે.

સમાજના સખી દાતાશ્રીઓ અને શ્રેષ્ઠીઓએ અમારી વિનંતીનો સ્વીકાર કર્યો અને શુભ કાર્ય માટેની અમારી ઝોળી છલકાવી દીધી.

અને તેથી જ તો મોટા ભાગના આવાસો કે જેની પડતર કિંમત અમને રૂા. ૫/- લાખ જેટલી થવા પામેલ તે માત્ર રૂા. ૫૦,૦૦૦/- જેવી નજીવી કિંમતે અમે ફાળવી શક્યા.

તેટલું જ નહીં, પરંતુ જેઓ રૂા. ૫૦,૦૦૦/- પણ ના ભરી શક્યા, તેઓ સમક્ષ પણ સમાજના સખી દાતાશ્રીઓ વહારે ધાયા અને તેમની અડચણનો માર્ગ પણ મોકળો કરી આપ્યો.

અમે વિશેષ આભારી છીએ ''નવનીત પરિવાર''ના કે જેમણે આ યોજનાના આરંભથી અંત સુધી અમને સંપૂર્ણ સહયોગ આપ્યો.

તેઓશ્રીએ મુખ્ય નામનો સ્વીકાર કરી, અમારી સારી એવી અડચણો દૂર કરી આપી.

અમારી મંજિલને વેગવંતી બનાવી આપી.

નવનીત પરિવારનું નામ જોડાતાં અન્ય અનેક દાતાશ્રીઓ કે જેઓને અમે પ્રત્યક્ષ મળ્યા પણ નથી, તેઓએ પણ અમારા પ્રત્યે સહકારના હાથ લંબાવ્યા, અમારા પર પૂરતો વિશ્વાસ મૂક્યો.

અને તેથી જ 'નવનીત પરિવાર'નો જાહેર આભાર માનવાની આ તક અમે ઝડપી લઈએ છીએ.

નવનીત પરિવારના મોભીશ્રીઓ શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા તેમના કુટુંબ પરિવારના દરેક સભ્યશ્રીઓ પ્રત્યે અત્રેથી અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીનો કે જેઓએ અમને અમારી ગૃહઉદ્યોગ યોજનામાં તો સહકાર આપ્યો, પરંતુ અન્ય દાનો મેળવી આપવામાં પણ સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી હિતેશભાઈ મોતા પરિવારનો કે જેઓએ અમને ગ્રાઉન્ડ ફ્લોર માટે સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી નયનભાઈ ભેદા પરિવારનો કે જેઓએ અમને પહેલા માળ માટે સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી વિશનજીભાઈ હરશી ગાલાનો કે જેઓએ અમને બીજા માળ માટે સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈનો કે જેઓએ અમને ત્રીજા માળ માટે સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી રમેશભાઈ હીરજી ધરોડનો કે જેઓએ અમને ચોથા માળ માટે સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાનો કે જેઓએ સદાયે અમારા પ્રયાસોમાં હામ ભીડી જરૂરી સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ શ્રી વિજય છેડાનો કે જેઓએ અમારી સાથે રહી સમાજના નબળામાં નબળા પરિવારો પ્રત્યે અનુકંપા દાખવી

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ એ ૪૦ દાતાશ્રીઓનો કે જેઓએ અમને ૪૦ પરિવારોની દત્તક યોજનામાં સહયોગ આપ્યો.

*હથિયાર ઉપર ભરોસો કરનાર, અસલમાં બુઝદિલ હોય છે!*

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ સ્વજન દાતાશ્રીઓનો, માનદ્ દાતાશ્રીઓનો, શુભેચ્છક દાતાશ્રીઓનો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ - ઇંટોના દાતાશ્રીઓનો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ - એ મહાનુભાવોનો કે જેઓએ અમને અન્ય અનેક દિશાએથી સહયોગ આપ્યો.

અમે ઋણ સ્વીકાર કરીએ છીએ — શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એ કાર્યકરોનો કે જેમણે આવાસ યોજનાને મૂર્તિમંત કરવા સહયોગ આપ્યો અને ઉદ્‌ઘાટન સમારોહને સફળતાની ટોચે પહોંચાડવામાં સંપૂર્ણ સહકાર આપ્યો.

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી અને માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અન્ય નકરાઓની વિગત

**(પ્રથમ યાદી મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે)**

- **સ્વજન દાતા રૂ ૧.૦૦ લાખ શ્રી વસંતભાઇ બાબુભાઇ નાગડા હા. ધીર ઉદય નાગડા (અમદાવાદ-ચાંગડાઇ)**
- **ત્રણ ઇંટોના દાતા રૂ. ૧૧૦૦૦/- શ્રી નાનાલાલ ચુનીલાલ શાહ (તીનીવલ્લી-મુંદ્રા)**
- **ત્રણ ઇંટોના દાતા રૂ. ૧૧૦૦૦/- શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ (કુર્નુલ-મુંદ્રા)**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

### ભૂલ સુધાર - ક્ષમાયાચના

મંગલ મંદિર, ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં આવાસ યોજનાના અનુસંધાને અમે કેટલીક વિગતો જાહેર કરેલ હતી. તદ્‌ઉપરાંત તા. ૭-૨-૨૦૧૦ની મુંબઈની ખબર પત્રિકામાં અમે એક જાહેર ખબર છપાવેલ હતી.

મંગલ મંદિરના અંકમાં તથા એ જાહેરાતમાં રહી ગયેલ ક્ષતિ બદલ અમે દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

ક્ષતિઓ નીચે મુજબ રહી જવા પામેલ હતી.

(૧) ગ્રાઉન્ડ ફ્લોરની તકતીના દાતાશ્રી ''સ્વ. તારાબહેન માણેકજી કેશવજી મોતા'' છપાયેલ છે તેના બદલે **''માતુશ્રી તારાબહેન માણેકજી કેશવજી મોતા''** વાંચવા વિનંતી. માતુશ્રી તારાબહેન માણેકજી કેશવજી મોતાને પરમ કૃપાળુ પરમાત્મા તંદુરસ્ત દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના.

(૨) બે પરિવારને દત્તક લેવા માટે બે ફ્લેટના દાતાશ્રી રાયચંદ હંસરાજ ધરમશી (મુંબઈ-સુથરી) છપાયેલ છે. તેના બદલે નીચે મુજબ નોંધ લેવા વિનંતી.

**એક પરિવારને દત્તક લેવા સામેના દાતાશ્રી :- માતુશ્રી નવલબાઇ દામજી ધરમશી (મુંબઇ-સુથરી)**

**એક પરિવારને દત્તક લેવા સામેના દાતાશ્રી :- માતુશ્રી સોનલબહેન રાયચંદ ધરમશી (મુંબઇ-સુથરી)**

(૩) એક પરિવારને દત્તક લેવા સામે, એક ફ્લેટના દાતાશ્રી ''માતુશ્રી પ્રભાબહેન પ્રેમજી રતનશી ગાલા'' હા. વીરચંદ પ્રેમજી ગાલા (મુંબઈ-નાના ભાડિયા) છપાયેલ છે. તેના બદલે નીચે મુજબ નોંધ લેવા વિનંતી.

**એક પરિવારને દત્તક લેવા સામે, એક ફ્લેટના દાતાશ્રી ''માતુશ્રી પ્રભાબહેન પ્રેમજી રતનશી ગાલા'' હા. તેમના સુપુત્રો શ્રી વીરચંદભાઇ, શ્રી કલ્યાણજીભાઇ, શ્રી નવીનચંદ્રભાઇ તથા શ્રી કિરણભાઇ.**

(૪) સ્વજન દાતા તરીકે ''શ્રીમતી જયાબહેન નેમચંદ ગડા'' (વડોદરા-લાયજા) હા. પૌત્ર રીંકુ, સેજલ તથા પુત્રવધૂ નયના છપાયેલ છે તેના બદલે નીચે મુજબ વાંચવા વિનંતી.

**શ્રીમતી જયાબહેન નેમચંદ ગડા (વડોદરા-લાયજા) હા. પુત્રવધૂ રીંકુ, સેજલ તથા સુપુત્રી સુનયના.**

(૫) સ્વજન દાતા તરીકે એક નામ બાકી રહેલ છે, કે જે નીચે મુજબ છે.

**શ્રી વસંતભાઇ બાબુભાઇ નાગડા (અમદાવા-ચાંગડાઇ) હા. ધીર ઉદય નાગડા.**

***પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*થયેલી ભૂલની માફી માંગવી એ સાચી વીરતા છે.*

# ઉદ્‌ઘાટન સમારોહના ચમકારા

## વિશિષ્ટ મહાનુભાવોનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદને મળેલ લાભ

| | |
|---|---|
| **ધ્વજવંદન** | : શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી-આરતી ગ્રૂપ (મુંબઇ-નાના ભાડિયા) |
| **નવનીત ભવનનું ઉદ્‌ઘાટન** | : શ્રી વલ્લભજીભાઇ ભાણજી ગડા-ડેવલપર્સ તથા ઉદ્યોગપતિ (મુંબઇ-બાડા) |
| **નવનીત ભવનની મુખ્ય તકતીનું અનાવરણ** | : શ્રી રમણિકલાલ છગનલાલ દેઢિયા-નાણા દલાલ તથા ડેવલપર્સ (મુંબઇ-ભુજપુર) |
| **ગ્રાઉન્ડ ફ્લોરની તકતીનું અનાવરણ** | : શ્રી દીપકભાઇ ધારશી ભેદા - બિલ્ડર તથા ડેવલપર્સ (મુંબઇ-મોખા) |
| **પ્રથમ માળની તકતીનું અનાવરણ** | : શ્રી પારસભાઇ પદમશી મૈશેરી (મુંબઇ-રાપર ગઢવારી) |
| **દ્વિતીય માળની તકતીનું અનાવરણ** | : શ્રી જયેશભાઇ ભાગચંદ જૈન - એક્ષ્પોર્ટર્સ (મુંબઇ-કોઠારા) |
| **લિફ્ટનું ઉદ્‌ઘાટન** | : શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડા - ડેવલપર્સ તથા ઉદ્યોગપતિ (મુંબઇ-લાયજા) |
| **સમારંભ પ્રમુખ** | : શ્રી રમેશભાઇ હીરજી ધરોડ - બિલ્ડર્સ તથા ડેવલપર્સ (મુંબઇ-પત્રી) |
| **દીપ પ્રાગટ્ય** | : શ્રી અમરચંદભાઇ ગાલા-નવનીત ગ્રૂપ (મુંબઇ-મોટી રાયણ) |

## ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત અન્ય અતિથિ વિશેષશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| શ્રી ડુંગરશી રામજી ગાલા | - | નવનીત ગ્રૂપ | (મુંબઇ-મોટી રાયણ) |
| શ્રી હરખચંદ (છોટુભાઇ) રામજી ગાલા | - | નવનીત ગ્રૂપ | (અમદાવાદ-મોટી રાયણ) |
| શ્રી શાંતિલાલ રામજી ગાલા | - | નવનીત ગ્રૂપ | (અમદાવાદ-મોટી રાયણ) |
| શ્રી ભૂપેન શામજી છેડા | - | ડેવલપર્સ તથા ઉદ્યોગપતિ | (મુંબઇ-ગોધરા) |
| શ્રી નયન અશોક ભેદા | - | ડેવલપર્સ તથા બિલ્ડર્સ | (મુંબઇ-વારાપધર) |
| શ્રી વિશનજી હરશી ગાલા | - | ઉદ્યોગપતિ | (મુંબઇ-ડુમરા) |
| શ્રી મહેન્દ્રભાઇ રતનશી સંઘોઇ | - | ડેવલપર્સ તથા સામાજિક કાર્યકર | (મુંબઇ-ટોડા) |
| શ્રીમતી દેવકાબહેન અમરચંદ ગાલા | - | નવનીત ગ્રૂપ | (મુંબઇ-મોટી રાયણ) |
| શ્રીમતી મધુરીબહેન છોટુભાઇ ગાલા | - | નવનીત ગ્રૂપ | (અમદાવાદ-મોટી રાયણ) |
| શ્રીમતી વિમળાબહેન શાંતિલાલ ગાલા | - | નવનીત ગ્રૂપ | (અમદાવાદ-મોટી રાયણ) |
| શ્રીમતી તારામતી વિશનજી ગાલા | - | ગાલા સ્પ્રીંગ્સ | (મુંબઇ-ડુમરા) |
| શ્રીમતી પ્રીતિબહેન રમેશ ધરોડ | - | સમારંભ પ્રમુખશ્રીના જીવનસંગિની | (મુંબઇ-પત્રી) |

### પ્રવક્તા

શ્રી ગુલાબ દેઢિયા ઉદ્‌ઘોષક તરીકેની સેવા આપવા પ્રથમ વખત જ અમદાવાદ પધારેલ હતા.
તેમની જબાનેથી વહેતા અસ્ખલિત અને આડંબર રહિત વાણીપ્રવાહે
સહુને મંત્રમુગ્ધ કરેલ હતા.

*જમાનાનું ધાર્યુંય કરવું પડે છે, કમોતે ઘણીવાર મરવું પડે છે.*

## ઉદ્‌ઘાટન પ્રસંગે બહારગામથી ઉપસ્થિત રહેલ અન્ય મહાનુભાવો

| | |
|---|---|
| શ્રી વાડીલાલ રતનશી સાવલા | (સૂવઇ-રાપર) |
| શ્રી વીરચંદ પ્રેમજી ગાલા | (મુંબઇ-નાના ભાડિયા) |
| શ્રી પંકજ પૂનમચંદ બાબરિયા | (મુંબઇ-લોદ્રાણી) |
| શ્રી પારસ ગુણવંતલાલ બાબરિયા | (મુંબઇ-લોદ્રાણી) |
| શ્રી શાંતિલાલભાઇ બી. છેડા | (મુંબઇ-પુનડી) |
| શ્રી કેશવજી પદમશી ગોગરી | (મુંબઇ-ભુજપુર) |
| શ્રી અરવિંદભાઇ શામજી મામણિયા | (મુંબઇ-ભુજપુર) |
| શ્રી મહેન્દ્રભાઇ ગઢવી, સરપંચશ્રી-ભુજપુર ગ્રામ પંચાયત | |
| શ્રી બંસીલાલ મગનલાલ ગડા | (મુંબઇ-નાના ભાડિયા) |
| શ્રીમતી રસીલાબહેન બંસીલાલ ગડા | (મુંબઇ-નાના ભાડિયા) |
| શ્રી ગુલાબ દેઢિયા | (મુંબઇ-નાની ખાખર) |
| શ્રી કાંતિલાલ ગાંગજી વોરા | (કોઇમ્બતુર-રંગપુર-હાલાર) |

## નવનીત પરિવાર

*આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી નવનીત પરિવારે ખરા અંતઃકરણપૂર્વક પોતાના સમાજના નબળા પરિવારો માટે સામાજિક જવાબદારી અદા કરવા તેમના પરિવારના મોટા ભાગના સભ્યો –*

*શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રીમતી દેવકાબહેન ગાલા, શ્રીમતી મધુરીબહેન ગાલા, શ્રીમતી વિમળાબહેન ગાલા, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રીમતી કંચનબહેન પોલડિયા,*

*શ્રી સંદીપ શાંતિલાલ ગાલા, શ્રી કલ્પેશ છોટુભાઈ ગાલા*

*તથા અન્ય કૌટુંબિક સભ્યો -*

*આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેલ હતા, તેટલું જ નહીં પરંતુ પૂરી લાગણી અને કરુણા દાખવી આ કાર્યક્રમને યશસ્વી રીતે પરિપૂર્ણ કરવા પોતાની પૂરેપૂરી જવાબદારી અદા કરેલ હતી.*

## આ કાર્યક્રમ કોનો છે?

***ઉપસ્થિત આમ સમુદાયમાંથી નીચે મુજબ વાર્તાલાપ સાંભળવા મળ્યો.***

***એક વ્યક્તિ :*** આ કાર્યક્રમ કોનો છે? શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનો કે શ્રી અમરચંદભાઇ ગાલા, શ્રી ડુંગરશી ભાઈ ગાલા તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીનો?

***બીજી વ્યક્તિ :*** કેમ, તારે આવું કહેવું પડ્યું?

***પ્રથમ વ્યક્તિ :*** જે રીતે આ કાર્યક્રમનો તખ્તો આ ત્રણેય મહાનુભાવોએ સંભાળી લીધો અને ઉપસ્થિત આમ સમુદાયની વચ્ચે જ મંચ પરથી બાકી રહેતા નકરાઓ પૂરા કરાવી આપ્યા એ રીતે તો એવું લાગતું હતું કે આ ત્રણેય મહાનુભાવોએ ખરા હૃદયથી કામની જવાબદારી સ્વીકારી લીધી અને બાકી રહેતું કાર્ય પૂરું કરી આપ્યું!

***બીજી વ્યક્તિ :*** પરંતુ તેમાં મોટા ભાગે તો અમદાવાદ સ્થિત કચ્છી જૈનો જ ઝપટમાં આવી ગયા!

***પ્રથમ વ્યક્તિ :*** શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ પોતાની મહેચ્છા છેવટે પૂરી કરી ખરી!

## સમર્થતાનો પુરાવો

*મુંબઇ સ્થિત કચ્છી જૈન, મુંબઇમાં સામાજિક કાર્યો આદરવા અથવા કચ્છમાં સામાજિક કાર્યો પાર પાડવા દાનની સરવાણી વહેતી મૂકી દે એ જગજાહેર હકીકત છે. તેઓશ્રી માટે અમદાવાદ એ પાછળની હરોળનું કેન્દ્ર ગણાય.*

*અમદાવાદ સ્થિત નવનીત પરિવારને તા. ૧૯-૧-૨૦૧૦ના તથા તેમના દ્વારા મુંબઇ સ્થિત નવનીત પરિવારને તા. ૨૦-૧-૨૦૧૦ના સમાચાર મળ્યા કે આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારોહને હવે માત્ર એક અઠવાડિયા જેટલો જ સમય બાકી રહેલ છે અને હજુ અંદાજે રૂા. ૬૫/- લાખના નકરાના નામો આવવાના બાકી છે.*

*મુંબઇ સ્થિત નવનીત પરિવાર તરત જ કામે લાગી ગયું. ફોનના ડિજિટલ આંકડા દબાવવાના ચાલુ થયા અને માત્ર બે દિવસમાં જ રૂા. ૩૫/- લાખના નકરા નક્કી કરી લીધા.*

*બાકી રહેલ હતું તે કાર્ય સમારોહ દરમ્યાન પૂરું કર્યું. અંદાજિત રૂા. ૩૦ લાખના નકરા, સમારોહ દરમ્યાન તેઓશ્રીએ મેળવી લીધા.*

*આ બીના સમર્થતાના પુરાવા સ્વરૂપ ઊભરી આવી!*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ઇતિહાસમાં એવું પ્રથમ વખત જ બન્યું કે જ્યારે ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ નકરાની યોજના પૂરેપૂરી છલકાઇ ગઇ.*

*ગુસ્સો તમને ખાઈ જાય તે પહેલાં ગુસ્સાને તમે ખાઈ જજો.*

## શ્રી ચંદ્રકાંત ગોગરીનું પ્રવચન

ધ્વજવંદન બાદ શ્રી ચંદ્રકાંત ગોગરીએ જે પ્રવચન આપેલ તેની ટૂંક વિગત અત્રે રજૂ કરેલ છે.

તેમણે જણાવેલ કે ભારત દેશે આઝાદી બાદ ૬૦ વર્ષમાં સારી એવી પ્રગતિ સાધેલ છે કે જેના ટૂંકમાં દૃષ્ટાંતો નીચે મુજબ છે.

*૧૯૫૦માં આઈ.એ.એસ. ઓફિસરનો સ્ટાર્ટિંગ પગાર રૂા. ૩૫૦/- માસિક હતો, આજે તે રૂા. ૨૬,૦૦૦/- માસિક છે...... ૭૩૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં ગાડીની કિંમત રૂા. ૩૦૦/- હતી, આજે રૂા. ૧,૩૦,૦૦૦/- છે. ............................ ૪૩૨૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં મનુષ્યની સરેરાશ ઉંમર ૩૨ વર્ષની હતી, આજે ૬૮ વર્ષની છે. ................................ ૧૧૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં ભણેલ લોકોની સંખ્યા ૧૮ ટકા હતી, આજે ૬૮ ટકા છે.... .................................. ૨૮૦ ટકાનો વધારો.*

*૧૦ ગ્રામ સોનાની કિંમત ૧૯૫૦ માં રૂા. ૯૮ હતી, આજે રૂા. ૧૬,૪૪૫ છે... ..................... ૧૬૬૮૧ ટકાનો વધારો*

*૧૯૫૦માં ડિફેન્સનું બજેટ રૂા. ૧૬૮ કરોડ હતું, આજે રૂા. ૧ લાખ, ૭૦ હજાર કરોડ છે.... . ૧,૦૧,૧૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં ભારતની વસતિ ૩૬ કરોડ, ૧૦ લાખ હતી, આજે ૧ અબજ, ૧૬ કરોડ, ૧૦ લાખની છે....૨૨૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં ભારતના લોકોની સરેરાશ આવક રૂા. ૨૨૫ હતી, આજે રૂા. ૩૭,૪૯૦ છે... ............ ૧૪૬૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં ભારતમાં ઘઉંનું ઉત્પાદન ૬૫ લાખ ટન હતું, આજે ૭ કરોડ, ૮૬ લાખ ટન છે... ......... ૧૧૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં વ્યક્તિ દીઠ પાવરનો વપરાશ ૧૫.૬ કિલોવોટ હતો, આજે ૬૩૧ કિલોવોટ છે. ..... ..... ૩૯૫૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં દર હજારે ૧૩૪ બાળમરણ થતા હતા, આજે ૫૩ થાય છે.... ................................. ૬૧ ટકાનો ઘટાડો*

*૧૯૫૦માં ૧ લાખ ટેલિફોનનો વપરાશ હતો, આજે ૫૪ કરોડ, ૩૦ લાખ ટેલિફોનનો વપરાશ છે.૫,૪૨,૯૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં નેશનલ હાઈવેની લંબાઈ ૧૯૮૧૧ કિ.મી. હતી, આજે ૭૦૫૪૮ કિ.મી. છે... ............... ૨૫૬ ટકાનો વધારો*

*૧૯૫૦માં ભારતમાં દર એક લાખ માણસે ૧૬ ડોક્ટર હતા, આજે ૬૦ ડોક્ટર છે... .................... ૩૭૫ ટકાનો વધારો*

*૧૯૫૦માં આપણું એક્ષ્પોર્ટ રૂા. ૬ અબજ ૬ કરોડનું હતું, આજે ૭૭૦ અબજનું. ................. ૧,૨૬,૯૦૦ ટકાનો વધારો*

*૧૯૫૦માં આપણું ઈમ્પોર્ટ રૂા. ૬૦૮ કરોડનું હતું, આજે ૧૩,૧૦૦ અબજનું છે... .............. ૨,૧૫,૩૦૦ ટકાનો વધારો.*

*૧૯૫૦માં સરકારી રેવન્યુની આવક ૩૩૮.૫૯ કરોડની હતી, આજે ૧૦ હજાર ૨૦૦ અબજની છે...૩,૦૧,૭૮૦ ટકાનો વધારો.*

ઉપરોક્ત ફુલ ગુલાબી ચિત્ર રજૂ કર્યા બાદ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ આજે ભારતમાં કેટલા લોકો ગરીબી રેખાની નીચે જીવે છે, તેની વિગત આપેલ ન હતી પરંતુ તેમણે જણાવેલ કે કચ્છમાં મુંદ્રા તાલુકાના ભુજપુર ગામમાં રૂા. ૮૦,૦૦૦ નો ખર્ચ થાય તેવા પ્રકારના બી.પી.એલ.ના પરિવારો માટે ૯૦ મકાનો બનાવવાના છે અને આવું કચ્છના દરેક ગામમાં યોજી શકાય અને તેના માટે તેઓએ અમદાવાદ સમાજને સહકાર આપવા અનુરોધ કરેલ હતો.

તાત્પર્ય એ છે કે છેલ્લા ૬૦ વર્ષની ઉપરોક્ત વિગતની પરિસ્થિતિ પછી પણ આપણા દેશમાં કરોડો લોકો ગરીબી રેખાની નીચે જીવે છે. તેનો મતલબ એ થયો કે ભારત દેશમાં જે વિકાસ થઈ રહેલ છે તે સમતોલ વિકાસ નથી.

## પારદર્શકતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટ મંડળે ડ્રો પદ્ધતિથી લાભાર્થીઓને આવાસો ફાળવવાનું નક્કી કરેલ હતું. ડ્રો પદ્ધતિ માટે શ્રી મગનલાલભાઇ સંઘવી તથા શ્રી આણંદજીભાઇ વીરા તૈયાર જ હતા!*

*જે કંઇ નામો જાહેર થતા રહે તેની યોગ્ય નોંધણી કરવાની જવાબદારી શ્રી મગનભાઇના શીરે રહેલ હતી જ્યારે ડ્રો પદ્ધતિનું સંચાલન કરવાની જવાબદારી શ્રી આણંદજીભાઇ વીરાના ભાગે હતી.*

*એક ડબ્બામાં લાભાર્થીના નામોની ચિઠ્ઠીઓ હતી અને બીજા ડબામાં ફલેટના નંબરની ચિઠ્ઠીઓ મૂકવામાં આવેલ હતી.*

*કોઇ મહાનુભાવને ડ્રો માટે બોલાવવામાં આવે. એ મહાનુભાવ બંને ડબ્બામાંથી એક-એક ચિઠ્ઠી ઉપાડે.*

*એક ચિઠ્ઠીમાંથી નામ નીકળે જ્યારે બીજી ચિઠ્ઠીમાંથી ફલેટનો નંબર. શ્રી આણંદજીભાઇ માઇક પરથી એ પ્રમાણે જાહેરાત કરે.*

*આ સમયે :-*

*સ્ટેજ પર શ્રી રમેશભાઇ ધરોડ, શ્રી અમરચંદભાઇ ગાલા, શ્રી ડુંગરશીભાઇ ગાલા તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી વાતો કરતા સંભળાયા “અહીં પૂરેપૂરી પારદર્શકતાથી કાર્ય થાય છે!” “આને પારદર્શકતા કહેવાય!”*

*શું આપણે મુંબઇમાં આવું ના કરી શકીએ?*

## શ્રી શાંતિલાલભાઇ ગાલાનું કરુણાસભર વક્તવ્ય

*શ્રી શાંતિલાલભાઈ ગાલાના વક્તવ્યનો કેટલોક ભાગ અત્રે રજૂ કરેલ છે.*

*સમાજના નબળા પરિવારો પ્રત્યે તેઓએ જે કરુણાસભર અને અનુકંપાયુક્ત લાગણી વ્યક્ત કરી તેના પરથી તેમના હૃદયમાં ભ્રાતૃભાવનાની લાગણીની સરવાણી અવિરતપણે જે વહેતી રહેલ છે તેનો અહેસાસ ઉપસ્થિત સહુને ભીંજવી ગયો!*

### માના ખોળાની હૂંફ : ઘરનું ઘર

*ઘર વગરના
દરેકનું સ્વપ્ન હોય-
મારે પણ એક ઘર હોય,
ઘરનું ઘર.*

*પણ હોય સ્થિતિ એવી કે
સાત સાંધો ને તેર તૂટે
સપનાંઓ કાચની જેમ ફૂટે
ને
આશાઓનાં દોર ખૂટે.*

*સોય-દોરો હાથમાં લઈ
સાંધવામાં ને સાંધવામાં,
બે છેડા ભેગા કરવામાં
જિંદગી થઈ જાય પૂરી,
રહી જાય ઘરની આશ અધૂરી.*

*આ પરિસ્થિતિમાં
'શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ' જેવી સંસ્થા
દાનવીરો પાસેથી
દાન મેળવીને
'નવનીત ભવન' જેવી આવાસ યોજના
સાકાર કરે
એ ઘટના
ન-જેવી કિંમતે ઘર પ્રાપ્ત કરનાર માટે તો જાણે
સાક્ષાત ભગવાન મળ્યા બરાબર.*

*'નવનીત ભવન' આવાસ યોજના
એ જાણે
કચ્છી જૈન સેવા સમાજ દ્વારા મળેલું
ઈશ્વરનું સાચુકલું વરદાન.*

*આશરે ચાલીસેક કુટુંબોને મળશે
પોતાનું ઘર, ઘરનું ઘર.
માના હૂંફાળા ખોળા જેવું ઘર.
માથે છત હોય એ તો જાણે
માથા પર હોય માનો હાથ, આશીર્વાદ વરસાવતો.*

*કહે છે કે
ઈશ્વરનો સૌથી વધારે આવિર્ભાવ
મનુષ્યમાં હોય છે.
આથી,
મનુષ્યને રહેવા માટે જો મળે ઘર
એ તો જાણે
ઈશ્વર માટે દેરાસર!*

*દેરાસર માટે
જેમ આપણે દાન આપીએ છીએ એમ
નબળા પરિવારોને
ઘર મળે એ માટેય
આપીએ છૂટા હાથે દાન,
ને પામીએ ઈશ્વરનું વરદાન."*

### લાભાર્થી પરિવારો

૩૨ પરિવારોને માલિકીના ધોરણે આવાસો ફાળવવાનું નક્કી થયેલ હતું.

૨ પરિવારોને માત્ર રહેવાના ધોરણે આવાસો ફાળવવાનું નક્કી થયેલ હતું.

કાર્યક્રમ દરમ્યાન બધાજ એટલે કે ૩૪ લાભાર્થી પરિવારો તેમના કુટુંબીજન સહિત ઉપસ્થિત રહેલ હતા.

### આવાસ યોજના-નવનીત ભવનના આવાસો

*જે રીતે નવનીત ભવનની આર્કિટેક્ચરલી ડિઝાઇન કરવામાં આવી, જે રીતે તેને શો - ગેટઅપ આપવામાં આવ્યો, જે રીતે દરેક ફ્લેટ્સના રૂમોની વ્યવસ્થિતપણે સાઇઝ નક્કી કરવામાં આવી, જે રીતે ગુણસભર બાંધકામ કરવામાં આવ્યું, જે રીતે આ ફ્લેટ્સમાં અન્ય સગવડો મૂકવામાં આવી અને જે રીતે નિર્ધારિત સમયથી બે મહિના અગાઉ કામ પૂરું કરવામાં આવ્યું, એ દરેક વિગતની ઉપસ્થિત સહુ દાતાશ્રીઓએ નોંધ લીધી અને દરેકના મનમાં અહેસાસ થયો કે તેઓએ યોગ્ય સ્થળે અને યોગ્ય વ્યક્તિઓ પ્રત્યે સામાજિક ફરજના ભાગરૂપે જે દાન આપેલ છે, તે પૂરેપૂરું લેખે લાગેલ છે! દરેક દાતાશ્રીએ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કરેલ!*

***પ્રભુની પ્રત્યેક ઈચ્છામાં આપણું હિત જ સમાયું છે.***

## અન્ય ચમકારા

- શ્રી નયન ભેદાનું વક્તવ્ય નાના-મોટા સહુએ એકી અવાજે વખાણ્યું.
- શ્રી જયેશ જૈનના સ્તવનોથી લોકો તાલમાં આવી ગયા.
- શ્રી વિશનજી હરશી ગાલાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ પ્રત્યે સંપૂર્ણપણે અહોભાવ વ્યક્ત કરેલ.
- શ્રી વલ્લભજીભાઇ ગડાનો મૂળ કાર્યક્રમ કચ્છમાં વિરાયતનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો હતો પરંતુ શ્રી ડુંગરશ્રીભાઇ ગાલા તેમને અમદાવાદના કાર્યક્રમમાં લઇ આવ્યા! અમદાવાદના સમાજે તો નવનીત ભવનનું ઉદ્‌ઘાટન આ સમાજના સહૃદયી એવા શ્રી વલ્લભજીભાઇ ગડાના વરદ્ હસ્તે કરાવવાનું નક્કી જ કરેલ હતું!
- શ્રી મહેન્દ્રભાઇ સંઘોઇ એવું કહેતા સંભળાયા કે હું પ્રથમ જ વખત અને માત્ર એક દિવસ માટે જ અમદાવાદ આવેલ છું, તેમ છતાં હું આ સમાજની ખૂબ નિકટ આવી ગયેલ છું.
- રવિવાર તા. ૨૪-૧-૨૦૧૦ના નવનીત ભવનમાં વાસ્તુ પૂજા ભણાવવામાં આવેલ હતી. આ સમયે આણંદજી કલ્યાણજી કમ્પાઉન્ડમાં નિવાસ કરતા અન્ય ૧૨૦ જૈન પરિવારોને આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારોહના પ્રસંગે ૦।।-૦।। કિલો બુંદીના લાડુના પેકેટની લ્હાણી આપવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમની જવાબદારી શ્રી રમણિકભાઇ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઇ પારેખ તથા અન્યોએ સંભાળેલ હતી.
- સંકલ્પના ૨૫-૩૦ જેટલા વોલંટિયર્સે ખૂબ જ વ્યવસ્થિતપણે સેવા આપેલ હતી. વાસ્તુ પૂજાના સમયે, એરપોર્ટ કે રેલવે સ્ટેશને વહેલી સવારે મહાનુભાવોને લેવા માટે, કાર્યક્રમ દરમ્યાન વ્યવસ્થા જાળવવા, જમણવારના સમયે વ્યવસ્થા જાળવવા, એમ દરેક સ્થળે તેઓની ખંત દેખાઇ આવતી હતી.
- કાર્યક્રમ માટે બાંધવામાં આવેલ શમિયાણો તથા સ્ટેજ ખૂબજ ભવ્ય હતા. અંદર દાખલ થનાર દરેક વ્યક્તિને આ ભવ્યતા અસર કરી ગયેલ હતી.
- જમણવાર સમિતિ, શમિયાણા-મંડપ બાંધકામ સમિતિ, ટ્રાન્સ્પોર્ટ સમિતિ, નિવાસ સમિતિ, કાર્યક્રમ આયોજન સમિતિ, એમ દરેક સમિતિએ પોતાના ભાગે આવતી જવાબદારી સફળતાપૂર્વક નિભાવેલ હતી.
- એક બાબતે સંપૂર્ણ કચાશ રહી ગઇ.

  કાર્યક્રમ શરૂ થાય એ અગાઉ રાષ્ટ્રભક્તિના ગીતો ગાવાના હતા.

  ગાયક કલાકારોએ લાંબા સમય અગાઉથી ખૂબજ પ્રક્ટિસ કરેલ હતી.

  એ માટે વાદ્યવૃંદ પણ બોલાવવામાં આવેલ હતું.

  સાઉન્ડ સીસ્ટમની જવાબદારી પણ અન્ય કોઇને ના સોંપતા, તેઓએ જાતે તે સ્વીકારી લીધેલ હતી.

  પણ કોઇ ગેરસમજના કારણે આ ગીતો ગવાઇ ના શકાયા! તેઓ માટે યોગ્ય સમય જ ના ફાળવાયો!

  ગાયક વૃંદમાં થોડી હતાશા વ્યાપી ગઇ!

  પણ બીજી જ ક્ષણે તેઓએ હતાશાને ખંખેરી નાખી! સમયાનુસાર પરિસ્થિતિ સ્વીકારી લીધી! પોતાનામાં રહેલી ખેલદિલીના દર્શન કરાવ્યા! શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની એકતા અતૂટ રહેવાનું આજ તો કારણ છે!

### 'આવાસ યોજના-નવનીત ભવન' બાંધકામ ટીમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ બાંધકામ સમિતિ : શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ (કન્વીનર), શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ રામજી ગાલા

આર્કિટેક્ટ : શ્રી મુકુલ શેઠ તથા તેમની ટીમના શ્રી સુબોધબાઈ, શ્રી પાર્થભાઈ

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : શ્રી ઉમેશભાઈ લવીંગિયા

સાઈટ એન્જિનિયર : શ્રી અમિત શાહ

સિવિલ કોન્ટ્રાક્ટર : શ્રી અનિલભાઈ સથવારા (સથવારા કન્સ્ટ્રક્શન કાં.)

ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર : શ્રી વિશાલભાઈ ઠક્કર (હરિઓમ ઈલેક્ટ્રિકલ્સ)

*ઉપરોક્ત ટીમની કલ્પના શક્તિ, આગળનું પારખવાની દૃષ્ટિ અને એકત્રિત મહેનતના કારણે આ ભવન નક્કી કરેલ સમયથી પણ અગાઉ અને તે પણ અગાઉના આયોજન મુજબના ખર્ચની મર્યાદામાં રહીને પૂરું કરવામાં આવ્યું. સંપૂર્ણ ટીમને ધન્યવાદ.*

### સૌજન્ય

આવાસ યોજના - ઉદ્‌ઘાટન સમારોહનું "સૌજન્ય" **નવનીત પરિવાર (અમદાવાદ-મુંબઇ)** તરફથી સાંપડેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, નવનીત પરિવારના સૌજન્યનો સહર્ષ સ્વીકાર કરે છે અને તેઓશ્રીનો આભાર માને છે.

***અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ***

***પ્રતાપ દંડ - ટ્રસ્ટી અને માનદ્‌મંત્રી***

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનો આગામી પ્રોજેક્ટ

## ''ગર્લ્સ હોસ્ટેલ''

ભારતના અન્ય શહેરોની જેમ અમદાવાદનો વિકાસ દિવસા-દિવસ વધતો જાય છે.

સમૃદ્ધિની રીતે તે વિકસતો રહેલ છે.

વિસ્તારની રીતે પણ તે સારા એવા પ્રમાણમાં વધતો રહે છે.

અહીં નવાં નવાં વિદ્યાગૃહો સ્થપાતાં રહે છે.

મેડિકલ કૉલેજ, ડેન્ટલ કૉલેજ, નર્સિંગ કૉલેજ, એન્જિનિયરિંગ કૉલેજ, મેનેજમેન્ટ કૉલેજ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી વગેરે પ્રકારની ફેકલ્ટીઓ પ્રસ્થાપિત થતી જાય છે.

અહીં વર્લ્ડ માન્ય આઇ.આઇ.એમ. (ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ), એન.આઇ.ડી. (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન), સેપ્ટ (સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી), એ.એમ.એ. (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન) જેવી સંસ્થાઓ પ્રસ્થાપિત થતી જાય છે અને દિવસા દિવસ વિકસતી જાય છે.

અમદાવાદમાં દરેક વર્ષે કચ્છથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓનો પ્રવાહ વધતો જ જાય છે.

કચ્છી જૈન વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ સેંકડોની સંખ્યામાં અહીં રહીને પોતાનો અભ્યાસક્રમ ચલાવે છે.

પરંતુ અમદાવાદમાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલો જૂજ પ્રમાણમાં છે.

અને તેમાં પણ સારી કહી શકાય તેવી હોસ્ટેલો તો આંગળીના વેઢે ગણી શકાય તેટલા પ્રમાણમાં જ છે.

અમદાવાદમાં અનેક સરકારી કૉલેજો હોવા છતાં છેલ્લાં દસ વર્ષમાં સરકારશ્રી તરફથી તો કોઇ જ પ્રકારની હોસ્ટેલ અત્રે પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી.

જે કોઇ હોસ્ટેલો પ્રસ્થાપિત થવા પામેલ છે, તેમાંની મોટા ભાગની તો સામાજિક કે જ્ઞાતિના ધોરણે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ હોસ્ટેલોમાંથી મોટા ભાગની હોસ્ટેલો તો જરૂરિયાતના સ્ટાન્ડર્ડથી પણ નિમ્ન કક્ષાની રહેવા પામેલ છે.

જ્યાં વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરીને આવતીકાલના સક્ષમ નાગરિકો બનવાના છે, એ વિદ્યાર્થીઓની, રહેવા માટેની નિમ્ન કક્ષાની વ્યવસ્થા કોઇના પણ અંતરને દઝાડે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના કેટલાક ટ્રસ્ટીશ્રીઓ આ બાબતે ખિન્નતા અનુભવી રહેલ હતા. તેઓ સતત વિચારતા રહેલ હતા. આ બાબતે યોગ્ય પગલા ભરવાના આયોજનો ઘડી રહેલ હતા.

ગત તા. ૭-૨-૨૦૧૦ના ટ્રસ્ટ મંડળની મિટિંગ મળેલ.

હોસ્ટેલ બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી.

આ બાબતે આગળ વધવા નક્કી કરવામાં આવ્યું.

સહુ પ્રથમ વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

પ્રથમ પગલે જૈન વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલ બનાવવાનું નક્કી થયું.

૧૦૮ વિદ્યાર્થિનીઓ રહી શકે એ કેપેસિટીની હોસ્ટેલ બનાવવાના આયોજનો વિચારાયા.

આ માટે જે વિસ્તારમાં ગુજરાત યુનિવર્સિટી અને અનેક કૉલેજો કાર્યરત છે, એ વિસ્તારમાં હોસ્ટેલ બનાવવાના આયોજનો વિચારાયા.

જરૂરી સમિતિ નીમવામાં આવી.

પ્રથમ જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ કરવાનું એ સમિતિને જણાવવામાં આવ્યું.

ત્યારબાદ યોગ્ય આર્કિટેક્ટને પ્લાનિંગના આયોજનો સોંપવામાં આવનાર છે.

અને ત્યારબાદ બજેટના આયોજનો નક્કી કરી, ફંડ કલેક્શન માટે યોગ્ય સ્કીમ બનાવડાવી, ફંડ એકત્રિત કરવાની ધારણા રાખવામાં આવેલ છે.

અમને એ બાબતે ગર્વ છે કે જ્યારે આ યોજનાના વિચારો જાહેરમાં વ્યક્ત કરવામાં આવ્યા ત્યારથી કેટલાક દાતાશ્રીઓએ પોતાના સહયોગની અમને અમૂલ્ય ઓફર કરેલ છે.

મુંબઇ સ્થિત સક્ષમ કાર્યકરશ્રીએ આ એક ઉમદા કાર્ય માટે સારા એવા પ્રમાણમાં ફંડ એકત્રિત કરવા માટે પોતાના સંપૂર્ણ સહયોગની

*કશાકની ઈચ્છા - અપેક્ષા જ માનવીના સર્વ દુઃખનું મૂળ છે.*

ખાતરી ઉચ્ચારેલ છે.

આવાસ યોજનાના એક દાતાશ્રી સાથે ફોન પર મુંબઇ વાત કરેલ ત્યારે તેઓએ જણાવેલ કે જમીન સંપાદન અર્થે તેઓ પોતાનાથી શક્ય સહકાર લોન સ્વરૂપે તરત જ આપી શકશે.

સમાજના સક્ષમ દાતાશ્રીઓ તરફથી આવેલ આ અતિ-મૂલ્ય ઑફરો અમને સારા એવા પ્રમાણમાં ઈજન પૂરું પાડે છે.

અમને આશા છે કે વિદ્યાના આ ક્ષેત્રે સમાજ પ્રત્યે ઋણ અદા કરવા અમને સક્ષમ દાતાશ્રીઓ તથા સક્ષમ કાર્યકરશ્રીઓનો સહકાર જરૂરથી મળી રહેશે.

અને તેથી જ અમે આ નવા પ્રોજેક્ટને હાથ પર લેવાના આયોજનો વિચારી શકેલ છીએ.

આ પ્રોજેક્ટ બાબતે જે રીતે નક્કી થતું જશે, એ રીતે સમાજ સમક્ષ યોગ્ય માહિતીની રજૂઆત કરતા રહેશું.

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્‌મંત્રી**
**તથા સમગ્ર ટ્રસ્ટીગણ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

# મંગલ મંદિર — જાહેરાત માટે અપીલ

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ (એપ્રિલ-૨૦૧૦થી માર્ચ-૨૦૧૧)ના બાર મહિના દરમ્યાન મંગલ મંદિરમાં આપવાની જાહેરાતોના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

મંગલ મંદિરના ચાહક વર્ગને, નીચેના પ્રકારની કોઈપણ જાહેરાત બાર મહિના દરમ્યાનની આપી મંગલ મંદિરને ઉત્તરોત્તર સમૃદ્ધ બનાવવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.

ફુલ પેઈજ મલ્ટીકલર અથવા ફુલ પેઈજ બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત ઈચ્છનીય રહેશે.

મંગલ મંદિર કાર્યાલય, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદને પત્ર કે ફોન દ્વારા સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

## જાહેરાતના દરની વિગત નીચે દર્શાવેલ છે

| | *ટાઈટલ* | *પ્રકાર* | *આખું પાનું* | *અડધું પાનું* | *પા પાનું* | *અન્ય* |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નંબર-૪ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | — |
| ૨. | કવર પેઈજ નંબર-૨ તથા ૩ | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૨,૦૦૦/- | — |
| ૩. | કવર પેઈજ નં.-૨ તથા ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૪,૫૦૦/- | રૂા. ૨,૭૫૦/- | રૂા. ૧,૭૫૦/- | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧,૫૦૦/- | — |
| ૫. | અંદરનું સાદું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦/- | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૬૦૦/- | — |
| ૬. | ટચુકડી જા.ખ. (૧ કોલમ બાય ૫ સે.મી.) | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૩૦૦/- |
| ૭. | સાદા પાનાની નીચે ૧"ની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૨૫૦/- |

*નોંધ : (૧) એક સાથે બાર મહિનાની જાહેરાત આપનારને* ***૧૦*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*
*(૨) એક સાથે છ મહિનાની જાહેરાત આપનારને* ***૭.૫*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*
*(૩) એક સાથે ત્રણ મહિનાની જાહેરાત આપનારને* ***૫*** *ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.*

***મુખ્યતંત્રીશ્રી - મંગલ મંદિર***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

***યુવાનીમાં માણસ પાટલાવશ રહે છે અને ઘડપણમાં ખાટલા વશ બને છે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ યોજે છે.....

# કચ્છ બહારની ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન

સેંકડો વર્ષોથી કચ્છીઓ પોતાની રોજી-રોટી માટે અને સાથે સાથે પોતાના પરિવારના માનસિક વિચારોની વૃદ્ધિ માટે કચ્છમાંથી સ્થળાંતર કરીને અન્ય સ્થળે વસવાટ કરી રહ્યા છે.

તેઓ ભારત દેશની બહાર અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, શીશીલ, આરબ-અમીરાત, અબુ ધાબી, કેન્યા, યુગાન્ડા જેવા અનેક પ્રદેશોમાં અથવા તો ભારતની અંદર મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ કે કેરાલા જેવા પ્રદેશોમાં પણ વસવાટ કરી રહ્યા છે.

આઝાદી આવ્યા બાદ અનેક કચ્છીઓ ગુજરાતના વિવિધ શહેરોમાં એટલે કે જામનગર, ભાવનગર, રાજકોટ, પાલનપુર, મહેસાણા, અમદાવાદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, નવસારી, વાપી, વલસાડ જેવાં શહેરોમાં સ્થિર થઇ પોતાનું જીવન વ્યતિત કરી રહેલ છે.

દરેક કચ્છીઓએ પોતપોતાના સ્થળે રહી, પોતાના સંગઠન ઊભા કરી શકેલ છે. આ સંગઠન દ્વારા તેઓ સામાજિક કાર્યો પણ કરે છે અને મા-ભોમ કચ્છનો વિકાસ થતો રહે તેવી ખેવના રાખે છે અને એ દિશાના પોતાના શક્ય પ્રયાસો પણ ચાલુ રાખે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ, અમદાવાદ સ્થિત કચ્છી જૈન પરિવારોની સંસ્થા છે. અને તે પોતાનાથી બનતા શક્ય સામાજિક કાર્યો કરવા કોશિશ કરી રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે કચ્છ બહાર વસવાટ કરતી ગુજરાત ભરની કચ્છી જૈન સંસ્થાઓનું એક સંમેલન યોજવા નિર્ધાર કરેલ છે કે જેથી તેઓ પોતાના સમાન પ્રશ્નોની ચર્ચા કરી શકે અને ભાવિ વિકાસના કાર્યક્રમોનું આયોજન ગોઠવી શકે.

આ કાર્યક્રમની વિગતો જણાવતા દરેક સંસ્થાઓને પત્ર લખાઇ ગયેલ છે અને દરેક સંસ્થાના ટ્રસ્ટ મંડળ / કારોબારી સમિતિને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત પણ કરી દેવામાં આવેલ છે.

*સંમેલનની વિગતવાર માહિતી નીચે મુજબ છે.*

**દિવસ** : *રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦*

**સમય** : *સવારમાં ૧૧.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી*

**સ્થળ** : *શ્રી કચ્છી જૈન ભવન,*
*૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, જલારામ મંદિરની બાજુમાં, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૭૪૬૮*

**સંમેલનનો હેતુ** : ***દરેક સ્થળની કચ્છી જૈન સંસ્થાઓ પોતાના સ્થળે રહીને શું સામાજિક કાર્યો કરી શકે અને કઈ રીતે પોતાનો વિકાસ સાધી શકે અને તે આયોજનોમાં અન્ય સંસ્થાઓ કઈ રીતે સહકાર આપી શકે તે બાબતે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવા બાબતે.***

ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના ટ્રસ્ટ મંડળ/કારોબારી સમિતિને ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

અમારાથી પત્ર દ્વારા કોઇ સંસ્થાનો સંપર્ક ના સાધી શકાયો હોય તો આ વિગતને આમંત્રણ સમજી, તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તેવી અમારી વિનંતી છે.

અમે આમંત્રિત કરેલ સંસ્થાઓ સિવાય અને અમારા ધ્યાનમાં ન હોય તેવી, બાકી રહી જતી સંસ્થાઓને, અમારા વતી આમંત્રણ આપવા સહુ કોઈને વિનંતી કરવામાં આવે છે.

કોઇ સંસ્થાના અધિકારીઓને અમદાવાદમાં રહેવા સગવડતા જોઇતી હોય તો તેની અમને અગાઉથી જાણ કરવા વિનંતી.

ગુજરાત સ્થિત દરેક કચ્છી જૈન સંસ્થાને વિનંતી કે તેમની સંસ્થામાંથી આ સંમેલનમાં કેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેશે, તેની અમને અગાઉથી જાણ કરે કે જેથી અમને યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં સુગમતા રહે.

અમને આશા છે કે કચ્છ બહારની - ગુજરાતભરની દરેક કચ્છી જૈન સંસ્થા અમારા આમંત્રણને માન આપી, સંમેલનના સમયે પોતાના પ્રતિનિધિ મંડળને સમયસર અમદાવાદ મોકલી આપી, અમારા આમંત્રણનો સ્વીકાર કરશે.

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**નોંધ :-** *જે શહેરમાં કચ્છી જૈન પરિવારો જૂજ પ્રમાણમાં રહેતા હોય અને તેઓની કોઈ સંગઠિત સંસ્થા ના હોય તો તેઓ એકત્રિત થઈ પોતાના પ્રતિનિધિ મંડળને મોકલી, આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે. તેઓશ્રીને પણ અમારું ભાવભર્યું નિમંત્રણ છે. તેઓશ્રીને પણ આ બાબતે અગાઉથી જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.*

*જો કોઈ સાથે સંબંધ જોડાય તેના ગુણો જ ગ્રહણ કરો.*

# કચ્છી લિપી વિશે વધુ જાણો


**મુલાકાત અને આપનો મૂલ્યવાન અભિપ્રાય આવકાર્ય છે.**

ફોન : ૯૮૨૫૯ ૩૫૯૩૧, ઈ-મેઈલ : kutchiscript@gmail.com

*ડૉ. રાજુલે છેલ્લા કેટલાય સમય અગાઉ નવી કચ્છી લિપીની શોધ કરેલ છે અને તેના કોપી રાઈટ્સ પણ મેળવેલ છે. તેઓશ્રીએ કેટલાક ગુજરાતી શબ્દોને નવી કચ્છી લિપીમાં લખીને મોકલી આપેલ છે કે જે અત્રે પ્રસારિત કરેલ છે.* – *મુખ્ય તંત્રી*

## કેટલાક ગુજરાતી શબ્દો કચ્છી લિપીમાં

– *ડૉ. રાજુલ*




કોપી રાઈટ © :- 2009 ડૉ.રાજુલ

All rights reserved. No part of this script may be reproduced or transmitted, in any form or by any means, without permission .Any person who does any unauthorized act in relation to this script may be liable to criminal persecution and civil claims for damages.

**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**3. મુદ્રકનું નામ :**
શ્રી અશોક મહેતા
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી અશોક મહેતા
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી અશોક મહેતા
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, અશોક મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **અશોક મહેતા**
માર્ચ ૨૦૧૦ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"

*સ્નાનથી શરીર શુદ્ધ થાય, દાનથી ધન શુદ્ધ થાય.*

કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત

(પ્રકરણ-૬)

# કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ

• ડૉ. નીતા ઠાકર •

## • કચ્છમાં મુનિ પરિષદ :-

કચ્છમાં સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) માં મુનિ પરિષદ યોજાઇ હતી. તે સંદર્ભે મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ નોંધ્યું છે કે માંડવીમાં પ્લેગની ગરબડ હોવાથી ભણનાર મુનિઓ માટે કાંડાગરામાં રહેવાની ગોઠવણ કરવામાં આવી. ત્યાં અમારા યુવાન મુનિઓના હૃદયમાં એક નવીન ભાવના સ્ફૂરી કે કચ્છમાં વસતાં દેરાવાસી તેમજ સ્થાનકવાસી સંપ્રદાયોમાં સાંપ્રદાયિકતાના જે રૂઢ વિચારો ઘૂસી ગયા હતાં તેમને નિર્મૂળ કરવા સમયને અનુલક્ષીને શાસ્ત્રસંમત નવીન ધારાધોરણ બાંધવા, અવિભક્ત જૈન મંડળની સ્થાપના કરવી અને તે માટે કચ્છમાં એક મુનિપરિષદ બોલાવવી. મુનિ કલ્યાણચંદ્રસૂરિની ભાવનાને વિદ્યાગુરુ શ્રી દિક્ષીતજીએ અનુમોદન આપ્યું.

સ્વાભાવિક છે નવા સુધારાઓ કે નવીનકાર્યમાં હઠાગ્રહોનો સામનો તો કરવો જ પડે. તે વિશે મુનિ શ્રી કલ્યાણચંદ્રજી નોંધે છે કે, મુનિ પરિષદના પ્રચારાર્થે પ્રથમ સ્થાનકવાસી મોટીપક્ષ, નાનીપક્ષ અને છ કોટિના મુનિઓની સાથે અમારા વિચારોની આપલે કરવા માંડી. તેમાં નાની પક્ષના મુનિઓ તો બહુ વિનવવા છતાં સંમત ન થયા અને જ્યારે દેરાવાસી અચલગચ્છવાળા મુનિશ્રી ગૌતમસાગરજી તેમજ પાયચંદ્રગચ્છના મુનિશ્રી દીપચંદ્રજી સાથે પરિષદ અંગે વાતો કરી તો તેમણે મીઠાશથી ના સુણાવી દીધી. હવે રહ્યા મોટીપક્ષ અને છ કોટિવાળા. મોટીપક્ષવાળા તો આ વાતને ઉત્પન્ન કરનાર જ હતા. એટલે એ તો વિના કહ્યે મક્કમ જ હતા. છ કોટિવાળાને ઘણી મહેનતને અંતે મનાવ્યાં. પોતાની સગવડ પ્રમાણે થાય તો જ આ પરિષદમાં ભાગ લેવાની એમણે હા પાડી.

**રામાણિયા (કચ્છ)માં મુનિપરિષદ ત્રણ દિવસ ભરાઇ.** જ્યાં સાત વ્યક્તિઓની કમિટી નીમાઇ. અનુક્રમે : પ્રમુખપદે મુનિશ્રી રત્નચંદ્રજી, ઉપપ્રમુખપદે મુનિશ્રી દેવચંદ્રજી, સેક્રેટરીપદે મુનિશ્રી કલ્યાણચંદ્રજી અને મુનિશ્રી ત્રિલોકચંદ્રજી, મુનિશ્રી નાનચંદ્રજી તથા છોટાલાલજી સાથે રહ્યાં હતાં. પેટ્રન તરીકે આચાર્યશ્રી દેવચંદ્રજી વિનંતી કરવાથી તેઓ રહ્યાં હતાં.

કચ્છમાં પ્રથમવાર મુનિ પરિષદ યોજાઇ, પરંતુ જે હેતુથી પરિષદ યોજાઇ તે સાર્થક ન થયો. કારણ કે મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ નોંધ્યું છે કે, **"કચ્છી મુનિઓએ રોટલા ખવડાવીને લાડુ ખાવાની જે ઇચ્છા રાખેલ તે તો પાર ન જ પડી. જ્યાં મહત્વાકાંક્ષા અને અહમવૃત્તિ કાંધે ચડી બેઠેલ હોય ત્યાં ધારેલ મુરાદ પાર શી રીતે પડે?** પ્રત્યેક ગચ્છમાં, પ્રત્યેક સમુદાયમાં અને પ્રત્યેક વાડામાં પોતાની મહત્તા અને સંકીર્ણતાના અડ્ડા જામેલા હોય ત્યાં શ્રી વીર પ્રભુના શાસનની ઉન્નતિ અને ઉત્કર્ષ સધાય પણ શી રીતે?"

છતાં આ પરિષદની ચારે તરફ સારી અસર થઇ. ગુજરાતના મહાન વિચારક શ્રી વાડીલાલ મોતીલાલ શાહે પોતાના પત્ર 'જૈન હિતેચ્છુ' માં "જૂનામાં જૂના દેશમાં નવામાં નવો સુધારો" એ શીર્ષક હેઠળ કચ્છમાં યોજાયેલ મુનિ પરિષદ સંબંધી એક ખાસ લેખ લખ્યો હતો. અને એ સંબંધમાં પોતાની ખુશાલી દર્શાવી હતી.

એક ધર્મસુધારક તરીકે ગુજરાતમાં શ્રી વાડીલાલભાઇએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. **ઇ.સ. ૧૯૨૭માં તેમના પ્રમુખપદે 'મહાવીર-મિશન'ની યોજના અમલમાં મૂકવાની શરતે જૈન કોન્ફરન્સ બિકાનેરમાં ભરાઇ હતી. જેનો હેતુ કચ્છમાં યોજાયેલ મુનિ પરિષદ જેવો ઉમદા હતો.** તે સમયે દરેક જગ્યાએથી આ કોન્ફરન્સ માટે સંદેશાઓ આવ્યા હતા, ત્યારે ગાંધીજીએ સિલોનથી ૮૦ શબ્દોના પ્રલંબ તાર દ્વારા સંદેશો પાઠવ્યો હતો. અત્રે ગાંધીજીના આ તારના શબ્દો આલેખવા જરૂરી છે. કારણકે સમગ્ર જૈન સમાજ માટે તેમાં વિચારવા લાયક મુદ્દાઓ સમાવિષ્ટ કરાયા છે. ગાંધીજીએ સંદેશામાં જણાવ્યું હતું કે, "આજકાલ કોન્ફરન્સોનો રાફડો ફાટ્યો છે. ખરા અર્થમાં ધાર્મિક કોન્ફરન્સ કળી શકાય એવું થવા માટે તો આંતરદષ્ટિવાળાં હૃદયોનું જોડાણ જોઇએ. કારણકે ફક્ત આંતરદષ્ટિવાળી સ્થિતિમાં જ હૃદયનો પડઘો હૃદય પાડી શકે છે. અને એકતા કે એકતારતા પ્રગટી શકે છે. એકબીજાને માટે દોષારોપણ કરવાની રીત છોડી સઘળાંઓના દોષો પણ પોતાને માથે લઇ ઊંડું આત્મનિરીક્ષણ કરવું જોઇએ. બુદ્ધિના ઉપયોગપૂર્વક થતી દયાનો સૌથી વધારે હિસ્સો જૈન ધર્મમાં છે, એવું અભિમાન જૈનો ધરાવે છે. પરંતુ જ્યારે તેઓના શ્વેતાંબર-દિગંબર સંપ્રદાયો પરસ્પર મુકદ્દમાબાજી અને વાળ ચીરવા જેવા બુદ્ધિવાદની લડાઇમાં ઉતરે છે ત્યારે તેઓમાં ઉક્ત દયાનો અંશ પણ નથી જોવામાં આવતો. આવા ઝઘડાઓ વિકાસક્રિયાને રોકે છે. ધાર્મિક દષ્ટિએ તો 'દયા' તેનું નામ છે કે જેથી હલકી પાયરીના જીવોની રક્ષા માટે ઊંચી પાયરીના જીવાત્માઓએ પોતાનું બલિદાન આપવું પડે. આજકાલના જીવનમાં એવા 'દેવત્વ'ની ગંધેય નથી પરંતુ મનુષ્યત્વ પણ અલ્પાંશે જ રહેવા પામ્યું છે. એટલું જ નહિં પણ અમાનુષીપણું પણ દેખાવા લાગ્યું છે."

આ મહાવીર-મિશન કોન્ફરન્સ માટે કચ્છ મુનિ પરિષદનાં શ્રી રત્નચંદ્રજીએ પાલનપુરથી અને વિદ્વાન મુનિશ્રી ત્રિલોકચંદ્રજીએ કચ્છ અંજારથી પ્રશંસાપત્ર મોકલ્યાં હતા જે નોંધનીય છે.

કચ્છમાં જૈન મુનિઓએ ઐક્ય સાધવાના ઘણા પ્રયત્નો કર્યા છે. સાથે જૈન ધર્મની સાચી ઓળખ ઊભી કરવા પણ અથાગ પરિશ્રમ કર્યો છે. કચ્છમાં મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ તો કચ્છ

*અન્યની આંતરડી ઠારશો તો ઈશ્વરની આંખડી ઠરશે.*

પ્રદેશનાં દહેરાસરોમાં કેસર વાપરવાનો રિવાજ પણ બંધ કરાવેલ. પણ પાછળથી ફરી કેસરપૂજા ચાલુ થઇ. તેમનો હેતુ એવો હતો કે શુદ્ધ કેસરના અભાવને કારણે તેનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઇએ.

## • જખૌનો ઝઘડો :-

શ્રી વિદ્યાવિજયજીએ મારી કચ્છયાત્રામાં નોંધ્યું છે કે જખૌતીર્થના વહીવટ સંબંધી વર્ષોથી ચાલતા ઝઘડાએ ભયંકર રૂપ પકડેલું. આપસની તકરારોને કારણે મંદિરના દરવાજા પણ બંધ રહેલા, પૂજા-પ્રક્ષાલ અને ભાવિક સ્ત્રી-પુરુષોને દર્શાનાદિ પણ બંધ રહેલું. **જખૌના મંદિર અને મહાજનના વહીવટ સંબંધી બધી બાબતની તપાસ કરીને ફેંસલો આપવા માટે મુનિશ્રી વિદ્યાવિજયજી, શેઠ ચાંપશીભાઇ કુંવરજી તથા શા માણેકજી હંસરાજને 'લવાદ' મુકરર કરેલા. અને બન્ને પક્ષોએ જણાવેલું કે 'લવાદ'નો ફેંસલો દરેકને મંજૂર રહેશે.**

શ્રી વિદ્યાવિજયજીએ તપાસ કરતાં જણાયું કે જખૌના ઝઘડાનું મૂળ કારણ 'વહીવટી હક્ક'નું છે. તેમણે નોંધ્યું છે કે, ધાર્મિક કે સામાજિક કોઇપણ સંસ્થામાં તકરારો ઊભી થવાનાં મુખ્ય બે કારણો હોય છે : 'માલિકીહક્ક' અને 'વહીવટીહક્ક'. જખૌના સમસ્ત સંઘમાં બે પક્ષ પડી ગયા હતા. એક પક્ષ જે 'શેઠપક્ષ' જેના આગેવાન શેઠ ચાંપશી કુંવરજી હતા. તેમનું કહેવું હતું કે અમારા દાદાશેઠ જીવરાજ રતનશીએ 'રત્નટૂંક' નામનું મંદિર બનાવ્યું તેની પ્રતિષ્ઠા સં. ૧૯૦૫ (ઇ.સ. ૧૮૪૯) માં થઇ ત્યારથી આ મંદિરનો વહીવટી હક્ક અમે ભોગવતા આવ્યા છીએ. અને અમુક વર્ષોથી અમારી ઇચ્છાથી સમસ્ત મહાજનનો સહકાર જરૂર લેતા આવ્યા છીએ.

બીજો પક્ષ મહાજનનો હતો. તેના આગેવાન શા માણેકજી હંસરાજ હતા. તેમનું કહેવું હતું કે, મંદિરનો વહીવટ અમુક વર્ષોથી મહાજનને સુપરત થયેલો છે. મહાજન તેનો વહીવટ કરે છે. આમ બન્ને પક્ષોની દલીલો અને વહીવટી તપાસના નિષ્કર્ષરૂપે 'લવાદે' અને ખાસ કરીને શ્રી વિદ્યાવિજયજીએ પોતાનો ફેંસલો આપેલો.

જખૌ રત્નટૂંકના ઝઘડાના અંત સ્વરૂપ ઠરાવ કરવામાં આવ્યો જે મુજબ :-

૧. આ તીર્થનો વહીવટ પાંચ ગૃહસ્થોની કમિટી કરશે. આ કમિટીનું નામ "શ્રી જખૌ જૈન રત્નટૂંક તીર્થ રક્ષક કમિટી' એવું રહેશે.
૨. આ કમિટીનો ઉદ્દેશ મંદિર અને તેના સાધારણ ખાતાનો વહીવટ કરવાનું રહેશે.
૩. શેઠ (શેઠ પક્ષ) પ્રમુખ તરીકે કાયમ રહેશે અને બાકીના ત્રણની સમસ્ત મહાજન તરફથી ચૂંટાયેલા સભ્યો રહેશે.
૪. એક સભ્ય પ્રમુખે પસંદ કરેલો રહેશે.
૫. એક વખત છૂટા થયેલા મેમ્બરની ચૂંટણી તથા નિમણૂક ફરીથી પણ કરી શકાશે.
૬. દરેક કાર્ય બહુમતીથી પસાર કરીને કરવાનું રહેશે.
૭. ઓછામાં ઓછી મહિનામાં એકવાર આ કમિટીની મિટિંગ બોલાવાશે - અને તેની નોંધ મિનિટ બુકમાં રખાશે.
૮. એક વખત નિશ્ચિત થયેલી કમિટી ત્રણ વર્ષ કામ કરશે.
૯. હિસાબના તમામ કામ માટે પગારદાર સેક્રેટરી (મહેતાજી) રાખવામાં આવશે. જેની નિમણૂક કમિટી કરશે.
૧૦. સેક્રેટરી પોતાની સહીથી વધુમાં વધુ ૨૦૦ કોરી (ચલણ) સુધીની રકમની પહોંચ પોતાની સહીથી આપી શકશે.
૧૧. તીર્થની મિલકતના રક્ષણ માટે એક ભંડારની કોટડી અને તેમાં બે તિજોરીઓ રહેશે.
૧૨. બંને તિજોરીઓમાં એક વધારાની બુક રહેશે. જયારે જયારે જે જે ચીજ તિજોરીમાંથી કાઢવામાં આવે ત્યારે તેની નોંધ બુકમાં કરવાની રહેશે.
૧૩. દર વર્ષે હિસાબનું ઓડિટ કરવાનું રહેશે અને હિસાબ જાહેર કરવામાં આવશે.

ઉપર્યુક્ત ઠરાવ સર્વ સંમતિથી સ્વીકારાયો હતો અને કમિટીની રચના પણ થઇ ગઇ હતી. વિશેષમાં શ્રી વિદ્યાવિજયજીએ નોંધ્યું છે કે, જખૌના આ 'વહીવટી હક્ક'ના ઝઘડામાં બંધારણનો અભાવ પણ એક કારણરૂપ હતો. શ્રી વિદ્યાવિજયજીએ આ ઠરાવમાં તા. ૨૩-૩-૧૯૪૧ ના રોજ સહી કરી હતી.

ઉપર્યુક્ત ફેંસલાની સેંકડો નકલો છપાવીને હિંદુસ્તાનના જુદા જુદા સંઘો, પત્રકારો, વકીલો, વિદ્વાનો અને આગેવાનોને મોકલવામાં આવી હતી. **તેના જવાબમાં સંખ્યાબંધ અભિપ્રાયો શ્રી વિદ્યાવિજયજીને મળ્યાં. જેમાં આ ફેંસલાને સર્વથા યોગ્ય ગણી એની પ્રશંસા કરવામાં આવી હતી.**

## • કચ્છનાં કેટલાક સાધુ ભગવંતોઃ-

કચ્છમાં શ્રી કુશલચંદ્રજી, કલ્યાણચંદ્રજી, વ્રજપાલજી સ્વામી, ઉપાધ્યાય લબ્ધિમુનિ જેમણે બાર જેટલા સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે. આચાર્ય દેવેન્દ્રસૂરિ તો શાસ્ત્રનાં અવતરણો, પૃષ્ઠ સંખ્યા અને શ્લોક સંખ્યા સહિત કહી શકતા. જિનેન્દ્ર સાગરસૂરિ, સાગર ચંદ્રસૂરિ, મુનિ દેવચંદ્રજી અને મુનિ રત્નચંદ્રજી વિદ્વાન સાધુઓ હતા.

૧૧મા કે ૧૨મા સૈકામાં અચલગચ્છની સ્થાપના કરનાર શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, ગૌતમ સાગરસૂરિ વગેરે મહાન જૈનાચાર્યો થઇ ગયા. આચાર્ય ગુણસાગરસૂરિજી અને એમના શિષ્ય શ્રી ગુણોદયસાગરસૂરિ તથા શ્રી કલાપ્રભસાગરસૂરિ વગેરે વિદ્વાન સાધુ ભગવંતો છે. આ ગુણસાગરસૂરિજીએ ૧૧૯ જેટલા ગ્રંથોની રચના, સંપાદન કર્યું છે. અચલગચ્છના અનુયાયી સંઘો કંઠી અને અબડાસામાં વિશેષ છે. કોડાયરોડ પર ૭૨ જિનાલય, શીતળા માતા પાસે શિવપસ્તુ સાધના કેન્દ્ર, દેઢિયા ગામે ગુણ પાર્શ્વનાથ તીર્થ વગેરે ધાર્મિક સ્થળો અચલગચ્છીય ગુરુભગવંતોની પ્રેરણાથી નવા સ્થપાયાં છે. નાગલપુર (ઢીંઢ)માં બાળકો માટે બોર્ડિંગ, મેરાઉમાં કન્યા છાત્રાલય જાણીતા છે. આ ગચ્છના ક્ષમાનંદજીશ્રીજી મહારાજના રૂા. ૫૦,૦૦૦/- ના દાનથી ભુજપરમાં હાઇસ્કૂલનું નિર્માણ થયું ને રૂા. ૧૦,૦૦૦/- ના દાનથી મહિલા અને બાળકલ્યાણ કેન્દ્રની શરૂઆત થઇ હતી. ક્ષમાનંદશ્રીજી મહારાજ શરૂમાં સ્વાતંત્ર્ય ચળવળના રંગમાં પણ થોડો સમય રંગાયા હતા. ક્ષમાનંદશ્રીજી મહારાજની વિગત જિનેન્દ્રસાગરસૂરીશ્વરજીના સ્મૃતિગ્રંથમાં આપવામાં આવેલી છે. **ભુજપરની હાઇસ્કૂલનું નામ પણ 'અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્ર સાગર સૂરીશ્વરજી હાઇસ્કૂલ' છે.**

ખરતરગચ્છમાં પૂ. શ્રી લબ્ધિમુનિજી મહારાજ જેવા પ્રતાપી મુનિરાજો કચ્છના જ હતા. હાલમાં કાળધર્મ પામેલા શ્રી જયાનંદમુનિ મહારાજની જન્મભૂમિ મુંદ્રા હતી.

*ટાંકણાના ઘા વેઠનાર પથ્થર પૂજાવા પાત્ર બને છે.*

**મુનિ અમરેન્દ્રવિજયજી કચ્છ ભુજપુરના હતા.** તેઓ વિદ્વાન લેખક અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધેલા અને જૈન ધર્મને આજના સંદર્ભમાં તપાસનાર નિર્ગ્રંથ સાધક હતા.

**અમરેન્દ્રવિજયજીના ભત્રીજા બંધુ ત્રિપુટી મુનિ મુનિચંદ્રવિજયજી, કીર્તિચંદ્રવિજયજી અને જિનચંદ્રવિજયજી વિદ્વાન વક્તા, લેખક અને સાધક છે, વિદેશ પ્રવાસ કરે છે.** હંસરાજ સ્વામી અને નાગચંદ્રજી સ્વામી બહુશ્રુત સાધુ ભગવંતો કચ્છમાં થયા.

જ્યારે વાગડમાં પૂજ્યશ્રી જીતવિજયજીદાદાનું સ્થાન પણ અનેરું છે. તેમના આજ્ઞાવર્તી સાધુ-સાધ્વીઓની પરંપરા આજે પણ 'વાગડવાળા' તરીકે ઓળખાય છે. એવું જ સ્થાન વાગડ સમુદાયના આદ્ય મહાત્મા તરીકે દાદાશ્રી પદ્મવિજયજી મહારાજનું છે. **આ ઉપરાંત શ્રી કનકવિજયજી, શ્રી વિજયદેવેન્દ્રસૂરીશ્વરજી અને શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી વાગડ સમુદાયના મહાન શ્રમણ ભગવંતો થયા.** હાલમાં પણ આ સમુદાયના ઘણાં બધા સાધુ-સાધ્વીજીઓ વાગડ-કચ્છમાં વિચરતા રહે છે અને તેમની પ્રેરણાથી જૈન સમાજમાં વિવિધ ધાર્મિક પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવાતા રહે છે. **પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજીની પ્રેરણાથી મુંદ્રા તાલુકામાં વાંકી ગામે નૂતન તીર્થનું નિર્માણ થયું.**

આજના સંદર્ભમાં શ્રી પાર્શ્વચંદ્રગચ્છના ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ કંઠી વિસ્તારમાં પ્રશંસનીય પથદર્શક બની જૈન સમાજની ઉન્નતિ માટે પ્રયત્નો કરી રહ્યાં છે. ટુન્ડાના દહેરાસરનો જીર્ણોદ્ધાર, કોડાયના સદાગમ ટ્રસ્ટના જ્ઞાનમંદિરનો જીર્ણોદ્ધાર, ભદ્રેશ્વરના નૂતન ગુરુમંદિરનું નિર્માણ, નાની ખાખરમાં નૂતન જ્ઞાનમંદિર, ખંભાત-વીરમગામ-કોડાયના હસ્તલિખિત ભંડારોનો ઉદ્ધાર આદિ કાર્યો માટે સમય ને શક્તિનો ભોગ આપતા રહે છે. તેમની પ્રેરણાથી 'કચ્છ પ્રદેશ પાર્શ્વચંદ્રગચ્છ સમિતિ'નું નિર્માણ થયું છે. અને તેમની પ્રેરણાથી 'ધર્માલયમ્' નામની સંસ્થા આકાર પામી રહી છે અને તેના ઉપક્રમે બાળકો માટે 'સંસ્કાર શિબિરો' યોજાય છે. આમ સ્વસ્થ સમાજ અને સ્વસ્થ ધર્મ માટેના તેમના પ્રયત્નો ખરેખર પ્રશંસાને પાત્ર છે.

શ્રી ભુવનચંદ્રજી ઉત્તમ કક્ષાના વિચારક અને લેખક છે. તેઓશ્રી વિશે જાણીતા તત્ત્વચિંતક શ્રી માવજીભાઇ કે. સાવલા એક પુસ્તકમાં લખે છે કે "લેખક મુનિ શ્રી ભુવનચંદ્રજી એક લબ્ધ પ્રતિષ્ઠિત જૈન મુનિ છે. તેઓ વાડાબંધીથી અલિપ્ત છે. ગુણગ્રાહી અને સારગ્રાહી છે. ઉદાર દૃષ્ટિકોણ ધરાવે છે. આધુનિક અને પ્રશિષ્ટ ઉત્તમોત્તમ ગ્રંથોનો એમનો સ્વાધ્યાય કશા પણ પૂર્વગ્રહોથી મુક્ત રહીને સતતપણે ચાલતો રહ્યો છે. લેખકશ્રી ની સંશોધક દૃષ્ટિ ચોકસાઇ અને ચીવટ સજ્જતાને પ્રતિબિંબિત કરે છે."

વિશેષમાં શ્રી ભુવનચંદ્રજી 'સંકલ્પ' જૈન સામયિકના પ્રેરક 'ધર્મક્ષેત્રનું અંતરંગ ઓડિટ', 'શ્રાવકનો નિત્યક્રમ' અને 'વિવાદ વલોણું'ના લેખક, 'જૈન દૃષ્ટિએ વિપશ્યના' પુસ્તકના સંપાદક તથા સ્તવન-મંજૂષા જેવી નોંધપાત્ર સ્તવન કેસેટના પ્રેરક છે. હાલના સંદર્ભમાં માત્ર જૈનો જ નહિં પણ કચ્છના જૈનેતરો માટે તેમની પ્રોત્સાહનવૃત્તિ માર્ગપ્રેરક છે.

ઉલ્લેખનીય છે કે કચ્છ-આઠ કોટિ મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સાધુ ભગવંતો-આચાર્યોએ વ્યસન મુક્તિ અભિયાન શરૂ કરેલ તે હજુ પણ ચલાવાય છે. સંપ્રદાયના મુનિ શ્રી નરેશમુનિએ વ્યસન મુક્તિ અભિયાન શરૂ કર્યું છે જે સારું લોકપ્રિય બન્યું છે. શ્રી દિનેશમુનિએ માનવમંદિર નામે માનવસેવાની સંસ્થાનું સર્જન કરાવ્યું છે.

- **તપગચ્છ જૈનસંઘ-ભુજની કેટલીક નોંધ :-**

૧. ભુજ નગરમાં દીક્ષાનો શ્રી સંઘ દ્વારા પ્રથમ પ્રસંગ બન્યો સં. ૧૯૯૪ (ઇ.સ. ૧૯૩૮) માં આચાર્ય કલાપૂર્ણસૂરિના ગુરુ કંચનવિજયજી મહારાજ સાહેબ તથા દેવવિજયજી મહારાજ સાહેબની દીક્ષા પ્રસંગે લોકોમાં અનેરો ઉત્સાહ હતો. પૂ. કંચનવિજયજીની દીક્ષા વખતે પ્રથમવાર વરઘોડા માટે રાજ તરફથી હાથી આપવામાં આવેલો.

૨. પ્રખર જ્યોતિર્વિદ પૂજ્ય મોહનવિજયજીને આજે પણ ઘણા ભક્તો યાદ કરે છે. તેઓ શાંત, નિખાલસ, તેમજ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓએ નવકારમંત્ર અને ઉવસ્સગહરં સ્તોત્રના પ્રભાવનો અનુભવ ઘણા ભક્તોને કરાવેલ. જરૂર પડે જ્યોતિષ વિજ્ઞાનના આધારે ભક્તોને સહાયરૂપ થતા હતા.

૩. જ્યારે ભુજમાં પ્રથમ સિદ્ધચક્રપૂજન પૂજ્ય મહિમાપ્રભવિજયજી મ.સા.ના હસ્તે થયેલું ત્યારે જોશીલા યુવાન ઝવેરી કાંતિલાલ પોપટલાલ તથા અન્ય યુવાનોએ અન્ય સંઘના મોવડીઓનો વિરોધ હોવા છતાં શહેરની સુખાકારી અને રક્ષા કાજે ફેરવાતી શાંતિજળ ધારાવાળી માટે વાજતે ગાજતે વરઘોડો કાઢેલ.

૪. શરૂઆતમાં ત્રણ સંઘો (તપગચ્છ, અચલગચ્છ તથા ખરતરગચ્છ) માં ક્રમાનુસાર સાધુઓનાં ચોમાસા ભુજમાં થતાં એટલે કે એક વર્ષે ત્રણમાંથી કોઇ એક જ સંઘ ચોમાસું કરાવે એ રિવાજ પ્રચલિત હતો. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩) માં અન્ય સંઘના કોઇપણ મહારાજશ્રી કચ્છમાં વિહરતા ન હોઇ ભુજમાં રિવાજ પ્રમાણે ચોમાસું ન થઇ શકે, એવો અન્ય સંઘોના કેટલાક મોવડીઓનો આગ્રહ હતો. ત્યારે તપગચ્છ સંઘના આચાર્ય શ્રી ભૂવનતિલકસૂરીશ્વરજી મ.સા. કચ્છમાં પંચતીર્થી કરવા પધારેલ. તેમનો લાભ ભુજ શહેર લે એમ ઘણાં ભાવિકોની ઇચ્છા હતી. રિવાજ મુજબ ભુજ શહેરને સાધુ ભગવંતોના ચોમાસાનાં લાભથી વંચિત રહેવું પડતું હતું. તેને દૂર કરવા શ્રી ચમનલાલ વસાએ જોશીલી આગેવાની લઇ તેમની સાથે નારણજી ખીમજી, દેવચંદ કાનજી, ઓત્તમચંદભાઇ, દામજીભાઇ, જીવરાજ મોતીચંદ, જેવત ઝવેરી તથા પ્રેમચંદ જગજીવન એમ નવ જણે આ રિવાજ તોડીને પૂ.આ. શ્રી ભૂવનતિલકસૂરિને મુંદ્રા વિનંતી કરી અને તેમનું ભુજમાં ચોમાસું કરાવ્યું. ત્યારથી તપગચ્છ શ્રી સંઘમાં સતત ચોમાસું કરવાની પ્રણાલિકા શરૂ થઇ. અને પૂ. કનકવિજયજીના ચોમાસા પછી આ પ્રણાલિકા સતત ચાલુ રહી.

***(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)***

*દૂધ ફાટી જાય તેજાબથી જ્યારે માનવી ફાટી જાય છે — ખુશામતથી.*

# સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય)

(પ્રકરણ-૩)

• વિરાજ દેસાઈ •

## સંશોધન, સંપાદન, ચરિત્ર લેખન, વિવેચન, આસ્વાદ આદિ.....

સંશોધન, સંપાદન, ચરિત્ર લેખન, વિવેચન - આસ્વાદ જેવા પ્રકારોમાં કચ્છની લેખિકાઓએ કરેલા ખેડાણનું વિહંગાવલોકન કરતાં ખ્યાલ આવે છે કે આ ક્ષેત્રે પણ લેખિકાઓના નામ તો આંગળીના વેઢે ગણી શકાય તેટલાં જ છે. છતાં તેમાં રહેલું સત્વ હૈયે ટાઢક વાળે તેવું છે. કદાચ આ ક્ષેત્રે થયેલું કાર્ય જ સૌથી વધુ દાદ મેળવવાને પાત્ર સાબિત થાય તેમ છે.

### ● ડૉ. ભાવનાબહેન મહેતા :

આગળ આપણે ભાવનાબહેનની ઓળખ એક વાર્તાકાર તરીકે જોઈ, પણ ભાવનાબહેનની સાચી ઓળખ તો તેમણે લખેલાં કચ્છની સંસ્કૃતિ, ઇતિહાસ, ભાષા અને લોકસાહિત્ય વિષયક પુસ્તકોના લેખિકા તરીકેની છે. ભાવનાબહેનના પિતા શ્રી માર્કંડરાય મહેતાએ લખેલા કચ્છના ઇતિહાસ અને ભૂગોળનો સમાવેશ પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં પણ થયો છે. મૂળે કચ્છનાં પણ ઘણા લાંબા સમયથી ગાંધીનગર વસેલાં ભાવનાબહેનના લખાણમાં તેમના ગહન અભ્યાસ અને કચ્છી ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમનો સહજ પરિચય પ્રાપ્ત થાય છે.

ભાવનાબહેને ઉપરોક્ત વિષયોને સ્પર્શતાં આઠ પુસ્તક લખ્યાં છે. જેમાં 'કારાણી- એક પરિચય', 'કચ્છ એક સાંસ્કૃતિક પરિવેશ', 'કચ્છનું લોકસાહિત્ય' પુરસ્કૃત 'કચ્છી રૂઢિપ્રયોગો અને કહેવતો', 'આપણા લોકપ્રિય નેતાઓ' જેમાં કચ્છના ઇતિહાસમાં મહત્ત્વનું પ્રદાન કરનારા જમાદાર ફતેમામદ અને શ્યામજી કૃષ્ણવર્મા જેવા મહાનાયકોના જીવન ચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે.

ભાવનાબહેનને 'કચ્છ શક્તિ ઍવૉર્ડ' ઉપરાંત પ્રતિષ્ઠિત 'રામસિંહજી રાઠોડ સુવર્ણચંદ્રક' તેમના વિષદ્ સાહિત્ય સર્જન માટે અર્પણ કરવામાં આવ્યો છે.

ભાવનાબહેનને સાહિત્ય એક 'માઈલ-સ્ટોન'ની જેમ કચ્છની લેખિકાઓ માટે હંમેશાં પ્રેરણા પૂરી પાડતું રહેશે.

### ● નલિનીબહેન શાહ :

શ્રેષ્ઠ શિક્ષિકા તરીકેનો 'રાષ્ટ્રપતિ ઍવૉર્ડ' મેળવનાર નલિનીબહેન શાહનું નામ કચ્છના શિક્ષણ અને સાહિત્ય જગતમાં અત્યંત આદર અને પ્રેમ સાથે લેવાય છે. ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયના આચાર્યા તરીકેનું પદ વર્ષો સુધી સંભાળનાર નલિનીબહેને પોતાનું જીવન જ શિક્ષણ અને સાહિત્ય જગતને સમર્પી દીધું છે. નલિનીબહેને વર્ષો સુધી 'કચ્છમિત્ર'માં 'મહિલા જગત' વિભાગનું સફળતાપૂર્વક સંપાદન કરી આ કોલમને એક સાર્થક સ્વરૂપ આપ્યું. આકાશવાણી તથા 'કચ્છમિત્ર' ઉપરાંત અન્ય સુપ્રતિષ્ઠિત સમાચાર પત્રો અને સામયિકોમાં પ્રસારિત અને પ્રકાશિત થયેલા નલિનીબહેનના શિક્ષણ, સાહિત્ય, જીવન-ચરિત્ર અને સાંપ્રત બનાવો પરના લેખો શોધી - નિબંધની કક્ષાએ મૂકી શકાય તેવા અભ્યાસપૂર્ણ અને માહિતીસભર રહ્યા છે. તેમણે સંપાદિત કરેલ બાળગીતોનો સંગ્રહ 'બાલગુંજન ભાગ ૧-૨' બાળકો માટે ગીતોના અમૂલ્ય ખજાના સમાન છે. આ પુસ્તકમાં શાળા અને વર્ગ શિક્ષણમાં ઉપયોગી થાય તેવા લેખો પણ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. નલિનીબહેને જો પોતાની કલમને વધુ મુક્ત-વિહાર આપ્યો હોત, તો ગુજરાતને સિદ્ધહસ્ત લેખિકાની પ્રાપ્તિ થઈ હોત એ નિર્વિવાદ હકીકત છે.

### ● પુષ્પાબહેન શાહ :

માંડવીની ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયનાં નિવૃત્ત શિક્ષિકા પુષ્પાબહેન શાહ કચ્છના શિક્ષણ અને સાહિત્ય જગતમાં પ્રેમાદરપૂર્વક લેવાતું નામ છે. પુષ્પાબહેનનું લેખનકાર્ય વિશેષ તો શિક્ષણને કેન્દ્રમાં રાખીને જ સર્જાયું છે પરંતુ તેની રજૂઆત અને શૈલી વાર્તા અને રૂપક આધારિત નાના-મોટા સૌને આકર્ષિત કરતી અને સુગ્રાહ્ય રહી છે.

શાળામાં વાણિજ્ય ગણિત અને તર્કશાસ્ત્ર જેવા વિષય ભણાવતાં પુષ્પાબહેને સાહિત્યની અવિરત આરાધના કરી છે. 'ગતિશીલ શિક્ષણ', 'સાંપ્રત', 'નૂતન શિક્ષણ' અને 'કચ્છ ગૂર્જરી' જેવાં સુપ્રતિષ્ઠિત સામયિકોમાં તેમના શિક્ષણ વિષયક લેખો નિયમિત પ્રગટ થતા રહે છે. તેમણે લખેલાં ચાર પુસ્તકો 'આજની ઘડી રળિયામણી', 'મંગલ આરતી', 'ધરતીનો સાદ' અને 'સુખનાં વાવેતર'ને 'ભારતીય શિક્ષણ અને સંશોધન કેન્દ્ર'નો રાષ્ટ્રીય ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે. 'નેશનલ બુક ટ્રસ્ટે' તેમની શિક્ષણનો સંદેશ આપતી વાર્તાઓનો સંગ્રહ 'રૂપા' પ્રકાશિત કર્યો છે. તો કુદરતે મનુષ્યને આપેલી અમૂલ્ય ભેટ 'આંખ' વિશે અત્યંત સરળ અને રસપ્રદ વાર્તા શૈલીમાં સમજ આપતાં તેમનાં પુસ્તક 'નાની મારી આંખ'નું પ્રકાશન 'ગુર્જર પ્રકાશન' દ્વારા થયું છે. એક આદર્શ શિક્ષિકાનું સચોટ ઉદાહરણ બની રહેલાં પુષ્પાબહેને લખેલાં 'વર્ગ મારું સ્વર્ગ' પુસ્તકનું પ્રકાશન 'પ્રવીણ પુસ્તક ભંડારે' કર્યું છે. આ પુસ્તકમાં ગુજરાતી વ્યાકરણની સમજ રૂપકાત્મક રીતે ખૂબ જ વિશદ્ છતાં રસાળ ભાષામાં આપવામાં આવી છે.

પુષ્પાબહેને અંગ્રેજી પુસ્તક 'Selected Thirteen Stories'નો ગુજરાતી અનુવાદ 'તેર વીણેલી વાર્તાઓ' રૂપે કર્યો છે.

શાળામાંથી નિવૃત્ત થયેલાં પુષ્પાબહેનની શિક્ષણ અને સાહિત્યની આરાધના અવિરત ચાલુ જ છે. ત્યારે તેમની પાસેથી ઉત્તરોત્તર શ્રેષ્ઠ સર્જનની અપેક્ષા સૌને હોય તે સહજ છે.

*અક્કલ શૂન્ય દયનીય છે, ચારિત્ર્ય શૂન્ય દંડનીય છે.*

### ● દક્ષાબહેન ઓઝા :

દક્ષાબહેન ઓઝાનું નામ કચ્છનાં શિક્ષણ અને સાહિત્ય જગતમાં એક આગવી ઓળખ ધરાવે છે. દક્ષાબહેન હાલ 'શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય'નાં આચાર્યા તરીકે ફરજ બજાવે છે.

દક્ષાબહેનના લખાણોમાં શિક્ષણ ઉપરાંત સમાજની સમસ્યાઓનું બળકટ આલેખન થયેલું જોવા મળે છે. દક્ષાબહેને લખેલું 'શ્રી શ્યામજી કૃષ્ણવર્મા'નું જીવનચરિત્ર પણ પ્રગટ થયું છે. આ ઉપરાંત 'બાલભારતી પ્રકાશન' દ્વારા પ્રકાશિત 'સરદારસિંહ રાણા'નું જીવનચરિત્ર પણ દક્ષાબહેને લખ્યું છે. પ્રાર્થનાસભામાં રજૂ કરવા યોગ્ય પ્રેરક વિચારોનો સંગ્રહ 'પ્રેરણાની પગદંડી' દક્ષાબહેને સંપાદિત કર્યો છે. 'કચ્છમિત્ર', 'ગુજરાત', 'સાધના', 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ', 'પ્રગતિશીલ શિક્ષણ' અને 'વિવેકગ્રામ' જેવા સામયિકોમાં દક્ષાબહેનના અભ્યાસપૂર્ણ લેખો નિયમિતપણે પ્રગટ થતા રહે છે. વળી, 'નવસાક્ષર બંધુ'માં દક્ષાબહેનની વાર્તા પણ પ્રકાશિત થઈ છે.

### ● મુક્તાબહેન ખત્રી :

મુક્તાબહેનનો પરિચય આગળ આપણે તેમના 'પીડામીશ્રિત રોમાંચ' સ્મરણ લેખના સંદર્ભમાં મેળવ્યો. પરંતુ મુક્તાબહેનની ઓળખ તેથી પણ વિશેષ છે. એક પત્રકાર, 'કચ્છમિત્ર'ના 'મહિલા જગત' વિભાગનાં સફળ સંપાદિકા, 'વાત નાની પણ મજાની' જેવી કોલમથી તેમનું નામ ઘેર-ઘેર જાણીતું છે. 'વાત નાની પણ મજાની' કોલમમાં જીવાતા જીવનમાં રોજબરોજ બનતી અને આસપાસ જોવા મળતી ઘટનાઓને આ સંવેદનશીલ લેખિકાની કલમ બરાબર ઝીલે છે. 'સાંનિધ્યનું સાતત્ય : પત્ર' એ શીર્ષક હેઠળ 'વાત નાની પણ મજાની' કરતાં તેમણે લખ્યું છે :

'પત્રમાં આકાશ ભરાય એટલો પ્રેમ હોય, ચાંદનીની શીતળતા હોય, પ્રિય વ્યક્તિના વિરહથી એક ક્ષણ પણ પહાડ જેવી લાગે છે, પરંતુ પત્ર વંચાય ત્યારે એ ક્ષણો બરફની જેમ ઓગળતી લાગે છે....'

૧૯૫૯થી શરૂ થયેલી મુક્તાબહેનની સર્જન યાત્રામાં વચ્ચે થોડો વિરામ આવ્યો હોવા છતાં તેમના લખાણોમાં રહેલું તાજગીસભર સત્વ ઉત્તરોત્તર નીખરતું જોવા મળે છે. તેમના લખાણોમાં આધુનિકતા અને પ્રગતિસભર વિચારોના સ્પર્શ સાથે કુટુંબ જીવનના પ્રેમ અને હૂંફનું પ્રાધાન્ય રહેલું જોવા મળે છે.

### ● ક્રિષ્નાબહેન મિસ્ત્રી :

'કેળવણી, સાહિત્ય અને સમાજસેવા'ના ત્રિવેણી સંગમ સમા ક્રિષ્નાબહેન મિસ્ત્રી એક પ્રતિભાશાળી શિક્ષિકા અને કચ્છના અગ્રગણ્ય લેખિકા છે. માંડવીની 'ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય'માં શિક્ષિકા તરીકે ઍવૉર્ડ પણ મેળવ્યો છે. 'માનવ સંશાધન કેન્દ્ર - દિલ્હી' દ્વારા આયોજિત વાર્તા સ્પર્ધામાં ક્રિષ્નાબહેનની વાર્તા 'મંગલ આરંભ' પ્રથમ આવી હતી.

ક્રિષ્નાબહેનની વાર્તાઓ, લેખ તેમજ નાટક 'કચ્છમિત્ર' તેમજ આકાશવાણી પર નિયમિત રજૂ થતાં રહે છે. 'ગુજરાત વિદ્યાપીઠ' દ્વારા પ્રકાશિત 'કચ્છી નવજાગરણ માળા'નાં લેખિકા ક્રિષ્નાબહેન છે. અનેક સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલાં ક્રિષ્નાબહેન પોંડિચેરીનાં 'અરવિંદ આશ્રમ'નાં આજીવન સભ્ય પણ રહ્યાં છે.

### ● નૂતનબહેન મહેતા :

કચ્છના સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાનાં ધર્મપત્ની શ્રીમતી નૂતનબહેન મહેતા એક સંનિષ્ઠ શિક્ષિકા અને જાણીતા લેખિકા છે.

સંસ્કૃત વિષય પર પ્રભુત્વ ધરાવનાર નૂતનબહેને શિક્ષણ અને સાહિત્ય વિષયક મનનીય લેખો લખ્યા છે. ભુજની પી.સી.વી. મહેતા હાઈસ્કૂલમાં સંસ્કૃત વિષયનાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં નૂતનબહેન અનેક સામાજિક અને સાહિત્યિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. આકાશવાણી તથા 'શબ્દસૃષ્ટિ' અને 'કચ્છમિત્ર' જેવાં સામયિક તથા સમાચાર પત્રોમાં તેમના લેખ અવારનવાર પ્રગટ થતાં રહે છે. નૂતનબહેને બંગાળી સાહિત્યનાં ખ્યાતનામ લેખિકા આશાપૂર્ણાદેવીના જીવન અને સાહિત્ય અંગે લખેલો પરિચયાત્મક લેખ 'કચ્છમિત્ર'માં પ્રગટ થયો હતો. તેમણે મહાશ્વેતા દેવી વિશે પણ આવો જ અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. શ્રી ભોળાભાઈ પટેલના પુસ્તક 'વિદિશા' વિશે તેમણે લખેલ લેખ 'શબ્દસૃષ્ટિ'માં પ્રકાશિત થયો હતો, જે આના જ અનુસંધાનમાં પ્રગટ થયેલ 'અભિનંદન ગ્રંથ'માં પણ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. ઈલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના'નું તેમણે કરેલું રેડિયો નાટ્ય રૂપાંતર હવે 'શબ્દસૃષ્ટિ'માં પ્રકાશિત થનાર છે. નૂતનબહેનનું સર્જન અભ્યાસપૂર્ણ અને સાહિત્યિક પૂટના સ્પર્શવાળું જોવા મળે છે.

### ● નીપાબહેન ઠક્કર :

કચ્છનાં અત્યંત સુપ્રતિષ્ઠિત અને સર્જનાત્મક સાહિત્યથી સભર 'મનાંકન' સામયિકનાં તંત્રી નીપાબહેન ઠક્કરે આ સામયિકના પ્રકાશન દ્વારા કચ્છનાં સાહિત્ય સર્જનની સાચા અર્થમાં સેવા કરી છે.

'મનાંકન'માં આવતી કૃતિઓ અર્થસભર અને સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ ઉચ્ચ કહી શકાય તે પ્રકારની રહી છે. 'મનાંકન' દ્વારા બહાર પાડવામાં આવેલ મહિલા વિશેષાંક 'લહેર'માં કચ્છની સ્ત્રી સર્જકોને પોતાની કલમનું કૌવત દાખવવાની સુંદર તક પ્રાપ્ત થઈ છે.

નીપાબહેને 'મરુભૂમિનું મેઘધનુષ ડૉ. જયંત ખત્રી' પુસ્તકનું સંપાદન પણ કર્યું છે.

### ● કૈલાસબહેન અંતાણી :

અંજારનાં પ્રાથમિક શિક્ષણને પોતાનું જીવન સમર્પી દેનાર કૈલાસબહેન અંતાણી ૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલા મહાવિનાશકારી ભૂકંપમાં પ્રજાસત્તાક દિનની રેલીમાં અનેક ભૂલકાંઓ અને શિક્ષકો સાથે અદૃશ્ય થઈ ગયાં. કૈલાસબહેન એક નિષ્ઠાવાન શિક્ષિકા તો હતા જ, ઉપરાંત મૌન સેવાને તો જાણે તેમણે પોતાનો ધર્મ જ માન્યો હતો. સાહિત્ય, સંગીત અને કલા પ્રત્યે ઊંડી રુચિ ધરાવતાં કૈલાસબહેનને સ્મરણાંજલિ અર્પતાં પ્રકાશિત થયેલાં પુસ્તક 'હવે સ્મરણો ભીના....'ના ભાવ જગતમાંથી પસાર થતાં કૈલાસબહેનનો એક સહૃદયી ભાવક તરીકેનો પરિચય તો મળે જ છે. ઉપરાંત, તેમાં સમાવિષ્ટ 'શબ્દ-સૃષ્ટિ', 'નવનીત સમર્પણ' કે 'કચ્છમિત્ર' જેવાં સામયિકો અને સમાચાર પત્રોમાં પ્રકાશિત તેમના લખાણોમાં રહેલું ઊંડાણ અને તેમની વિદ્વત્ છતાં સરળ ભાષાશૈલી કૈલાસબહેનનો એક સમર્થ સર્જક તરીકેનો પરિચય પણ આપી

*ઘેટાં જ ટોળું શોધે, ગરુડ તો એકલો જ ઊડે.*

જાય છે. 'પરિક્રમા નર્મદામૈયાની'ના લેખક અને સુવિખ્યાત ચિત્રકાર શ્રી અમૃતલાલ વેગડે સરદાર સરોવર બંધના સમર્થનમાં મૂળ હિંદીમાં લખેલા લેખનો કૈલાસબહેને ગુજરાતીમાં કરેલો અનુવાદ 'જન્મભૂમિ-પ્રવાસી'માં પ્રકાશિત થયેલો તેના સંદર્ભમાં શ્રી વેગડે લખ્યું હતું.

"એમના અનુવાદથી મને ખૂબ સંતોષ થયો ને મનમાં વિચાર પણ આવતો કે જો કૈલાસબહેનથી વહેલો પરિચય થયો હોત તો હું ગુજરાતીમાં લખત જ શા માટે? આ જુગલબંધીની કલ્પના કરી શક્યો હતો, ત્યાં આ કારમો ધરતીકંપ આવ્યો ને તેઓ ધરતીની પુત્રી સીતાની જેમ ધરતીમાં સમાઈ ગયાં."

'સંસ્કાર દીપિકા'ના અંકમાં પ્રકાશિત થયેલા લેખ 'આચાર્યના અનુભવ-પ્રયોગ'માં બાળકોને સુંદર લેખન શીખવવા માટેની ચાવી કૈલાસબહેને પોતાની આગવી શૈલીમાં આપી છે. ગુજરાતી વિષય શીખવતા દરેક શિક્ષકે વાંચવા જેવો આ લેખ છે. કૈલાસબહેને પોતાની કારકિર્દીનો મોટો ભાગ જ્યાં વીતાવ્યો તે 'અંજાર નગરપાલિકા શાળા નં.-૧'ના ઇતિહાસની રૂપરેખા આપતાં કૈલાસબહેને લખેલો લેખ 'કચ્છ સાંસ્કૃતિક પત્રિકા'માં પ્રકાશિત થયો હતો.

કૈલાસબહેન શક્યતાઓથી ભર્યા ભર્યા વ્યક્તિત્વનાં સ્વામિની હતાં. પણ કુદરતને કંઈ બીજું જ મંજૂર હતું. કૈલાસબહેનની કલમનો લાભ આપણને પૂરેપૂરો ન મળી શક્યો તેનો વસવસો હંમેશાં રહેશે.

*(ક્રમશઃ)*

## કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત

*(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)*

૫. સં. ૨૦૦૨ (ઇ.સ. ૧૯૪૬) માં આચાર્ય સાગરનંદસૂરિના આજ્ઞાવર્તિની સમેત શિખર તીર્થોદ્ધારિકા શ્રી રંજનશ્રીજી મ.સાહેબે પ્રેરણા આપી ભુજ નગરને આયંબિલ શાળા અપાવી. જેના માટેનું મકાન શ્રી માનસંગ નાથાભાઇએ ધાર્મિક ઉપયોગ અર્થે ભેટ ધર્યું.

૬. ભાવના તેમજ પૂજામાં લોકોને રસ લેતા કરવાં તપગચ્છીય શ્રીસંઘને સતત સેવા આપતા શ્રી પ્રાણજીવન સાકરચંદે સંગીતમય ભાવનાની શરૂઆત કરાવી. જેમાં તેમની સાથે બચુભાઇ દામોદર, શ્રી અરવિંદ પોપટલાલ તથા ગુલાબચંદ સાકરચંદ જોડાયા. અને લોકોને રસ લેતા કર્યા. તેમની ઇચ્છા સાકાર થઇ સં. ૨૦૧૫ (ઇ.સ. ૧૯૫૯) માં જ્યારે સૂર્યકાંતાશ્રીજીના ચોમાસા સમયે પૂ.શ્રી મયણાશ્રીજીએ બહેનોને ઉપદેશ આપી આદિજિન મહિલા મંડળની સ્થાપના કરી. અને ભક્તિરસ માટે પ્રોત્સાહિત કરી. ત્યારબાદ સં. ૨૦૨૪ (ઇ.સ. ૧૯૬૮) માં ચંદુલાલ જેવત ઝવેરીએ શ્રી મહાવીર જૈન સંગીતકલા મંડળની સ્થાપના કરાવી યુવાનોને તથા બાળકોને પૂજા ભાવના તેમજ બેંડના સંગીત વડે ભક્તિરસની તૃપ્તિ માટે પ્રોત્સાહિત કર્યા હતા.

*(ક્રમશઃ)*

## સાબર આદિવાસીઓ

"જ્યારે મેં જોયું કે દેશમાં વિમુક્ત જનજાતિઓની સ્થિતિ આપણને શરમ આવે એટલી હદે ખરાબ છે ત્યારે હું પુરુલિયાના વિમુક્ત સાબર આદિવાસીઓ વચ્ચે ફરી રહી હતી અને ત્યારે એક આદિવાસી સ્ત્રીના અનુભવે મારી આંખો ઉઘાડી નાખી. ૧૯૮૦ના એ દિવસોમાં સાબર લોકોને વર્ષમાં માત્ર એક જ દિવસ ભાત ખાવા મળતો હતો. બાકીના ૩૬૪ દિવસ એ શું ખાતા હશે એની કોને ખબર? હું બરાબર તે જ દિવસે તે સાબરના ગામમાં પહોંચી. અને એ દિવસ એ ભાત મળવાનો દિવસ હતો. તે સ્ત્રીએ મને ભાતમાં નમક અને મરચું ભેળવીને ખાવા આપ્યા. સ્વાભાવિક રીતે જ મેં પૂછ્યું કે આને કોની સાથે ખાઉં?"

તે સાબર સ્ત્રીએ મને કહ્યું કે 'મા, પેટની ભૂખ સાથે મેળવીને ખાઇ લો.'

હું માનું છું કે જ્યાં સુધી આપણે લોકોની પાસે નથી જતા, તેમની સાથે જીવન નથી જીવતા ત્યાં સુધી આપણે કંઇ જ નથી જાણતા. આજે દેશમાં ૬ લાખ ૫૦ હજાર ગામોમાં જવા માટે કોઇ શિક્ષક તૈયાર નથી. ત્યાંના બાળકોને ભણવું છે પણ તેમની માતૃભાષામાં ભણવાની કશીજ સગવડ નથી.

**– *મહાશ્વેતાદેવી***

નવસારી સાહિત્ય પરિષદના ઉદ્‌ઘાટકપદેથી આપેલ પ્રવચનનો અંશ. "ભૂમિપુત્ર" તા. ૧-૨-૨૦૧૦માંથી

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૭-૩-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | કારોબારી સમિતિની મિટિંગ. |
| ● | ગુરુવાર, તા. ૧૮-૩-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ થી ૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત ઝટપટ જૈન ફરસાણ હરીફાઈ તથા જૈન વાનગીની રેસીપી હરીફાઈ |
| ● | રવિવાર, તા. ૨૧-૩-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | નવા સ્થાપવામાં આવનાર "સંગીત વૃંદ"ની પ્રથમ મિટિંગ |
| ● | રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦<br>સવારમાં ૧૧.૦૦ વાગ્યાથી<br>સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | કચ્છ સિવાયના ગુજરાતભરની કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન. |

***સારા હોવું જ માત્ર જરૂરી નથી હોતું, આપણે સારા છીએ એવું દેખાવું પણ જરૂરી છે.***

**જાન્યુઆરી-૨૦૦૧**
**જાન્યુઆરી-૨૦૧૦**
**વચ્ચેના ૯ વર્ષના કચ્છ પુનઃનિર્માણ અને વિકાસને ઝાંખા પાડનાર કૌભાંડોનું દસ્તાવેજી વિહંગાવલોકન કરે છે**
**પ્રવીણચંદ્ર શાહ**
**(૨)**

# ★ ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ★

## તેમાં ઉમેરાયા રાજરમતના આફ્ટર શોક્સ

## ★ – હવે છંછેડાયો છે, ડંખીલો મધપૂડો ★

**પ્રવીણચંદ્ર શાહ**

કચ્છ ગુજરાત માટે ૨૦૦૧નું વર્ષ ધરતીના ભૂકંપનું વર્ષ નીવડ્યું. તેના નવ વર્ષ પ—છી—નું, ૨૦૧૦નું વર્ષ, ભૂકંપી-કૌભાંડોના આફ્ટર શોક્સનું વર્ષ બનવાની શરૂઆત થઈ ચૂકી છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના કચ્છ - ગુજરાતવાળો વિનાશક ભૂકંપ થયેલો. તેનાથી સર્જાયેલી હજારોની જાનહાનિ અને કરોડોની માલમત્તાના વિધ્વંસ પછી ભૂકંપ-રાહત, પુનર્વસન અને ઔદ્યોગિક વિકાસ દ્વારા મૃતઃપ્રાય કચ્છને ફરીથી સજીવન કરવા, બેઠું કરવા અનેકવિધ પ્રયાસો કેન્દ્ર સરકાર દ્વારા, ગુજરાત-રાજ્ય સરકાર દ્વારા, કચ્છની અને કચ્છ બહારની સેંકડો સેવા સંસ્થાઓ - એન.જી.ઓ. - દ્વારા, ચેરિટેબલ ટ્રસ્ટો દ્વારા, જ્ઞાતિઓ, મંડળો, સમાજો અને વ્યક્તિઓ દ્વારા કરાયા હતા. 'અભિયાન', 'વિરાયતન' જેવી સંસ્થાઓ દ્વારા હજુય થઈ રહ્યા છે.

- **કાચું સરવૈયું :**

જાન્યુઆરી-૨૦૦૧ અને જાન્યુઆરી-૨૦૧૦ વચ્ચે વિવિધ રીતે નોંધપાત્ર ૯ વર્ષોનો ગાળો વીતી ચૂક્યો છે. આ નવ વર્ષો દરમ્યાનના ભૂકંપ-ત્રસ્ત કચ્છનું કાચું સરવૈયું, ટ્રાયલ - બેલેન્સશીટનું વિહંગાવલોકન કરવાનો, સાથે સાથે થોડું આત્મનિરીક્ષણ કરવાનો આ લેખશ્રેણીનો આશય અને હેતુ છે.

સામાજિક કે આર્થિક સરવૈયું તપાસતી વખતે અને ખાસ તો આત્મનિરીક્ષણ કરતી વખતે, ભૂકંપ પ—છી—ના રાહત, પુનર્વસન અને કચ્છના ઔદ્યોગિક વિકાસ સાથે અત્યંત નિસબત ધરાવતી ઘટનાઓ, રાહત, ગોટાળાઓ, હેરાફેરીઓ, ગેરરીતિઓ, કૌભાંડો કે ભ્રષ્ટાચાર - સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી કે પ્રજાકીય – કોઈને પણ આપણાથી નજરઅંદાજ કરી શકાય નહીં. આંખ આડા કાન કરી શકાય નહીં. લાભ કે નુકસાન, નફો કે તોટો, ફાયદો કે ગેરફાયદો – સાચાં પ્રામાણિક સરવૈયામાં એકબીજા સાથે તાણાવાણાની જેમ ગુંથાયેલાં રહે જ છે.

- **જથ્થાબંધ બજાર પ્રકરણ : ભૂતકાળ અને વિકાસ ભીડ બજારના મૂળ :**

ભુજ શહેરની, ભીડના નાકાં પાસેની મૂળ અનાજ બજાર રાજાશાહીના છેલ્લા ત્રણ-ચાર રાજવીઓના સમયથી વિકસતી રહી હતી. વધતા વધતા મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાના રાજ્ય અમલના પાછળના ત્રણેક દાયકાઓ, ૧૯૨૫-૩૦થી પછી, ક્રમે ક્રમે વ્યાપારી આર્થિક હલચલનો મધપૂડો બનતી રહી હતી. તેના કારણો તો વિવિધ હતા પણ મુખ્ય કારણોમાંનું એક પુષ્કળ ખુલ્લી જગ્યાની ઉપલબ્ધિ હતી. જ્યારે હજુ ટ્રકો કે લોરીઓ જેવા યાંત્રિક હેરફેર - ટ્રાન્સપોર્ટેશનનાં સાધનો ઉપલબ્ધ બન્યા નહોતાં ત્યારે ધાન્ય પેદાશો કે પેસેન્જરો, મુસાફરોની હેરફેરનાં સાધનો બળદ ગાડાંઓ વિશેષ હતાં. આવા સેંકડો બળદ-ગાડાંઓ આવી શકે, કલાકો કે દિવસ-રાત રોકાઈ શકે, બળદોના નીરણ માટે ઘાસચારાના વેચાણ કેન્દ્રો અને પીવાના પાણી માટેનું બાજુનું જ દેસલસર તળાવ, આસપાસમાં જ હોવાને કારણે ભુજની ભીડના નાકાંવાળી ભીડ બજાર - જે તે સમયની ખીચોખીચતા - જેના માટે કચ્છી શબ્દ 'ભીડ' વપરાય છે, તે ખેતી પેદાશો, અનાજ-ધાન્ય, ખજૂર, ખારેક, ગોળ, ખાંડ, મરી મસાલા, ઘાસ, ગોવાર, પશુખોરાક - વગેરેની લે-વેચ અને સ્ટોરેજનું મુખ્ય કેન્દ્ર બનતી રહી હતી.

ધીમે ધીમે ત્યાંની વચ્ચેનું ખુલ્લું મેદાન રાજકીય પ્રવૃત્તિઓ, સભા-સરઘસો, પ્રભાત ફેરીઓ વગેરેના ઉપયોગનું કેન્દ્ર પણ બનતું રહ્યું હતું, જેનું નામ '૨૦'-૩૦ વાળા દાયકાઓ દરમ્યાન 'આઝાદ મેદાન' બન્યું હતું; જ્યાં કચ્છની રાજકીય જાગૃતિના, રાજાશાહી સામેની પ્રજાકીય જવાબદાર રાજતંત્ર માટેની લાંબી લડતના ઇતિહાસના અનેક સોનેરી પ્રકરણો પણ આલેખાયા હતા.

ધંધાદારી, વ્યાપારિક બજાર તરીકેના તેના ઘડતરમાં હોલસેલ, સેમી હોલસેલ અને રીટેઈલની પ્રવૃત્તિઓનું મિશ્રણ હતું. ૧૯૩૦ - ૧૯૪૫ વચ્ચેના અરસામાં અગ્રણી વેપારીઓમાં ઝકરિયા મુસા મેમણ, અબ્દુલ શકુર અલારખ્યા મેમણ, ભગવાનજી ચાગપાર ઠક્કર, ખીમજી ત્રિકમજી ઠક્કર, હામદ રહેમતુલ્લા મેમણ, જેઠાલાલ વેલજીની કંપની (કાકુભાઈ ધાનવાલા), કલ્યાણજી ધનજીની કંપની, શિવલાલ અમરજીની કંપની, કચ્છ ગ્રેઈન ડિસ્ટ્રિબ્યૂશન કંપની – વગેરેનો સમાવેશ હતો. આ ઉપરાંતના શાહ બાબુલાલ જાદવજી, જાદવજી પ્રાગજી જેવા ભુજના બીજા પણ સંખ્યાબંધ ખમતીધર વ્યાપારીઓ અને અંજારના શાહ મોણશી આશકરણ (મોણશી રાજા) જેવા અંજાર, માંડવી, મુંદ્રા, નલિયા વગેરે શહેરો કે ગામોના મુખ્ય વેપારીઓના, આડતિયાઓથી ભુજની ભીડ બજાર વિશાળ આર્થિક કેન્દ્રમાં વિકસતી રહી હતી. ધીમે ધીમે જથ્થાબંધ, સેમી - હોલસેલ અને રીટેઈલ માર્કેટોના પેટા વિભાગો પણ એસોસિએશનો

*સ્વપ્ન અને મહેમાન બંને એક સમાન, બેમાંથી એકેય લાંબો સમય રહેતા નથી.*

કે મંડળોના કે પાછળના વર્ષોમાં, ચેમ્બરોના વ્યવસ્થિત સંગઠનોના આકાર લેતા થયા હતા. અનાજ બજાર, દાણા બજારનું કેન્દ્ર હોવાને કારણે ત્યાં જમા થતા મોટી સંખ્યાનાં કબૂતરો કે બીજાં પક્ષીઓના વિસામા અને રક્ષણ માટે એક વિશાળ ચબૂતરો પણ વેપારીઓએ ૧૯૩૫-૪૦ના અરસામાં બંધાવી પક્ષી - જીવદયા પ્રેમ કાયમ કર્યો હતો. સમય વીતવા સાથે અંજાર, ગાંધીધામ, માંડવી, મુંદ્રા વગેરેના — ખાસ કરીને વાગડના વેપારીઓ - ભુજમાં વેપાર ધંધા માટે સ્થાયી થવા માંડ્યા હતા. એવા વેપારીઓમાં — જેમાંના ઘણા દેશના ભાગલા પછી સ્થાયી થતા રહ્યા તેમાં જીવરાજ પૂંજા (દેવજીભાઈ), ટહેલરામ સન્સ, તેજમાલ કંપની, તુલસીદાસ પ્રાગજી, ખટાઉ માવજી, પ્રભુલાલ પ્રાણલાલ, મંગતરામ સન્સ, હરિભાઈ પ્રાગજી વગેરેનો સમાવેશ હતો.

- **વજન, તોલમાપ :**

રાજાશાહીના તે સમયે વજનનાં એકસરખાં માપ નહોતાં. વેપારીઓ પોતપોતાની આગવી રીતે વજનના હિસાબ-કિતાબ કરતા. **તે વખતે વિકસેલી, અમલી પદ્ધતિ મુજબ ચાર ચોથાલાં બરાબર એક પાટી કે પાટવી, આઠ પાટવી બરોબર એક માપ અને ૧૪ માપ બરાબર એક ગુણીનો હિસાબ ગણાતો.** ધીમે ધીમે વખત જતાં બંગાળી શેર અને મણથી હિસાબ થવા લાગ્યા. તોલમાપની આખીયે પદ્ધતિમાં રાજાશાહીના બેપરવાહીપણાને કારણે અનિયંત્રિત અરાજકતા પ્રવર્તતી હતી — તે આજે સાઠેક વર્ષો પછી તો માનવામાં પણ ન આવે, જેનો ભયંકર ભોગ કચ્છની અસહાય રૈયત બનતી રહી હતી.

આવી રાજાશાહી અરાજકતા અને બેફામ શોષણ - અવ્યવસ્થાનો અંત કચ્છ 'ક' વર્ગનું રાજ્ય ૧ જૂન, ૧૯૪૮માં બન્યું, તેનાય બે વર્ષ બાદ ૯-૧૦-૧૯૫૦થી આવ્યો. નવા તોલમાપ દાખલ કરાયા. **જેનો કચ્છી શેર જે ૨૨ા રૂપિયાભારનો હતો, તે ૮૦ રૂપિયાભારનો દાખલ કરાયો.** વજનમાં ચોથાલા, પાવલાં, પાટી, માપ અને સઈ વગેરેના કાફલા કાયદાથી વિદાય કરાયા. દૂધ કળશિયાના માપે વેચાતું તે બંધ થયું. **૪૦ શેરનો બંગાલી મણ દાખલ થયો, જે કચ્છી ત્રણ મણ બરાબર હતો.** નવા તોલમાપનો વેઈટ્સ એન્ડ મેઝરમેન્ટનો કાયદો અમલી બનાવાયો. દેશના અન્ય ભાગો સાથે ધીમી એકતા સધાઈ. તોલમાપમાં થતી અંધાધૂંધ છેતરપિંડી પણ બંધ થઈ. આ બધા પછીના કાયદાઓમાં ભુજ જથ્થાબંધ બજાર બની અને તેનો વિકાસ થતો ગયો. **આ દરમ્યાનમાં મેટ્રિક પદ્ધતિ પણ અમલમાં આવી ચૂકી હતી.**

- **જથ્થાબંધ બજારનો વિકાસ :**

વર્ષોના વીતવાની સાથે વિકાસની હરણફાળ ભરતાં મૂળ ભૂજની ભીડ બજારમાંથી બનેલી જથ્થાબંધ બજારે કચ્છના વેપાર ધંધામાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની સવારે ધરતીકંપ થયો તે પૂર્વે આ બજારમાં અંદાજે ૩૨૫/૩૫૦ જેટલી પેઢીઓ કાર્યરત હતી. દરરોજનો સવા-દોઢ કરોડનો ધંધો હતો. આ બજાર પાસે ૧૦૦૦થી ૧૫૦૦ ટન માલ સાચવણીના ગોડાઉનોની ક્ષમતા હતી. વેપારીઓની પેઢીઓના સ્ટાફ ઉપરાંત ૧૫૦થી ૨૫૦ મજૂરો ૩૫થી ૫૦ ટ્રાન્સપોર્ટરો અને પ્રત્યેક ટ્રાન્સપોર્ટરના સરેરાશ ૫-૭નો સ્ટાફ; હાથગાડીવાળાઓ, સુંડલાવાળાઓ — વગેરેના ૧૨૦૦થી ૧૫૦૦ પરિવારો ભીડ બજાર પર નભતા હતા. **ભૂકંપે ભીડ બજારને નેસ્ત નાબૂદ કરી નાખી. મોટાભાગની દુકાનો ભોંયભેગી થઈ ગઈ. કોઈ દુકાનમાંથી ધંધો કરી શકાય તેવી સ્થિતિ રહી નહીં.**

આ આપદામાંથી બહાર આવવા વેપારીઓએ "ભુજ બજાર નવનિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ"ની રચના કરી હતી. નવી બજાર માટે સરકાર પાસે જમીનની માંગણી કરી હતી અને ભુજ ગ્રેઈન એન્ડ સીડ્સ હોલસેલ મર્ચન્ટ્સ સંચાલિત ટ્રસ્ટ માટે પાંચેકસો જેટલી નવી દુકાનોનાં બાંધકામ માટે જમીન મેળવવાની દરખાસ્ત કરી હતી. આ દરખાસ્તવાળી આખીય પ્રક્રિયા સમયે કચ્છના કલેક્ટર પ્રદીપ શર્મા હતા (જેમના મોટા ભાઈ કુલદીપ શર્મા, આઈ.પી.એસ., કચ્છના પોલીસવડા રહી ચૂક્યા છે.) પ્રદીપ શર્મા, કલેક્ટર - આઈ.એ.એસ. - સનદી અધિકારી છે અને એમની ભૂકંપ પછીના વર્ષો દરમ્યાનની વહીવટી કામગીરીમાં ત્વરિત નિર્ણય, વ્યવહારુ અભિગમ અને ભૂકંપગ્રસ્ત કચ્છને ફરીથી બેઠું કરવા માટેની ઉત્સુક્તાને કારણે નોંધપાત્ર પ્રમાણમાં એમણે લોકચાહના પણ સંપાદિત કરી હતી.

- **સરકારી બહાલી :**

ઓગસ્ટ ૨૦૦૨માં નવી જથ્થાબંધ બજારના પુનઃનિર્માણ માટેની દરખાસ્તને ગુજરાત રાજ્ય સરકારે બહાલી આપી હતી. તેના આગલા વર્ષે ૨૦૦૧ના એપ્રિલ-મે દરમ્યાન આગલા મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલની વહીવટી નાકામિયાબી - યા બીજાં રાજકીય કારણોસર - તે વખતની બી.જે.પી.ની સંયુક્ત સરકારના વડાપ્રધાન બાજપાઈ અને ગૃહપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ કેશુભાઈ પટેલની હકાલપટ્ટી કરીને, ઉત્તર ભારતના, બી.જે.પી.ના સુપર સેલ્સમેન - પ્રધાન પ્રચારક - નરેન્દ્ર મોદીની ગુજરાતના મુખ્યપ્રધાન તરીકેની તાજપોષી કરી હતી.

**રાજ્ય સરકારે નવી જથ્થાબંધ બજાર માટે ભુજ જેના ઓછાયા હેઠળ છે, તે ભુજિયા ડુંગરની તળેટીમાં સર્વે નં. ૩૬૩માં ૧૭ એકર એટલે ૬૮,૭૯૯ ચો.મી. જમીનની બહાલી આપી હતી.** ભુજ ગ્રેઈન એન્ડ સીડ્સ હોલસેલ મર્ચન્ટ્સ એસોસિએશન સંચાલિત "ભીડ બજાર નવનિર્માણ ચેરિટેબલ

આશરે ૧૦૦ સાચા વેપારીઓને જમીન નહીં મળતાં અદાલતમાં ફરિયાદ થઇ

## ભુજની જથ્થાબંધ બજાર નિર્માણમાં આચરાયેલા કૌભાંડનો ઘટના ક્રમ

*જે મનુષ્ય પોતાના નિત્ય કર્મ નથી છોડતો, તે કર્તવ્ય કર્મ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરે છે.*

ટ્રસ્ટ'' દ્વારા સરકાર પાસેથી ૪ વર્ષના વગર વ્યાજના હપ્તાથી ૧૭ એકર જમીન ખરીદાઈ હતી. તેની કુલ્લે કિંમત ૧ મીટરના રૂા. ૮૯૧ના ભાવે ૬૮ હજાર ચો.મી.ના લગભગ રૂા. ૬ કરોડ ૧૦ લાખ થયા હતા. તે રાહત - સગવડના લાભ લેનારા ઈચ્છુકો માટે કેટલીક શરતો રખાઈ હતી : અરજદાર વેપારી ભૂકંપ-પીડિત હોવો જોઈએ. તેને થયેલું નુકસાન, સરકાર દ્વારા નિશ્ચિત કરાયેલી નુકસાન-પ્રમાણ દર્શાવતી કેટેગરી જી-પાંચ (G-5, જે સંપૂર્ણ નુકસાન પ્રમાણિત કરે છે) તેનું સર્ટિફિકેટ કચ્છના કલેક્ટર પાસેથી મેળવાયેલું હોવું જોઈએ. વગેરે.

બજાર - માર્કેટ - દુકાનો બની. ટ્રસ્ટ દ્વારા નક્કી કરાયેલી પદ્ધતિથી તેના એલોટમેન્ટ થતાં ગયા. **પરંતુ આ પ્રક્રિયા દરમ્યાન એલોટમેન્ટ - સંબંધિત આખીય પદ્ધતિ અને અમલીકરણ સંબંધે આક્ષેપો અને ફરિયાદોના પ્રમાણ પણ વધતા ગયા.** અનેક ભૂકંપગ્રસ્ત વેપારીઓએ આક્ષેપો કર્યા હતા કે તેઓની લાયકાત છતાં તેઓને દુકાનોની ફાળવણી કરાઈ નથી. ફાળવણીની પ્રક્રિયાઓમાં જુદા જુદા તબક્કે ગેરરીતિઓ અમલી બનાવાઈ છે. પોતાને અન્યાય થયો હોવાનું માનતા વેપારીઓની સંખ્યા વધતી ગઈ. ૪૭૯ જેટલા વેપારીઓને લાભ મળ્યા પણ ૧૦૦/૧૫૦ જેટલા ઈચ્છુકો લાભથી વંચિત રહ્યા. એવા દુકાન-ઈચ્છુક વેપારીઓએ ''વેપારી હિતરક્ષક સમિતિ'' રચી. આ સમિતિના આશ્રયે કાયદેસરનાં વધુ પગલાં લેવાતાં થયાં. કેટલાકે અદાલતના સીધા આસરા પણ લીધા.

● **અદાલતી કાર્યવાહી :**

૨૬ જુલાઈ, ૨૦૦૬ના ભુજના નરેન્દ્ર મનસુખલાલ મહેતા અને બીજા પાંચ વેપારીઓએ કરેલી જાહેર હિતની અરજીનો ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે સ્વીકાર કરી ભૂકંપગ્રસ્ત બજાર નવનિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ ઉપરાંત ગુજરાત સરકાર, મહેસૂલ સચિવ, નગર નિયોજક (ગાંધીનગર), કચ્છ કલેક્ટર, ભાડા (ભુજ ડેવલપમેન્ટ ઓથોરિટી), જુનિયર ટાઉન પ્લાનર તથા ભુજ લશ્કરી મથકના બ્રિગેડિયરને નોટિસો આપી.

આ 'અન્યાય' ૨૦૦૬ પછીના લગભગ ત્રણ - સાડા ત્રણ વર્ષો સુધી અદાલતો, હાઈકોર્ટ, પોલીસ અને સરકારી વહીવટીતંત્રના વિવિધ સ્તરો પર, વિવિધ જૂથો દ્વારા મૂકાતો રહ્યો. વિવિધ ગતિએ વિવિધ સ્વરૂપો પામતો રહ્યો. **અમુક તબક્કે નામદાર અદાલતોએ પોલીસના વિવિધ વિભાગોની સ્થગિતતા અને પ્રમાદ માટે આકરો આક્રોશ પણ વ્યક્ત કર્યો.** પોલીસ અને વહીવટી તંત્રનું સરેરાશ વલણ અન્યાયની ફરિયાદ કરનારા ભોગગ્રસ્તો તરફ ઘણું સુસ્ત રહ્યા કર્યું હતું. આવા ભોગગ્રસ્તોમાંના કેટલાકે એક બિનસરકારી સંસ્થા, જેનું નામ તેની પ્રવૃત્તિઓની ઓળખ આપે છે, તેની મદદ લીધી. આ સંસ્થાનું નામ છે : 'અખિલ ભારત ભ્રષ્ટાચાર અને અપરાધ નિવારણ કાઉન્સિલ' (અંગ્રેજી પૂરું નામ છે : ''ઓલ ઈન્ડિયા એન્ટીકરપ્શન એન્ડ ક્રાઈમ પ્રિવેન્ટીવ કાઉન્સિલ) (નોટ એ ગવર્નમેન્ટ એજન્સી). તેના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ અમદાવાદના એક વકીલ પ્રફુલભાઈ આર. પટેલ છે. જાન્યુઆરી ૬, ૨૦૧૦ના જ્યારે માજી કલેક્ટર પ્રદીપ શર્મા અને ભુજના ત્રણ વેપારીઓની ધરપકડ કરાઈ ભુજ અદાલતમાં રજૂ કરાયા હતા ત્યારે આ સંસ્થા દ્વારા ભુજ બાજુના માધાપર ખાતે બોલાવાયેલી પત્રકાર પરિષદમાં આ કૌભાંડ સંબંધિત કેટલીક માહિતી પત્રકારોને અપાઈ હતી.

*તેના મુખ્ય મુદ્દા એવા હતા કે :*

૧. તત્કાલીન નાયબ કલેક્ટર મહેશભાઈ પટેલ પાસે જથ્થાબંધ બજાર માટેના તૈયાર થયેલા કાગળો પરના સિક્કા બનાવટી માલૂમ પડતા હોવાનું અને જે અસ્તિત્વમાં નથી તેવા અધિકારીની સહી જણાતી હોવાની રજૂઆત પરથી તપાસમાં તથ્ય જણાયા છતાં તત્કાલીન કલેક્ટર દ્વારા કાર્યવાહી ન કરાતાં આ કાઉન્સિલને અરજી મળી હતી. કાર્યવાહીની પૂર્વભૂમિકા સમજાવતા પ્રફુલભાઈ પટેલે કહેલું કે ભૂકંપગ્રસ્ત વેપારીઓના હિતમાં ફરિયાદ કરાતાં પોલીસ તપાસ આદરાઈ, જે તે સમયના કલેક્ટરે ગુનો નોંધી તપાસ કરવી જોઈએ, તે પણ કરાઈ નથી.

૨. સરકારે નવી જથ્થાબંધ બજારનું નિર્માણ કરવા ૧૭ એકર જમીન ૮૦ ટકા ભાવે આપી. અંદાજે વેપારી દીઠ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે રૂા. ૧ લાખ ૨૦ હજાર (૬૦:૪૦) વાળી રાહત-યોજનાનું પેકેજ આપ્યું હતું. જી-૫ (G-5 — સંપૂર્ણ ધ્વસ્તતા)ની કેટેગરીનો ઉપયોગ કરી ડબલ સહાય કેટલાકે લીધી. બાદમાં 'કેસ' બનતો હોવાનું જણાતા કેટલાકે પૈસા ભરી પણ દીધા.

સંસ્થાના સ્થાનિક ઉપાધ્યક્ષ દ્વારા પણ કેટલીક રજૂઆત કરાઈ હતી : જેમકે સ્પેશિયલ ઓડિટ રિપોર્ટ કરાયા, રાજ્ય સ્તરે પગલાં લેવાં ભલામણ કરાઈ.

**દરમ્યાન જિલ્લા કલેક્ટર પ્રદીપ શર્માએ 'યોગ્ય' પગલાં ન ભરતાં સંસ્થાએ અદાલતમાં ફરિયાદ કરી. તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપાઈ.**

પ્રફુલ પટેલે વધુમાં કહ્યું હતું કે ૪૧૧ દુકાનો ફાળવાઈ. જેમાં ઘણા ખોટા છે. અમારી સંસ્થાને ગેરકાયદે ઠરાવવા પ્રયત્નો થયા, દબાણો થયા. સંસ્થામાંથી કોઈ માંગણીદાર નથી. ન્યાય માટે ત્રણ-ત્રણવાર હાઈકોર્ટમાં જવું પડ્યું છે.

● **ફરિયાદોના તથ્ય સ્વીકાર :**

જથ્થાબંધ બજારની દુકાનોના એલોટમેન્ટમાં, ગેરરીતિઓ અજમાવાઈ હોવાની, નિયત કરાયેલી કિંમત કરતાં વધુની લેવાયેલી કહેવાતી બિનહિસાબી રકમો સંબંધિત ગેરરીતિઓ, નીતિ-રીતિના ભંગ, નાણાકીય હેરાફેરી, બ્લેક - વ્હાઈટની લેવડ-દેવડ અને તેવો વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકાઓ અને આક્ષેપો સાડા-ત્રણ ચાર વર્ષોથી અવારનવાર બહાર આવ્યા કરતા હતા. સરકારી સસ્તી જમીન મળવાથી માંડી દુકાનો / પ્લોટોના કબજા અપાવા સુધીની લાંબી પ્રક્રિયામાં ક્યાં-ક્યાં, કોના-કોના દ્વારા શું શું કરાયું હશે તેમાંની ઘણી હકીકતો હજુ ખાનગીપણાથી ઢંકાયેલા રહસ્ય દાબડામાં છે. શક્ય છે કેટલીક ફરિયાદો સાચી, અર્ધી સાચી કે સાવ પાયા વગરની પણ હોય. તેનું સંપૂર્ણ સત્ય તો કદાચ ક્યારેય પ્રકાશમાં નયે આવે. પરંતુ કહેવાતી ગેરરીતિઓના ભોગ બનેલા વેપારીઓમાંના કેટલાકની ફરિયાદો પરથી ઠેલાતી રહેલી તપાસના કેટલાક કિસ્સાઓમાં તો

*જે કર્મ કામનાપૂર્તિ અને સ્વાર્થ માટે થાય છે તેનો ત્યાગ જ સંન્યાસ છે અને કર્મના ફળો પ્રત્યે અનાસક્તિનું નામ જ ત્યાગ છે.*

નર્યા તથ્ય હતા તે ૨૭ માર્ચ, ૨૦૦૯ના દિવસે, તે વખતના કલેક્ટર આર.આર. વરસાણીના ચુકાદાઓથી સંગીન રીતે પુરવાર થયું જ.

કલેક્ટર વરસાણી સમક્ષની ફરિયાદો, આક્ષેપો, જવાબો, પ્રતિજવાબો અને દસ્તાવેજી પુરાવાઓના આધારે અપાયેલા ચુકાદામાં એમણે નિર્ણય આપ્યા કે ૮૪ પ્લોટોની ફાળવણી રદ કરવામાં આવે. તેમાં જણાવાયું હતું કે ૬૦ દુકાનદારોએ એમને થયેલી કહેવાતી નુકસાનીના પ્રમાણપત્રો આપ્યા નથી. (એટલે કે ચશ્મપોશી કે ખાયકી જેવા કારણોથી આ ફાળવણી થઈ હોઈ શકે. અહીં કૌંસમાં કરાયેલી સ્પષ્ટતા માત્ર વાંચકોની સમજવાની સરળતા માટે લેખક દ્વારા મુકાઈ છે. ચુકાદામાં આ શબ્દો નથી.) માટે આ ૮૪ દુકાનોની કરાયેલી વહેંચણી રદ કરવી. કલેક્ટર વરસાણીએ પોતાના ચુકાદામાં એમ પણ જણાવ્યું કે આ ૬૦ દુકાનદારો ઉપરાંત બીજા ૧૧ દુકાનદારોના એલોટમેન્ટ અને કબજા પણ રદ કરવા કારણકે એમને ૧૫૦ ચો.મી. જમીન વધુ અપાઈ છે, જે આ ૧૧ વેપારીઓએ દબાવેલી છે. (આમ કેમ થઈ શક્યું હશે તે સમજવાનું પણ મુશ્કેલ નથી.) કલેક્ટર વરસાણીએ એક ત્રીજા મુદ્દાનો જે ચુકાદો આપ્યો તે એ હતો કે સંસ્થાએ (ચેરિટેબલ ટ્રસ્ટે) આનુષંગિક સેવાઓ (એટલે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ફેસિલીટીઝ જેવી કે રસ્તા, ગટર, પાણી, વીજળી વગેરે) ઉપલબ્ધ કર્યા વિના પો—તા—ના નામે, જે ૧૪ પ્લોટ રાખ્યા હતા તે પૈકી વધારાના ૧૧ પ્લોટની ફાળવણી પણ રદ કરવી. (આનો ગૂઢાર્થ સમજવાનું પણ મુશ્કેલ નથી. છેક ૨૦૦૨માં સરકાર પાસેથી જમીન મેળવાઈ. દુકાનો / પ્લોટો ટ્રસ્ટે બનાવ્યા અને વહેંચણી પણ ૪૭૯ લાભાર્થીઓને કરાઈ. સો/દોઢસો આસપાસના અરજદારો 'ક્યુ'માં હતા, છતાં એમાંના 'બધી રીતે લાયક વેપારીઓને' લટકતા જ રખાયા, તે કોઈ બે-ચાર-છ અઠવાડિયા માટે નહીં, પણ સાડા-ત્રણ, ચાર-ચાર વર્ષો સુધી; ટ્રસ્ટના કાર્યવાહકોએ છેક માર્ચ, ૨૦૦૯ સુધી, છ-છ વર્ષો સુધી પોતાના નામના એલોટમેન્ટ ખુદની છાતીએ વળગાડી રાખ્યા! કયા હેતુ હોઈ શકે તે સમજવાનું જરાય મુશ્કેલ છે ખરું? વેપારીઓ સંગ્રહખોરી શાના માટે કરતા હોય છે? ડિમાન્ડ એન્ડ સપ્લાયનો વિશેષ લાભ


ભુજની જથ્થાબંધ બજારના નવ નિર્માણના ચકચાર ભર્યા કેસમાં ધરતીકંપની નવમી વરસીએ સર્જાયો ધરતીકંપ

# કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માની ધરપકડ

ભૂકંપગ્રસ્તોને બદલે અન્યોને જમીન ફાળવી હતી: નવનિર્માણ ટ્રસ્ટના અરવિંદ ઠક્કર, પ્રબોધ કોઠારી, શંભુભાઈ પોપટ પણ સકંજામાં

કૌભાંડ

રાજ્યના ઇતિહાસમાં પ્રથમવાર IASની ધરપકડ

કેવી રીતે આચરાયું હતું કૌભાંડ?

ક્યા આરોપો મૂકાયા છે?

૪૮ કલાકમાં સસ્પેન્ડ કરાશે

કૌભાંડનો ઘટનાક્રમ

લેવા માટે જ ને? ખેર! કર્મના સિદ્ધાંતે કરનાર ભોગવશે. – લેખક) **જે સાચા ભૂકંપગ્રસ્ત વેપારીઓ પ્લોટથી વંચિત રહી ગયા તેમને ન્યાય અપાવવા એક નવી સમિતિની રચના કરવાનો પણ આદેશ અપાયો હતો.**

- **માજી કલેક્ટર પ્રદીપ શર્મા :**

કચ્છના માજી કલેક્ટર પ્રદીપ શર્માની ધરપકડ (બુધવાર, ૬ જાન્યુઆરી, '૧૦ના) ભાવનગરના એમના નિવાસ સ્થાનેથી સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાંચે કરી હતી. તેઓ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરનો હોદ્દો સંભાળતા હતા. **ગુજરાત સિવિલ સર્વિસ કેડરના સૌપ્રથમ કોઈ આઈ.એ.એસ. અધિકારીની ધરપકડ થઈ હોય તેવો, ગુજરાત રાજ્યના ૫૦ વર્ષના ઇતિહાસમાં આ સૌપ્રથમ બનાવ હોવાથી ગુજરાતની સમગ્ર આઈ.એ.એસ. લોબીમાં પણ જોરદાર હલચલ સાથે સન્નાટો મચી ગયો હતો.** સામાન્ય રીતે સનદી સેવામાં સક્રિય અધિકારીની ધરપકડ કરતાં પહેલાં સરકારની પણ મંજૂરી મેળવવાની હોય છે. પ્રદીપ શર્માની ધરપકડ કરાયા અગાઉ સરકારી મંજૂરી પણ મેળવાઈ હતી. શર્માની વિરુદ્ધ સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા બિનજામીનપાત્ર એવી વિવિધ ઈન્ડિયન પીનલ કૉડની કલમ-૪૬૫ અને ૪૬૬, જેમાં ખોટા દસ્તાવેજો બનાવવા, કલમ-૪૭૧ જેમાં જાણ્યા છતાં ખોટા દસ્તાવેજોને ન પકડી તેને જતા કરવા, કલમ-૪૭૨ જેમાં દસ્તાવેજો તૈયાર કરવામાં જરૂરી કાગળો અને સ્ટેમ્પ બનાવવા, કલમ-૪૭૫ જેમાં દસ્તાવેજોના સાચા ઠેરવવા ખોટી સહી કરવી, કલમ-૪૯૪ મુજબ બોગસ સિક્કા બનાવી દસ્તાવેજો તૈયાર કરવા અને કલમ ૧૨૦-બી મુજબ જાણી જોઈને કોઈ ગુનાહિત કાવતરું રચવું જેવી કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતની સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાંચના વડા વી. વી. રબારીએ ૬ જાન્યુઆરીના


કોર્ટનો હુકમ | અઢી કલાકની બંને પક્ષોની દલીલો બાદ અરવિંદ ઠક્કર સહિતના ત્રણ વેપારી તેમજ...

# પ્રદીપ શર્મા ચાર દિવસના રિમાન્ડ પર

પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા તેમજ શંભુભાઇ પોપટ, પ્રબોધ કોઠારી તથા અરવિંદભાઇ ઠક્કરને રીમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાયા તે વેળાનું દૃશ્ય. તસવીર પ્રકાશ ભટ્ટ

ગાંધીનગર- અમદાવાદ ખાતે પત્રકારોને કહ્યું હતું કે શર્માની ધરપકડ પૂરતા પુરાવા મળ્યા બાદ જ કરવામાં આવી છે. ભૂકંપ બાદ ૧૭ એકર જમીનમાં દુકાનોની ફાળવણી સંબંધે સરકારે દસેક જેટલી શરતો લાદી હતી. જેમાં G-5 કેટેગરીના એટલે કે ભૂકંપમાં સંપૂર્ણ ધ્વસ્ત થઈ ગયેલી દુકાનોના અસરગ્રસ્તોને જ જમીન / દુકાન આપવા જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ જી-૫ કેટેગરીમાં ન હોય તેવા લોકોને આ દુકાનો ફાળવી દેવામાં આવી હોવાના આક્ષેપો થયા હતા. આ ઉપરાંત આર્મીની એન.ઓ.સી. (N.O.C.)ની શરતોમાં કેટલીક બાંધછોડ કરવામાં આવી હતી. જે તે સમયે ભુજ કોર્ટમાં એક ઈન્ક્વાયરી દાખલ કરવામાં આવી હતી. આ જ કારણોસર કલેક્ટર - તંત્રને પણ વેરીફાય કરવા જણાવાયું હતું. જેની તપાસ દરમિયાન ગેરરીતિ થઈ હોવાનું બહાર આવ્યું હતું. **તપાસ દરમ્યાન યોગ્ય પુરાવા મળ્યા બાદ જ પ્રદીપ શર્માની ધરપકડ કરવામાં આવી છે.** તે સમયની ૧૭ એકર જમીનનો ભાવ અંદાજે રૂા. ૧૫થી ૨૦ કરોડનો હતો. જે લોકોને જમીન / દુકાન અપાઈ તેમાં ગેરરીતિના આક્ષેપની તપાસમાં આ બધું બહાર આવ્યું છે. જો કે હાલ તપાસ ચાલુ છે અને તપાસ દરમિયાન જો અન્ય સામે પણ પુરાવાઓ મળશે તો તેઓની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે એમ રબારીએ કહ્યું હતું.

- **અખબારી અહેવાલો :**



ભૂકંપ કૌભાંડો... સજા ક્યારે ?

કીર્તિ ખત્રી

કચ્છના ૬૪ વર્ષ જૂના, લોકપ્રિય અને સારું સરક્યુલેશન અને પ્રતિષ્ઠા ધરાવતાં પૂર્ણ કદના દૈનિકો 'કચ્છમિત્ર', 'દિવ્ય ભાસ્કર' અને બીજા અખબારોએ આ સનસનાટી ભરેલી ઘટનાના વિસ્તૃત અહેવાલોમાંના (૦૭ જાન્યુઆરી '૧૦)ના એક અહેવાલમાં નોંધ્યું હતું કે માજી કલેક્ટર પ્રદીપ શર્મા ઉપરાંત



અધિકારીની ધરપકડ કરનાર સરકાર આસારામની ધરપકડ કેમ નથી કરતી?

શરણે નહીં થનાર અધિકારીઓને હેરાન કરાય છે : અર્જુન મોઢવાડિયા

કુલદિપ શર્મા, નરેન્દ્ર મોદી અને અમિત શાહની સામે ઝૂક્યા નહીં એટલે તેના ભાઇની ધરપકડ કરાઇ

ભાસ્કર ન્યૂઝ. રાજકોટ

ભાવનગરના મ્યુનિસિપલ કમિશનર પ્રદીપ શર્માની ભુજના ભૂકંપ જમીન કૌભાંડમાં રાતોરાત ધરપકડ કરવામાં આવી તે અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ જણાવ્યા હતુ કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહને શરણે નહીં થનાર અધિકારીઓને હેરાન કરવામાં આવે છે.

અર્જુન મોઢવાડિયા

પ્રામાણિક અધિકારીઓને સાવ ...

... મલાઇદાર જગ્યાએ નિમણૂક કરાયા છે. જે અધિકારીઓ સરકારના વજનદાર કારભારીઓના કહેવા પ્રમાણે કામ નથી કરતા તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

પ્રદીપ શર્માની ધરપકડ કરીને બ્યૂરોક્રસીને સંદેશો મોકલવામાં આવ્યો છે કે, સરકારની લાઇનથી અળગા થશોતો શર્મા જેવી હાલત થશે તેમ મોઢવાડિયાએ જણાવ્યું હતુ અને આક્રોશભેર ઉમેર્યું હતુ કે, જે સરકાર પ્રદીપ શર્માની ધરપકડ કરે છે તે આસારામને કેમ પકડતી નથી?

આસારામ દિલ્હીથી આવી ગયા છતાં અને અદાલતે તેની ધરપકડ સામે સ્ટે નહીં આપ્યા છતાં સરકાર તેની લાજ કાઢી રહી છે. શું અડવાણી સાથેના સબંધના કારણે આસારામને બચાવવામાં આવી રહ્યા છે? પ્રદીપ શર્માએ તો વેપારીઓને સરકારના આદેશ મુજબ જમીન આપી છે. કદાચ ...

મહાજન સમુદાય સામેના પગલાં સમાજ માટે અસ્તુત્ય

માજી નાણા મંત્રી બાબુભાઇ શાહે વેપારીઓની ધરપકડ વખોડી કાઢી

ભાસ્કર ન્યૂઝ. ગાંધીધામ

ભુજના વેપારીઓને ભૂકંપ બાદ પુનઃબેઠું કરવા માટે મહત્વની ભૂમિકા ભજવનારા અરવિંદ ... ઠક્કર સહિતના વેપારી અગ્રણીઓની ધરપકડને વખોડી કાઢતા માજી નાણામંત્રી અને ...


બાબુભાઇ શાહ

... સરકારના આ પગલાંને હું વખોડી કાઢું છું.


તેમણે જરા પણ શબ્દો ચોર્યા વિના એમ કહ્યું હતું કે કચ્છમાં ભૂકંપ બાદ જે કૌભાંડો થયા છે તેમાં જો સરકારને પગલાં ભરવા જ હોય તો ભલભલા અમરબંધી આવી જાય એટલી વિગતો મારી પાસે ઉપલબ્ધ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કેટલાય ઉદ્યોગપતિ, સામાજિક સંસ્થાઓ, ઉજળા કપડા પહેરી ફરતી વ્યક્તિઓ આવા કેસમાં ફીટ થઇ શકે એમ છે. ભૂકંપ વખતે સૌ ઝડપી કામગીરી કરવાના ઉદ્દેશથી જ કામ કરતા હતા અને ક્યાંક કાચું કપાઈ ગયું ...

ભુજ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ ('ભાડા')ના તત્કાલીન સી.ઈ.ઓ., પ્રાંત અધિકારી, મામલતદાર ઉપરાંત 'ભાડા'ના જુનિયર ટાઉન પ્લાનરની પણ આ પ્રકરણમાં સામેલગીરી હોવાના આક્ષેપો છે. 'કચ્છ મિત્ર'ના તંત્રી કીર્તિ ખત્રીએ ફ્રન્ટ પેઈજ ઉપરના પોતાની સહીવાળા વિશિષ્ટ તંત્રીલેખમાં એવો તીણો - તમતમતો પ્રશ્ન પણ પૂછ્યો હતો કે 'ભૂકંપ કૌભાંડો.... સજા ક્યારે?'

કચ્છ સહિતના ગુજરાતના જાગરુક રાજકીય અખબારનવીસોના ધ્યાન ઉપર ગયા વર્ષ દરમ્યાનની બે બાબતો પણ આવી હતી, જે બંને વધતે-ઓછે અંશે વિસ્મય પમાડનારી હતી. એક ઘટના હતી કુલદીપ શર્મા સંબંધિત. પ્રદીપ શર્મા અને કુલદીપ શર્મા બંને નાના-મોટા બંધુઓ છે. કુલદીપ શર્મા, આઈ.પી.એસ., ગુજરાતના વરિષ્ઠ, એડિશનલ ડી.જી.પી.નો ઊંચો હોદ્દો ધરાવતા પોલીસ



શ્રી પ્રદિપ શર્મા (IAS)



શ્રી કુલદીપ શર્મા (IPS)

અધિકારીને ગુજરાતના પોલીસ વહીવટીતંત્રથી સમૂળગા ખસેડીને, વરિષ્ઠ પોલીસ અધિકારીને ન શોભે તેવા ઊન અને ઘેટાં નિગમના એમ.ડી. તરીકે, વહીવટી હાંસિયામાં તગેડી દેવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારી ઘેટાંના ઊન-વણાટ વિકાસના મુખ્ય રબારી?! ચબરાક નિરીક્ષકોએ એવી શંકા વ્યક્ત કરી હતી કે રાજ્ય સરકાર કોઈપણ ભોગે પ્રદીપ શર્મા સાથેનો કોઈ હિસાબ પૂરો કરી નાખવા માંગતી લાગે છે. આની ખાનગી પેરવીઓની કામગીરીની જાણ એક પોલીસ અધિકારી તરીકે મોટાભાઈ કુલદીપ શર્માને જો પડી જાય તો આખી બાજી બગડી જાય. માટે કુલદીપ શર્માને પોલીસ અને હોમ ડિપાર્ટમેન્ટથી સાવ જ અલગ કરી દેવાયા હોઈ શકે.

- **ત્રણ પરિપત્રો :**

**બીજી જલદી ન સમજાય તેવી બાબત ત્રણ પરિપત્રોની છે, જેની ઉગ્ર ચર્ચા ગયા વર્ષથી હજુય ચાલે છે.** આ ત્રણેય પરિપત્રો — ગવર્નમેન્ટ રૂલ - ગુજરાત રાજ્યના મહેસૂલ - રેવન્યુ - વિભાગે એક સાથે નહીં પણ સમયાંતરે બહાર પાડેલાં છે. કચ્છ-ભુજના આ જમીન પ્રકરણમાં 'શરતભંગ' સૌથી વધુ મહત્ત્વનો મુદ્દો બનાવાયો છે. જે

*બીજાનું દુઃખ દૂર કરે એ જ સાચો સુખી.*

ત્રણ પરિપત્રો બહાર પાડવામાં આવ્યા છે તે સમયાંતરે યા તો 'કોઈને ફસાવવા' અથવા 'છોડાવવા' બહાર પડાયા હોય તેવું ચિત્ર ઉપસતું હોવાનું રાજકીય નિરીક્ષકોને લાગે છે. પ્રથમ તા. ૩-૫-૨૦૦૯ના બહાર પડાયેલા પરિપત્રમાં મહેસૂલ અને ઉદ્યોગ ખાણ વિભાગને સાંકળીને જણાવાયું છે કે 'જથ્થાબંધ માર્કેટમાં પોતાના વ્યાપારને પુનઃસ્થાપિત કરવા માંગતા લોકોને ભૂકંપ અને અસરગ્રસ્તોની જેમ, બજાર કિંમતે વિના હરાજીએ જમીન ફાળવાય તે કાર્યવાહી સુસંગત છે.' ત્યારબાદ ૧૦-૭-૨૦૦૯ના કચ્છ કલેક્ટર દ્વારા વિવાદ-સચિવને લખાયેલા પત્રમાં નવા અરજદારો પણ અરજી કરી શકે છે તેવી વાત મૂકી બજાર કિંમતે વિના હરાજીએ ફાળવાયેલી જમીનમાં પોતાના વ્યાપારને પુનઃસ્થાપિત કરવા માંગતા લોકોને 'ખાસ કિસ્સા' — સ્પેશિયલ કેસ તરીકે સહાયતા પણ લાગુ પાડવામાં નથી આવી તે બાબત દર્શાવાઈ છે. અને છેલ્લે ૨૩-૧૨-૨૦૦૯ના ગાંધીનગરથી પુનઃ બહાર પડાયેલા પરિપત્રમાં અમુક ક્રમાંકના - આગલા જૂના પરિપત્રો રદ કરી દેવાયા છે. આ પરિપત્રો રદ શા માટે ગણાયા તે પ્રશ્ને કાયદાવિદોમાં ખાસ્સી ચર્ચા જગાવી છે. પ્રદીપ શર્મા અને ભુજના ૩ વેપારીઓના રિમાન્ડ માંગવામાં આવ્યા ત્યારે પણ બચાવ પક્ષના વકીલોએ આ પેચીદો મુદ્દો ઉઠાવ્યો હતો.

'ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ' — આ વિષય વધુને વધુ રહસ્યમય અને ભેદભર્યો બનતો જાય છે. શું રાજકીય કિન્નાખોરી પૂરી કરવા ભૂકંપી - કૌભાંડોને બહાના બનાવાય છે? ભુજ કોર્ટમાં (૭ જાન્યુઆરી) પ્રદીપ શર્મા વતીથી દલીલો કરતાં ગુજરાત રાજ્યની હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી એસ.બી. રાજુએ કહ્યું હતું કે રાજકીય કિન્નાખોરીથી પ્રદીપ શર્માની ધરપકડ કરાઈ છે. ત્રણ વેપારીઓના બચાવ પક્ષના સિનિયર વકીલ ભરતભાઈ ધોળકિયાએ પણ પત્રકારો સાથેની વાતમાં આ કેસ રાજકીય કિન્નાખોરીનો હોવાની શંકા દર્શાવી હતી. ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના માજી નેતા અર્જુન મોઢવાડિયાએ કહ્યું છે કે વર્તમાન રાજ્ય સરકાર બ્યૂરોક્રેટ લૉબી - વરિષ્ઠ સત્તાધિકારીઓને સરકારને શરણાગત થવા દબાણ લાવી રહી છે. જે અધિકારીઓ સરકારની 'હા'માં 'હા' નથી મિલાવતા તેમની સામે આવા આકરાં પગલાં લઈ સરકાર દબાણ ઊભું કરે છે.

ભૂકંપના આર્થિક કૌભાંડો અને કૌભાંડોના ભૂકંપની કચ્છની ભયાનક પીડામાં હવે રાજકીય અભિમન્યુના, ભેદભરમી ચકરાવા પણ ઉમેરાતા જાય છે. આ માહોલમાં કચ્છ અને કચ્છીઓ નિરાંતનો શ્વાસ ક્યાંથી લઈ શકે?

***(હવે પછીના ઘટસ્ફોટમાં ૨૦૦ કરોડથી વધુના કૌભાંડો અને તે પછી ઔદ્યોગિક 'વિકાસ' નામના કચ્છ - 'વિનાશ'ના કૌભાંડોની મુખ્ય માહિતીના મુદ્દાઓનું વિહંગાવલોકન તમે જાણી શકશો.)***

***(ક્રમશઃ)***

***મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨***

***ગુજરાતમાં આજે કવિતા વાંચનારા કરતાં કવિતા લખનારાની સંખ્યા ખાસ્સી મોટી છે.***

## પુસ્તકો સાભાર સ્વીકાર

| પુસ્તકનું નામ | લેખક | ભેટ મોકલનાર |
|---|---|---|
| • સંસ્કૃત સુભાષિત નવનીત | ભાઈશંકર પુરોહિત<br>સંચયન, અનુવાદ અને સંપાદન | ગુલાબ દેઢિયા |
| • સાદી, સરળ ઉપચાર પદ્ધતિ દ્વારા તીવ્ર, જીર્ણ, અસાધ્ય રોગોની સારવાર | ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ | ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ (અરિહંત સારવાર કેન્દ્ર) |
| • જન્મ - પુનર્જન્મ | નેમચંદ ગાલા | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |
| • અહિંદુ લોકસંખ્યાનો વિસ્ફોટ | ડૉ. શ્રીરંગ ગોડબોલે,<br>અનુ. શ્રીકાંત કાટદરે | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |
| • આપણને કોણ જોઈએ?<br>મૅકોલેપુત્ર કે મહર્ષિપુત્ર | સંપાદક : હર્ષદ પ્ર. શાહ | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |
| • શ્રાવકની જયણાપોથી | ચંદ્રકાંતભાઈ શાહ | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |
| • જીવનની સમસ્યાઓ<br>તમે... હું.... અને આપણો ધર્મ | ડૉ. પ્રવીણભાઈ તોગડિયા | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |
| • માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ | ડૉ. હર્ષદ પંડિત | શ્રીમતી મણિબહેન પ્રેમજી કારાણી મેમો. ટ્રસ્ટ |

***ધીરજ અને પુરુષાર્થ પ્રગતિના પાયા છે.***

ઝારાનો ભીષણ સંગ્રામ

(પ્રકરણ-૯)

# મોથાળા ગામમાં મસલત

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

પૂંજા શેઠની પત્ની આધેડ ઉંમરની હતી અને પતિ-પરાયણ તથા પ્રેમાળ સ્વભાવની હતી. બહુ સ્વરુપવાન ન હતી તેમ શ્યામ કે ખોડખાંપણવાળી પણ ન હતી. છેલ્લાં દસેક વરસમાં એને કંઈ સંતાન થયું ન હતું. પતિ જ્યારે દીવાન તરીકે સત્તા પર હતા ત્યારે એને અભિમાન ન હતું તેમ જ્યારે એ સત્તા પરથી ઊથલી પડ્યા ત્યારે પૂંજા શેઠને પત્ની તરફથી આશ્વાસન તથા સહાનુભૂતિ પ્રાપ્ત થયા હતા. પતિ જ્યારે સોના સાથે મહોબ્બત કરવા લાગ્યા અને એના માટે જુદું ઘર વસાવી આપીને ત્યાં એની પાસે આવ-જા કરતા હોવાની પત્નીને ખબર પડી ત્યારે, જોકે એ પહેલાં કોપાયમાન થઈ હતી, પણ છેવટે, પોતાના છોકરાંઓનું તથા પોતાનું હિત સમજીને, સહનશીલતા કેળવીને પોતાનાં બાળકોમાં રસ લેતી ભક્તિ-ભાવમય જીવન વ્યતીત કરતી હતી.

મહારાવ ગોડજીએ શેઠને દીવાન તરીકે કાયમ કર્યા ત્યારે સોનાને કારણે જીવણ શેઠ તથા પૂંજા શેઠ વચ્ચે જે અદાવત ચાલતી હતી તે વેરભાવનો અગ્નિ પ્રબળ બન્યો. પૂંજા શેઠને હવે ભુજમાં રહેવું સલામત ન લાગ્યું અને તેથી પોતાના સ્નેહી મોથાળા - ઠાકોરને આશ્રયે એ મોથાળા ગામમાં કુટુંબને રહેવા માટે જુદી વ્યવસ્થા કરીને પોતે કંથકોટ ગયો. ત્યાંથી જાટવાડા અને વીરાવાવ વગેરે ગામે એને ભટકવાનું થયું. ત્યારબાદ એ હૈદ્રાબાદ પહોંચ્યો અને લગભગ એક વરસની ગેરહાજરી બાદ એ ક્લોરાના સૈન્ય સાથે કચ્છમાં પાછો આવ્યો તથા મોથાળામાં પોતાના કુટુંબને મળ્યો ત્યારે એણે નિરાંતનો શ્વાસ લીધો. પત્ની તથા સંતાનોને પણ સુખનો અનુભવ થયો.

પણ જ્યારે એની પત્નીને ગામમાંથી ઊડતા ખબર મળ્યા કે જીવણ શેઠની રખાત સોના મોથાળા ગામમાં આવી છે તથા અહીં રહેવાની છે ત્યારે પત્નીના મનમાં ચિંતા ઉપજી તથા સહેજ ગુસ્સો પણ આવ્યો. છોકરાં બહાર હતાં ત્યારે એણે પતિને એકાંતમાં ઠપકો આપ્યો : 'શું એ ખૂબસુરત બલા અહીં આવી છે? સો ચૂઆ મારીને બિલ્લી હવે હજ પઢવા નીકળી લાગે છે અને તમે એના શિકાર બનવા સામેથી નીકળી પડ્યા હો એમ લાગે છે, નહિ તો એ અહીં ક્યાંથી હોય? હજી તમને એનામાં મોહ છે?"

"મોહ હતો, વેર પણ હતું. પણ હવે બધું શાંત થયું છે. એ પોતે પણ હવે પવિત્ર જીવન ગાળવા માંગે છે. ઠાકોરશ્રીએ રૂબરૂ મને જણાવ્યું છે અને હું તો તું જાણે છે તે પ્રમાણે હવે અહીં જ રહી જવા માગું છું. અત્યારે ક્લોરાને અહીં લાવ્યો છું એ જવાબદારી અને જોખમદારીમાંથી જેમતેમ કરી મુક્ત થવા માંગું છું. હવે હું ખરેખર થાક્યો છું."

"તો પછી એ બલાને અહીંથી કાઢો અને તમે અહીં સ્થિર થાઓ."

"અત્યારે હું અહીં સ્થિર થઈ શકું એમ નથી, કેમકે ગુલામશાહ મને છોડે એમ નથી. છૂટવા માટે હું તથા ઠાકોર વિચારી રહ્યા છીએ. મારે હમણાં શાહ સાથે કચ્છમાં ફરવું પડશે, ભુજ પણ જવું પડશે. હું અહીં નહીં હોઉં પછી એ સોના અહીં હોય કે બીજે એમાં તમને શી હરકત હોઈ શકે? હવે મારા કહેવાથી એ અહીંથી નહીં જાય. મને લાગે છે કે હવે એને પણ મારી જેમ ભૂલ સમજાઈ છે અને પવિત્ર જીવન ગાળશે."

"પણ અગ્નિ અને ઘી નો શો ભરોસો? ભેગાં થાય એટલી વાર લાગે, પાછો ભડકો થાય."

"હવે તું હૈયે ધરપત રાખ. મને બહુ ઠોકરો વાગી છે. ગુલામશાહ અહીંથી ચાલ્યો જાય તો છૂટું, પણ એ પાપ મેં હાથે લઈને ઓઢ્યું અને હવે હાથના કર્યા હૈયે વાગે છે. એને કોઈ પણ રીતે કાઢીશ ત્યારે જ જંપી શકાશે. હમણાં જ ઠાકોરશ્રી પાસે જાઉં છું. આજે એમની સાથે છેવટની મસલત કરી લઈએ. પછી તો મારે શાહ પાસે પહોંચવું પડશે." પૂંજો શેઠ વિદાય થયો.

ભુજથી નીકળેલ દેવચંદ શેઠ બીજે દિવસે સવારે મોથાળા આવી પહોંચ્યા. પહેલાં એઓ સીધા ઠાકોરશ્રીને મળ્યા અને મહારાવનો પત્ર તથા રાજમાતાએ મોકલેલ ચાંદીની દાબડી એમને બતાવ્યા. મોથાળા-ઠાકોર પત્ર વાંચી તથા દાબડી ખોલીને અંદર જોતાં સ્તબ્ધ બન્યા. રાજવંશ તેમજ જાડેજા કુળનાં માન તથા ગૌરવ સાચવવાની વાત હતી. એઓ અંતરથી દિલગીર થઈ ઊઠ્યા અને ખેદ પ્રદર્શિત કરી પોતે કોઈ પણ રીતે પૂંજા શેઠને સમજાવશે અને ક્લોરો જેમ બને તેમ ઓછું નુકસાન કરી શકે તથા તરત પાછો જાય એવા ઉપાય યોજાશે એવી ધરપત આપી. પૂંજો શેઠ મસલત માટે એમને ત્યાં આવ્યો ત્યારે દેવચંદ શેઠને ત્યાં જોઈને આશ્ચર્ય પામ્યો. મહારાવે મોકલેલ પત્ર વાંચી તથા રાજમાતાએ મોકલેલ દાબડીમાંની વસ્તુ જોઈને એને બહુ લાગી આવ્યું. એ શરમિંદો બન્યો અને પોતાના કૃત્ય બદલ પસ્તાવો કરવા લાગ્યો. આટલું બધું બગડશે એમ પોતે ધાર્યું ન હતું એમ જણાવી જે કંઈ બન્યું તે બદલ દિલગીરી દર્શાવી. એણે 'હવે કોઈ પણ રીતે ગુલામશાહને કચ્છમાંથી બહાર કાઢવા અને માનભર્યું સમાધાન થવા માટે બધા પ્રયત્ન કરીશ' એમ જણાવ્યું. લાંબા વખત સુધી એમની વચ્ચે મસલત ચાલી અને આખરે એમને એક ઉપાય સૂઝ્યો તે પ્રમાણે અમલ કરવાને પૂંજો શેઠ તથા દેવચંદ રાતોરાત સાંધાણ જવા રવાના થયા.

*(ક્રમશઃ)*

***પાકિસ્તાનને અણુશસ્ત્રો માટે બધી જાતની સહાય આપનાર ચીન અમેરિકાનું દુશ્મન હોવા છતાં આ બાબતમાં અમેરિકા ચૂંકારો પણ કરતું નથી, કારણ કે ઉસામા બિન લાદેન સામે લડવા માટે પાકિસ્તાન વગર ચાલે તેમ નથી.***

***તમારું હાસ્ય પારકાનાં આંસુઓથી ન મેળવશો.***

# બિદડા સર્વોદય હોસ્પિટલ : એક મહાન સેવામંદિર...!

● ધનલક્ષ્મી ગડા ●

જ્યાં નાતજાતના કે ગરીબ તવંગરના ભેદભાવ વિના, વિવિધ પ્રકારનાં રોગોથી પીડાતા, હતાશા અને નિરાશાથી ત્રસ્ત, ભારતના ખૂણેખૂણેથી આવતા હજારો દર્દીઓ વિનામૂલ્યે તપાસ, ઈલાજ તથા તંદુરસ્તી પામે છે; નવજીવન, નવચેતન તથા આત્મવિશ્વાસની હૂંફ લઈને, શાતા પામીને ઘેર પાછા જાય છે, એવી બિદડા સર્વોદય હૉસ્પિટલમાં કેમ્પોની સફળતાનું રહસ્ય શું છે? એનો જવાબ છે, અહીં દેશ વિદેશથી આવતા વિવિધ રોગોનાં નિષ્ણાત ડૉક્ટર્સની નિઃસ્વાર્થ સેવા, દરિયાદિલ દાતાઓનાં સૌજન્યની અસ્ખલિત સરવાણી, સેવાનાં ભેખધારી ટ્રસ્ટીઓની અપાર જહેમત અને રાતદિવસ જોયા વગર, ખડેપગે નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા સ્વયંસેવકોની અનેરી લગન સહજપણે ઉપલબ્ધ થઈ છે. આ સેવા-મંદિરનાં સંસ્થાપકોને અભિનંદન આપીએ તેટલા ઓછા જ છે....!!

આપણામાં એક કહેવત છે કે 'ઝાઝા હાથ રળિયામણાં'. બિદડા હોસ્પિટલે આ કહેવતને ખરેખર સાર્થક કરી છે, આત્મસાત્ કરી છે. **અહીંની માટીમાં, અહીંની રજેરજમાં, અહીંના અણુએ અણુમાં સેવાની સુગંધનો મહાસાગર ઊભરાય છે.** આ અતિશયોક્તિ નથી પણ એક સત્ય છે. જેને આપણા કચ્છી સમાજે, સમગ્ર ગુજરાતે તથા વિદેશીઓએ પણ સ્વીકાર્યું છે, અનુભવ્યું છે, ગાયું છે.

બિદડા હોસ્પિટલનાં કેમ્પોનો માહોલ જ કંઈક ઓર છે.

૧. અહીં દરેકે દરેક કેમ્પમાં વર્ષોના અનુભવી અને કાબેલ ડૉક્ટર્સનો લાભ દર્દીઓને તો મળે જ છે, સાથે સાથે તબીબી ક્ષેત્રે પા પા પગલી માંડતા કે તાજા પાસ થયેલ નવયુવાન ડૉક્ટરોને વરિષ્ઠ નિષ્ણાતોનાં માર્ગદર્શન, પ્રેરણા તથા અનુભવોનાં અમૃત સમી સર્જરીની શ્રેષ્ઠ તાલીમ પણ સાંપડે છે.

૨. એટલું જ નહીં, અહીં મિશનરી જીલથી (સેવાની ભાવનાથી) કાર્ય કરવા આવનાર કુંવારા યુવાન યુવતીઓનાં હૃદયનાં તાર અને મનમેળ પણ આસાનીથી થઈ જાય છે એ કંઈ ઓછા આનંદની વાત છે?!

૩. અહીં એક વખત સેવા કાર્ય કરવા આવેલ ડૉક્ટર તથા સ્વયંસેવક દર વર્ષે ફરી ફરીને, પોતાની તથા કેમ્પની અનુકૂળતા તથા જરૂરત મુજબ સેવા કરવા તત્પર રહે છે, પ્રેરાય છે. કહો કે પ્રેમથી લોહચુંબકની જેમ ખેંચાઈ આવે છે.

૪. અહીંની ઉત્કૃષ્ટ નિઃશુલ્ક સેવાથી સંતુષ્ટ મોટાભાગનાં દર્દીઓ તથા એમના સગાંસંબંધીઓ ભવિષ્યે પોતાની કે પોતાના સંબંધીઓની સુશ્રુષા કે સર્જરી અર્થે બીજા કેમ્પની કાગડોળે વાટ જુએ છે.

૫. **અહીં દર્દીઓની મુલાકાતે આવનાર દાતાઓ ઉચ્ચ સેવા પ્રવૃત્તિ જોઈ વધુને વધુ દાન આપવા હરહંમેશ પ્રેરાય છે.**

૬. દર્દીઓનાં વિવિધ રોગોની પીડા જોઈ, કોઈપણ પથ્થરદિલ માણસનું હૃદય હચમચી જાય છે અને એમને પોતાની પીડા, પોતાનું દુઃખ દર્દીઓની સરખામણીમાં વામણું લાગે છે. પાપ પુણ્યનાં સારાં માઠાં ફળોનું સાતત્ય પણ ખરા અર્થમાં એમને સમજાય છે. પાપભીરુ બની, પુણ્યના કાર્યોમાં તે ખરેખર રત થાય છે.

બિદડા હોસ્પિટલનાં વિશાળ પ્રાંગણમાં એક તરફ આંખના ઑપરેશનોનું થિયેટર તથા દર્દીઓની સુશ્રુષા માટેનાં વિશાળ વોર્ડઝ, બીજી તરફ આધુનિક ઉપકરણોથી સભર દંત ચિકિત્સાગૃહ. આ દંત ચિકિત્સાલયમાં દર્દીઓનાં દાંતની સારવાર અર્થે સાત ડેન્ટલ ચેર્સ. નેચરોપથી અને ફિઝિયોથેરાપીનું અત્યાધુનિક સગવડોથી ભરપૂર વિશાળ સંકુલ, અહીં વિવિધ રોગોની સારવાર માટે આવતા દર્દીઓ માટે સદા સર્વદા સક્રિય છે. **કચ્છ જેવા સૂકા રણ પ્રદેશમાં, નિઃસ્વાર્થ સેવાની લીલીછમ જાજમ પાથરનાર બિદડા સર્વોદય ટ્રસ્ટની હોસ્પિટલનાં મૂક કાર્યકરોને સો સો સલામ....!!**

સાચું પૂછો તો આટલી મોટી હોસ્પિટલનો કારોબાર સંભાળવો એ કંઈ ખાવાનાં ખેલ નથી. અહીં આવનાર, રહેનાર તથા કાર્ય કરનારે કોઈને પણ જાણ્યે અજાણ્યે દુઃખ પહોંચે એવું બોલવું કે વર્તન ક્યારેય ન કરવું એટલી જાગૃતિ સતત રાખવી જોઈએ. આ સંકુલને, એના ઉચ્ચ ઉદ્દેશોને, એની પ્રતિષ્ઠાને સદાય તરોતાજી અને જીવંત રાખવી હોય તો બધાની જ ફરજ છે કે અહીં સ્વચ્છતા, સદાચાર અને મૈત્રીપૂર્ણ વાતાવરણ બની રહે તેવા પ્રયત્નો કરવા.

આખરે નિઃસ્વાર્થ સેવાનો સુગંધી ધૂપ બિદડા હોસ્પિટલનાં માહોલને સદાય પ્રાણવાન બનાવશે એમાં કોઈ શંકા નથી. અહીં સેવા પામેલ દર્દીઓનાં મૂંગા આશીર્વાદનો અંતરનાદ, સર્વ નિઃસ્વાર્થ સેવકોને ઉર્ધ્વગતિએ લઈ જશે એ નિર્વિવાદ વસ્તુ છે. ■

જાહેર જીવનના મોભી, ધારાશાસ્ત્રી, વહીવટકર્તા, વક્તા, કલા-સંસ્કૃતિપ્રેમી

# કચ્છના લોકપ્રિય નેતા : પ્રેમજી ભવાનજી ઠક્કર

• ભરત'કુમાર' પ્રા. ઠાકર - અંજાર •

## જન્મ શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦)

**જન્મ : ૨૩મી માર્ચ, ૧૯૧૦ • અવસાન : ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૬**

સાહિત્ય, કલા કે રાજકારણના ક્ષેત્રમાં સરખા નામ અને અટકધારી બે કે તેથી વધુ પ્રતિભાઓ થયાનાં કેટલાક રસપ્રદ ઉદાહરણો નોંધાયા છે. તેમાં કચ્છના ધારાશાસ્ત્રી અને ઉચ્ચ શિક્ષણના રાહબર એવા પ્રેમજી રાઘવજી ઠક્કર (૧૯૦૧-૧૯૮૨)ના બીજા નામેરી એટલે લેખના આપણા ચરિત્ર-નાયક એવા પ્રેમજી ભવાનજી ઠક્કર (૧૯૧૦-૧૯૭૬)! વળી, બંને વકીલાત અને રાજકારણનાં સમાન ક્ષેત્રો સાથે સંકળાયેલા હતા.

લગભગ દોઢ દાયકા ઉપરાંતની સંસદીય કારકિર્દી ધરાવતા પીઢ રાજકારણી પ્રેમજીભાઈ ઠક્કર કચ્છના સુસંકલિત વિકાસ આયોજનના શિલ્પી હતા. તેઓ પ્રભાવક વક્તૃત્વ કળા (ઈમ્પ્રેસિવ સ્પીચ) અને મોહક વ્યક્તિત્વ (ચાર્મિંગ પર્સનાલિટી)ના ધારક હતા. અજાતશત્રુ જેવા લોક સેવકને અહીં જન્મ શતાબ્દી અવસરે યાદ કરીએ....



### ● સક્રિય રાજકારણમાં પ્રવેશ :

કચ્છના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર પ્રેમજીભાઈનો જન્મ એકસો વર્ષ પહેલાં રાપર ખાતે ભવાનજી કરમશી ગંગારામ ઠક્કરને ત્યાં ૨૩મી માર્ચ, ૧૯૧૦ના થયો હતો. દક્ષિણામૂર્તિ (ભાવનગર)માં દીક્ષિત થયેલા આ યુવાને ૧૯૨૭-૩૪ દરમ્યાન કરાંચી, ભુજ, ઝરુ અને અંજારમાં પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી આરંભી હતી. તે પછી કાયદાનો અભ્યાસ કરી ૧૯૩૬થી વકીલાતમાં આગળ વધ્યા.

**ડિસેમ્બર ૧૯૩૮માં યુસુફ મહેરઅલી મર્ચન્ટ (૧૯૦૩-૫૦)ના પ્રમુખપદે મુંદ્રામાં મળેલ કચ્છી પ્રજાકીય પરિષદના છઠ્ઠા અધિવેશનના સ્વાગત મંત્રી રૂપે પ્રેમજીભાઈના જાહેર જીવનની શરૂઆત થઈ.** ૧૯૪૫માં પરિષદના અને ૧૯૪૮માં કોંગ્રેસના મંત્રી બની સંગઠન કાર્યો કર્યા. તે વચ્ચે ૧૯૪૭થી જવાબદાર રાજતંત્ર માટેની લડતના સંચાલક પણ રહ્યા.

કચ્છ રાજયના વિલીનીકરણ વખતે રચિત સ્ટેટ એડવાઈઝરી કાઉન્સિલના સભ્યપદે (૧૯૪૯-૫૨) નિમાવા સાથે એમનો સંસદીય અધ્યાય આરંભાયો. ૧૯૫૨માં ચાર મહિના માટે રાજ્યસભાના સભ્ય રહ્યા. તે પછી ૧૯૫૨-૫૬ દરમ્યાન કચ્છના ચીફ કમિશનર (સંભાજીરાવ એ. ઘાટગે)ના સલાહકાર તરીકે નિમાયા. (ત્યારે એમની સાથે બીજા સમકક્ષ જમિયતરાય વૈદ્ય પણ હતા.) ૧૯૫૬માં અંજારના ધરતીકંપ વખતે બે મહિના ત્યાં રોકાઈને રાહત વ્યવસ્થા સંભાળી હતી.

### ● પ્રથમ કચ્છી પ્રધાન :

**૧૯૫૬માં કચ્છનો દ્વિભાષી મુંબઈ રાજ્યમાં સમાવેશ થતાં ૧લી નવેમ્બરે પ્રધાન મંડળમાં જોડાઈને પ્રેમજીભાઈ કચ્છની રાજકીય તવારીખમાં 'પ્રથમ કચ્છી પ્રધાન' બન્યા હતા! તે પછી ૧૯૫૭ની ચૂંટણીમાં અંજાર બેઠક પરથી મોહનલાલ વરુ (મહાગુજરાત જનતા પરિષદ)ને હરાવીને મુંબઈ વિધાનસભામાં ચૂંટાયા હતા.** દરમ્યાન ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના સાથે ગુજરાત પ્રધાન મંડળમાં ચાલુ રહ્યા હતા. આમ, ૧૯૫૬-૬૨ દરમ્યાન તેઓ મુંબઈ અને ગુજરાત રાજ્યમાં જાહેર બાંધકામ ખાતાના નાયબ મંત્રીપદે રહ્યા હતા.

૧૯૬૨ની વિધાનસભા ચૂંટણી લડ્યા ન હતા. પરંતુ હિંમતસિંહજી જાડેજા (૧૯૨૮-૨૦૦૮)ના રાજીનામાથી માંડીને બેઠકની પેટા ચૂંટણીમાં ઊભેલા, પણ સ્વતંત્ર પક્ષના હરિરામ કોઠારી (૧૯૦૯-૭૭) સામે પરાજિત થયેલા. આ વચ્ચેનાં પાંચ વર્ષના ગાળા (૧૯૬૨-૬૭)માં જાહેર પ્રવૃત્તિઓ અને વકીલાતમાં સક્રિય રહ્યા. જિલ્લા કોંગ્રેસનામંત્રી અને પાછળથી પ્રમુખ પણ બન્યા.

**૧૯૬૭ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ**

**અબડાસા બેઠક પરથી વીરેન્દ્ર પટેલ (સ્વતંત્ર પક્ષ)ને હરાવીને ચૂંટાઈ આવ્યા હતા.** ૧૯૬૭-૭૧ દરમ્યાન પ્રેમજીભાઈ ગુજરાતના મહેસૂલ, કાયદો અને ન્યાયતંત્રના કેબિનેટ કક્ષાના પ્રધાન તરીકે રહ્યા હતા. આ દરમ્યાન ૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા પછી સંસ્થા કોંગ્રેસ સાથે રહ્યા અને ૧૯૭૧માં શાસક કોંગ્રેસમાં જોડાયા. આમ, કચ્છમાં સ્વરાજ્ય પછી એમનું રાજકીય નેતૃત્વ એકધારું ૧૯૭૧ લગી રહેલું.

● **મહેસૂલ મંત્રી તરીકે સફળ :**

પચાસ-સાઠના દાયકામાં આરંભાયેલ કચ્છના વિકાસયજ્ઞમાં એક કાબેલ વહીવટદાર તરીકે પ્રેમજીભાઈનું પણ મોટું પ્રદાન રહ્યું છે. ગુજરાતના કેબિનેટ મિનિસ્ટરની મળેલી તક એમણે સાર્થક કરી બતાવી. રાજ્યના કાર્યદક્ષ મહેસૂલ મંત્રીઓ પૈકીમાં એક તરીકે એમની ગણના થઈ છે. દીર્ઘદૃષ્ટિ અને આયોજનશક્તિ થકી સિદ્ધિ અને પ્રસિદ્ધિ બંને મેળવ્યાં હતાં!

વલસાડ જિલ્લામાં આદિવાસીઓ માટે 'પારડી ઘાસિયા જમીન પ્રશ્ન' વ્યાપક આંદોલનો છતાં દાયકાઓથી પડતર રહ્યો હતો. મહેસૂલ પ્રધાન તરીકે પ્રેમજીભાઈ આ કોકડાનું ૧૯૬૭માં ભારે કુનેહ અને કોઠાસૂઝથી સમાધાન કરાવીને યશભાગી થયેલા. **કુંદનલાલ ધોળકિયા નોંધે છે તેમ જો આ સમસ્યા વેળાસર ઉકેલાઈ ન હોત તો ભાવિમાં ગુજરાત કદાચ નક્સલવાદનું સ્થળ બનત.**

શ્રી ઠક્કરને વહીવટી અનુભવ સારો હતો. એમણે પંદર માસનો મહેસૂલી કાર્યક્રમ ઘડ્યો અને અમલ કરાવ્યો. **વચ્ચે આવેલા બે દુષ્કાળોનું રાહતકામ, ઢોરોનું સ્થળાંતર, ઠેરઠેર સુખડી કેન્દ્રો, ઈનામદારી નાબૂદી, અમદાવાદનાં કોમી તોફાનો વગેરે વખતે સફળ કામગીરી દાખવેલી.**

● **અંતિમ ચૂંટણી વિજય :**

૧૯૭૨ની વિધાનસભા ચૂંટણી તેઓ લડ્યા નહોતા. પણ તે વખતે સાબરકાંઠા અને બનાસકાંઠાના કોંગ્રેસી આગેવાનોએ પ્રેમજીભાઈને એ વિસ્તારમાંથી ઊભા રહેવા આમંત્રણ આપેલું એ તેમની રાજ્યભરની પ્રતિષ્ઠાનું દૃષ્ટાંત છે. **તે પછી ૧૯૭૫ની ચૂંટણીમાં ફરી અંજાર બેઠક પરથી રાયચંદ કોરશી શાહ (જનતા મોરચાના ટેકાથી અપક્ષ)ને હરાવીને ત્રીજી વખત વિધાનસભામાં પ્રવેશ્યા હતા.**

૧૯૭૫માં વિધાનસભા વિશેષાધિકાર સમિતિના અને ગુજરાત યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે નિયુક્ત થયેલા. ૧૯૭૬માં મોરિશિયસ ખાતે મળેલ રાષ્ટ્રસમૂહ સંસદીય સંમેલનમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી.

સંસદીય અને રાજકીય કારકિર્દીનો આ ઉત્તરાર્ધ ભાગ પ્રેમજીભાઈ માટે નિઃશંક ત્રણ રીતે નિરાશાજનક રહ્યો. ૧૯૭૨ની ચૂંટણી લડી ન શકવાથી ત્રણ વર્ષ સત્તાથી દૂર રહેવું પડ્યું. ૧૯૭૫માં ચૂંટાયા તો સરકાર જનતા મોરચાની રચાઈ. છેલ્લે ૧૯૭૬માં કોંગ્રેસે સરકાર રચી પણ પ્રધાનમંડળમાં પસંદગી ન પામ્યા. છેલ્લો બનાવ એમના માટે આંચકારૂપ હતો.

● **'કેલિડોસ્કોપિક' વ્યક્તિત્વ! :**

પ્રેમાળ સ્વભાવ અને વ્યક્તિત્વ ધરાવતા પ્રેમજીભાઈ સ્વનામ ધન્ય (પોતાના નામને સાર્થક કરનાર વ્યક્તિ) હતા. **એમને સપાટી પરથી ઓળખનારા માત્ર રાજકારણી તરીકે જાણતા હશે. પણ ભીતરથી તો એ એક સંવેદનશીલ જીવ હતા. એમના 'કેલિડોસ્કોપિક' વ્યક્તિત્વમાં જાણે વિધવિધ મીનાકારીના રંગો ઉપસતા હતા!**

વિધાનસભા સચિવ દ્વિજેન દેસાઈ એમનું મૂલ્યાંકન કરતા લખે છે : 'રાજકારણમાં ડૂબેલા છતાં મનની સ્વચ્છતા અને સ્વસ્થતા એમણે ક્યારેય ગુમાવ્યાં ન હતાં. રાજપુરુષોમાં સામાન્યતઃ જોવા મળતી નિર્લેપતા કે કઠોરતા કરતાં સાહિત્યકાર કે કલાકારની કુમાશ તેમનામાં વધારે હતી. ગુજરાતના મોખરાના પાર્લામેન્ટેરિયનોમાં એમનું સ્થાન હતું.'

**રાજકારણ સિવાય પણ કોઈ ક્ષેત્ર એવું ન હતું કે જેને પ્રેમજીભાઈ તાદાત્મ્યથી ચર્ચી ન શકે!** કચ્છના ઇતિહાસ, સંસ્કૃતિ અને કળામાં એમને વિશેષ રસરુચિ હતા. છેક ૧૯૫૪માં કલાગુરુ રવિશંકર રાવળ (૧૮૯૨-૧૯૭૭) સાથે કચ્છનો પુરાતાત્ત્વિક પ્રવાસ અને ૧૯૭૧માં સવિતા નાનજી કાલીદાસ મહેતા (૧૯૨૧-૨૦૦૬) સાથે બન્નેનો લોકસાંસ્કૃતિક પ્રવાસ આના દ્યોતક છે. 'રંગ'ના કાર્યક્રમોમાં પણ એમની હાજરી વર્તાતી.

● **સ્વપ્નદૃષ્ટાની અકાળે વિદાય :**

પ્રેમજીભાઈ કચ્છના એક રાજકીય વક્તા તરીકે પણ ખાસ્સા લોકપ્રિય હતા. સૌને હસાવે, પટાવે અને ચેતનાથી ઊભા પણ કરી દે! એમનાં ભાષણોથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બનતા. સભાના પ્રારંભે લાક્ષણિક છટાથી પૂછે : આઉ ગુજરાતી મેં કુછાં કે કચ્છી મેં? **એમને મીઠી કચ્છી જબાનમાં સાંભળવા એ પણ એક લ્હાવો હતો.**

સારસ્વતમ્, કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર, તોલાણી કૉલેજિયેટ બોર્ડ, કચ્છ જિલ્લા સમાજ કલ્યાણ મંડળ, કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક જેવી અનેક લોકોપયોગી સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા. ભુજમાં બસ સ્ટેશન સામે આવેલા રાષ્ટ્રભાષા ભવનને એમનું નામ અપાયું છે.

કચ્છના આવા બાહોશ રાજપુરુષ અને કચ્છના હિતચિંતક પ્રેમજીભાઈનું ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૬ના અકાળે નિધન થયું. **વિધિની વિચિત્રતા રહી કે કચ્છના ત્રણ રાજકીય અગ્રણીઓ પ્રેમજીભાઈ ઠક્કર (૧૯૧૦-૭૬), તુલસીદાસ શેઠ (૧૯૦૮-૭૪) અને મહિપતરાય મહેતા (૧૯૧૬-૯૪)નું અવસાન અમદાવાદ ખાતે થયેલું.** જન્મ શતાબ્દીએ આપણી હાર્દિક શબ્દાંજલિ....

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવનનગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯,, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કચ્છ રાજ્યના રાજકવિ અને ચારણી સાહિત્યના વિદ્વાન

# શંભુદાનજી ગઢવી

• સંજય પી. ઠાકર •


*કચ્છના ઇતિહાસના અભ્યાસુ, વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય અને કચ્છના રાજકવિ શંભુદાનભાઈ ગઢવીની જન્મ શતાબ્દી (૧૯૧૦-૨૦૧૦)ની ઉજવણી થઈ રહી છે ત્યારે એમના જીવન કવનને રજૂ કરતો ટૂંક લેખ 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે શ્રી સંજયભાઈ પી. ઠાકરે મોકલી આપેલ છે. આશા છે કે દરેક વાચકને આ લેખ રસપ્રદ માહિતી પૂરી પાડશે.*

*– મુખ્યતંત્રી*

ચારણી સાહિત્યના પ્રકાંડ પંડિત, મહારાવ લખપતજી વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય અને કચ્છના રાજકવિ શંભુદાનજી ઈશ્વરદાનજી ગઢવી (રત્નુ)નો જન્મ ચારણ કવિકુળમાં સંવત ૧૯૬૬ના પોષ સુદ-૫, રવિવાર (૧૬મી જાન્યુઆરી, ૧૯૧૦)ના રોજ ભુજ તાલુકાના રાયધણપર ગામે થયો હતો. પિતા ઈશ્વરદાનજી લાંગીદાસજી અને માતા કલાબાઈના તેઓ એકમાત્ર સંતાન હતા. મોસાળ વિંગડિયા ગામે ઈશ્વરદાસજી અખેરાજજી રોહડિયા, શંભુદાનજીએ રાયધણપરની ગામઠી શાળામાં ત્રણેક ગુજરાતીનો અભ્યાસ કર્યો, દસ વર્ષની ઉંમરે ભુજની સુખ્યાત વ્રજભાષા પાઠશાળામાં દાખલ થયા.

એ સમયના કાવ્યશાળાના શિક્ષક રાજકવિ હમીરજી પચાણજી ખડિયા પાસે કાવ્યશાસ્ત્રનો બંધારણીય અને તે પૂર્ણ યાને 'સભા પ્રકાશ' સુધી અભ્યાસ કર્યો અને નિયમ મુજબ કાવ્ય રચના દ્વારા પરીક્ષા આપી સં. ૧૯૮૨માં કવિ તરીકેની માન્યતા મેળવી. યાને 'કવિ' તરીકેનું પ્રમાણપત્ર મેળવ્યું. વિદ્યાર્થી અવસ્થાથી જ તેમની કાવ્યસર્જન શક્તિનો પરિચય તેમણે આપ્યો હતો. વડીલો સાથે રાજદરબારમાં તેમને જવાનું અવારનવાર થતું. પ્રસંગોચિત રાજભક્તિના સ્તુતિ કાવ્યો બનતા રહેતા. સૌપ્રથમ ઇ.સ. ૧૯૨૧માં મહારાવ ખેંગારજી ત્રીજા 'લીગ ઑફ નેશન્સ'માં રાજવી મંડળ તરફથી સફળ ભાગ લઈ કચ્છ પધાર્યા ત્યારે કચ્છની જનતા તરફથી તેમનું જાહેર બહુમાન થયું. એ પ્રસંગે શંભુદાનજીએ બાર વર્ષની ઉંમરે તેમનું સ્તુતિ કાવ્ય રજૂ કરી સૌનું ધ્યાને ખેંચ્યું.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી, સ્થિર થતા પહેલાં, થોડોક વખત પોતાના પરંપરાગત



ખેતી વ્યવસાયમાં મદદ કરી. અને તે પછી સને ૧૯૩૨માં સ્ટેટના બાગ ખાતામાં દાખલ થયા. બાગ ખાતાની તેમની ફરજની સાથે સાથે તેમનો ઊર્મિપ્રધાન જીવ, મા શારદાની વધુને વધુ આરાધના કરતો રહ્યો. પરિણામે સને ૧૯૩૯માં મહારાવ વિજયરાજજીએ તેમની કાવ્યશક્તિની કદર કરી રાજકવિ પદે સ્થાપ્યા, જ્યારે બીજી બાજુ બાગ ખાતાની ફરજ પર પણ તેમને બઢતી આપી ઈન્સ્પેક્ટર બનાવ્યા. એટલું જ નહિ પરંતુ એ અરસાથી કરી અંતિમ રાજવી મદનસિંહજી સુધી શરદ બાગ પેલેસમાં બિરાજવા લાગ્યા. પરિણામે રાજકુટુંબ સાથે ઘરોબો વધ્યો. પછી તો તેઓ કચ્છના રાજકુટુંબમાં પરિવારના એક સભ્ય જેટલું જ માન-પાન અને સ્થાન પામ્યા હતા.

કલામર્મજ્ઞ અને સ્વયં કવિ એવા મહારાવ લખપતજી દ્વારા ભુજ મધ્યે સને ૧૭૪૯માં સ્થાપવામાં આવેલી વ્રજભાષા કાવ્યશાળા માત્ર કચ્છને જ નહિ, હિંદી સાહિત્ય ક્ષેત્રને મળેલો એક ઉત્તમ સાંસ્કૃતિક વારસો હતો. ગુજરાતના મહાકવિ ન્હાનાલાલ દલપતરામનું કથન ટાંકીએ તો, 'કચ્છ રાજ્યનું સિંહાસન ભુજિયો છે, પણ તેનો કીર્તિમુગટ તો ભુજની વ્રજભાષા પાઠશાળા છે. કવિઓ સર્જવાની આ અનોખી કાવ્યશાળા કદાચ, દુનિયાભરમાં અદ્વિતીય હશે.' આ કાવ્યશાળાના પ્રથમ આચાર્યપદે જૈનાચાર્ય કનકકુશળજી રહ્યા હતા. સાત વર્ષનો અભ્યાસક્રમ રખાયો હતો. વધુ સઘન તાલીમ માટે વિદ્યાર્થીઓને દસ વર્ષ રહેવાની પણ છૂટ હતી. અંતિમ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને યોગ્ય ઈનામ, પોશાક અને કવિની સનદ્ અપાતી. જેના આધારે ગમે તે રાજદરબારમાં એ રાજકવિના પદ પર નિયુક્ત થઈ શકતો, એવી કીર્તિ આ કાવ્યશાળાની વિવિધ રાજ્યોમાં હતી. કાવ્યશાળાના અંતિમ આચાર્ય તરીકે સને ૧૯૪૬થી રાજકવિ અયાચી શંભુદાનજી રહ્યા હતા. આઝાદી બાદ આ પાઠશાળાના અંત પછી તેમણે ફરી બાગ ખાતામાં અધિક્ષક તરીકે પોતાની જૂની ફરજ સંભાળી લીધી હતી.

તેમની પાસે પોતાનો પુસ્તક સંગ્રહ હતો અને વ્રજભાષા પાઠશાળાના વિદ્યાર્થીઓએ છપાવેલા પુસ્તકો સચવાયાં હતા. તેઓ, પાઠશાળાના વિકાસાર્થે હિંદી કાવ્ય સાહિત્યના વિશેષ અભ્યાસ માટે મથુરા ગયા અને કાશીની મુલાકાતે રાજ્ય તરફથી મોકલવામાં આવેલા, ત્યારે એકબાજુ મહારાવ વિજયરાજજીનો દેહવિલય થયો, મહારાવ મદનસિંહજી ત્રણ મહિના જેટલા ટૂંકા ગાળા માટે ગાદીએ બિરાજ્યા અને કચ્છ રાજ્યનું સ્વતંત્ર ભારતમાં વિલીનીકરણ થયું. ત્યારબાદ કચ્છના ચીફ કમિશનર દેસાઈએ બે સદી જૂની આ અનુપમ સંસ્થાને તાળાં મારી દીધા અને તે માત્ર સ્મૃતિશેષ બની ગઈ! શંભુદાનજીએ નવ વર્ષની વયે કાવ્યશાળામાં સાત વર્ષ અભ્યાસ કરીને કવિની સનદ મેળવી હતી અને વિલીનીકરણ વખતે એના એ પાઠશાળાના આચાર્યપદે હતા

*ખાનદાની બજારમાં નહિ, વારસામાં મળે.*

અને એને વિક્સાવવા મનોરથ સાથે પ્રવાસે નીકળ્યા હતા. એમના પ્રયત્નો છતાં પાઠશાળા ફરી શરૂ થઈ શકી નહીં એ કચ્છની અને હિંદી સાહિત્યજગતની કરુણતા નહીં તો બીજું શું?

શંભુદાનજીએ સાહિત્યક્ષેત્રે પ્રસ્તાવિક કાવ્યોની સાથે સાથે પ્રાસંગિક રચનાઓ પણ રચી હતી. તેમણે યુવાન વયમાં રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને ગાંધીજીની વાણી સાંભળીને, ભારત આઝાદ થતાં ભાવનામય બની જઈને ભારતના રાષ્ટ્રધ્વજનું ચિત્રકાવ્ય 'રાષ્ટ્રધ્વજ વંદના' બનાવ્યું હતું અને એને મીનાકારી અંકિત ચાંદીની ફ્રેમમાં મઢાવીને પ્રથમ પંતપ્રધાન પં. નેહરુને કચ્છની મુલાકાત વખતે ૧૦મી જાન્યુ., ૧૯૫૨ના ભેટ આપ્યું હતું. આ કાવ્ય અને એનું વિવરણ ઉપરાંત કાવ્યશાળા બાબત દર્દભરી અપીલ સાથેની પુસ્તિકા પ્રગટ કરીને, કાવ્યશાળા માટે ભંડોળ એકત્ર કરવાની ટહેલ નાખી હતી પણ એ બધા પ્રયત્નોથી સફળ થયા નહિ.

વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ કરી ગયેલા ચારણ વિદ્વજનોને સન્માનવા 'શ્રી શંભુદાનજી અને અન્ય ચારણ વિદ્વાન સન્માન સમિતિ'ની રચના કરવામાં આવી હતી. હિંદીના ખ્યાતનામ સર્જક અને 'સારિકા' પત્રિકાના સંપાદક કમલેશ્વરજીના અધ્યક્ષ સ્થાને મોરઝર (તા. નખત્રાણા) ખાતે ૨૦મી ઓગસ્ટ, ૧૯૭૭ના રોજ એક લોકમેળો યોજી તેમાં શંભુદાનજીનું ગૌરવપૂર્ણ સન્માન કરાયું હતું. શંભુદાનજીને રાજ્ય કુટુંબની ચાર પેઢીના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. ખેંગારજી બાવાથી લઈને પ્રાગમલજી ત્રીજા (તત્કાલીન યુવરાજ પૃથ્વીરાજજી) સુધી તેઓ આદરના અધિકારી બન્યા હતા. તેમની સામાજિક સેવાઓ પણ નોંધનીય છે. તેઓ 'અખિલ કચ્છ મારૂ ચારણ સભા'ના વર્ષો સુધી મંત્રીપદે રહ્યા હતા અને ત્યાર પછી 'અખિલ કચ્છ ચારણ સભા'ના પ્રમુખપદે રહી જ્ઞાતિની ઉલ્લેખનીય સેવા કરી છે.

સૌ પ્રથમ સં. ૧૯૮૩માં અને તે પછી ૧૯૮૬માં એમ બે વખત તેમના લગ્ન થયા. તેમના સંતાનોમાં ચાર પુત્રો અને એક પુત્રી થયેલાં. તેમાં ત્રીજા પુત્ર પુષ્પદાનભાઈ ભુજના નગરપતિ, ભુજ મતવિભાગના ધારાસભ્ય અને ચાર ટર્મ સુધી કચ્છના સંસદસભ્ય રહી ચૂક્યા છે.

કચ્છના લોકસાહિત્ય અને કવિતા સાહિત્યનો અલભ્ય ખજાનો શંભુદાનજીને કંઠસ્થ હતો અને તેથી જ તેના રસિયાઓને તેમની પાસેથી એ ખજાનાનો ખૂબ લાભ મળ્યો હતો. કચ્છના લોકસાહિત્યને પુસ્તક દેહ આપનાર કેટલાક મહાનુભાવોએ તેમની પાસેથી ઘણું ઘણું મેળવ્યું હતું. વ્રજભાષા પાઠશાળા સંબંધે જે ત્રણેક શોધ નિબંધ - મહાનિબંધ તૈયાર થયાં તેમાં તેમના કંઠસ્થ જ્ઞાનભંડાર તેમજ અન્ય સાહિત્ય સામગ્રી પૂરી પાડીને તેમણે ઉચિત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સાહિત્ય સંસ્કારમાં યત્કિંચિત ફાળો આપીને કચ્છના ગદ્ય, પદ્ય, ડીંગળ અને પીંગળ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે અને કચ્છનું ગૌરવ વધાર્યું છે. વિદ્વતા અને વિનયનું એમનામાં મિલન જોવા મળતું હતું. કચ્છ રાજયના ઇતિહાસની અપ્રગટ વાતો અને તેમના જીવન-કવન વિશેનો ગ્રંથ 'કચ્છ દર્શન' સને ૧૯૭૮માં પ્રગટ થયો હતો. એમની આ નિર્વ્યાજ સેવા અર્વાચીન માતૃભૂમિ કચ્છને માટે યશોદાયી છે. સંતશ્રી મોરારીબાપુની પ્રેરણાથી સને ૨૦૦૬નો કવિશ્રી દુલા કાગ લોકસાહિત્ય ઍવૉર્ડ શંભુદાનજીને (મરણોત્તર) અર્પણ કરવામાં આવ્યો છે.

કચ્છના ઇતિહાસના અભ્યાસુ, પાઠશાળાના અંતિમ આચાર્ય અને કચ્છના રાજકવિ શંભુદાનજી ગઢવીનું ૨૯મી ડિસેમ્બર, ૧૯૮૪ના ૭૫ વર્ષની વયે ભુજ ખાતે નિધન થયું હતું. તેમનો જન્મ શતાબ્દી મહોત્સવ ભુજ ખાતે તા. ૧૬ / ૧૭ જાન્યુઆરી, ૨૦૧૦ના યોજાયો હતો. આ પ્રસંગે ડીંગળ સાહિત્ય શોધ સંસ્થાન, નવી દિલ્હી દ્વારા 'કચ્છ દર્શન'ની સંવર્ધિત આવૃત્તિ તથા તેમના સ્મૃતિગ્રંથનું વિમોચન થયું તે સાથે ચારણ અસ્મિતા, વ્રજભાષા પાઠશાળા અને શંભુદાનજી વિશે વિદ્વાન વક્તાઓના વ્યાખ્યાનો, સાંસ્કૃતિક કાર્યક્રમ બે દિવસ દરમિયાન યોજાયા હતા.

*(વિશેષ સહયોગ : પુષ્પદાનભાઈ શં. ગઢવી - ભુજ)*

***બી/૧, પ્લોટ નં.-૧૭૨,***
***ઓધવવિલા, આઈયાનગર, ભુજ, કચ્છ.***
***મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

## શું જગત, ભષ્મક જેવા અસંતોષના રોગમાંથી બહાર આવશે?

જેને ભષ્મક રોગ થયો હોય તે ૧૦ જણનો ખોરાક ખાય છતાં પણ ભૂખ્યો જ રહે. અસંતોષને આવા ભષ્મક નામના રોગ સાથે સરખાવ્યો છે. શું આજે લોકોને ખાવામાં, કપડામાં, બૂટ-ચંપલમાં, દાગીનાં, પૈસા કમાવવામાં, મહત્વાકાંક્ષામાં, સ્નાન કરવામાં, ટી.વી., જેવી વસ્તુઓ જોવામાં, સાંભળવામાં આવી અનેક વસ્તુઓમાં ક્યાંય સંતોષ છે? શરીરને ઢાંકવા કેટલાં કપડાંની જરૂર? આમ છતાં કબાટમાં કેટલાં જોડી કપડાં? પગ માટે કેટલાં જોડી બૂટ જોઇએ? આમ છતાં આપણી પાસે કેટલા જોડી બૂટ કે ચંપલો! પેટ ભરવા માટે કેટલી વસ્તુઓ જોઇએ! આમ છતાં આપણને કેટલી વસ્તુથી સંતોષ?

સાચો સંતોષ આવે ત્યારે જે મળ્યું હોય તે પણ ઘણું લાગે. પૈસો જેને પચ્યો હોય તે નમ્ર બને છે. પૈસો જેને ન પચ્યો હોય તે જમીનથી અદ્ધર ચાલે. જેની પાસે પૈસો છે તેને પણ અસંતોષ છે, જેની પાસે પૈસો નથી તેને પણ અસંતોષ છે.

પરંતુ સંતોષ એ તો અમૃત છે. જેને સંતોષ મળ્યો તે શ્રીમંત હોય કે ગરીબ બન્ને સુખી.

સંતોષ એટલે શું? પોતાના પુણ્યોદયને અનુસાર પુરુષાર્થ દ્વારા જે મળે તેમાં મનની સંતુષ્ટિ થાય તે સંતોષ છે. જે કાંઇ અને જેટલું કાંઇ મળે છે તે પુણ્યોદયને અનુસાર જ મળે છે. પુરુષાર્થ પણ પુણ્યોદય મુજબ જ ફળે છે. જે લોભ વગેરે દોષોને જીતે છે તે પણ સંતુષ્ટિ રાખી શકે છે. માત્ર પૈસામાં નહીં, પાંચેય ઇન્દ્રીયોના વિષયમાં, મનના વિષયોમાં પણ સંતોષ લાવવાનો છે.

સંતોષ એ સુખનું મૂળ છે. તો અસંતોષ એ દુઃખનું મૂળ છે. સંતોષી થોડામાં આનંદથી જીવે છે. અસંતોષી ઘણામાં પણ દુઃખથી જીવે છે. સંતોષી સદાય હસતો, અસંતોષી સદાય રોતો. સંતોષીના જીવનમાં ક્યારેય દીનતા આવતી નથી જ્યારે અસંતોષીને દીનતા ક્યારેય છોડતી નથી. આપણી સાદી કહેવત છે કે 'સંતોષી નર સદા સુખી' એમાં કેટલું તત્ત્વજ્ઞાન સમાયેલું છે? જો આપણે આ સમજી જઇએ તો પૃથ્વી પર જ સ્વર્ગ છે.

***પ્રો. નૌતમભાઇ વકીલ - અમદાવાદ***
***તત્ત્વ ચિંતક***

# મનુષ્યની ઉત્પત્તિ અંગેના વિવિધ સિદ્ધાંતો

• ડૉ. રામજીભાઈ સાવલિયા •

*નોંધ : આ લેખ એકાગ્રતાથી અને સ્વસ્થ ચિત્તે વાંચવો ખૂબ જરૂરી છે.*
*– મુખ્યતંત્રી*

**પૃથ્વી ભૂભાગ પર માનવનો પ્રાદુર્ભાવ કે સંચાર થયો ત્યારથી એના જીવનનું જે ઘડતર થવાની શરૂઆત થઈ તેને માનવ વિજ્ઞાનની પરિભાષામાં 'સંસ્કૃતિ' કહે છે. દેશ, પ્રદેશ કે પ્રજાની સંસ્કૃતિના પ્રમાણિત વિગતવાર વૃત્તાંતને 'ઇતિહાસ' કહે છે. ઇતિહાસ માટે પૂરક માહિતી અને નિશ્ચિત સમયાંકન અનિવાર્ય ગણાય છે.**

આ સંદર્ભમાં 'માનવની ઉત્પત્તિ અંગેના વિવિધ સિદ્ધાંતો' અંગેની વિગતો મેળવીશું.


માનવની ઉત્ક્રાંતિના અભ્યાસ જેટલો ગહન અભ્યાસ બીજો કોઈ નથી. છતાં પણ મનુષ્યની ઉત્પત્તિ - ઉત્ક્રાંતિનો પ્રશ્ન વધુ ચર્ચાસ્પદ રહ્યો છે અને તેમાં હજુ પણ વધુ અભ્યાસો થઈ રહ્યા છે. મનુષ્ય જેમાંથી ઊતરી આવ્યો છે તે આદિ સસ્તન સમૂહ, મનુષ્યની ઉત્પત્તિનો સમય અને સ્થાન વગેરે મહત્ત્વના પ્રશ્નો રહ્યા છે અને હજારો વર્ષોથી માનવ વિચારોમાં અંકિત થયેલા છે.

ઈ.સ. ૧૮૬૩માં ટી. એચ. હક્સલે તેના પુસ્તક 'પ્રકૃતિમાં મનુષ્યનું સ્થાન' (Man's place in Nature)માં મનુષ્યની ઉત્પત્તિનો પ્રશ્ન ઉકેલવાનો પ્રયત્ન કરેલો અને નરવાનર (Ape) તથા માનવ વચ્ચેના નજીકના સંબંધો તેણે હલ કર્યા. ૧૮૭૧માં ચાર્લ્સ ડાર્વિને તેના પુસ્તક 'મનુષ્યનું અવતરણ' (The descent of Man)માં મનુષ્યની વંશાવળી વિશે પોતાના વિચારો પ્રગટ કર્યા છે. **કમનસીબે આ વિચારોનું ખોટું અર્થઘટન થયું અને નર વાનરમાંથી માનવ ઊતરી આવ્યો છે તેવું પ્રસિદ્ધ થયું.** આ જ સમયે અસાધારણ બુદ્ધિશાળી વ્યક્તિઓએ માણસ અને નર વાનરની ખૂટતી કડીઓ શોધી કાઢવા પ્રયત્નો આદર્યા.

**માનવની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ વિશેનો વૈજ્ઞાનિક અભ્યાસ તો આશરે સો વર્ષ જૂનો છે અને મોટાભાગના આદિમાનવ - અવશેષો તો ઇ.સ. ૧૯૨૦ પછી શોધાયેલ છે.** સૌ પ્રથમ ઉત્પત્તિ અને જીવ વૈજ્ઞાનિક લક્ષણોની દૃષ્ટિએ મનુષ્ય નિઃશંકપણે પ્રાણી છે. શરીર અંતસ્થ સંરચનામાં તે મોટા નરવાનર તેમાંય ખાસ કરીને ચિમ્પાન્ઝી અને ગોરિલાને મળતો આવે છે. મનુષ્યમાં મળતા નત્રિલો (Prateins) અને ખાસ કરીને રક્તકણોના હિમોગ્લોબીન તથા રુધિર રચના નત્રિલો સાથે તેવા જ પ્રકારના નર વાનરના નત્રિલોના રાસાયણિક બંધારણની અદ્યતન સરખામણીઓ કરવામાં આવી છે. આ પાયાના રાસાયણિક પદાર્થોની બાબતમાં, એકબીજાની સાથે વધુ નિકટતા ધરાવે છે. તેઓની ઉત્ક્રાંતિની કોઈ એક અવસ્થા વખતે મનુષ્યના પૂર્વજો નર વાનર જેવા હતા, તે અધિતર્કને આ સાબિતી મજબૂત રીતે ટેકો આપે છે. આ અધિતર્ક સૌથી વધુ આધુનિક અશ્મિઓના પુરાવાને સંપૂર્ણ રીતે સુસંગત છે.

પરંતુ મનુષ્ય, તેની અસાધારણ વિશિષ્ટતાઓને લઈને અન્ય જાતિ પ્રાપ્ત કરી શક્યો છે, તેનાથી વધુ ઝડપે, કોઈ એક પગથિયે જીવવાનો રસ્તો બદલી શકવા શક્તિમાન થયો છે. માનવનાં વિશિષ્ટ લક્ષણો પૈકી (૧) ભૂતકાળ યાદ રાખવો અને તેમાંથી લાભ લેવાની શક્તિ, (૨) આગળ વિચાર કરવો તથા ભવિષ્યની આગાહી કરવી અને (૩) એકબીજા સાથે વાતચીત કરવી તથા કામ કરવું. આ બાબતોને લીધે માનવ તેના પ્રારબ્ધને અંકુશમાં રાખી શક્યો છે અને જીવનનો વધુ સારો રસ્તો મેળવી શક્યો છે. વળી, જીવ વૈજ્ઞાનિક તથા સાંસ્કૃતિક બાબતમાં તેઓની વચ્ચેના આંતર-સંબંધો લક્ષમાં ન લઈએ ત્યાં સુધી માનવ ઉત્ક્રાંતિ સમજી શકાય નહિ.

**માનવો અન નર વાનરોને ઊપરી વર્ગ હોમિનિડીમાં મૂકવામાં આવ્યા છે કારણકે તેઓ એકબીજાને ઘણી બાબતોમાં મળતા આવે છે. સંભવતઃ તેઓ એક જ પૂર્વજમાંથી અલગ દિશાએ ઉદ્‌વિકાસ પામેલા છે.**



માણસ અને નરવાનરોના પૂર્વજો દર્શાવતી આકૃતિ

વાંદરા (Monkeys), નર વાનરો (Apes) અને માણસ, સસ્તન વર્ગના ઉપવર્ગ યુથિરિયાની શ્રેણી પ્રાઈમેટ્સના એક જ સમૂહમાં આવેલા છે અને ટ્રીશ્રુઝ (Tree Shrews) નામના વૃક્ષારોહી છછુંદર જેવા સસ્તનના પ્રાથમિક જુથમાંથી ઉદ્‌વિકસિત થયા છે. કમનસીબે આ પૂર્વજોના આશ્મિરૂપ અવશેષો બહુ જ ઓછા મળે છે અને આમાંથી ત્રણ અશ્મિભૂત જાતિઓ સારી એવી જાણીતી છે : (૧) નિક્સોડેક્ટીસ (NIXODECTES), (૨) ઈન્ડ્રોડોન (INDRODON), (૩)

*માન પામવું સહેલું છે, પચાવવું મુશ્કેલ છે.*

નોટોડેક્ટીસ (NOTODECTES). **માયોસીન સમયના સાચા એન્થ્રોપોઈડ નર વાનરોના પુષ્કળ અશ્મિઓ મળી આવ્યા છે, જેમાંના યુરોપના ડ્રાયોપિથેક્સ, ભારતના રામાપિથેક્સ અને શિવાલિક તંત્રના શિવાપિથેક્સના અશ્મિઓ સૌથી વધુ જાણીતા છે.** આ અશ્મિઓ ચિમ્પાન્ઝી સાથે વધુ મળતાપણું ધરાવતા હતા અને તેને પાછલાં ઉપાંગો કરતાં આગલાં ઉપાંગો વધુ ટૂંકાં હતાં. આલ્પ પહાડ પ્રદેશના અશ્મિભૂત પ્રાઈમેટ ઓરિઓપિથેક્સ કે જે એક કરોડ વર્ષ પહેલાં (માયોસીન ઉત્તરાર્ધ અને પ્લાયોસીન પૂર્વાર્ધ સમયમાં) થઈ ગયો, તે વધુ નરવાનર જેવો હતો. તેમાં દાંત, જડબા તથા ચહેરો માણસના જેવાં હતાં, તે ટટ્ટાર ચાલતો હતો. આ જાતનું મળતાપણું સમાંતર ઉદ્‌વિકાસની ઘટનાને લીધે હોઈ શકે. રામાપિથેક્સ (Ramapithecus) અને શિવાપિથેક્સ (Sivapithecus) અથવા આફ્રિકાના કેન્યાપિથેક્સ મનુષ્યના જેવું સૌથી પ્રાચીન સ્વરૂપ હતું. તેની દાંતની ગોઠવણી માણસના જેવી હતી અને ટટ્ટાર ચાલતો હતો.

**માયોસીન અશ્મિઓના અભ્યાસ પરથી એમ નક્કી થયું છે કે ડ્રાયોપિથેક્સે રામાપિથેક્સને ઉત્પન્ન કર્યો હશે, કે જે માનવ ઉત્ક્રાંતિની સીધી લાઈનમાં છે અને રામાપિથેક્સ સૌથી આદિમાનવ જેવું સ્વરૂપ બતાવે છે.**


**માનવ ઉત્ક્રાંતિ ખરેખર પ્લીસ્ટોસીન** (pleistocene) **એટલે કે છેલ્લાં ૧૦ લાખ વર્ષોની ઘટના લાગે છે.** પ્લીસ્ટોસીન સમય હિમયુગના સમય તરીકેની વિશિષ્ટતા ધરાવે છે. સમયાંતરે ઉત્તરી પ્રદેશોનો બરફ દક્ષિણ તરફ પ્રસરી જતો અને પછી તે પાછો ઠરી જતો. બરફના પ્રસરણને હિમકાળ (Glacial Period) અને ઓછા થવાના કાળને આંતર હિમકાળ (Inter Glacial Period) કહે છે. પ્લીસ્ટોસીન સમયમાં ચાર વાર હિમ પ્રસરણનો ગાળો આવી ગયો. આલ્પ પ્રદેશનાં સ્થાનો પ્રમાણે તેમના નામ : (૧) ગુન્ઝ, (૨) મિન્ડેલ, (૩) રીસ અને (૪) વુર્મ આપવામાં આવ્યા છે. હિમકાળ પછીનો આધુનિક સમય સાથે મળતો આવે છે. આમ હિમકાળ પ્લીસ્ટોસીન માટે સમયસારણી રૂપ બન્યો છે.

માનવ અવશેષોનો સમય આ હિમકાળ અનુસાર નક્કી કરવામાં આવ્યો છે અને તે જ પ્રમાણે સંબંધિત પ્રાણી તેમજ વનસ્પતિ અવશેષોના સંબંધમાં કરવામાં આવેલ છે. વધુમાં માનવ શરૂઆતથી જ સાધનો વાપરનાર અને બનાવનાર તરીકે જોવા મળે છે. આ સાધનોના અવશેષો કે જેને સાંસ્કૃતિક અવશેષો પણ કહી શકાય, કાંઈક અંશે માનવ ઇતિહાસની ઝાંખી કરાવે છે. જુદા જુદા સમયોની સંસ્કૃતિઓને આધારે પ્લીસ્ટોસીન અને આધુનિક યુગોને ધાતુયુગ અને પથ્થર યુગમાં વહેંચી નાખવામાં આવ્યા છે.

પથ્થરયુગને ત્રણ અનુયુગમાં વહેંચી નાખવામાં આવ્યો છે. સૌથી પ્રાચીન અનુયુગ કે જે મધ્ય પ્લીસ્ટોસીનને મળતો હતો. (૧) પૂર્વ પેલિઓલિથિક તરીકે (દ્વિતીય આંતરહિમકાળ), (૨) મધ્ય પેલિઓલિથિક (રિસ-વુર્મઆંતર હિમકાળ), (૩) પશ્ચ પેલિઓલિથિક. આ ત્રણ મળીને આદિ પથ્થર યુગ બને છે.

**એ પછી મિસોલિથિક સમય (ઇસુના સમય પહેલાંના ૧૩,૦૦૦ વર્ષ) આના પછી નિઓલિથિક અથવા નવો પથ્થરયુગ (ઇસુના સમય પહેલાંના ૫૦૦૦ વર્ષો) આવે છે. આ કંઈક અંશે આધુનિક માનવ સંસ્કૃતિની શરૂઆત બતાવેછે. આ સમય દરમ્યાન ભટકતું જીવન કંઈક અંશે સ્થિર થયેલું તથા ખેતીવાડીની અને પ્રાણીઓ પાળવાની શરૂઆત થયેલી. ત્યાર પછી આવતા તામ્રયુગ અને લોહયુગ બંને ધાતુયુગ તરીકે ઓળખાયા. લોહયુગ પછી (ઈસુના સમય પહેલાનાં ૧૪૦૦ વર્ષ) આપણે ઐતિહાસિક સમયો તરફ આવીએ છીએ.**

આ સાંસ્કૃતિક અવસ્થાઓ (સમયો) અનુસાર માનવ અવશેષો મળી આવ્યા છે. આ અશ્મિઓ પરથી માનવ ઇતિહાસની પ્રાથમિક અવસ્થાનો અભ્યાસ થઈ શક્યો છે. યુજીન દુબોઈસ, ડબલ્યુ સી.પાઈ, રેમન્ડ ડાર્ટ, લીકી અને ક્લાર્ક વગેરેનાં હિંમતભર્યા, સતત તથા બેહદ કાર્યોથી માનવ અવશેષોની નોંધોમાં - સંશોધનમાં ઘણો ઉમેરો થઈ શક્યો છે. આદિ માનવ (Pre human), ઉપમાનવ (Sub-human) અને માનવો (Humans)ના આશરે એકસોથી વધુ અશ્મિઓ શોધી કાઢ્યા હોવાં છતાં પણ માનવ અંગેનું સંશોધન અપૂર્ણ છે.




A – ઓસ્ટ્રેલોપિથેક્સ, B – પિથેકેન્થ્રોપસ
C – નિએન્ડરદલ માનવ
D – ક્રોમેગ્નોન માનવ

**થોડાં વર્ષો પહેલાં એમ માનવામાં આવતું હતું કે મધ્ય એશિયા માનવ જાતિનું ઉત્પત્તિ સ્થાન અને ઉદ્‌વિકાસ કેન્દ્ર છે. કારણકે હોમો ઈરેક્ટ્સ જેવા પૂર્વ માનવના અશ્મિઓ ત્યાં મળી આવ્યા હતા** તથા હિમાલય પર્વતના તલીય પ્રદેશના શિવાલિક સિસ્ટમના સ્તરોમાં ડ્રાયોપિથેક્સ, રામાપિથેક્સ, બ્રહ્માપિથેક્સ, શિવાપિથેક્સ, સુગ્રીવા પિથેક્સ જેવા નરવાનર અશ્મિઓ માયોસીન અને પ્લાયોસીન સમયમાં મળી આવ્યા હતા. **આ વિચારસરણીની વિરુદ્ધમાં કેટલાક વૈજ્ઞાનિકો આફ્રિકા દેશને માનવજાતિના ઉત્પત્તિ સ્થાન અને ઉદ્‌વિકાસ કેન્દ્ર તરીકે માને છે, કારણ કે શરૂઆતમાં નરવાનર આફ્રિકામાં હતા અને ગોરિલા અને ચિમ્પાન્ઝી જે માનવીની**


*પાપનો પૈસો માણસને નીતિના માર્ગેથી ચલિત કરે છે.*

**નજદીકની જાતિઓ છે, તેઓ આફ્રિકાના રહેવાસી છે.** ઓસ્ટ્રેલોપિથેક્સ માનવ જાતિના પૂર્વજોમાંથી ઉત્પન્ન થયેલ એક પાર્શ્વ શાખા છે. તે અને આદિ માનવનું સામ્ય દર્શાવે છે કે આફ્રિકા માનવજાતિનું ઉત્પત્તિ સ્થાન હશે. ડાર્વિન પણ એમ જ માનતા હતા. **ડાર્ટ અને બ્રુમે આફ્રિકાના કેન્યા પ્રદેશમાંથી ૩૦૦ જેટલા માયોસીન સમયના નર વાનરના અસ્થિઓ એકઠા કર્યા, જે આદિ માનવના પૂર્વજોને મળતા હતા.** ઉપરોક્ત અસ્થિઓના પુરાવાઓને લીધે આફ્રિકા માનવજાતિનું ઉત્પત્તિ સ્થાન અને ઉદ્‌વિકાસ કેન્દ્ર છે એમ માનવામાં આવે છે.


લીકીં નામના વૈજ્ઞાનિકે ૧૯૪૮માં આફ્રિકામાંથી કેટલીક ખોપરીના અસ્થિઓને શોધી કાઢ્યા. જેને પ્રોકોન્સલ આફ્રિકેન્સ નામ આપ્યું. તે માયોસીન સમયના હતા અને અત્યાર સુધી મળેલા આદિ માનવના પૂર્વજ વ્યક્તિઓના અસ્થિઓ કરતાં વધારે પ્રમાણમાં માનવને મળતા હતા. આ પુરાવો પણ આફ્રિકાને માનવ જાતિનું ઉત્પત્તિસ્થાન અને ઉદ્‌વિકાસ કેન્દ્ર તરીકેની માન્યતાને સમર્થન આપે છે.

ટૂંકમાં મનુષ્ય ઉત્ક્રાંતિનું એક ખાસ નોંધપાત્ર સર્જન છે. જે એક પ્રાણી ખરું પણ તે આગવી વિલક્ષણતાઓ ધરાવતું પ્રાણી છે. બે જગ્યાએ વળેલા કરોડ સ્તંભને લીધે માનવનું ઢબ ટટ્ટાર હોય છે. તેને સારી વિકસેલી હડપચી અને ચાલવા માટે અનુકૂળ કમાન ધરાવતા ચરણ હોય છે. **મોટે ભાગે તે ઠીક ઠીક પ્રમાણમાં એક સર્વમાન્ય પ્રકાર છે કે જે સર્વથા સાનુકૂળતા સિદ્ધ કરી લેવાની સ્વાભાવિક્તા ધરાવે છે.** તેનું મગજ અન્ય કોઈ પ્રાણીની તુલનામાં ઘણું વિશાળ અને કાર્યમાં ઘણું બધું સુસજ્જ છે. માનવી સૌથી નિરાળો બન્યો છે અને ઉત્ક્રાંતિ વૃક્ષમાં સૌથી ટોચે બિરાજે છે તે આ વિશાળ મગજ અને સમર્થ બુદ્ધિમત્તાને આભારી છે.

ઉપર મુજબની માનવની ઉત્પત્તિ અંગેની ભૂસ્તરશાસ્ત્રીય, પુરાતત્ત્વીય, વૈજ્ઞાનિક, નૃવંશશાસ્ત્રીય વગેરે સિદ્ધાંતો તપાસ્યા. જેમાં આપણા સાંસ્કૃતિક વારસા સમાન શાસ્ત્ર આધારિત કેટલાંક સિદ્ધાંતો તરફ પણ દૃષ્ટિપાત કરવો જરૂરી બને છે. જેમાં ઉત્ક્રાંતિને



પ્રાઈમેટસનો વંશવૃક્ષ



હોમિનિડ પ્રસરણ

'અવતાર' તરીકે ગણી વિસ્તૃત વિગતો મળે છે.

'અવતાર કારણ વગર થતો નથી' આ વૈદિક સિદ્ધાંત છે. સમાજે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો ટકાવવા અવિરત પ્રયત્ન કર્યા છે ત્યારે જ તેને મદદ કરવા ભગવાન પધારે છે. અવતારવાદ એ પ્રયત્નવાદ છે. વિષ્ણુના દશાવતારની કલ્પનામાં મત્સ્ય, કૂર્મ, વરાહ એ ત્રણ અવતારો માનવેતર યોનિમાં થયેલા દેખાય છે. આવી રીતના અવતારો જોઈને આજના ભણેલાઓ ઠેકડી ઉડાડે છે : 'જોયું કેવી મૂર્ખાઈ! કેવી અજ્ઞાનતા! આ ઈશશક્તિ માછલી થાય, કાચબો થાય, ભૂંડ થાય! આ મૂર્ખતાથી ભરેલાં પુરાણો છે, તેથી પુરાણોમાં આવું બધું અસંબદ્ધ લખાણ છે. પાશ્ચાત્ય પંડિતો કહે છે કે, 'આ બધું માનવ જગતની બાલ્યાવસ્થાના સમયનું લખાણ છે.' પાશ્ચાત્ય પંડિતો બોલે તેમ બોલનારા આપણા વિદ્વાનો કહે છે કે, 'ઈશ્વરશક્તિ આ હીન યોનિમાં જાય જ શું કરવા? પણ આપણે આવો મત પસાર કરવાનું જલદી સાહસ નહિ કરીએ, એવું સાહસ કરતાં પહેલાં થોડો વિચાર કરીએ.

ચિત્ શક્તિ સર્વની માતા છે. માછલી અને માણસ તેણે જ નિર્માણ કર્યા છે. કોઈ પણ જીવનમાં આવી પ્રભુ પોતાનું કાર્ય કરે તો તેને મૂર્ખાઈ કે અજ્ઞાનતા માનવાનું કારણ નથી, અને જો એમ માનીએ તો તેનો અર્થ એટલો જ છે કે, આપણી દૃષ્ટિ આત્મકેન્દ્રિત છે, તેથી આપણા કરતાં વિશ્વમાં બીજું આપણને કંઈ દેખાતું નથી.

આ અવતારવાદનો ઉત્ક્રાંતિવાદથી ઉકેલ શોધીએ તો, ભારતીય સાંખ્યમત અને ડાર્વિનની દૃષ્ટિએ જગત ઉત્ક્રાંતિ છે, પ્રકૃતિથી પરિણત થયેલું છે.

ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી આરંભમાં જગત જલાકાર હતું. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંત મુજબ જોઈએ તો પૃથ્વીની ઉત્પત્તિ જળમાંથી થઈ છે, તે વખતે જળચરમાં શ્રેષ્ઠ શરીર એટલે માછલીનું શરીર ધારણ કરી, જળચર મત્સ્યરૂપે ચિત્‌શક્તિ આવી. આદિ યુગને ભૂગર્ભશાસ્ત્રવેત્તાઓ મત્સ્યયુગ કહે છે. આ ઉત્ક્રાંતિવાદનું પહેલું પગથિયું જણાય છે. ગ્રીકનો પ્રથમ તત્ત્વજ્ઞાની થેલ્સ પણ પાણીનું તત્ત્વજ્ઞાન આપી કહે છે કે તત્ત્વજ્ઞાનની શરૂઆત પાણીથી થઈ છે. ઉત્ક્રાંતિવાદ મુજબ મત્સ્ય એ પહેલું પ્રાણી છે તેથી તે યોનિમાં ચિત્ શક્તિએ અવતાર લીધો તેમ માનવું ખોટું નથી.

*મૃત્યુ એ પૂર્ણવિરામ નથી, આત્માનો અલ્પવિરામ છે.*

ઉત્ક્રાંતિ પ્રમાણે મત્સ્ય યુગ - પાણી યુગ ખલાસ થયો અને સૃષ્ટિ - પાણીમાંથી ઉપર આવવા લાગી, તે વખતે ઉત્ક્રાંતિનો નિયમ ચાલુ રહે એટલા માટે જલચર કરતાં ભિન્ન પણ બદલાઈ ગયેલી પરિસ્થિતિને અનુકૂળ એવાં મિશ્રકોટિનાં પ્રાણી થવાં જોઈએ કે જે પાણીમાં અને જમીન ઉપર પણ રહી શકે. જમીનનો કેટલોક ભાગ સૂકો થયેલો હોય એવા સમયે યોગ્ય કોટિના પ્રાણીનો એટલે ઉરગ્ કોટિના પ્રાણીના આવિર્ભાવનો સમય આવ્યો. આવા પ્રાણીનું આદર્શ પ્રમાણ એટલે કૂર્મ-કાચબો. **પ્રાણીશાસ્ત્રનો બીજો તબક્કો એટલે કૂર્મ.** ઈશ્વરે પોતે ઉદ્ભવીને જગતના ઉત્ક્રાંતિતત્ત્વને આધાર આપ્યો. કૂર્માવતાર એ સાંખ્યશાસ્ત્રના ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી પરિણામવાદની દૃષ્ટિથી બીજો અને મહત્ત્વનો અવતાર છે. કૂર્મે પ્રવૃત્તિવાદ અને નિવૃત્તિવાદને - આધ્યાત્મિક અને આધિભૌતિક સંસ્કૃતિને હસ્તમિલાપ કરવા કહ્યું. આ એક મહાન ક્રાંતિ હતી. મનુની સંસ્કૃતિ ટકાવી અને અમર જીવનનો સાક્ષાત્કાર કરાવ્યો.

ઉત્ક્રાંતિતત્ત્વ પ્રમાણે જળચર અને જળસ્થળવાસી પ્રાણી થયાં અને પછી સ્થળવાસી પ્રાણી પણ થવાં જોઈએ અને તેવાં સ્થળવાસી પ્રાણીઓ માટે સૂકી જમીન અત્યાવશ્યક છે, તેથી ઉત્ક્રાંતિતત્ત્વ પ્રમાણે અંતઃ શક્તિના જોરથી પૃથ્વી ઉપર આવી. **શાસ્ત્રોમાં 'લેમ્યુરિયા દ્વીપ' નામોલ્લેખ આવે છે. અને આ દ્વીપ ઉપર સસ્તન પ્રાણી પહેલાં ઉત્પન્ન થયાં તેનો પહેલો અંશ તે વરાહ.** આ બાબતમાં અર્વાચીન શાસ્ત્ર શોધકોને જે માહિતી મળી છે તે બરાબર છે. તેમની શોધો ઉપરથી એમ નક્કી થાય છે કે લેમ્યુરિયા દ્વીપમાં અનેક પ્રાણીઓમાં સસ્તન પ્રાણીઓ પ્રથમ અસ્તિત્વમાં આવ્યાં. જળ સ્થળવાસી પ્રાણીમાંથી વિકસિત થયેલી — ઉત્ક્રાતિ થયેલી શક્તિ તે વરાહ.

કેટલાંક શાસ્ત્રો બે કલ્પો માને છે : (૧) મત્સ્ય કલ્પ, (૨) કૂર્મ કલ્પ. મત્સ્ય કલ્પમાં ઈશશક્તિ માનવીનું મૂળ રૂપ ધારણ કરે છે. આ કલ્પોની શરૂઆતમાં આજના માંસપિંડ કરતાં જુદા પિંડ હતા, એમ કેટલાક માને છે. જો કે ઉત્ક્રાંતિનો સિદ્ધાંત આપણા શાસ્ત્રકારોએ તોડી પાડ્યો છે અને આજના શાસ્ત્રકારોએ પણ તોડ્યો છે. પણ પરિણામવાદ, આરંભવાદ, વિવર્તવાદનો સિદ્ધાંત તત્ત્વજ્ઞાનની વૈચારિક પગથી છે, એમાં ના નહિ. ગીતામાં પણ સાંખ્યનો સિદ્ધાંત કહ્યો છે.

ઉત્ક્રાંતિનો આ શાસ્ત્રીય દૃષ્ટિકોણ થયો. વિચાર કરવા જેવો અને અભ્યાસ કરવા જેવો આ વિષય છે. ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિથી સૂક્ષ્મ જળજીવાણુંઓથી શરૂઆત કરી જગતની ઉત્પત્તિ થઈ. એમ વિચાર કરીશું તો નિર્ગુણ, નિરાકાર, સગુણ સાકાર બની 'અવતાર' ધારણ કરે તેમાં ખોટું શું છે? આ શાસ્ત્રીય દૃષ્ટિ છે.

*ડાયરેક્ટર ઈન્ચાર્જ, ભો.જે. વિદ્યાભવન,*
*એચ.કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯.*

***કૃષ્ણ મેનને કાશ્મીરના પ્રશ્ન પર યુનોની બેઠકમાં આઠ કલાક લાંબું પ્રવચન કરેલું અને આપણો કેસ બગાડેલો. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ સુકર્ણોએ ચૂંટણી દરમિયાન એકનું એક પ્રવચન ૩૪૨ વખત આપેલું. યુનોમાં રશિયાના રાષ્ટ્રપ્રમુખ ક્રુશ્ચેવે ત્રણ કલાક લાંબું પ્રવચન કરેલું. ક્યુબાના ફિડલ કેસ્ટ્રોએ ૩૩ કલાક લાંબું પ્રવચન આપીને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન પ્રાપ્ત કરેલું. શ્રોતાઓ ચાલી ન જાય તે માટે પોલીસો તૈનાત કરવામાં આવેલા.***

# માર્ચ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| તારીખ | વર્ષ | વિશિષ્ટ વ્યક્તિનું નામ |
|---|---|---|
| ૩ | ૧૮૪૭ | એલેકઝાંડર બેલ (યુ.સ્ટે.) |
| ૩ | ૧૮૫૩ | વિન્સેન્ટ વાન ગોગ (નેધરલેન્ડ) |
| ૬ | ૧૪૭૫ | માઈકેલ એન્જેલો (ઈટલી) |
| ૬ | ૧૮૦૬ | એલિઝાબેથ બ્રાઉનિંગ (બ્રિટન) |
| ૬ | ૧૯૩૭ | વેલેંટીના તેરેશકોવા (રશિયા) |
| ૭ | ૧૯૧૧ | સચ્ચિદાનંદ વાત્સાયન ('અજ્ઞેય') |
| ૭ | ૧૯૧૬ | બાલમુકુંદ દવે |
| ૮ | ૧૮૬૪ | હરિ નારાયણ આપ્ટે |
| ૮ | ૧૯૨૧ | સાહિર લુધિયાનવી |
| ૯ | ૧૭૬૩ | વિલિયિમ કોબ્લેટ (બ્રિટન) |
| ૯ | ૧૮૩૬ | નવલરામ લ. પંડ્યા |
| ૯ | ૧૯૩૪ | યુરી ગાગારીન (રશિયા) |
| ૧૦ | ૧૯૨૯ | મંગેશ પાડગાંવકર |
| ૧૧ | ૧૮૬૩ | સયાજીરાવ ગાયકવાડ ત્રીજા |
| ૧૨ | ૧૯૦૭ | કનુ દેસાઈ |
| ૧૨ | ૧૯૩૪ | જ્યોતિ મા. ભટ્ટ |
| ૧૨ | ૧૯૩૭ | ગુણવંત ભૂ. શાહ |
| ૧૩ | ૧૮૬૮ | રમણભાઈ મ. નીલકંઠ |
| ૧૪ | ૧૮૭૯ | આલ્બર્ટ આઈન્સ્ટાઈન (યુ.સ્ટે.) |
| ૧૫ | ૧૯૩૬ | દલપત વસાણી 'શોભન' |
| ૧૬ | ૧૮૭૭ | ન્હાનાલાલ કવિ |
| ૧૬ | ૧૯૨૦ | યશવંત કૂ. દોશી |
| ૧૮ | ૧૮૫૮ | રુડોલ્ફ ડીઝલ (જર્મની) |
| ૧૯ | ૧૯૧૩ | ડેવિડ લિવિંગસ્ટન (બ્રિટન) |
| ૧૯ | ૧૮૬૭ | ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી |
| ૨૦ | ૧૮૨૮ | હાઈનરિક ઈબ્સન (નોર્વે) |
| ૨૦ | ૧૮૯૮ | વિશ્વનાથ મ. ભટ્ટ |
| ૨૦ | ૧૮૯૯ | કીકુભાઈ ૨. દેસાઈ |
| ૨૧ | ૧૬૮૫ | જોહાન સેબાશિયન લાખ (જર્મની) |
| ૨૧ | ૧૮૮૭ | માનબેન્દ્રર નાથ (એમ.એન.) રોય |
| ૨૧ | ૧૯૦૫ | પુષ્પાબહેન જ. મહેતા |
| ૨૧ | ૧૯૧૬ | બિસ્મિલ્લાખાન |
| ૨૨ | ૧૮૫૭ | રોબર્ટ બેડન - પૉવેલ (બ્રિટન) |
| ૨૨ | ૧૯૦૮ | સુન્દરમ્ |
| ૨૩ | ૧૯૧૦ | રામમનોહર લોહિયા |
| ૨૩ | ૧૯૧૦ | પ્રેમજી ભવાનજી ઠક્કર (કચ્છ) |
| ૨૩ | ૧૯૨૪ | વસુબહેન રા. ભટ્ટ |
| ૨૫ | ૧૮૩૨ | કરશનદાસ મૂળજી |
| ૨૫ | ૧૮૪૪ | અંબાલાલ સા. દેસાઈ |
| ૨૫ | ૧૮૭૯ | બાપુલાલ ભ. નાયક |
| ૨૫ | ૧૯૧૪ | નોરમન બોરલોગ (યુ.સ્ટે.) |
| ૨૬ | ૧૮૭૪ | રોબર્ટ ફ્રોસ્ટ (યુ.સ્ટે.) |
| ૨૬ | ૧૯૦૯ | વિજયગુપ્ત મૌર્ય |
| ૨૮ | ૧૮૬૮ | મેક્સીમ ગોર્કી (રશિયા) |
| ૨૮ | ૧૮૭૪ | શાપુરજી સકલાનવાલા |
| ૨૯ | ૧૮૮૨ | હીરાલાલ ત્રિ. પારેખ |
| ૨૯ | ૧૯૦૦ | એરિક ફ્રોમ (જર્મની) |
| ૩૧ | ૧૫૯૬ | રેને દેકાર્ત (નેધરલેન્ડ) |
| ૩૧ | ૧૮૦૯ | નિકોલાઈ ગાંગોલ (રશિયા) |
| ૩૧ | ૧૮૦૯ | ઍવર્ડ ફિટ્ઝજિરાલ્ડ (બ્રિટન) |
| ૩૧ | ૧૮૭૫ | ભોગીન્દ્રરાવ દિવેટિયા |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

# પ્રખર રાષ્ટ્રવાદી ડૉ. લોહિયા

જન્મ શતાબ્દી

• પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

**જન્મ : ૨૩મી માર્ચ, ૧૯૧૦ • અવસાન : ૧૨મી ઓક્ટોબર, ૧૯૬૭**

ડૉ. રામમનોહર લોહિયાનું જન્મ શતાબ્દી વર્ષ ઉજવાઈ રહ્યું છે. તેમનો જન્મ તા. ૨૩મી માર્ચ, ૧૯૧૦ના રોજ એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. તેમના પિતા શ્રી હીરાલાલ અગ્રણી કોંગ્રેસી હતા. લોહિયાનો અભ્યાસ મુંબઈની એક મારવાડી સ્કૂલમાં થયો અને ઉચ્ચ અભ્યાસ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કર્યો. તેઓ નવ વર્ષના હતા ત્યારે ગાંધીજી સાથે તેમની પ્રથમ મુલાકાત થઈ હતી.

તા. ૧૮-૪-૨૦૦૯ના 'સાધના' સાપ્તાહિકમાં શ્રી બકુલ નોંધે છે તેમ એકવાર ગાંધીજીએ સહજભાવે ડૉ. લોહિયાને કહ્યું, 'તું બહાદુર છે પણ બહાદુર તો સિંહ પણ હોય છે. તું વિદ્વાન છે પણ વિદ્વાન તો વકીલ પણ હોય છે. **આ બંને કરતાં મોટો ગુણ તારામાં છે તે શીલ એટલે કે ચારિત્ર્યનું સાતત્ય.'**

ડૉ. લોહિયા 'અલગારી ફકીર' હતા. પહેલીવાર સંસદમાં ચૂંટાયા ત્યારે તેમની પાસે માત્ર બે જોડી જ કપડાં હતાં. સંસદમાં મોડા પહોંચ્યા પણ આઝાદી જંગમાં તેમણે ૨૦ વાર જેલવાસ ભોગવ્યો હતો.

**ભારતના વિભાજન સમયે ડો. લોહિયા પૂ. ગાંધીજી સાથે નોઆખલીમાં હતા. ત્યાંના કોમી દાવાનળને ઠારવા ગાંધીજી સાથે ફરતા હતા.**



૧૯૫૨માં તેઓ પ્રજા સમાજવાદી પક્ષના અધ્યક્ષ હતા. તેમના પ્રયાસોથી ૧૯૫૩માં એશિયાઈ સમાજવાદી સંમેલન ભારતમાં યોજાયું. ૧૯૫૫માં તેમણે નવા સમાજવાદી પક્ષની સ્થાપના કરી તેનું અધ્યક્ષપદ સંભાળ્યું.

તેઓ હિંદીના પ્રખર સમર્થક હતા.

ડૉ. લોહિયાના પ્રયત્નોથી ૧૯૪૨ના 'હિંદ છોડો' આંદોલન સમયે ઉષાબહેન મહેતાએ રેડિયો સ્ટેશન ચલાવ્યું. ડૉ. લોહિયાએ ઉષા મહેતાનું નામ 'રેડિયો બહેન' રાખ્યું હતું.

**ડો. લોહિયાએ પોતાની નીતિ અને સિદ્ધાંતોમાં બાંધછોડ કરી હોત તો તે વડાપ્રધાનની ખુરશી સુધી પહોંચી શક્યા હોત પણ તેઓ સત્તાના શોખીન ન હતા, પણ આમ આદમીના રાહબર હતા.**

તેમને અંગ્રેજી સામે સખ્ત નફરત હતી. પોતીની પીએચ.ડી.ની થિસીસ તેમણે જર્મન ભાષામાં લખી, જર્મનીમાંથી ડૉક્ટરેટ મેળવી હતી. 'ઇકોનોમિક્સ ઑફ સોલ્ટ' વિષય ઉપર તેમણે મહાનિબંધ લખ્યો હતો.

'માર્કેટ, ગાંધી અને સમાજવાદ', 'ઇતિહાસ ચક્ર', 'રાજનીતિમેં ફુરસત કે ક્ષણ', 'જાતિ પ્રથા', 'વિદેશ નીતિ', 'ભારત, ચીન ઔર ઉત્તરી સીમાયેં' તેમના જાણીતા પુસ્તકો છે.

તા. ૧૨-૧૦-૧૯૬૭નાં રોજ દિલ્હીમાં એક હોસ્પિટલમાં તેમનું નિધન થયું.

તેમને શ્રદ્ધાંજલિ અર્પતાં શ્રી અટલબિહારી વાજપેયીએ જણાવ્યું હતું કે, 'ડૉક્ટર સાહેબ એક મૌલિક વિચારક અને ક્રાંતદર્શી હતા. તેમનું વ્યક્તિત્વ અનોખું હતું. તેઓ સમાજવાદી હોવા છતાં પુસ્તકિયા સમાજવાદને તેઓ નથી અનુસર્યા. તેમણે ક્રાંતિનું આહ્વાન કર્યું અને ક્રાંતિને માત્ર સૂત્રો પૂરતી મર્યાદિત ન રાખી.'

ડૉ. લોહિયાને શતાબ્દી વર્ષે શ્રદ્ધાંજલિ.

*૭૭, તીરૂપતિ નીલયમ,*
*જાદવજી નગર, કૉલેજ રોડ, ભુજ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૧૨૩૭*
*મો. ૯૯૭૯૭ ૧૪૬૩૭*

*ચંદ્ર આપણી પૃથ્વી આસપાસ પરિક્રમા કરે છે. તે એક સર્કલમાં નહીં, પણ જુદી જુદી રીતે આધા રચીને ઈંડા આકારમાં ફરે છે. જ્યારે એ પૃથ્વીથી નજીકમાં નજીક હોય ત્યારે પણ પૃથ્વીથી ૨,૨૫,૭૪૦ માઈલ (૩,૬૩,૩૦૦ કિલોમીટર) દૂર હોય છે અને દૂરમાં દૂર એ ૨,૫૧,૯૭૦ માઈલ (૪,૦૫,૫૦૦ કિલોમીટર) હોય છે.*

સામા પ્રવાહે તરવું છે.....

# સત્યમેવ જયતે!!

• મૂરજી ગડા •

ભારત સરકારે એને રાષ્ટ્રનો મુદ્રાલેખ બનાવ્યો છે. અવારનવાર સાંભળવા કે વાંચવા મળતી આ ઉક્તિ સાચે જ કેટલી યથાર્થ છે? શું સત્યનો વિજય હંમેશાં નિશ્ચિત છે?

સત્યપાલન એ સાચું બોલવા ઉપરાંત ઘણું વધારે છે. એમાં પ્રામાણિકતા, વચનપાલન, ન્યાયપરસ્તી વગેરે બીજું ઘણું આવી જાય છે.

અનુભવે ઘણી વખત સત્યને હારતાં જોયું છે. રોજિંદા બનાવોમાં સત્ય કે અસત્ય, ગમે તેનો વિજય થતો દેખાય છે. ચોરી કરનાર ક્યારેક પકડાય છે પણ મોટેભાગે છટકી જાય છે. એ સામાન્ય વ્યાખ્યા પ્રમાણેનો ઘરફોડ ચોર હોય, હાથચાલાકીવાળો હોય, પરીક્ષામાં ચોરી કરતો વિદ્યાર્થી હોય કે પછી ધંધા વ્યવસાયમાં કરવામાં આવતી અપ્રમાણિકતા હોય. એનો વિજય થયો એટલા માટે કહેવાય કે થોડા સમયમાં એ બનાવ ભૂલાઈ જાય છે અને ગુનેગાર કાયદાના હાથમાંથી હંમેશ માટે છટકી જાય છે. ક્યારેક પકડાય તો એ નિયમ નહીં, પણ અપવાદ હોય છે.

જૂઠ બોલીને છટકી જવું એ સાવ સહેલું અને સલામત લાગે છે. સાચી વાત જાણવા છતાં જૂઠ આગળ આપણે નિરૂપાય હોઈએ છીએ. ઉપકાર પર અપકાર કરનારા, વાયદો આપીને ન નભાવનારા, કામ પતી ગયા પછી મોઢું ફેરવનારાઓનો અનુભવ ઘણાને હશે. આ બધામાં સત્યની હાર ઉપરાંત લાચારી પણ છે.

આ બધી નાની અને સામાન્ય વાતો થઈ. થોડી ગંભીર બાબત જોઈએ તો આપણી કાયદો અને ન્યાયની વ્યવસ્થા નિર્દોષની રક્ષા અને ગુનેગારને સજા કરવા માટે બનાવવામાં આવી છે. **જો કે કોર્ટના ચુકાદા હંમેશાં સત્યની તરફેણમાં નથી આવતા. ત્યાં વિજય થાય છે પુરાવા અને રજૂઆતનો.** કમનસીબે આજની પરિભાષામાં લાંચ રુશવત, ધાકધમકી વગેરે રજૂઆતના પાસાં બની ગયા છે. સાધનસંપન્ન, શક્તિશાળી અને ચાલાક જીતી જાય છે. પરિણામે સત્ય કે અસત્ય ગમે તે વિજયી બની શકે છે.

નૈતિકતાની અદાલતમાં આ બધા હંમેશ માટે ગુનેગાર રહે છે. એમનો ન્યાય કોણ અને ક્યારે કરે છે તે એક કોયડો છે.

**જ્યારે મોટાભાગનો જનસમુદાય ગમે તે રસ્તે વિજય મેળવવાની કોશિશ કરતો હોય એનો મતલબ ચોખ્ખો છે કે એમને સત્યના વિજય પર વિશ્વાસ નથી.** પછી ભલેને આપણે એને રાષ્ટ્રનો મુદ્રાલેખ બનાવીને એનો જાહેરમાં પ્રચાર કરીએ કે પછી ધાર્મિક આદર્શોમાં એને આગવું સ્થાન આપીએ. આપણી કરણી અને કથની વચ્ચેનો ભેદ ચોખ્ખો દેખાય છે.

વિકસિત દેશો જ્યાં કાયદા પાલનનું પ્રમાણ ઘણું સારું છે ત્યાં મોટાભાગના ગુનેગારો પકડાય છે. એમને સ્વબચાવની તક મળે છે અને ગુનો સાબિત થતાં વાજબી સજા પણ થાય છે. મોટાભાગના કિસ્સાઓમાં સત્યનો વિજય થતો દેખાય છે. આનો યશ એમના ન્યાય અને વ્યવસ્થાતંત્રને ફાળે જાય છે. જો તાત્ત્વિક રીતે સત્યનો વિજય થતો હોત તો એના પરિણામ બધે સરખા જ હોત. એમાં આવો સ્થળભેદ જોવા ન મળત. કાયદાની સ્થાપના જેટલી વધારે એટલી વધારે નીતિમત્તા જળવાય છે. જ્યાં સુધી કાયદાપાલન સર્વસ્વીકૃત ન થાય ત્યાં સુધી આપણો મુદ્રાલેખ કાગળ પર જ રહેવાનો છે.

સૌથી મોટી અને ગંભીર ઘટના છે યુદ્ધ. એમાં ઘણાની જિંદગીનો અંત આવે છે અને એમનાથી કેટલાયે વધારેની જિંદગી હંમેશ માટે બદલાઈ જાય છે. જો યુદ્ધમાં સત્યનો જ વિજય થવાનો હોત તો આક્રમણખોર હંમેશાં હારતો હોત અને પોતાના દેશની રક્ષા કરનારા હંમેશાં જીતતા હોત. વાસ્તવિક્તા ઘણી જુદી છે. આક્રમણખોર જીત્યા હોય એવા દાખલાઓથી ઈતિહાસ છલકાય છે.

યુદ્ધમાં વિજય માટે ધર્મયુદ્ધ કે રક્ષણાત્મક પક્ષે રહેવું પૂરતું નથી. વિજય થાય છે કાબેલ અને શક્તિશાળીનો. જેની વ્યૂહરચના સારી હોય, સૈનિકો તાલીમબદ્ધ હોય, શસ્ત્રો વધુ અસરકારક હોય, તે જીતે છે. બે ધાર્મિક વિચારધારાઓ વચ્ચે ઘણા સશસ્ત્ર યુદ્ધો થયા છે. બંનેનો ધર્મયુદ્ધનો દાવો હોય છે. છતાંયે હારજીત બદલાતી રહી છે. અહીં પણ વિજય સત્ય-અસત્યથી પર અન્ય બાબતો પર રહ્યો છે.

પ્રાણી જગત કુદરતી નિયમો પ્રમાણે ચાલે છે. એમના પોતાના કોઈ આદર્શો હોતા નથી. એમાં શક્તિશાળી અને ચાલાકની જીત થાય છે. શિકારી પ્રાણી એના શિકાર કરતાં વધારે શક્તિશાળી હોય છે કે પછી સમૂહમાં શિકાર કરતા હોય છે. એમનો શિકાર જ્યારે ચાલાકી અને ચપળતા દેખાડે છે ત્યારે તે બચી જાય છે અને જ્યારે ગાફેલ રહે છે ત્યારે એનું મોત થઈ શિકારીનું ભોજન બને છે.

આપણે પણ જ્યારે આપણા ઉપરીપણાનો, શક્તિનો કે ચાલાકીનો ઉપયોગ કરીને બીજા પર વિજય મેળવીએ છીએ તે આપણી અંદર રહેલી પાશવીપણાની જીત છે. પ્રામાણિકપણે કે ન્યાયીપણે જે કંઈ મેળવીએ છીએ તે આપણી સંસ્કારિતાની તેમજ સત્યની જીત છે.

**આ બધી રજૂઆત જૂઠની તરફેણમાં નથી કરવામાં આવી. આના દ્વારા 'સત્યમેવ જયતે'ની મર્યાદા તરફ ધ્યાન દોર્યું છે.**

દુનિયાના બધા જ તત્ત્વચિંતકો અને ધર્મપુરુષોએ સત્યની ઉપાસના કરી છે, હિમાયત કરી છે તેમજ માનવીય આદર્શોમાં સત્યને આગવું સ્થાન આપ્યું છે. બીજા કોઈ પણ આદર્શ માટે આટલી એકમતતા નથી, જેવા કે અહિંસા, અપરિગ્રહ, કરુણા, તપસ્યા વગેરે વગેરે. દુનિયાની બધી જ ધાર્મિક અને આધ્યાત્મિક વિચારધારાઓ એમના સામૂહિક તત્ત્વજ્ઞાન પર રચાયેલી છે. એમાંથી જ બધી

*ધીરજવાન ધાર્યું મેળવી શકે.*

સંસ્કૃતિઓ ઊભી થઈ છે. સમય અને સ્થળની મર્યાદાથી પર એવા આટલા બધા વિશ્વના મહામાનવોએ જે એક અવાજે કહ્યું છે તે ખોટું ન હોઈ શકે.

તો પછી આ બધી જ વિચારધારાઓમાં અને આગળ ચર્ચેલી, રોજેરોજ નજર સામે બનતી તેમજ અનુભવાતી વાસ્તવિકતામાં આટલો વિરોધાભાસ કેમ છે?

આના કેટલાક ચીલાચાલુ ખુલાસા તેમજ એમના પ્રત્યુત્તર / ખંડન નીચે ચર્ચ્યા છે.

— **પહેલો ખુલાસો છે — "આ કળિયુગ છે."**

+ અન્યાય, અત્યાચાર અને જૂઠ તો સદાકાળથી ચાલ્યા આવે છે. કેટલીક ધાર્મિક કથાઓ પ્રમાણે અત્યાચારીઓનો નાશ કરવા માટે કહેવાતા સતયુગમાં ઈશ્વરને પોતાને ધરતી પર આવવું પડ્યું હતું. અત્યારે કોઈ અવતાર નથી કારણ એની જરૂરત જણાતી નથી. હકીકતમાં સ્વાસ્થ્ય, આવરદા, સંપત્તિ, સ્વતંત્રતા વગેરે બધી રીતે વિચારીએ તો અત્યારે આપણે શ્રેષ્ઠ સમયકાળમાં જીવી રહ્યા છીએ. અને ભલે બીજા ગમે તે નામ આપે, યુગોની કલ્પના અને માન્યતા ભૂતકાળને વટાવનારાઓની લોકોને છેતરવાની એક તરકીબ છે. **માનવ સંસ્કૃતિ દસ હજાર વરસથી વધુ પુરાણી હોવાના કોઈ પુરાવા નથી અને જે પુરાવા છે એના પરથી વધુ પુરાણી હોવાની કોઈ શક્યતા નથી.**

— **બીજો ખુલાસો છે, "અંતે સત્યનો વિજય થાય છે."**

+ અહીં ઉમેરેલો "અંતે" શબ્દ મહત્ત્વનો છે. એના લીધે કોઈ સમય મર્યાદા ન રહેતાં એના અર્થઘટનમાં ઘણી મોકળાશ મળે છે. સમયની કોઈ ચોખવટ ન હોવાથી એ બનાવને અંતે, આપણા જીવનને અંતે કે પછી વિશ્વના અંતે પણ બની શકે છે.

ઘણી જ વજૂદવાળી અને યથાર્થ એવી એક અંગ્રેજી કહેવત છે : "Justice delaye is justice denied." "ન્યાયનો વિલંબ એ ન્યાયનો ઈન્કાર છે." "અંતે" થતા સત્યના વિજયનો આ કહેવત સાથે મેળ ખાતો નથી. "અંતે" સ્વીકારીએ તો પણ સત્ય હંમેશાં બહાર આવે જ છે એવું દેખાતું નથી. ભૂતકાળના કેટલાયે કોયડા વણઉકેલ્યા પડ્યા છે.

જો લાંબા સમય પછી સત્યનો વિજય થવાનો હોય તો એ દરમિયાન ભોગ બનતા નિર્દોષ લોકોની યાતનાનો ઉકેલ શું?

વિલંબની આવી વિચારસરણી લોકોને નિષ્ક્રિય બનાવવાનું કામ કરે છે.

— **ત્રીજો ખુલાસો છે કર્મના સિદ્ધાંતનો.**

+ આ માન્યતા આગલા ખુલાસાથી પણ બે ડગલાં આગળ જાય છે. પૂર્વજન્મ અને પુનર્જન્મને સ્વીકારવાથી બધા જ પ્રશ્નોના ઉત્તર આપી શકાય છે. આનાથી સમય મર્યાદાનો સદંતર છેદ ઊડી જાય છે. કર્મના સિદ્ધાંતનો ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંત સાથે ટકરાવ થાય છે. ઉત્ક્રાંતિવાદ પુરાવાઓ સાથે સિદ્ધ થયેલો છે જ્યારે કર્મના સિદ્ધાંત માટે કોઈ સચોટ પુરાવા નથી. એની તરફેણ કે વિરુદ્ધમાં કંઈપણ સાબિત થઈ શકતું નથી. એ વ્યક્તિગત માન્યતાનો મુદ્દો બની જાય છે.

**જે લોકો પૂર્વજન્મમાં ન માનતા હોય એમના માટે સત્યની વેળાસર ન થયેલી જીત એ હાર સમાન છે. એમના મતે કર્મનો સિદ્ધાંત એ અઘરા સવાલોના સાચા જવાબ ટાળવા માટે ઉપજાવી કાઢેલો એક ચાલાક રસ્તો માત્ર છે.**

જ્યારે ધર્મના નામે કે સત્તા માટે લાખો લોકોની સામૂહિક કતલ કરવામાં આવે છે, કોઈ એક જાતિનું પૂરું નિકંદન કાઢી નાખવામાં આવે છે, ત્યારે કર્મનો સિદ્ધાંત પાંગળો લાગે છે. એને સ્વીકારવું બુદ્ધિગમ્ય નથી લાગતું. આવો સિદ્ધાંત સાચે જ હોત તો સમસ્ત માનવજાતને લાગુ પડત. કોઈ ચોક્કસ વિચારધારા અનુસરનારાઓ માટે ન હોત. કેટલાકને મતે કર્મનો સિદ્ધાંત એ પોતાની ભૂલોની જવાબદારી ન સ્વીકારવાનો ચોખ્ખો પલાયનવાદ છે. બધો ન્યાય અહીં, આ જન્મમાં અને સમયસર મળે તો જ સત્યનો વિજય થયો ગણાય.

"સત્યમેવ જયતે"નો આદર્શ અને રોજેરોજ જોવાતી કે અનુભવાતી વાસ્તવિક્તા વચ્ચે જે વિરોધાભાસ છે એના ત્રણ ચીલાચાલુ ખુલાસા સાથે એમનું ખંડન આગળ વર્ણવ્યું છે. વાંચકો તરફથી બીજા નવા ખુલાસા કે પછી આ ખુલાસાઓની તરફેણમાં **"શાસ્ત્રોમાં લખ્યું છે" સિવાયની કોઈ તાર્કિક દલીલો હોય તો આવકાર્ય છે.** આવા નવા ખુલાસાઓની છણાવટ અને બીજા વિકલ્પો અલગ લેખમાં આવરી લેવાશે. ■

*૧, શ્યામ વાટીકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## ઉતરાણ અને જૈનો

હર વર્ષે ઉતરાણ — ૧૪ જાન્યુઆરી - પછીના એક બે દિવસ અખબારોમાં એવા સમાચાર છપાય છે કે ઉતરાણના પતંગોની દોરીના કારણે આટલા માણસોને ઇજા થઇ અને આટલા પક્ષીઓ મૃત્યુ પામ્યા અને આટલા પક્ષીઓ ઘાયલ થયા.

જૈનો અહિંસામાં માને છે? ખરેખર?

તો જૈનોના બધા ફિરકાના તમામ સાધુ-સાધ્વીજીઓને નમ્ર વિનંતિ કરવાની કે જૈન શ્રાવક-શ્રાવિકાઓ પાસે બીજી વિવિધ પ્રકારની બાધા - પચ્ચક્ખાણ - તમે જરૂર લેવડાવો, ખુશીથી લેવડાવો. પરંતુ નીચે જણાવેલ બે બાબતોના પચ્ચક્ખાણ બધાજ જૈનો-યુવાનો તેમજ પ્રૌઢો-પાસે તેમને સમજાવીને, તેમને ગળે ઉતરાવીને, જરૂર લેવડાવો.

(૧) અમે ઉતરાણમાં પતંગ નહીં ચગાવીએ અને પક્ષીઓનાં મૃત્યુ તથા પીડાના નિમિત્ત નહીં બનીએ.

(૨) કોઇ પ્રકારના ધાર્મિક કે સામાજિક પ્રસંગે અમે ફટાકડા નહીં ફોડીએ.

સાવ સામાન્ય આ બાબતો છે.

થઇ શકશે?

એક અખબારમાં છપાયેલી માહિતી અનુસાર ગયા ૬ વર્ષમાં ગળાં કપાતાં ૨૫ વ્યક્તિઓ મૃત્યુ પામી. આ વર્ષે ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સને ૧૪ તથા ૧૫ તારીખે રોજ ૩૦૦ થી ૩૫૦ વાર બોલાવવામાં આવી. દોરીથી ઇજા પામનારા મનુષ્યોની સંખ્યા ૯૧. પતંગ ચગાવતાં પડી જઇને હાડભંગ થવાના કિસ્સા ૬૬ — વર્ષ ૨૦૧૦માં.

સાંભળ્યું છે કે જૈનો અહિંસામાં શ્રદ્ધા ધરાવે છે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## ડંખ મારતી માખી

ગ્રીસના મહાન ફિલસુફ સોક્રેટીસને કોઇકે પૂછ્યું કે, "તમે તો આદર્શ વ્યક્તિ છો. તમે સ્વર્ગમાં શું થવા માગો છો?"

સોક્રેટીસનો જવાબ હતો કે ''મારે તો ડંખ મારતી માખી બનીને સમાજને સતત ચટકાં ભરવા છે જેથી તેઓ સક્રિય થાય અને સુધરતો જાય.''

*નગીનદાસ સંઘવી (નયા માર્ગ તા. ૧-૧-૧૦માંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*મૈત્રી મીઠી જવાબદારી છે.*

# ભણતર અને ગણતર

• શાંતિલાલ સંઘવી •

શ્રી જગદીશ શાહ - વડોદરાનું નામ સર્વોદયવાદીઓ અને ગાંધી માર્ગીઓમાં ઘણું જાણીતું નામ છે. તેઓ વડોદરા - ગોત્રી ખાતેના વિનોબા આશ્રમના સંચાલક મંડળમાં છે. તેઓ કહે છે, "અમારા કુટુંબના તથા અમારા આશ્રમના કર્મચારીઓના મળીને ૬ બાળકો હવે નિશાળે જતા નથી. તેમને અમે અહીં આશ્રમમાં જ જાતે ભણાવીએ છીએ. એક શિક્ષક છે. અને અમે બધા રોજ એક એક દિવસ તેમને ભણાવવા માટે ફાળવીએ છીએ. અમે કહીએ છીએ : "સ્કૂલ ચલે હમ નહીં પણ સ્કૂલ છોડે હમ."

બહુ મોટી વાત છે. આજની નિશાળોથી અને શિક્ષણથી કોણ નારાજ નથી? અરુણાબહેન ચોક્સી લખે છે "ચોથા ધોરણમાં ભણતાં બાળકને વિવિધ પ્રકારના પ્રોજેક્ટ વર્ક અપાય છે. આ બાળકને Folk Culture of Gujarat વિશે પ્રોજેક્ટ તૈયાર કરી રજૂ કરવાનું કહેવામાં આવે છે. બાળકના વાલી — ખાસ કરીને તેની મમ્મી - ક્રોસવર્ડમાંથી પુસ્તકો શોધીને એ બધું કામ મમ્મી કરી આપે છે. શિક્ષક તરફથી માત્ર વિષય આપી દેવામાં આવે છે, કોઈ સંદર્ભ સાહિત્ય આપવામાં આવતું નથી.

**વાલીમંડળ વિરોધ કરી શકતું નથી. બધાને ડર છે કે પોતાના બાળકને શિક્ષક તથા શાળા તરફથી સહેવાનું - વેઠવાનું આવશે.**

**રવીન્દ્રનાથ ટાગોર ઘેર રહીને ભણ્યા હતા. જાણીતા શાયર ગઝલ સમ્રાટ શ્રી રાજેન્દ્ર શુક્લે હિંમત કરીને પોતાના બાળકોને વગર નિશાળે ભણાવ્યા છે. સ્વ.શ્રી કે.કા. શાસ્ત્રી માત્ર મેટ્રિક સુધી ભણેલા હતા અને છતાં તે પીએચ.ડી.ના માર્ગદર્શક બની શક્યા હતા. અસાધારણ વિદ્વાન એવા સ્વ. શ્રી ભોગીલાલ સાંડેસરા મેટ્રિકમાં ૭ વાર નાપાસ થયા હતા. પછી એના હાથ નીચે અનેક સજ્જનો પીએચ.ડી. થયા હતા. આદરણીય મોરારીબાપુ મેટ્રિકમાં ૩ વાર નાપાસ થયા છે. ખુદ ગાંધીજી પણ નાપાસ થયેલા. આવા બીજા તો ઘણા - ઘણા દ્દષ્ટાંતો છે. અરે! મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન પણ ગણિતમાં નાપાસ થયા હતા!**

આજની શાળાઓ તેજસ્વી - જિનિયસ બાળકને ડલ - નિર્જિવ પૂતળા જેવું બનાવી નાખે છે. બાળકને શાળાએ ન મોકલવાની વાત કુટુંબમાં એકાદ વિચારશીલ જણ કરે તો પણ તેનો કુટુંબમાં જ વિરોધ થાય છે. કુટુંબમાં આ બાબતે એકમતી થતી નથી. એટલે વિશેષ પ્રયોગો થતા નથી.

આજે આપણી પાસે શાળાના પ્રત્યેક ધોરણના તબક્કા માટે એટલું વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે કે જે બાળક લખતાં - વાંચતા શીખ્યા બાદ ક્રમશઃ બાળકને આપીને તેને જ્ઞાન સમૃદ્ધ બનાવી શકાય. આમાં મહેનત પણ ઓછી છે, ફાયદા વધારે છે, બંધન ઓછા છે, મુક્તિ વધારે છે.

અનુકૂળતાએ, નવરાશે, મન થાય ત્યારે અભ્યાસ કરવાનો છે. ઉતાવળ કરવાની નથી. માર્કશીટની ગુલામી ભોગવવાની નથી. ગોખણપટ્ટી કરવાની નથી. માર્કશીટના આધારે હોંશિયારી માપી શકાય જ નહીં. **બધા જ સફળ મહાનુભાવો નાનપણમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી બતાવનારા ન હતા. ધીરુભાઈ અંબાણી ઝાઝું ભણેલા ન હતા.**

પરીક્ષામાં સારા માર્ક લાવનાર 'તેજસ્વી તારલા'ઓનું બહુમાન કરવાની પ્રથા હવે લગભગ દરેક જગ્યાએ છે પણ 'તેજસ્વી' તારલાઓ બધા તેજસ્વી નથી હોતા અને ઝાંખા તારલાઓ ઝાંખા નથી હોતા. **વધારે માર્ક લાવનાર હોંશિયાર અને ઓછા માર્ક લાવનાર ઠોઠ, એ ગ્રંથિ મગજમાંથી કાઢી નાખવાની પરમ આવશ્યક્તા છે. આ થિયરી પ્રમાણે કદી કોઈ બાળકનું મૂલ્યાંકન થવું ન જોઈએ.** અગાઉ જેવા શિક્ષકો હવે રહ્યા નથી. મોટાભાગના શિક્ષકો પાસેથી જ્ઞાનની અપેક્ષા રાખવા જેવી નથી. તેમજ શીલ ચારિત્ર્યની પણ ખાસ અપેક્ષા રાખવા જેવી નથી. **પેટ માટે નોકરું કૂટતા શિક્ષકો આપણા બાળકોને જ્ઞાની અને સંસ્કારી નાગરિક બનાવી શકે એ માન્યતા જ ભૂલભરેલી છે.** શિક્ષણ ખાતામાં અને પ્રથામાં જે ભયંકર ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેની તો વાત જ કરવા જેવી નથી.

હવે ધીરે ધીરે એવું વાતાવરણ તૈયાર થઈ રહ્યું છે કે માત્ર ડિગ્રીના આધારે કોઈ સારી નોકરી મળતી નથી. અને એકવાર મળી પણ જાય તો પણ તે પછી પોતાની શક્તિ, આવડત અને યોગ્યતા પુરવાર કરવી પડે છે. જો તે પુરવાર ન થાય તો નોકરી ગુમાવવી પડે છે. સખત મહેનત કર્યા વગર યોગ્યતા કદી પ્રાપ્ત થતી નથી.

વેવલાઈ ભરેલી ધાર્મિક માન્યતાઓ, વેવલાઈ ભરેલા સામાજિક રીતરિવાજો, વેવલાઈ ભરેલી ટી.વી. સીરિયલો, લોકોને બેવકૂફ બનાવનારી ક્રિકેટની મેચો વગેરેમાં સમય બગાડનાર કદી જિનિયસ બની શકતો નથી. તે માત્ર ગોખણપટ્ટી થકી કે પછી લાગવગ અને પૈસા થકી સારા માર્ક મેળવી શકે. પણ પછી જ્યારે જીવનમાં વાસ્તવિક મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે ત્યારે તે નિષ્ફળ જાય છે — હતાશ થઈ જાય છે, બીજાને દોષ આપે છે.

દરેક યુવાન / યુવતીએ સતત વાંચવું જોઈએ. સતત વાંચતા રહેવું જોઈએ, ખૂબ વાંચવું જોઈએ. દરેકે દરેક જૈન ગૃહસ્થના ઘરમાં પોતાની અંગત લાઈબ્રેરી હોવી જ જોઈએ. અને તેની પાસે ઓછામાં ઓછા (રિપીટ ઓછામાં ઓછા) ૧૦૦ પુસ્તકો તો

*તમારા ભાગ્યના ઘડવૈયા તમે પોતે જ છો. બધી જ સહાય અને શક્તિ તમે તમારી અંદર આપવામાં આવેલી છે. તેનો ઉપયોગ કરી તમારા ભાગ્યને તમે જ સર્જો.*

હોવાં જ જોઈએ. અને બધાં પુસ્તકો જાતે વાંચેલા હોવાં જોઈએ.

જૈન એટલે જ વિદ્વાન એવી એક પ્રબળ છાપ ઊભી થવી જોઈએ.

શાળાની ગુલામી — નહીં
શિક્ષકની ગુલામી — નહીં
પરીક્ષાની ગુલામી — નહીં
ડિગ્રીની ગુલામી — નહીં
ટકાની ગુલામી — નહીં

લખતા વાંચતા બરાબર આવડી ગયા પછી જો હોય હિંમત તો જાતે જ ભણો. હવે તો ઈન્ટરનેટની મદદથી પણ જે વિષય ભણવો હોય તે ભણી શકાય છે. શાળા - કૉલેજ કરતાં ઘણી સારી રીતે ભણી શકાય છે.

આંધ્ર પ્રદેશના કુર્નુલ શહેરમાં - ૧૯૮૨માં — એક સદ્‌ગૃહસ્થ સાથે સત્સંગનો સુઅવસર મને મળેલો. તે સજ્જનની તે સમયે ઉંમર ૮૨ વર્ષની હતી. તેમણે કુર્નુલમાં જબરી આર્થિક જમાવટ ઉપરાંત ઉત્તમ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. વાતવાતમાં મેં તેમને પૂછી લીધું કે, "બાપા, તમે આટલી બધી જમાવટ કચ્છથી અત્રે આવીને કરી અને અસાધારણ નામના પણ મેળવી તો તમારું ભણતર કેટલું?"

બાપાએ હસીને જવાબ આપેલો કે, "ભઈલા, ઘેરથી ત્રીજા ધોરણની ચોપડી લઈને સ્કૂલે જવા નીકળેલો. રસ્તામાં એક કૂવો આવ્યો એમાં ચોપડીઓ નાખી દીધી. પછી કદી સ્કૂલનો દરવાજો જોયો નથી, એટલે જ તો આજે આ સ્થિતિમાં પહોંચી શક્યો છું."

ભણતર અલગ ચીજ છે, ગણતર અલગ ચીજ છે. તમે પણ જો આસપાસ નજર કરશો તો તમને ઘણા બધા ભણેલા મૂરખાઓ દેખાશે.

**મારી સમજ મુજબ હવે પરીક્ષામાં વધારે ટકા લાવનાર 'તેજસ્વી તારલા'ઓનું બહુમાન કરવાની પ્રથા બંધ કરવી જોઈએ. એ પ્રથાને કારણે જેને ઓછા ટકા મળ્યા હોય તેવા બાળકોના મનમાં લઘુતાની ને હીનતાની ભાવના જન્મે છે. ૫૦ બાળકો બેઠા હોય અને એમાંથી ૧૦નું બહુમાન થતું હોય અને ૪૦ બાળકો એ જોતા હોય એ દૃષ્ટિ બિલકુલ ઈષ્ટ નથી.**

**આપણે એ યાદ રાખવાની જરૂર છે કે જે લોકો માત્ર પરંપરાને અનુસરે છે તેઓ સમાજને સહેજ પણ આગળ લઈ જઈ શકતા નથી, પરંતુ જે લોકો પરંપરાભંજક છે તેવા લોકો જ સમાજને આગળ લઈ જાય છે.**

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

*(નોંધ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિ, મહિલા વિકાસ સમિતિ, વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ તથા શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનરશ્રીઓ અને સભ્યશ્રીઓને વિનંતી કે તેઓ આ લેખ બાબતે યોગ્ય વિચાર-વિમર્શ કરે અને આ લેખની વિગતો યોગ્ય લાગે તો પોતાની કાર્યવાહીમાં આ વિચારોનો અમલ કઈ રીતે થઈ શકે તેની ચર્ચા વિચારણા કરે.*

*— મુખ્યતંત્રી)*

## ભારતમાં ખેડૂતોની આત્મહત્યા

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ્ બ્યૂરોના રિપોર્ટ અનુસાર વર્ષ ૧૯૯૭થી અત્યાર સુધીમાં કુલ્લે એક લાખ નવ્વાણુ હજાર એકસો બત્રીસ (૧,૯૯,૧૩૨) જેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

***'લોક સ્વરાજ' (ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકમાંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# વિદ્યાર્થીઓના આપઘાતના બનાવની ભીતરમાં.....

• પ્રા. પૃથ્વી શાહ •

છેલ્લા કેટલાક સમયથી પરીક્ષાનું પેપર ખરાબ જવાથી અથવા પરિણામ નબળું આવવાના ભયથી વિદ્યાર્થીઓના આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે. તાજેતરમાં નવા વાડજ - અમદાવાદના ધોરણ-૧૧ના વિદ્યાર્થીએ આપઘાત કર્યો. એવી જ રીતે ધોરણ-૧૨નો વિદ્યાર્થી નિર્ઝર સુખી પરિવારનો હતો. એરોનોટિકલ ઈજનેર બનવા માંગતો હતો. નિયમિત વાંચતો હતો. છતાં પરીક્ષાના ભયમાં પેપર યોગ્ય રીતે લખી ન શક્યો અને ઘરના રૂમમાં પંખે દોરડું બાંધી ફાંસો ખાઈ લીધો. વસ્ત્રાલના રાજુભાઈ પ્રજાપતિએ તેમના બાર વરસના સાતમા ધોરણમાં ભણતા પુત્રને ભણવા પ્રત્યે લક્ષ આપવા ઠપકો આપ્યો અને પુત્ર પંખે લટકીને મૃત્યુને ભેટ્યો. સાચો ઠપકો પણ પુત્ર સહન ન કરી શકે એ કેવું? **આવા બનાવ બને ત્યારે શિક્ષણ પદ્ધતિ પ્રત્યે આંગળી ચીંધાય છે, પરંતુ વાસ્તવમાં શિક્ષણ પદ્ધતિમાં પાછલા વરસોમાં ખાસ મોટા ફેરફાર થયા નથી ત્યારે આવા બનાવ અંગે સમાજ વ્યવસ્થા અને મા-બાપના માનસને સમજવાની પણ તાતી જરૂર છે.**

કેટલાક ઘરમાં ઊંચું પરિણામ મેળવવા દીકરાને સતત દબાણમાં રખાય છે. પરિણામના સંદર્ભમાં તેને ધમકાવાય છે. અન્યની તુલનામાં તેને ઉતારી પાડવામાં આવે છે. આવા સમયે પોતાને એકલો અને નિઃસહાય મહેસૂસ કરતો દીકરો ક્યારેક અંતિમ પગલું ભરી બેસે છે. આવા બનાવ હવે વધી રહ્યા છે. આવો બનાવ બને ત્યારે ભણતરના ભારને જવાબદાર ગણવામાં આવે છે. ક્યારેક કારણ કંઈક હોય છે અને કારણ બીજું જ માની કાગારોળ કરવામાં આવે છે. ખરેખર, મા-બાપે પણ તેમના મનનું શાંત ચિત્તે નિરીક્ષણ કરવાની જરૂર છે.

આ પળે એક દાખલો અભ્યાસ કરવા જેવો છે. એક પતિને નબળી કામગીરી માટે ઓફિસમાં શેઠ ધમકાવે છે. શેઠ પર મનમાં ક્રોધ તો ઘણો ચઢ્યો હોય છે પરંતુ તે વ્યક્ત કરવામાં નોકરી જવાની ભીતિ હોય છે. તેથી પતિ ક્રોધને મનમાં સંઘરી હસતે મોઢે શેઠની ધમકી સાંભળી લે છે. ઘેર આવી પતિ તેની પત્ની પર કોઈપણ બહાને ગુસ્સો વ્યક્ત કરે છે. દાળમાં મીઠું સહેજ વધુ છે કે રોટલી કેમ ઠંડી પીરસી? અથવા ફરી એ જ શાક કેમ બનાવ્યું? એ પૈકી ગમે તે બહાને પત્નીને ધમકાવે છે. ભારતમાં પત્ની તેના પતિની સામે ભાગ્યે જ થાય. પતિને પરમેશ્વર કે માલિક તરીકે જોતી પત્ની તેની સામે બોલી શકતી નથી. તેથી પતિનો ગુસ્સો ચૂપચાપ સહન કરી લે છે. પત્ની પોતાના દીકરાના નિશાળથી ઘેર આવવાની રાહ જુએ છે. પતિ ઓફિસમાં સ્વતંત્ર નથી એમ પત્ની પણ આર્થિક રીતે પતિ પર આધારિત હોવાથી અન્યાય સામે મૌન રહે છે. દીકરો રોજની જેમ રમતો-કૂદતો ઘેર આવી ખાટલા ઉપર દફતર નાખે છે. પણ આજે ક્રોધથી ભરેલી મા તેના દીકરાની ભૂલ શોધી દીકરાને મારશે. દફતર ફેંકવાની રીત અંગે અથવા કપડાં મેલા કરી ઘેર આવવા અંગે ધમકાવશે. કદાચ થપ્પડ મારશે. બાળક ઘરમાં વડીલો સામે બોલી શકતો નથી. તેથી નાસ્તો પતાવી દીકરો રમતના મેદાન પર જશે. ક્રિકેટ રમશે. જો કોઈ નબળા છોકરાથી ક્રિકેટનો કેચ છૂટ્યો તો તેને થપ્પડ લગાવી દેશે. એ નબળો છોકરો કોઈનીય સામે થઈ શકતો નથી. એવો છોકરો મનોમન સમસમી પોતાને ઘેર જશે. પોતાના રૂમમાં જઈ રમકડાંની ઢીંગલીની ટાંગ તોડી તેને ભીંતે પછાડશે. **આમ ઓફિસમાં કોઈ ગુસ્સાનો ભોગ બને છે તેનું અંતિમ પરિણામ બિચારી ઢીંગલી પર ઉતરે છે.** તેથી આજે ભણતરના ઓઠે થતા આપઘાતની પાછળના કારણો જાણવાની ખાસ જરૂર છે.

આજના સમયમાં વાતવાતમાં "નીચું પરિણામ લાવનાર માટે જિંદગીમાં કોઈ તક નથી" એમ કહી એવાઓને નર્વસ બનાવાય છે. વાસ્તવમાં જિંદગી તકથી ભરપૂર છે. તકને ઓળખતા આવડવું જોઈએ. છાપામાં છપાયેલ કોઈ લેખ પણ ક્યારેક તક બની શકે છે. સંતોના ઉપદેશ અને શિક્ષકોના બોધમાં તક સમાયેલ છે. તમારું બળ અને તમારી શક્તિ જોઈ જવાબદારીવાળું કાર્ય સોંપાય તેમાં આગળ વધવાની તક સમાયેલ છે. બીજા માણસો કઈ રીતે આગળ આવ્યા, તેમના જીવનચરિત્રો વાંચવાથી તક ઊભી કરી શકાય છે. બદલાતા જમાનામાં બદલાતા સાધનો અંગે વિગતે જાણકારી મેળવી તક મેળવી શકાય છે. આંખો ઉઘાડી રાખી, કાનથી સાંભળવાની જિજ્ઞાસા હશે તો તકને ઓળખી જીવનમાં કાંઈક પ્રાપ્ત કરી શકાશે. પોતાને દબાણ હેઠળ મહેસૂસવાની અને નકારાત્મક વિચારોથી બહાર આવવાની જરૂર છે. જીવનમાં પોતાની પસંદગીના યોગ્ય માર્ગે આગળ વધવાની જરૂર છે.

આજના સમયમાં દીકરાને જે શિક્ષણ પસંદ ન હોય, તેનું અંતઃકરણ એ ક્ષેત્ર સ્વીકારતું ન હોય, તેના સ્વભાવને એ શિક્ષણ અનુકૂળ ન હોય, દીકરો એ વિષયમાં દિલચસ્પી ન દાખવે ત્યારે ટ્યૂશન રખાવી પરાણે એ વિષય શીખવવાથી યોગ્ય પરિણામ મળતું નથી. **મા-બાપે દીકરા પર પોતાના મનની ઈચ્છા થોપવાની જરૂર નથી.** દીકરાનું શારીરિક બંધારણ, તેના વિચાર, આવડત, શક્તિ પારખી તેને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. જ્યારે મા-બાપની ઈચ્છાના ભારણ નીચે દીકરો ભણે છે ત્યારે યોગ્ય પરિણામ પ્રાપ્ત ન થતાં દીકરાના મનમાં ભય પેસી જાય છે. તે નાસીપાસ થાય છે અને ક્યારેક આપઘાતનું પગલું ભરી બેસે છે.

હાલમાં પહેલા ધોરણથી વર્ગમાં પોતાનું બાળક પ્રથમ જ આવવું જોઈએ એવી સ્પર્ધા

***(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)***

*જે માણસ કંઈક કરવા માંગે છે, તે મુશ્કેલીમાંથી કાંઈક માર્ગ શોધી કાઢશે. જે માણસ કંઈ કરવા માંગતો નથી, તે કંઈક બહાનુ શોધી કાઢશે.*

# મન દર્પણ

• હરખચંદ સાવલા •

ફેબ્રુઆરી-૨૦૧૦ના મંગલ મંદિરનો તંત્રી લેખ વાંચી, હું આ લખવા પ્રેરિત થયો છું. શ્રી અશોકભાઇએ મહિનાઓ, વર્ષો, દસકા અને સદીઓથી પણ આગળ વિચાર કરી, હજારો વર્ષના ભારતની પરિસ્થિતિનો અહેવાલ આપ્યો. ધન્ય છે એમની દીર્ઘદષ્ટિને!

આપણી પરંપરા કેટલી બુદ્ધિગમ્ય છે તે વિચારતા પહેલાં, કેટલાક પાયાના મુદ્દાની ચર્ચા કરીએ.

આખી દુનિયાના દરેક પુખ્ત માનવના મગજનું કદ લગભગ સરખું છે - વજન ૧૫૦૦ ગ્રામની આસપાસ. જન્મ પછીની પરિસ્થિતિઓ તેમાં ફેરફાર કરે છે.

**લગભગ ૭૫,૦૦૦ વર્ષ પૂર્વે માનવીનો વસવાટ ફક્ત આફ્રિકાની એક ખીણ (હાલના કેન્યા)માં જ હતો. ત્યાંનું વાતાવરણ અને હવામાન અનુકૂળ હતું. ફળ-ફૂલ-શાકાહાર મળવું સહેલું હતું. તેથી વસતિ વધારો થયો.**

પછી ખોરાકની શોધમાં અમુક લોકો ઉત્તર તરફ ગયા. બીજા, હજારો વર્ષો પછી ભૂમધ્ય સાગર ઓળંગી યુરોપ-એશિયા તરફ ગયા. જે લોકો ઉત્તર-પશ્ચિમ તરફ યુરોપમાં ગયા, તેમને શિયાળામાં ઠંડા વાતાવરણનો સામનો કરવો પડ્યો.

**આવા ઠંડા વાતાવરણમાં ફળ-ફૂલ વનસ્પતિઓ સહેલાઇથી ન ઊગે. અસ્તિત્વ ટકાવવા માંસાહાર શરૂ કર્યો.** હજારો વર્ષ ઠંડીમાં રહેવાથી ચામડી ગોરી થઇ. વર્ષના ઘણા મહિના ઠંડીનો સામનો કરવાનો સંઘર્ષ કપરો હતો.

જે લોકો ભૂમધ્ય સાગર ઓળંગ્યા પછી પૂર્વમાં ગયા, તેમાં આગળ જતા બે ફાંટા થયા. **એક દક્ષિણ-પૂર્વમાં ભારત તરફ, બીજા ઉત્તર-પૂર્વમાં ચીન-જાપાન તરફ ગયા.**

ચીનમાં પણ વર્ષના ઘણા મહિના વાતાવરણ ઠંડું હોય છે એટલે ખેતી મુશ્કેલ હોવાથી તેઓ પણ માંસાહાર તરફ વળ્યા અને સંઘર્ષમય જીવન જીવ્યા.

જે લોકો દક્ષિણ ભારતમાં આવ્યા, તેમને ખૂબ અનુકૂળ વાતાવરણ મળ્યું. ફળદ્રુપ જમીન, તડકો અને પાણી મળવાથી અને તેના પરિણામે અનાજ તથા શાકાહારથી જીવન નિર્વાહ થયો. સંઘર્ષ ઓછો એટલે વસતિ વધારો થયો.

બીજાં હજારો વર્ષમાં માનવ-વસવાટ ઠેઠ કન્યાકુમારી સુધી ફેલાયો. અમુક લોકો સમુદ્ર ઓળંગી લંકા-ઇન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયા સુધી ગયા. **વાતાવરણ ઠંડું ન હતું એટલે ચામડીનો રંગ લગભગ આફ્રિકાના લોકો જેવો રહ્યો.**

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે દર વર્ષે બે-ચાર મહિના વરસાદ આવેજ. બાકીના સમયમાં નદીઓના પાણી મળે. એટલે શાકાહાર ઓછા સંઘર્ષથી મળી રહે વસતિ વધારો થતો રહ્યો.

વસતિના ૫૦થી ૭૦ ટકા લોકો પણ કામ કરી પૂરતો ખોરાક પેદા કરતા થયા. આ સંજોગોમાં ૩૦થી ૫૦ ટકા નવરા-સશક્ત લોકો સમસ્યા ઊભી કરે. આનંદ-પ્રમાદ વધે અને તેમાંથી લડાઇઓ શરૂ થાય. આખા સમાજનું અસ્તિત્વ જોખમાય.

**આવા વાતાવરણમાં બુદ્ધિગમ્ય લોકોએ રસ્તો કાઢ્યો. ફિલોસોફી-પ્રભુભક્તિ-અહિંસા વિકસાવ્યા. ક્રિયાકાંડ કરવા, મંદિરો બાંધવા, જીવદયા પ્રવૃત્તિઓ કરવી એ ઉચ્ચતમ બુદ્ધિ ધરાવતા માણસો જ વિચારી શકે.** શાંતિમય જીવન જીવવા તેના અનેક ફાયદા છે. વખત જતાં વધુને વધુ લોકો એ તરફ વળ્યા. **હજારો વર્ષોમાં એ શ્રદ્ધા મજબૂત થઇ, નવી પેઢીઓને આવા જીવન તરફ વાળવા ધાર્મિક રૂપ આપવામાં આવ્યું. હિંદુ-બુદ્ધ-જૈન ધર્મો આ ફિલોસોફીના અત્યારના સ્વરૂપ છે.**

શાંતિ અને સમૃદ્ધિના લીધે ભારત દેશ દુનિયાનો સહુથી વિકસિત દેશ થયો. આપણું સ્થાપત્ય, સંગીત અને બીજી તરફ કળાઓ દુનિયામાં પહેલા નંબરે હતી.

છેલ્લા ૨૦૦-૩૦૦ વર્ષ બાદ કરતાં, ભારત, દુનિયાભરનો સૌથી સમૃદ્ધ દેશ હતો. (સોને કી ચીડિયા) ઠંડા પ્રદેશોમાં અસ્તિત્વ ટકાવવા નવી શોધો અને યાંત્રિક શક્તિ જરૂરી થઇ અને વિકસી.

"Necessity is Mother of invention" કહેવત અહીં લાગુ પડે છે. શ્રી અશોકભાઇના તંત્રી લેખમાં જે શોધોનો ઉલ્લેખ છે તેના પાયામાં આ કહેવત છે.

યુરોપ અને ચીનના લોકોએ ખોરાક અને મસાલા બહારથી લાવવા વહાણવટો વિકસાવ્યો અને ઇ.સ. ૧૨૦૦-૧૩૦૦ની આસપાસ હોકા યંત્ર (compass) ની મદદથી આખી દુનિયા ફરી શક્યા. તેઓ અમેરિકા, ભારત-ઓસ્ટ્રેલિયા પણ પહોંચ્યા.

ઔદ્યોગિક ક્રાંતિને વેગ મળ્યો. છેલ્લા ૧૦૦ વર્ષમાં બધી ટેકનોલોજી આખી દુનિયામાં ઉપલબ્ધ થવા માંડી.

ખોરાક અને દવાઓ મળવાથી વસતિ

વધારો ખૂબ થયો. **હવેની બધી સમસ્યાના મૂળમાં સશક્ત-નવરા પડેલા લોકો છે. નવી સારી પ્રવૃત્તિઓ વિકસાવવી ખૂબ જરૂરી છે.**

આનંદ-પ્રમોદની ક્રિયા જે એક વખત મગજને આનંદ આપે છે, તે વ્યસન બની જાય છે. આ વ્યસનોમાં દારુ, તમાકુ, અફીણ અને બીજા ઘણા છે જેવા કે ખોરાક (ચરબી-સાકર-મીઠું) ધન પ્રાપ્તિ, સત્તા પ્રાપ્તિ, ધાર્મિક ક્રિયાકાંડ વગેરે. આ વ્યસનો છેવટે માણસના પતનનું કારણ બને છે.

માણસના મગજનું બંધારણ જ એવું છે કે જે પ્રવૃત્તિ એક વખત ખૂબ આનંદ આપે છે ત્યારે મગજમાં એન્ડોરફીન રિલીઝ થાય છે અને તે ક્રિયા કરવા માણસ ફરી-ફરી પ્રેરિત થતો રહે છે. માનવીની ઉત્ક્રાંતિમાં એનાથી થોડો લાભ પણ થયો છે.

**હમણાંના સમાચારોમાં સૌએ વાંચ્યું હશે કે ઘણાં ઉચ્ચ અધિકારીઓ (IAS કક્ષાના પણ) પાસેથી સેંકડો કરોડોની ગેરકાયદે સંપત્તિ મળી છે. આપણે વિચારીએ કે આટલા ભણેલા-ગણેલા બુદ્ધિશાળી માણસો વિચારી શકતા નથી કે જીવન સુખેથી જીવવા કેટલું ધન જોઇએ.** હકીકતમાં વ્યસનો બુદ્ધિને બંધ કરવામાં સફળ થાય છે. તે રીતે ખોરાકના વ્યસનથી વજન-વધારો થાય છે.

'કાજલ' ફિલ્મનું-આશા ભોંસલેએ ગાયેલુ ગીત આનું સચોટ વર્ણન કરે છે. તેના શબ્દો નીચે મુજબ છે.

*તોરા મન દર્પણ કહેલાયે....*
*ભલે-બુરે સારે કર્મો કો દેખે ઔર દિખાયે.*
*મન હી દેવતા-મન હી ઈશ્વર, મન સે બડા ન કોય.*
*મન ઉજીયારા જબ-જબ ફૈલે, જગ ઉજીયારો હોય.*
*ઈસ ઉઝલે દર્પન પર પ્રાણી ધુલ ન જમને પાયે.*
*સુખ કી કલીયાં-દુઃખ કે કાંટે, મન સબકા આધાર*
*મન સે કોઈ બાત છૂપે ના, મન કે નૈન હજાર*
*જગ સે ચાહે ભાગ લે કોઈ, મન સે ભાગ ન પાય.*

**દુઃખના કાંટા, સુખના ફૂલોનું રક્ષણ કરે છે, તે યાદ રાખવું.** સંઘર્ષના વાતાવરણથી આવેલા લોકો વધુ મહેનત અને વધુ શોધ-ખોળો કરવા ટેવાયેલા હોય છે - અમુક પેઢીઓ સુધી જ. ભારતીય પ્રજા પણ એટલીજ બુદ્ધિગમ્ય છે - આપણા બાગમાં કાંટા ઓછા છે.

**આજના સંજોગોમાં, વિકસેલા દેશો કરતાં ભારતમાં જીવન વધુ સંઘર્ષમય છે. આ સંઘર્ષથી થતા ફાયદા આવતી પેઢીઓને જરૂર મળશે.**

છેલ્લે, ભારતને આઝાદી આપતી વખતે, ઈંગ્લેંડના વડાપ્રધાન ચર્ચિલે ટીકા કરેલી કે, ભારતને લોકશાહી આપવી એટલે વાંદરાના હાથમાં અરીસો (દર્પણ) આપવા જેવું છે. ત્રણ સંજોગોની તેમણે ભવિષ્યવાણી કરી હતી : (૧) આ અરીસો ટૂંક સમયમાં તૂટી જશે, (૨) તૂટેલા અરીસાના કાચથી વાંદરો પોતાને જ ઈજા પહોંચાડશે, (૩) કદાચ અરીસો સરખી રીતે વાપરશે તો તેમાં પોતાનું કદરૂપું મોં દેખાશે.

**આપણે નસીબદાર છીએ કે આ અરીસો સાચવ્યો છે અને આપણે આપણી લોકશાહીનું રૂપ જોઇ શકીએ છીએ અને સુધારો પણ કરીએ છીએ. આવતી પેઢીઓ ભારતને ફરી દુનિયાના સૌથી સમૃદ્ધ દેશ તરીકે જોઇ શકશે. દુનિયાભરના લોકો આવી શક્યતા જોઇ રહ્યા છે.** ■

*અર્પિત બંગલો, સેતુ સોસાયટી, દેવકીનંદન દેરાસરની ગલીમાં, મેમનગર, અમદાવાદ-૫૨. ફોન : (૦૭૯) ૨૭૯૧૧૮૦૦*

## અસીલને છેતરવાની પદ્ધતિ

બીજું વિશ્વયુદ્ધ ચાલુ હતું તે સમયની વાત છે. ઈંગ્લેંડના વડાપ્રધાન હતા સર વિન્સ્ટન ચર્ચિલ. આ ચર્ચિલે એક જાણીતા જ્યોતિષીની મદદ માગેલી. જ્યોતિષીએ ચર્ચિલને પૂછ્યું કે 'મારે તમને હુમલો કરવા માટેના સારા મુર્હૂતો શોધી આપવાના છે?' ચર્ચિલ કહ્યું કે 'ના, તમારે એવું કશું કરવાની જરૂર નથી. તમારે મને માત્ર એટલું જ શોધી આપવાનું છે કે હિટલરનો જ્યોતિષી એને શી સલાહો આપતો હશે.' ચર્ચિલની વાત સાંભળ્યા પછી જ્યોતિષીએ કહ્યું કે 'હું અનુમાન લગાડવાનો પ્રયત્ન કરીશ પણ કશું જ ચોક્કસ કહી શકીશ નહીં. કારણ કે દરેક જ્યોતિષીની પોતાના અસીલને છેતરવાની પદ્ધતિ જુદી જુદી હોય છે.'

*('નિરીક્ષક' તા. ૧-૧-૧૦માંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## વિદ્યાર્થીઓના આપઘાતના બનાવોની ભીતરમાં

*(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)*

વધી છે. પ્રથમ તો એક જ આવશે. પરિણામે ટ્યૂશનના ભાર નીચે બાળકને દબાવાય છે. સવારે ૭.૩૦થી ૧૨.૩૦ નિશાળ, ઘેર આવી જમ્યા બાદ તે નિશાળેથી મળેલ હોમવર્કમાં લાગી જશે. હોમવર્ક પૂર્ણ થતાં દૂર ટ્યૂશનના હેતુથી જશે. ટ્યૂશનેથી થાકી આવશે અને તેને ટ્યૂશનમાં અપાયેલ હોમવર્ક માટે બેસાડાશે. નાના બાળકને બપોરે આરામ નહીં મળે. સાંજે નાના બાળકો સાથે રમવાની, અલકમલકની વાત સાંભળવાની તક નહીં સાંપડે. બહુ તો વડીલો જોતા હશે એવી એકાદ ટી.વી. સીરિયલ જોવા તેને બેસાડાશે. થાકીને નાનું બાળક ઊંઘી જશે. પરિણામે તે સ્વતંત્ર રીતે ખીલી શકતું નથી - વિકાસ પામી શકતું નથી. આવા દબાણ હેઠળનું જીવન સમજણ વધતાં તેને ભારરૂપ લાગવા માંડે છે.

અગાઉ સંયુક્ત કુટુંબ હતા. દાદા-દાદી ક્યારેક કાકા-કાકી ઘરમાં હોય. સરખી ઉંમરના ભાઈઓ-બહેનો ઘરમાં હોય. પરિણામે કુટુંબનો સભ્ય સરખી ઉંમરની વ્યક્તિ પાસે પોતાની ભણવાની મૂંઝવણ વ્યક્ત કરી માર્ગદર્શન મેળવી શકતો. એકલી વ્યક્તિના મનમાં ચાલતા નિરાશાજનક વિચારો - ચિંતાઓમાંથી તે મુક્ત બની શકતો. હવે વિભક્ત કુટુંબ છે. મા-બાપ બંને કદાચ નોકરી કરતા હોય. છોકરો ઘરમાં એકલો હોય. **પરિણામથી દબાણ હેઠળ હોય ત્યારે આશાનું કિરણ બતાવી જીવન ઉગારનાર - માર્ગદર્શક તેને આસપાસ જણાતો નથી.**

આપણે વાલી તરીકે આપણા મનની આકાંક્ષા દીકરા ઉપર થોપી આપણી અપેક્ષા સંતોષવામાં દીકરાના મનની ઉપેક્ષા તો નથી કરતા એ પ્રત્યે લક્ષ આપવાની જરૂર છે. ટ્યુશનના પૈસા અને શાળાની ઊંચી ફી ખર્ચવાની સાથે બાળકની લાગણી સમજવામાં - તેના મનને સમજવામાં ઊણા તો નથી ઉતરતા, એ સમજવાની જરૂર છે. **માત્ર ભણતરના ભારને જવાબદાર ગણી નિર્દોષ બાળકોના થતા કમોતને માત્ર સમાચાર તરીકે જોવાને બદલે આપણી અંદર આપણા વર્તન અને આજની સમાજ વ્યવસ્થા અંગે પણ ચિંતનની જરૂર છે.**

*પ્લોટ-૫૭૧/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

*આચારમાં ઉતાર્યો હોય એટલો જ ઉપદેશ આપો.*

નર્મદા - સરદાર સરોવર
TISS REPORT
સંશોધન લેખ શ્રેણી
(૫)

# યોજના-અમલીકરણમાં તેજ-ગતિ આણવા કેન્દ્ર પાસેથી રૂ. ૫,૦૦૦ કરોડ ઉલેચાવાયા, પણ – ગતિમાં ડીંગો!

પ્રવીણચંદ્ર શાહ


સાધારણ સરેરાશ બોલવામાં કે લખવામાં 'નર્મદા યોજના' તરીકે જેને ગુજરાતમાં સંબોધાય છે, તે 'સરદાર સરોવર યોજના' છે. 'નર્મદા' તરીકે સંબોધાય છે એમાં થોડીઘણી પ્રાદેશિક સંબોધન અને મૂળ પ્રાયોજનની ભેળસેળ છે.

મૂળ વિરાટ પ્રાયોજનનું અંગ્રેજી નામ Narmada Valley Development Project છે; ગુજરાતીમાં 'નર્મદા ખીણ વિકાસ પ્રાયોજન' છે. ગુજરાતની 'સરદાર સરોવર યોજના' મુખ્ય એક ડૅમની છે. નર્મદા ખીણ વિકાસ પ્રાયોજનનો એ એક ભાગ છે અને વિભાગીય રીતે ૩૦મો (ત્રીસમો) ભાગ ગણાય કારણકે 'નર્મદા વૅલી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ'માં તો નર્મદા મહાનદી પર ૩૦ મોટા ડૅમો અને ૩૦૦૦ નાના બંધ - ડેમ બાંધવાનું વિરાટ આયોજન છે.

- **પાયાના મૂળ સંકલ્પો :**

ગુજરાતની સરદાર સરોવર યોજના હેઠળ ૩ ખાસ મહત્ત્વના લાભો ગુજરાતને થાય તેવા સંકલ્પનું આયોજન છે. તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ – ટૂંકમાં TISS નો સંશોધન અને વિશ્લેષણ અહેવાલ, જેની પરિચય માહિતી અત્યાર પહેલાના, આ લેખ શ્રેણીના ૪ લેખોમાં અપાઈ ચૂકી છે, તે 'તીસ સંશોધન અહેલવામાં ત્રણ ભાગે જુદી જુદી દર્શાવાઈ છે : (૧) સિંચાઈ (ઈરિગેશન), (૨) પીવાનું પાણી (ડ્રિન્કિંગ વોટર) અને (૩) વીજળી (પાવર).

આ લેખમાં સિંચાઈ (ઈરિગેશન) ક્ષેત્રના જે લાભો હાંસલ કરવાનું આયોજાયું છે તેની અને વાસ્તવિક હકીકતમાં આ પ્રાયોજને શું પ્રગતિ કરી છે કે શું હાંસલ કર્યું છે તેની ટૂંક વિગતોનો સમાવેશ છે.




સરદાર સરોવર પ્રોજેક્ટ, ટૂંકમાં એસ.એસ.પી.ના મૂળ આયોજનની સંકલ્પ - ડિઝાઈનમાં આ ડૅમથી ૧૭.૯૨ લાખ હેક્ટરની ભૂમિને અને રાજસ્થાનની ૭૩,૦૦૦ હેક્ટરની જમીનને સિંચાઈ માટેનું પાણી પૂરું પાડવાનો ઉદ્દેશ રખાયો છે. લાભાન્વિત કરાનારી જમીનના વિસ્તારને 'કમાન્ડ એરિયા', પિયત થનારી જમીનની યોજનાઓને તબક્કાઓમાં મૂકાઈ છે. જે બે રાજ્યો – ગુજરાત અને રાજસ્થાન – લાભાન્વિત થનાર છે તે બે રાજ્યોએ એવો દાવો કરેલો હતો કે ૨.૪૬ લાખ હેક્ટરને સિંચિત કરાશે, એટલે કે પિયત બનાવાશે. જ્યારે આ ડૅમની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટરે લઈ જવાઈ ત્યારે એવી ગણતરી જાહેર કરાઈ હતી કે વધારાના ૩.૫ લાખ હેક્ટર જમીનને પણ સિંચિત કરી પિયત બનાવાશે. એટલે કે મૂળ આયોજનવાળી ૨.૪૬ લાખે હેક્ટર + ૩.૫ લાખ હેક્ટર એમ બંને મળીને ૬ લાખ હેક્ટર જમીનને સિંચિત કરી, પિયત બનાવાશે.

'તીસ રિપોર્ટ' નોંધે છે (પૃષ્ઠ-૭) કે આ દાવાઓ પ્રમાણેની જમીનના મોટા ભાગનાને સિંચાઈ હેઠળ લાવી શકાઈ નથી; કેમકે ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક - પાણી પ્રસારણની વ્યવસ્થા ગોઠવવામાં વિલંબ થતો રહ્યો છે. પ્રારંભમાં એવું જણાવાયું હતું કે ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક ૭૫,૦૦૦ કિલોમીટરનું થશે. પ્રારંભમાં એટલે ૧૯૯૦ વાળા દાયકાની શરૂઆતમાં હમણાં થોડા સમય પહેલાં ૨૦૦૮ દરમ્યાન ગુજરાતના મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પ્રસારણની લંબાઈ લગભગ ૯૦ હજાર કિલોમીટરની થશે.

પરંતુ હકીકતી વાસ્તવમાં આ ઉદ્દેશ અને ગણતરી અમલી બની શકી નથી.

*નમ્રતાની મીઠાશ, મીઠાઈ કરતાં વધુ મીઠી હોય છે.*

● **વાસ્તવિક હકીકત :**

હકીકતી વાસ્તવમાં સ્થિતિ - પરિસ્થિતિ 'તીસ રિપોર્ટ'માં નોંધાયા (પૃષ્ઠ ૭-૮) પ્રમાણે, તે આ મુજબ છે :

★ ઈ.સ. ૧૯૯૬થી ૨૦૦૮ની વચ્ચે કેન્દ્ર સરકારની (એક્સિલરેટેડ ઇરિગેશન બેનિફિટ પ્રોગ્રામ) સિંચાઈના લાભો તેજ ગતિથી મેળવવા માટેની ઝુંબેશ - કાર્યક્રમ હેઠળ ગુજરાત રાજ્યને રૂા. ૪,૮૮૭ કરોડ આપવામાં આવ્યા અને આ જ કાર્યક્રમ અન્વયે રાજસ્થાન રાજ્યને રૂા. ૬૨૫ કરોડ આપવામાં આવ્યા. તેમ છતાંય, કેનાલ-નેટવર્ક, કેનાલો બનાવવાની કામગીરી લંગડાતી અને વિલંબાતી રહી છે. ગુજરાતના મુખ્ય પ્રધાને વિધાનસભાના ફ્લોર પર જે જવાબો આપ્યા છે,તે અનુસાર ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં માત્ર ૧૯% કામ આટોપાઈ શક્યું છે.

★ બંધ (ડૅમ) આધારિત સિંચાઈની યોજનામાં માઈનોર અને સબ-માઈનોર કેનાલોનું બાંધકામ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એસ.એસ.પી. - સરદાર સરોવર યોજના અન્વયે સિંચાઈ ક્ષેત્ર, કમાન્ડ એરિયા ડેવલપમેન્ટની કામગીરી ગંભીર રીતે વિલંબાતી રહી છે. ગુજરાતના કુલ્લે આયોજનના ૪૧ ટકા બ્રાંચ કેનાલોનું કામ અને ૭૬% સબ બ્રાંચ કેનાલોના કામો, ગુજરાત રાજ્યે પૂરા કરવાના બાકી છે. (આ આંકડા ૨૦૦૭ સુધીના છે. તે પછીના સમયગાળામાં, વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન કેનાલોનું કામ અંદાજે માત્ર ૧૦૦૦ કિલોમીટરનું જ વધારાનું થઈ શક્યું છે તેવું 'માહિતી હક્ક કાયદા' હેઠળ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં 'નર્મદા-નિગમ' દ્વારા સત્તાવાર રીતે અને જનહિતની દૃષ્ટિએ બેશરમપણે જણાવ્યું છે.

★ સૌથી પહેલા તબક્કામાં જ (માઈનર અને ફીલ્ડ ચેનલ્સ)ના કામો અધૂરાં થયાં છે અને રહ્યા છે.

● **આઘાતજનક વાસ્તવિક્તા :**

★ ગુજરાતનો કૃષિ વિકાસ અને કૃષિ વિકાસ મારફતે આર્થિક - સામાજિક વિકાસની ખ્વાહિશ ધરાવનારી ગુજરાતી પ્રજાને જાણીને આઘાત લાગે તેવી કઠોર વાસ્તવિક્તા 'તીસ રિપોર્ટ'માં નોંધવામાં આવી છે અને તે ગુજરાત સરકારના પો—તા—ના ખુદ દ્વારા કરાયેલી કબૂલાતોના આધારે નોંધાઈ છે. ગુજરાત રાજ્યના ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ના 'સોશિયો ઇકોનોમિક રિવ્યૂ' — સામાજિક આર્થિક અહેવાલમાંની વિગતોથી એમ જાહેર થાય છે કે ગુજરાતમાં મહત્તમ ઇરિગેશન યુટિલાઈઝેશન - સિંચાઈ - સંચિત વિસ્તાર ૧.૫૩ લાખ હેક્ટરે સ્થગિત થયેલો પડ્યો છે. છેક માર્ચ, ૨૦૦૨માં જ્યારે ૯મી પંચવર્ષીય યોજના પૂરી થઈ ત્યારે ગુજરાતમાં લગભગ ૧,૩૦,૦૭૫ હેક્ટર સુધીનો સિંચિત - જમીન વિસ્તાર હતો. આનો અર્થ એ કે ૨૦૦૨ પછીના ૨૦૦૮-'૦૯ સુધીના લાંબા સમયગાળામાં ગુજરાતના સિંચિત - ભૂમિ ઉપયોગના વિસ્તારમાં સાવ જ નજીવો, લગભગ ૨૩૦૦૦ હેક્ટરનો જ ઉમેરો થયો છે, જે ગુજરાત સરકારના પોતાના જ દાવા પ્રમાણે, સરદાર સરોવર ડૅમની ઊંચાઈ ૧૨૨ મીટર પર પહોંચેલી અને કેન્દ્ર સરકાર તરફથી સિંચાઈ તેજ ગતિથી વધારવા માટે રૂા. ૪,૮૮૭ કરોડ કેન્દ્ર સરકાર પાસેથી ગુજરાત સરકારે પોતાની તિજોરીમાં ઠાલવેલા. તેના પછી રૂપિયા હોવા છતાં અને વર્ષો વીત્યા હોવા છતાંય ગુજરાત રાજ્યના સિંચાઈ બળદ ગાડાંના પૈડાં ઠેરના ઠેર જ છે.

● **વપરાશકારોની મંડળીઓ :**

★ એક વધારાની કઠોર વાસ્તવિક્તા પણ 'તીસ સંશોધન / વિશ્લેષણ રિપોર્ટ'માં (પૃષ્ઠ-૮) નોંધવામાં આવી છે. તે છે, ખેડૂતોના ડીઝલ પંપો દ્વારા મુખ્ય કેનાલમાંથી ખેંચવામાં આવતા પાણી સંબંધેની. ગુજરાતના ગ્રામ્ય પ્રદેશોમાં સિંચાઈના પાણીના ઉપયોગ કરનારાઓના (એટલે કે ખેડૂતોના) વોટર યુઝર્સ એસોસિએશનો, જળ ઉપભોક્તાઓની મંડળીઓ પાણીના નાળા અને છેલા પોતે બનાવશે એવી ખાસ મકસદ અને ધારણા એસ.એસ.પી.ના મૂળ આયોજનમાં રખાયેલી.

આમાં ચિત્ર વિચિત્ર અને રંજપાત્ર વાસ્તવિક્તા એવી ખડી થઈ છે કે સિંચાઈ જળના ઉપભોક્તા - વાપરનારા ખેડૂતોનાં ૧૧૮૬ જેટલી મંડળીઓ ૨૦૦૬ સુધીમાં રજિસ્ટર થયેલી છે, સ્થપાયેલી છે પણ તેના ૯૦ ટકા મૃતપ્રાય દશામાં છે, સાવ જ નિષ્ક્રિય છે. જે ૧૦ ટકા થોડી ઘણી પણ સક્રિય છે, તેમાંથી મોટા ભાગની મંડળીએ પોતાના માટેના નાળા / છેલા બનાવ્યા જ નથી! આનું દુષ્પરિણામ એ આવેલું છે કે હમણાંના નર્મદાના ઉપલબ્ધ સિંચાઈ જળ મેળવનારાઓ, ખેડૂતો ડીઝલ પંપ અને પાઈપોનો વ્યાપકપણે ઉપયોગ કરે છે. મુખ્ય કેનાલમાંથી ડીઝલ પંપો દ્વારા પાણી ખેંચાય છે અને પાઈપો દ્વારા ખેતરો સુધી પહોંચે છે. ગુજરાતના ૫૭,૯૧૯ એકર પિયત જમીનના ૨૬,૫૨૫ હેક્ટર એટલે ૫૪ ટકા જમીનની ખેતી કેનાલમાંથી આ રીતે પાણી ઉઠાવીને કરાઈ રહી છે.

ગુજરાતના સુ-પ્રતિષ્ઠિત પાક્ષિક 'ભૂમિપુત્ર'માંની 'તીસ રિપોર્ટ' વિષયક શ્રી રજની દવેની અભ્યાસપૂર્વકની છણાવટમાં (૧૬ જૂન, ૨૦૦૯)માં નોંધાયું છે કે ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ પૂરી પાડવાના સેવાયેલા સ્વપ્નમાંથી હાલ તો માત્ર ૧ લાખ હેક્ટર કરતાં પણ ઓછી જમીનને પાણી પહોંચે છે. નજીકના ભવિષ્યમાં કેનાલ નેટવર્ક પૂરું થવાના એંધાણ દેખાતા નથી. ગુજરાત સરકાર હવે ખાતર પર દીવેલનો ખર્ચ કરવાનો વિચાર કરી રહી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મુખ્ય કેનાલ અને બ્રાંચ કેનાલના વિસ્તારમાં ૩૫૦૦ ઊંડા કૂવા ખોદાવવાનું આયોજન કરી રહી છે. આ કૂવામાં નહેરમાંથી પાણી નાંખવામાં આવશે. દરેક કૂવામાંથી આશરે ૧૦-૧૨ ખેડૂતો પંપ દ્વારા પાણી ઉલેચીને ખેતરમાં વાપરશે. આનાથી ૩.૫ લાખ હેક્ટરને સિંચાઈ મળશે તેમ માનવામાં આવે છે. ખેડૂતોને પંપ, પાઈપ-લાઈનનો ખર્ચ મોટાપાયે ભોગવવો પડશે. ટૂંકમાં, હાલમાં સ્થિતિ એવી છે કે પાણી છે પણ કેનાલ વ્યવસ્થાના અભાવે ખેતરો સુધી પાણી પહોંચતું નથી.

'સરદાર સરોવર ડૅમ'ના સિંચાઈ સંબંધિત પાણીની 'ખાટલે મોટી ખોટ'નું નિરીક્ષણ કરવા પછી હવે પીવાના પાણીની વાસ્તવિક્તા તપાસીએ.

*(ક્રમશઃ)*

*નવરંગ જનરલ સ્ટોર્સ,*
*ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ-૪૧૦ ૨૨૧.*

*ક્રોધ એટલે મનોબળનું મીંડું.*

# "સ્વ પ્રશંસા" – એક ચેતવા જેવો અવગુણ

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

પ્રશંસા – એ એક એવું અદ્‌ભુત ઔષધ છે જેના સેવનથી ભલભલા તુરંત પોરસાઈ જાય છે. જેનાથી મુખ ઉપર એક ગજબની લાલી છવાઈ જાય છે અને છાતી ગજગજ ફૂલવા લાગે છે. પણ આ સ્વપ્રશંસાની ભૂખ ક્યારેક વિકાસમાં અવરોધક પણ બનતી હોય છે.

એક મહાન ચિત્રકાર હતો અને તેનો પુત્ર પણ ગજબનો ચિત્રકાર. કલા જાણે વારસામાં ઉતરી હોય. પુત્ર ચિત્રકાર નવા નવા, અવનવા ચિત્રો બનાવે. તે ચિત્રો જોઈ દુશ્મનના મોંમાંથી પણ પ્રશંસાના શબ્દો સરી પડે. પ્રશંસા સાંભળી પુત્રની છાતી ગજગજ ફૂલે. પણ પુત્ર એ ચિત્ર લઈ પિતા પાસે જાય તો પિતા મોં બગાડે. ચિત્રમાંથી કાંઈને કાંઈ ભૂલ કાઢે, ગુસ્સો કરે, અપશબ્દો બોલે, તિરસ્કાર કરે.

પુત્ર વિચારે કે આખી દુનિયા મારા ચિત્રોની કદર કરે પણ બાપને મન કોઈ કીમત નથી. અત્યાર સુધીના એકેય ચિત્ર તેમને પૂર્ણપણે ગમ્યા નથી, ક્યારેય કદર કરી નથી.

અત્યાર સુધી તો પુત્ર પિતાજી જે ભૂલો બતાવે તે સ્વીકારી લેતો અને એ મુજબ સુધારા વધારા કરતો પણ હવે તેને પિતા ઉપર એક પ્રકારનો અભાવ ઊભો થયો. તેણે હવે નવા ચિત્રો પિતાને બતાવવાના બંધ કર્યા. પણ અહીંથી જ તેની કળાની ઉત્તરોત્તર થતી વિકાસ યાત્રા અટકી ગઈ.

પિતાની કચકચ પછી ભૂલો સુધરતી અટકી ગઈ. લોક પ્રશંસાના વમળમાં પુત્ર પૂરેપૂરો ફસાયો. પણ એ વાત તે ભૂલી ગયો કે આપણી પ્રસંશા કરનાર જ આપણા શત્રુઓ છે. કારણકે પ્રશંસકો વિકાસના અવરોધક છે જ્યારે આપણા કાર્યમાંથી ભૂલ કાઢનાર જ આપણા સાચા હિતેચ્છુઓ છે કારણકે આપણા વિકાસમાં તેમને રસ છે. **કહેવત પણ છે કે કડવો ઘૂંટડો માતા જ પાઈ શકે અને આથી માતા કાંઈ દુશ્મન બની જતી નથી.**

માનવીના બે મોટા દોષ છે : સ્વપ્રશંસા અને પરનિંદા. આપણી પ્રશંસા સાંભળવામાં અને બીજાની નિંદા કરવામાં કે સાંભળવામાં આપણને અનહદ આનંદની, અવર્ણનીય સુખની અનુભૂતિ થાય છે. સ્વપ્રશંસા અને પરનિંદામાં વાસ્તવિક રીતે સ્વપ્રશંસા વધુ નુકસાનકારક છે કારણકે પરનિંદામાં આપણને તે દોષરૂપ લાગે છે પણ સ્વપ્રશંસા ક્યારેય દોષરૂપ લાગતી નથી.

પરનિંદા કર્યા પછી ક્યારેક આપણો આત્મા ડંખે છે પણ સ્વપ્રશંસા દોષરૂપ લાગતી જ નથી.

બાપે દીકરાની કળાની પ્રશંસા ન કરી એટલે દીકરો અકળાઈ ગયો કારણકે તેને કદરની અપેક્ષા હતી.

**કદરની અપેક્ષા રાખનારાઓએ ક્યારેય સંઘ કે સમાજની સેવા કરવાનું સાહસ ખેડવું નહીં.** કારણકે સેવા કરનારને તો કદરના બદલે જૂતા જ પડતા હોય છે. કાળનો પ્રભાવ ગણો કે લોકોનો શુષ્ક સ્વભાવ ગણો, પણ સાચા નિષ્ઠાવાન સેવકની કદર કરવાની ખેલદિલીના દર્શન વર્તમાનકાળે દુર્લભ થઈ ગયા છે... અને માન, મોભો એ એક એવા પ્રકારનો ખોરાક છે કે જે મડદાં જ ખાઈ શકે. અર્થાત્ માણસ જીવે ત્યાં સુધી તેના માટે કોઈ સારું નહીં બોલે. મારી કદર થાય એવી જેને ભૂખ હોય, તેમણે સંઘ - સમાજના કાર્યોથી દૂર જ રહેવું.

સન્માનની ભૂખથી બે મોટા દોષ પેદા થાય છે. અહંકાર અથવા તો ક્રોધ. કદરની ભૂખ સંતોષાય તો અહંકાર પેદા થાય છે અને કદરની ભૂખ ન સંતોષાય તો ક્રોધ પેદા થાય છે.

ચિત્રકાર દીકરાને કદરની ભૂખ હતી, કદર ન થતાં તેણે બાપ પાસે જવાનું બંધ કર્યું. ચિત્રો તો તે બનાવતો રહ્યો અને લોક પ્રશંસા પણ મેળવતો રહ્યો.

એક દિવસ રાજાનું ચિત્ર બનાવવાની તેને ઑફર આવી. રાજા એક આંખે કાણો હતો. હવે શું કરવું? રાજાને કાણો બતાવે તો રાજા ગુસ્સે થાય અને આંખ બરોબર બતાવે તો વાસ્તવિક્તા પુરવાર ન થાય. ઘણી મથામણના અંતે પણ કાંઈ સૂઝ્યું નહીં. અંતે થાકીને પિતા પાસે ગયો અને મૂળ વાત કરી. પિતા એના સાચા હિતેચ્છુ હતા. અવસરની નજાકત જાણી તેમણે પુત્રને કહ્યું, 'હું તારો દુશ્મન થોડો છું? તારા ચિત્રમાં સૂક્ષ્મ ભૂલો બતાવવાનું કારણ એક જ હતું કે તારી ઝીણી ઝીણી ભૂલો પણ સુધરતી રહે અને તું જગતનો મહાન ચિત્રકાર બને. કે જેના ચિત્રમાંથી કોઈ ભૂલ જ ન કાઢી શકે. હિતેચ્છુ હોય તે જ ભૂલ કાઢી શકે. **ભૂલ કાઢનાર કોઈ ન હોય તો વિકાસ કોઈ કાળે ન થાય.'**

પુત્રને પણ પોતાની ભૂલનો અહેસાસ થયો. અંતે પોતે જે સંકટમાં ફસાયો હતો. તેમાંથી નીકળવાનો માર્ગ પૂછ્યો. પિતાએ કહ્યું આ કંઈ મોટી મુસીબત નથી. હું કહું તે પ્રમાણે ચિત્ર બનાવ.

બાણ છોડતા રાજાનું ચિત્ર બનાવ. બાણ છોડવાની મુદ્રામાં એક આંખ બંધ જ રાખવી પડે. રાજા કાણો છે એની કોઈ કલ્પના પણ ન કરી શકે અને રાજા પણ રૂઠે નહીં.

પુત્રે બાણ છોડતા રાજાનું આબેહૂબ ચિત્ર દોર્યું. રાજા સહિત બધા દંગ થઈ ગયા. ભરપૂર પ્રશંસા અને માન અકરામ મળ્યા. પુત્ર પિતાની બુદ્ધિ પર ઓવારી ગયો.

આ વાતનો સાર એટલો જ કે સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી આપણે માથે આપણી ભૂલો કાઢનાર કોઈકની જરૂર છે. પછી તે પિતાના રૂપમાં હોય - ગુરુના રૂપમાં હોય, માથે રહેલ હિતેચ્છુ ભૂલ બતાવશે તો ભૂલ સુધરશે અને ભૌતિક આધ્યાત્મિક વિકાસ શક્ય બનશે... બાકી તો આપણા સૌ કોઈમાં અગણિત ક્ષતિઓ, દોષો છે અને આપણી ક્ષતિઓ કે દોષો આપણને દોષરૂપ લાગવાના નથી અને એટલે જ તો આપણા દોષનો - ભૂલનો અહેસાસ હશે તો જ આપણું કલ્યાણ શક્ય બનશે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : (૦૭૯) ૨૫૪૬૮૧૬૦*

*ક્રોધથી કીર્તિ પણ નષ્ટ થાય છે અને ક્રોધ સ્થિર લક્ષ્મીનો પણ નાશ કરે છે.*

# યક્ષના પ્રશ્નો

• શાંતા રામેશ્વર રાવ •

બીજી એકવાર એવું બન્યું કે પાંડવ ભાઈઓ જંગલમાં એક હરણનો પીછો કરતાં કરતાં તેમના રહેવાની જગાથી ગણે દૂર અટવાઈ ગયા. માથે આકરો સૂરજ તપતો હતો અને તેમને તરસ લાગી હતી. હરણ તો ક્યાંય અદૃશ્ય થઈ ગયું. હવે ચાલીચાલીને પગે ફોલ્લા પડી ગયા હતા. તેઓ થાક્યા હતા. હવે (હરણની) શોધ કરવી નકામી છે એમ માનીને તેઓ એક સ્થળે થોભી ગયા. તેમનાં મોં (તરસથી) સૂકાઈ ગયા હતાં. ક્યાંય પાણી મળી આવશે એવી આશામાં તેઓ ચારે બાજુની જમીન ખૂંદી વળ્યા. ખૂબ ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા છતાં ક્યાંય પાણીનું નામનિશાન ન જણાતાં થાકેલા પાંડવો જેમતેમ લથડિયાં ખાતા આગળ ચાલતા રહ્યા. છેવટે આગળ ડગલું ભરવાનું અશક્ય થતાં યુધિષ્ઠિર એક ઝાડની નીચે આરામ કરવા બેઠો. તેણે સહદેવને પાણીની શોધ કરવા મોકલ્યો. એ યુવક તરત જ રવાના થયો. પરંતુ ઘણા વખત સુધી તે પાછો ન ફરતાં યુધિષ્ઠિરને ચિંતા થવા લાગી. શું થયું તે જાણવા તેણે નકુલને મોકલ્યો. નકુલે પણ તેની આજ્ઞાનું પાલન કર્યું. પરંતુ સહદેવની જેમ તે પણ પાછો ફર્યો નહિ. ત્યાર પછી યુધિષ્ઠિરે પોતાના બીજા ભાઈઓને પણ એક પછી એક પાછળ મોકલ્યા. પરંતુ તે બધાં ગયા પછી તેમનામાંનું કોઈ પણ પાછું ફર્યું નહિ ત્યારે તેમના પર કેવીક આફત આવી પડી હશે તે ન સમજાતાં તેને ખૂબ ચિંતા થઈ. છેવટે, શું થયું છે તે જાણી લેવા માટે જાતે જ જવાનું તેણે નક્કી કર્યું. તેમનાં પગલાંની છાપ જોતો જોતો આગળ વધ્યો. થોડે દૂર ગયા પછી એક ખુલ્લી જગામાં એક નાના સરખા તળાવ પાસે તે પહોંચ્યો. તેના સ્વચ્છ, સ્થિર પાણીમાં ભૂરા આકાશનું પ્રતિબિંબ પડતું હતું અને તેમાં ઊગેલાં ગુલાબી, ધોળાં અને ભૂરાં કમળો જાણે સૂર્ય તરફ પોતાનાં સ્મિત વેરતાં માથાં ઊંચાં કરી રહ્યાં હતાં. પરંતુ એ સુંદર દૃશ્ય જોઈ રહેલા યુધિષ્ઠિરને બીજું એક દૃશ્ય દેખાયું અને એ દૃશ્ય જોતાં જ તેની નસોમાંનું લોહી થીજી ગયું, કારણકે ત્યાં જમીન પર તેના ચારે ભાઈઓ ઠંડા અને નિશ્ચલ - કદાચ બેભાન અથવા મૃત્યુ પામેલી હાલતમાં - પડેલા હતા. તેમની આંખો બિડાયેલી હતી અને જ્યારે તેણે તેમને બૂમ મારી ત્યારે તેમણે તેનો ઉત્તર આપ્યો નહિ. તે જોઈને રાજાનું (યુધિષ્ઠિરનું) હૈયું વિષાદગ્રસ્ત થઈ ગયું અને તે તેમની પાસે જ ગોઠણભેર બેસી પડ્યો અને તેમને માટે ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગ્યો. દુઃખથી હાથ મસળતો તે પોતાને પણ તેમની જેમ લઈ જવા ઈશ્વરને પોકારતો વિલાપ કરવા લાગ્યો કારણકે પોતાના ભાઈઓ વિના જીવવાનું તેને માટે અસંભવ હતું.

જંગલમાંના આ તળાવ નજીક કોઈ વિચિત્ર કસોટીમાં પોતાના ચાર ભાઈઓ નિષ્ફળ નીવડ્યા હતા તે યુધિષ્ઠિર જાણતો નહોતો. ત્યાં પહેલો સહદેવ પહોંચ્યો હતો. પાણી નજરે પડતાં જ તે ખૂબ આનંદિત થઈને તેણે તળાવને કાંઠે ગોઠણ ટેકવ્યા અને પોતાની તરસ છીપાવવા તે નીચે વાંકો વળ્યો. ઓચિંતાને એ નીરવ ઝાડીમાંથી એક અવાજ સંભળાયો, "સબૂર, સહદેવ" એ અવાજે કહ્યું, "(પાણી) પીતો નહિ, કારણકે આ તળાવ જાદુઈ છે." ગભરાયેલા સહદેવે આજુબાજુ નજર કરી, પણ કોઈ તેની નજરે ચડ્યું નહિ. તે ફરી પાણી તરફ વળ્યો. પાણી ઠંડું અને આકર્ષક દેખાતું હતું. તેને ખૂબ તરસ લાગી હતી. તે કંઈ નક્કી ન કરી શકતાં થોભ્યો હતો ત્યાં જ પેલો અવાજ ફરી કાને પડ્યો.

"હું એક યક્ષ છું," તેણે કહ્યું "અને આ જાદુઈ તળાવ મારી માલિકીનું છે. મારા પ્રશ્નોનો જવાબ ન આપે ત્યાં સુધી કોઈ આ તળાવનું પાણી પી શકે નહિ."

સહદેવ ઊઠીને ઊભો થયો અને થોભ્યો.

હજી પણ તે કોઈને જોઈ શક્યો નહિ. વૃક્ષો પર કલબલાટ કરતાં પક્ષીઓ અને પાણી પર મોટેથી અવાજ કરીને ઊડતાં જીવડાં સિવાય ત્યાં પોતે માત્ર એકલો જ હોવો જોઈએ એમ તેને લાગ્યું.

"કદાચ મને એવો આભાસ થયો હોવો જોઈએ," સહદેવ સ્વગત બોલ્યો, "સખત તડકાને લીધે મારી કલ્પનાશક્તિ જાગ્રત થતી હશે."

એ અદૃશ્ય વાણી બોલનાર તરફ દુર્લક્ષ કરવાનું તેણે નક્કી કર્યું. તે એટલો થાકેલો અને એટલો તરસ્યો થયો હતો કે તેને માટે વધુ થોભવું શક્ય નહોતું. તેણે પોતાના હાથનો ખોબો કર્યો અને વાંકો વળીને તે પાણી પીવા લાગ્યો, તેના હોઠને પાણીનો સ્પર્શ થતાવેંત તેને પોતાને કોઈએ ધક્કો મારીને પાડી નાખ્યો હોય એમ લાગ્યું. તેનું માથું તરફડ્યું. તેને માટે આખી દુનિયા અંધકારમય થઈ ગઈ અને તે બેભાન થઈને નીચે પડ્યો.

થોડીવાર પછી નકુલ ત્યાં આવી પહોંચ્યો ત્યારે પોતાના ભાઈને આવી હાલતમાં પડેલો જોતાં તેને દુઃખ અને આશ્ચર્ય થયા. પણ તેને એટલી બધી તરસ લાગી હતી કે તેનાથી થોભાયું નહિ. તે તળાવના કાંઠા પાસે પાણી પીવા ઝડપથી ગયો. પરંતુ તે વાંકો વળ્યો કે તરત જ પેલો ચેતવણી આપતો અવાજ તેને પણ સંભળાયો, પણ તેણે તે તરફ ધ્યાન આપ્યું નહિ. તેણે પાણી પીધું કે તરત જ તેને પણ ધક્કો મારીને નીચે પાડી નાખી બેભાન કરી દેવામાં આવ્યો. ભીમ જ્યારે ત્યાં પહોંચ્યો. તે બળવાન

અને શક્તિશાળી હોવા છતાં અને છુપાયેલા દુશ્મનની શોધ માટે તેણે ચોમેર બાણ વરસાવ્યાં છતાં તેના પણ એવા જ હાલ થયા. અર્જુનની હાલત પણ તેનાથી કંઈ સારી નહોતી.

યુધિષ્ઠિર એ તળાવના કાંઠા પર ક્યાંય સુધી શોક કરતો રહ્યો. ત્યાર પછી પોતાની તરસ બેકાબૂ થવાનું જણાતાં તે ધીમેધીમે સરકતો તળાવના કાંઠા પાસે ગયો. પરંતુ યુધિષ્ઠિર નીચે બેસી વાંકો વળ્યો ત્યારે યક્ષનો ચેતવણીસૂચક અવાજ તેને કાને પડ્યો. "તું કોણ છે?" એમ પૂછી તેણે ચોતરફ જોયું. "તું તારા સવાલો પૂછ. હું યથાશક્તિ તેના જવાબો આપવાની કોશિશ કરીશ."

પેલો અવાજ ચાલુ રહ્યો : "હું એક યક્ષ છું, યુધિષ્ઠિર. તેં મારી ચેતવણી પર ધ્યાન આપ્યું તે સારું કર્યું. હવે મારા સવાલો ધ્યાન દઈને સાંભળ."

"સૂર્ય શેનાથી પ્રકાશે છે?"

"ઈશ્વરીય શક્તિથી," યુધિષ્ઠિરે જવાબ દીધો.

"આફત વખતે રક્ષણ કરતું કયું શસ્ત્ર માણસ પાસે છે?" યુધિષ્ઠિરે તરત જ જવાબ દીધો, "ધીરજ. આફત વખતે માણસને કામ લાગતું શસ્ત્ર ધીરજ છે."

"માણસને ધરતી કરતાં વધુ આભારી કોણે કર્યો છે? તેનું ભરણપોષણ કોણ કરે છે, આધાર કોણ આપે છે અને કોણ તેને બળવાન બનાવે છે?" યક્ષે પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું. યુધિષ્ઠિર અચકાયો નહિ. "નિશ્ચિતપણે, એક માતા જ, માત્ર માતા જ માણસને જીવન આપે છે. તેને પાળેપોષે છે. માતા ધરતી કરતાં વધુ શ્રેષ્ઠ છે."

"માણસને તેના સાથીઓ ક્યારે ચાહવા લાગે છે?" યક્ષે પૂછ્યું.

યુધિષ્ઠિરે જવાબ આપ્યો, "જ્યારે તે અહંકારનો ત્યાગ કરે છે ત્યારે."

"એવી કઈ ચીજ છે જેને ગુમાવી દીધા પછી માણસ સુખી થાય છે?" યક્ષે આગળ પૂછ્યું.

"ક્રોધ," યુધિષ્ઠિરે ખાતરીપૂર્વક જવાબ આપ્યો, કારણકે એ જાણતો હતો કે જ્યારે માણસ ક્રોધનો ત્યાગ કરે છે ત્યારે તેને પૂરી શાંતિ મળે છે.

યક્ષે આગળ પૂછ્યું, "કઈ ચીજનો ત્યાગ કરવાથી માણસ તત્કાળ શ્રીમંત થાય છે?"

"તૃષ્ણા," યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો. "તૃષ્ણાથી મુક્ત માણસ જ ખરેખર શ્રીમંત હોય છે. માણસ પાસે તેની માલિકીની હજારો ચીજો હોવા છતાં તે જો સંતોષી ન હોય તો તેને ગરીબ જ કહેવો જોઈએ." આ રીતે આગળ (સવાલ-જવાબ) ચાલુ હતા. છેવટે યક્ષે કહ્યું, "મને તારા જવાબોથી સંપૂર્ણ સંતોષ થયો છે અને તેથી હું તારા એક ભાઈને સજીવન કરીશ. કયો ભાઈ, તે તું પસંદ કર."

યુધિષ્ઠિરે પોતાના બેભાન પડેલાં ભાઈઓના શરીર પર નજર કરી. નિર્ણય કરવાનું તેને માટે બહુ મુશ્કેલ હતું. પરંતુ છેવટે તેણે કહ્યું : "કૃપાળુ યક્ષ, મારો નકુલ મને પાછો આપો."

"નકુલ જ શા માટે?" યક્ષના અવાજે પૂછ્યું. "શું ભીમ તને વધુ ઉપયોગી નથી? અવશ્ય થનારા યુદ્ધમાં તેની તાકાતનો લાભ તને નહિ થાય કે? અને અર્જુન — તું અર્જુનને કેમ પસંદ કરતો નથી? તે તને બીજાઓ કરતાં વધુ વહાલો નથી? તે સૌથી વધુ દેખાવડો અને શસ્ત્રો વાપરવામાં સૌથી વધુ નિપુણ નથી કે? તો પછી તું નકુલને જ કેમ પસંદ કરે છે?"

**ત્યારે યુધિષ્ઠિરે જવાબ આપ્યો, "યક્ષ, ધ્યાન દઈને સાંભળો. 'સદાચરણ અને સત્ય' એ જ માણસ માટે શસ્ત્ર અને સંરક્ષક સાધનો છે.** જો હું દુરાચરણ કરવા લાગું તો ભીમની તાકાત અને અર્જુનની નિપુણતા મને કામ નહિ લાગે. જો હું મારા પોતાના જ લાભ ઉપર ધ્યાન દઈ નકુલને બદલે ભીમ કે અર્જુનના પ્રાણોની ભિક્ષા માંગું, તો હું દુરાચારી ઠરીશ કારણકે નકુલ માદ્રીનો પુત્ર છે જ્યારે ભીમ અને અર્જુન મારી માફક કુંતીના પુત્રો છે. કુંતીના પુત્રોમાંથી ઓછામાં ઓછો હું તો જીવતો છું. પરંતુ જો નકુલ અને સહદેવ બંને મરણ પામે તો માદ્રીનો વંશ નાબૂદ થઈ જાય. તેથી જ હે યક્ષ, ભીમ કે અર્જુનને બદલે નકુલને જ સજીવન કરવો યોગ્ય (ન્યાયી) છે."

જ્યારે તેણે આમ કહ્યું તે જ ક્ષણે એક તેજસ્વી, મુગટધારી વ્યક્તિ યુધિષ્ઠિરની સામે પ્રગટ થઈ. તે કોઈ દેવ છે એમ તેને તરત જ ખાતરી થઈ. એ દેવ બીજા કોઈ નહિ પણ ખુદ યમ એટલે ન્યાય અને મૃત્યુના દેવ હતા. તે યુધિષ્ઠિરના સ્વર્ગવાસી પિતા હતા. યમ યુધિષ્ઠિરને ભેટ્યા અને તેમણે તેને (યુધિષ્ઠિરને) કહ્યું કે હું પાંડવોને તેમની મુશ્કેલીને ટાણે મદદ કરવા માટે આવ્યો હતો. પોતે યુધિષ્ઠિરનાં ઉદાત્ત વલણ અને શાણપણથી પ્રસન્ન થયાનું તેમણે કહ્યું. તેમણે તેના માત્ર એક જ નહિ, બધા ભાઈઓને સજીવન કર્યા.

યુધિષ્ઠિર પોતાના સ્વર્ગસ્થ પિતાને નમન કરવા ઘૂંટણિયે પડ્યો અને તેનું હૃદય કૃતજ્ઞતાથી છલકાઈ ઊઠ્યું. યમે તેને આશીર્વાદ આપ્યા અને તેનું તથા તેના ભાઈઓનું સંકટ ટાણે ઈશ્વર રક્ષણ કરશે એવું વચન આપ્યું.

***પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા***

***ફરિયાદ કરવાના બદલે તમારી અંદરની દિવ્યતાને પ્રગટ કરો, પરિસ્થિતિ આપોઆપ બદલાઈ જસે.***

# વાવણી

• ડૉ. ગિરીશ વીછીવોરા •

ભરચોમાસાના દિવસો. વરસાદનો પહેલો રાઉન્ડ પૂરો થયો હતો. મન મૂકી વરસ્યો હતો. ખેતરમાં વાવણી શરૂ થઈ ગઈ હતી. ખેડૂતોનો એ સમય એટલે રાત થોડી ને વેશ ઝાઝા. વાવણી જેટલી વહેલી શરૂ થઈ શકે એટલો મૉલ વહેલો મોટો થાય ને પાક સારો ઉતરે. ખેડૂતો બહુધા પોતાના સરંજામ સાથે સીમાડામાં જ રહે. એક ખેતરમાં વાવણી પૂરી થાય કે બીજા ખેતરે બારોબાર જાય. ઘરે ન આવે. લડતા લશ્કરની એક પુરવઠા પ્રક્રિયા હોય છે. આગેકૂચ કરતા લશ્કરની પુરવઠા લાઈન કપાવી ન જોઈએ, ને એને જોઈતો પુરવઠો - શસ્ત્ર સરંજામ, ખાધાખોરાકી ને ઘાયલોની સારસંભાળ - વણથંભ્યો ચાલુ રહેવો જ જોઈએ. તેવી જ રીતે વાવણી કરતા ખેડૂતને જોઈતું બિયારણ, એની ખાધાખોરાકી ને કપડાં, બળદો માટે ચારો, બારોબાર મળતા રહેવા જોઈએ. એ કામ માટે કુટુંબના અન્ય સભ્યો પણ એટલા જ કામમાં ગળાડૂબ થઈ જાય.

બળદની એક કે બે જોડ હોય. બધા ખેતરમાં જોતરાયેલા હોય. ખેતરે જવા આવવા માટે ગાડાંની સગવડ બહુધા ન હોય. ગાડાવાટ વરસાદથી ખાબડખૂબડ થઈ ગઈ હોય ને બળદ બીઝી હોય. ખેડૂતો એકથી બીજે ખેતરે જતાં વાટ સારી ન હોય તો ગાડું ન વાપરે.

ખેતરે ભાથું ને અન્ય પુરવઠો પહોંચાડવો બહુધા ઘરના સ્ત્રી સભ્યોનું કામ. સીમમાં વસતિ હોય. વાટ જાણીતી હોય. કોઈ જાતનો ભોં ન હોય એટલે બધા સહેલાઈથી આવનજાવન કરે. નાના ધાવણા બાળકોના ઘરના વડીલો સારસંભાળ રાખે. જરાક ઠણક બાળકો પોતાની મેળે રમે. ક્યારેક ખેતરે પણ જાય. **વાવણી મોટા ઉત્સવ જેવો અવસર. સમજણા બાળકોને ગળથૂથીમાં જ શીખવા મળે.**

આવા એક અવસરે મોટા ભાભી સાથે સીમમાં ખેતરે જવાની હઠ લીધી. ખેતર થોડુંક દૂર — ચારેક કિલોમીટર. હું આઠેક વર્ષનો. એટલું મારાથી ચાલી શકાશે કે નહિં તેની ભાભીના મનમાં અવઢવ. ખેતરે જવાની હઠ પકડી. ભાભીએ સાથે લીધો. મોટાભાઈનો બહુ જ લાડકો. ખેતીનું બધું કામ શીખવે. એમના મનમાં કદાચ હશે કે નાનો ભાઈ મદદનીશ તરીકે મળી જાય તો સોનામાં સુગંધ ભળે.

**જોડા પહેરી, હાથમાં લાકડી લઈ બંદા વટથી હિમાલય સર કરવા નીકળી પડ્યા. રસ્તામાં ખાડા-ખૈયા, પાણીના ખાબોચિયાં, કાદવ-કીચડ ખરા. એ બધા મારા ઉત્સાહને ભ્રષ્ટ ન કરી શક્યા.** સીમમાં જમીન પર થોડુંક ઘાસ ફૂટ્યું હતું. ઘાસની ઝાંખી લીલી ચાદરમાં જમીનનાં ભૂરાં ટપકાં અવનવી ભાત ઉપસાવતાં હતાં. વનરાઈ વરસાદથી અંઘોળ કરી, સ્વચ્છ થઈ, પશુ - પક્ષી - માણસ સર્વને આવકારવા, લીલા વાઘા ધારણ કરી હસું હસું થઈ રહી હતી. રસ્તામાં આવતી તળાવડી, નદી કે નાળા પાણીસભર જીવંત હતાં. આનંદ અને ઉલ્લાસમય હતા. એમાં વહી જતાં વારિનો નિનાદ મંદ ને કૂણો હતો જે કાનમાં મધુર સંગીત સમ ભાસતો હતો.

થાક્યા વગર ખેતરે પહોંચ્યો. મોટાભાઈએ આનંદથી આવકાર્યો. વાવણીનું કામ છોડી, બળદને ચાર નાખી પોતે શિરામણ કરવા બેઠા. મારું ધ્યાન તરફણ (કચ્છી 'કાઠ') તરફ ગયું. બાજુમાં જઈ ધારી ધારી જોવા લાગ્યો. વાવણિયામાં (કચ્છી ઓઘણી) મુઠ્ઠીભર બી નાખ્યાં તે તેના દાંડામાંથી પસાર થઈ નીચે જમીન પર પડેલા ચાસમાં પડતા આશ્ચર્યથી જોઈ રહ્યો. વાવણિયું મારા માથા સુધી ઊંચું. એમાં જોવા તરફણના પેટ પર ઊભા રહેવું પડે. એમ કરવાથી વાવણિયાના તળિયામાંથી ફૂટતી દાંડીના છિદ્રને આશ્ચર્યથી જોઈ રહ્યો. આમતેમ ફર્યો. મોટા ભાઈએ ત્યાં સુધી શિરામણ શીરાવી લીધું. બીડી પી, બળદને ફરી જોતર્યા. મને પૂછ્યું, 'તારે વાવણી શીખવી છે?' મેં ઉત્સાહથી હા પાડી. વાવણિયાના દાંડાને પકડી ઉપર ઊભો રાખ્યો. પોતે ચાલતા ચાલતા પોખ કરતાં કરતાં મને એ કેમ કરવું તે શીખવતા રહ્યા. એક હાથમાં બળદની રાસ, ઈશારે જ બળદ ચાલે. બીજા હાથેથી કાંભાઈમાંથી બી ની મુઠ્ઠી ભરી વાવણિયામાં મૂકી આસ્તે આસ્તે ટચલી આંગળીથી શરૂ કરી બધી આંગળીઓને ખોલવી. જેથી બી એક સરખું વાવણિયામાં પડતું રહે ને એના દાંડા દ્વારા નીચે જઈ જમીનમાં ધરબાતું જાય. નજર દૂર જ રાખવી. અત્યારે ડ્રાઈવિંગ કરતાં નજર જેમ દૂર રાખીએ છીએ તેમ. ચાસ સીધા નાકની લીટી જેવા પડવા જોઈએ. આમ ત્રણે ક્રિયાઓ એકીસાથે સહજતા ને સ્વસ્થતાથી થવી જોઈએ. એક ચાસ પૂરો કર્યો ત્યાં સુધી પોતે રનીંગ કોમેન્ટ્રી આપતા રહ્યા. બીજા ચાસની શરૂઆતે જ મને બીની મુઠ્ઠી ભરવાનું કહ્યું. આસ્તે આસ્તે વાવણિયામાં ઓરવા કહ્યું. મેં તેમ કર્યું. બીજો ચાસ પૂરો થયો. ભાઈની નજરમાં વસ્યો હોઈશ. કારણકે તેઓ ધીમું હસ્યા. ભાભીને મોડું થતું હતું. તે કહે, હવે ઘરે ચાલ. મારે ઘરે નો'તું જ જવું. હઠ પકડી. ભાઈ કહે, ભલે અહીં રહેતો. સાંજે કોઈની સાથે પાછો મોકલી દઈશ. આમેય નિશાળે જવાનો ચોર હતો.

ખેતરમાં આમતેમ રખડતો રહ્યો. શેઢાની લીલાશમાં ખેતર સાવ કોરું ભાસે. જાણે લીલી કોરવાળું ભૂરા પોતનું છાયલ. બપોરે ભાઈ સાથે ભાથું ખાધું. ગાડા પર સૂઈ ગયો. નમતા બપોરે એકાએક સફાળો જાગી ગયો. ખુલ્લા આકાશમાંથી વરસાદના ફોરા ટપ ટપ પડતા મારા અંગને ભીંજવતાં હતાં. આકાશ સામે મીટ માંડી. ગોરંભાયેલું આકાશ ને ઈશાની પવન. વરસાદની માત્રા વધી. ભાઈ બળદ છોડી ગાડા પાસે આવી બળદને ગાડા સાથે બાંધી દીધા. વરસાદ વધ્યો. શેઢા પર બાવળનું એક જંગી ઝાડ. એની નીચે આશરો લીધો. વરસાદ વધી મૂશળધારની માત્રા સુધી આવી

*સામાનું દૃષ્ટિબિંદુ સમજવાથી સંઘર્ષ નિવારી શકાશે.*

ગયો. ખેતરમાં પાણી ફરી વળ્યા. ભાઈના વદન પરની ચિંતા ઊડીને આંખે વળગે એવી હતી. હું ચૂપચાપ બેસી રહ્યો. બાવળનું છત્ર ફાટેલી છત્રી જેવું, છતાં કહેણો મામો સારું કહી મન મનાવ્યું. ભાઈ સ્વગત બોલવા લાગ્યા, આ વરસાદ થોડીવારમાં નહીં રોકાય તો વાવેલાં બી બધાં સડી જશે. બધી મહેનત ફોગટ જશે. વરસાદ પોરો ખાવાને બદલે વધ્યો. અમે બેઠા હતા તે ખેતરના ઉત્તર તરફના છેડાથી નદી સાવ ઢૂકળી. સીધી, ઊંચી લાંબી કરાટ. નીચે ડોકાઈએ તો તમ્મર આવે. ક્યારેક ડોકાતો તો જે જુએ તે બૂમ મારી ન જોવાનું કહે ને પાછા આવતા રહેવાનું કહે. વાત સાચી હતી. ભેખડ પરથી પડ્યો એ ગયો. ક્યારેક કોઈ જનાવર આમ પડી ગયાની વાત થતી. **નદીમાં પૂર આવ્યું. વહેતા પાણીનો અવાજ કાને અથડાવા લાગ્યો. પહેલા ધીમે, પછી વધ્યો ને છેવટે વિકરાળ રૂપ ધારણ કરી બેઠો. ઉપરવાસમાં વધુ વરસાદ હશે એટલે નદીને યુવાની આવી ગઈ હતી.**

છેવટે વરસાદ રહી ગયો. ભાઈના વદન પર ચિંતા ને રાહતની મિશ્ર લાગણી દીઠી.

પૂછીને કયો કાંદો કાઢવાનો હતો! કદાચ દાઝ્યા પર ડામ જેવું થાય. થોડીવાર રહી ભાઈ બોલ્યા કે વરસાદ તો રહી ગયો, ખેતરમાં પાણી ભરાયું નથી, ધોવાણ પણ નથી થયું. હવે જલદી તડકો નીકળે તો બધું હેમખેમ રહી જશે. ઓછું સમજાયું. વિસ્મિત નયને ડોકું હલાવ્યું.

તડકો ન નીકળ્યો. સાંજ પડી ગઈ હતી. વરસાદ નો'તો. આકાશ ગોરંભાયેલું જ હતું. વરસાદના છાંટા ક્યારેક પડતા હતા. કકડીને ભૂખ લાગી હતી. વાળુ માટે ખાવાનું ખાસ કંઈ બચ્યું નો'તું. સાંજનું ભાથું લઈ કોઈ નહીં આવી શકે એવી ભાઈને ખાતરી હતી. ગામ ને ખેતર વચ્ચે બે નદી ને એથી વધારે નાળા આવતા હતા. બધા માતેલા સાંઢ જેવા છીકોટા કરતા હશે. એમને પાર કરવાની કોઈ હિંમત ન કરે.

અંધારું થાય તે પહેલાં ગાડું બાવળના ઝાડ નીચે બરાબર મૂકી, એને ઊંચું કરી પૈડા નીચે મોટા પથ્થર મૂકી, ઊંધને ધૂંસરી પર ચોફાળ બાંધી દીધો. નીચે થોડીક કડબ પાથરી. ભરજંગલ વચ્ચે એટલી સગવડ બસ હતી. વધેલા બે રોટલાને ભાઈ જોઈ રહ્યા. જરા વિચાર કરી કહે, તું અહીં જ બેસી રહે. નદી તરફ જતો નહિ. બળદનું ધ્યાન રાખજે. હું થોડીવારમાં આવું છું. એમણે પાણી ભરેલ ઘડો ખાલી કર્યો ને નીકળ્યા તે થોડીવારમાં દેખાતા બંધ થયા.

ચૂપચાપ બેસી રહ્યો. ડરનો સવાલ નો'તો. સાવ એકલો તે આજુબાજુ જરા અવાજ થાય તે મોટો ભાસે. જરા ચમકી જવાય. નદીનું વહેતું પાણી અંગડાઈ લેતું હશે. ખેતર આગળ નદી જરા કરવટ બદલતી હતી એટલે પાણી ઘુમરકી લે, ઉછળે ને પ્રમાણમાં અવાજ મોટો કરે. એ જોવાની મજા આવતી. અત્યારે એ બધું જોવાના હોશ નો'તા.

થોડીવારે ખભા પર ઘડો ઊંચકી ભાઈ આવતા દેખાયા. ઘડો નીચે મૂક્યો કે અંદર જોયું. ઘડામાં દૂધ. રાજીનો રેડ થઈ ગયો. અમ બે માટે ઘણું બધું. બાજુમાં જ માલધારીઓ હતા. બકરીનું તાજું દૂધ લઈ આવ્યા. મને કહે તું રોટલો ને દૂધ જમી લે. પછી હું જમું. જરા દૂર ખાખરાના ઝાડ. એના પાનનો દડિયો બનાવી દૂધ રેડ્યું. ટેસથી ખાધું. ભાઈ પાછળથી જમ્યા.

રાતના ઘાસની પથારી પર સૂતા. ક્યારેક કોઈક વરસાદનું ટીપું ચોફાળ પર પડે તેનો બોદો અવાજ સંભળાય. બાકી નીરવ શાંતિ. ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. જાગ્યો ત્યારે સૂર્ય નારાયણ સોળે કળાએ સવારી લઈ આવ્યા હતા. વાદળાં ગાયબ થઈ આકાશ ચોખ્ખું ચણક થઈ ગયું હતું. ભાઈ તો ક્યારના કામે લાગી ગયા હતા. ભૂખ્યો થયો હતો. ભાભી શિરામણ લઈ અબઘડી આવી પહોંચશે તેની ખાતરી હતી. નદી જોવાનું બહુ મન હતું. એનો અવાજ બોલાવતો હતો, તો ભાઈની ત્યાં જવાની મનાઈ પણ સામે હતી. થોડીવારે ભાભી શેઢે દેખાયા. સામો દોડ્યો.

**શિરામણમાં ઘેંસ, રોટલા ને છાશ. લટકામાં ગુંદાનું અથાણું.** ટેસથી પેટ ભર્યું. ભાભી સાથે વહેતી ને ઘુમરકી લેતી નદીનાં નીર માણ્યા. પાછા જવાનો વિચાર નો'તો જ. પણ ભાભીએ માનો વટહુકમ કહી સંભળાવ્યો. જલદી ઘરે પહોંચી મારે નિશાળમાં જવાનું હતું. ભાભી સાથે પાછા વળતાં મારા ડગલાં ડગુમગુ થતા હતા. ■

## ૨૧મી સદી જૈનોની

મારી અંગત માન્યતા છે કે આગામી ૨૧મી સદી ઇતિહાસમાં જૈનોની સદી તરીકે ગણાશે. હું ધારું છું કે જૈન ધર્મે અનેકાંતવાદ, અહિંસા અને અપરિગ્રહના જે સિદ્ધાંતો વિશ્વ સમક્ષ મૂક્યા છે તેના મહત્ત્વની સામાન્ય રીતે બધાને જાણકારી નથી.

અનેકાંતવાદ શીખવે છે કે કોઇ એકનો મત તમારાથી અલગ હોય તો તે મત પણ સાચો હોઇ શકશે. આ એક એવો સિદ્ધાંત છે કે જે સમજ, સંવાદિતા અને સહકારની ભાવનાને પ્રતિષ્ઠિત કરે છે. બૌદ્ધિક તારણ પર આવવા માટેના બહુમુખી અને વ્યાપક મતને તે ગણનામાં લે છે. જૈન ધર્મે આપેલો આ એક મહાન સિદ્ધાંત છે. મને કોઇ વખત એવો પ્રશ્ન થાય છે કે જૈન ધર્મના આ મૂળભૂત સિદ્ધાંતનું આપણી શાળાઓ અને મહાવિદ્યાલયોમાં શિક્ષણ કેમ અપાતું નથી? જો તેને અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવે તો એક સુંદર અને સુખી નવા વિશ્વનું આપણે નિર્માણ કરી શકીએ.

આજના વિશ્વનું ધ્યાન જે મહત્ત્વના વિષય તરફ કેન્દ્રિત થયું છે તે એ છે કે આપણે વિશ્વના ધાર્મિક દૃષ્ટિકોણનો કયાસ કાઢવો જોઇએ. ધાર્મિક દૃષ્ટિકોણનો એટલે સમગ્ર સૃષ્ટિને એક અખંડ અસ્તિત્વ તરીકે જોવું. પણ આવો દૃષ્ટિકોણ તો ભગવાન મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે આપ્યો હતો. આજનું વિશ્વ જે શીખવી રહ્યું છે તે તો ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન ધર્મે આપેલો પ્રધાન સિદ્ધાંત છે. આશરે ૨૫૦૦ વર્ષોથી જૈનો આ સિદ્ધાંતથી સુપરિચિત છે, જેને બાકીની માનવજાતિ અત્યારે શીખી રહી છે.

ઇ.સ. ૧૯૨૬ના ગાળામાં જનરલ બક્ષે વિશ્વના ધાર્મિક દૃષ્ટિકોણ વિશે એક પુસ્તક લખ્યું હતું. પણ જૈન ધર્મનું તો આ સારતત્ત્વ છે. આ સૃષ્ટિના તમામ જીવો, પછી તે જીવડાં હોય કે પ્રાણીઓ હોય કે મનુષ્યો હોય, સૌની સાથે સમાન ધોરણે અને સમાન આદર સાથે વ્યવહાર કરવો જોઇએ. જૈનો માટે અનેકાંતવાદનો જે મહાન સિદ્ધાંત રહ્યો છે તેને જો અનુસરવામાં આવે તો વિશ્વની અનેક સમસ્યાઓનો ઉકેલ આવી શકે.

અહિંસાના સિદ્ધાંત જૈન ધર્મનું મોટું યોગદાન છે. મને વિચાર આવે છે કે જૈનો કેવા સમૃદ્ધ ચિંતનના આસન પર બેઠા છે. આજના વિશ્વને જે શીખવવાની જરૂર છે તે તો તેઓ તેમના બાલ્યકાળથી જ શીખીને આવ્યા છે.

***- નાની પાલખીવાલા***

*ધર્મી દરિદ્ર હોય તોય હૈયાનો સુખી! અધર્મી તવંગર હોય તોય હૈયાનો દુઃખી.*

# સફર-કેનેડાના રમણીય પ્રદેશોની

(પ્રકરણ-૨)

• કમલબહેન શાહ •

**વેનકુંવર**નો કુદરતી વૈભવ મન ભરીને માણ્યા બાદ અમે **કેમરીન** આવ્યા. બંને બાજુ પચાસ ફૂટ ઊંચા ઝાડવાઓ વચ્ચેથી ડોકાતો સૂર્યનો આછો પાતળો પ્રકાશ અહીંની કાતિલ ઠંડી સમક્ષ હૂંફ આપવા જરાપણ સક્ષમ ન હતો. અહીં રસ્તા ખૂબ સારા છે. ત્યાંથી આગળ વધતા અમે **ચીલવાર** આવ્યા. **ચીલવાર** ડુંગરોની તળેટીમાં વસેલું નાનકડું ગામ છે. અહીં વિન્ટરમાં માઈનસ ૩૦ ડિગ્રી જેટલું ટેમ્પરેચર હોય છે. ઠંડીને કારણે અહીંનું વેધર ફૉગી છે. કેમ્પિંગ એરિયા છે. ટૂરિસ્ટો અહીં કેરેવેન લઇને આવે છે. ઘાટ સેક્શન છે. ત્યાંથી આગળ વધતા **'હોપ'** ગામ આવ્યું. અહીં ઠંડી ઘણી છે. શાંતિનું જીવન, કોઇનાં મોઢા ઉપર ટેન્શનનું નામ નહીં. ઊટીની નીચે આવેલા કુનુર જેવું નાનકડું પણ સુંદર ગામડું છે. અહીં હોટલો ઘણી છે. ટૂરિસ્ટ પ્લેસ છે. લોકલ પીપલ્સ અહીં શનિ-રવિ કેમ્પિંગ અને સ્કીઈંગ કરવા આવે છે. ત્યાંથી આગળ વધતા અમે **મેરિટ** થઇ **કેમલુપ્સ** પહોંચ્યા. **ઇ.સ. ૨૦૧૦ એટલે કે આ વર્ષે અહીં ઓલિમ્પિક ગેમ રમાવાની છે. તેની તૈયારીઓ અહીં પૂરજોશમાં ચાલી રહી છે. અહીંનાં લોકલ પીપલ્સ જે ઓરિજિનલ આદિવાસી છે, તેઓ તેમનાં પ્રોગ્રામમાં નેટિવ કલ્ચર સામેલ કરશે.** અહીંનું મ્યુઝિયમ જોવા જેવું છે. અહીં હેરીટેજ પાર્ક જે થોમસન નદીને કિનારે આવેલો છે, તેને ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુરોપ અને ચાઇનાથી આવેલા લોકોએ સાથે મળીને સજાવ્યો છે. અહીં ઍકોમોડેશન માટે હોલી-ડે-ઇન, હોટલ શેરેટોન, કમ્ફર્ટ-ઇન, કેમલુપ્સ ટાઉન લોજ, પ્લાઝા હેરીટેજ હોટલ, રિવર લેન્ડ હોટલ, તથા અગણિત મોટેલો આવેલી છે. અહીં ચાર મેજર હાઈવે છે. બે નેશનલ રેલવે લાઇન છે અને એર-લાઇન રૂટ છે. અહીં સો વર્ષ પહેલાં બનેલું સેન્ટ જોસફ ચર્ચ સ્ટેઇન ગ્લાસની વિન્ડોથી બનેલું ખૂબ જ એટ્રેક્ટીવ ચર્ચ છે. અહીં અમારું ફક્ત રાત્રી રોકાણ હોવાથી નાનકડાં ગામમાં ફરી, ત્યાંના લોકોના રીત રિવાજ જાણવાની કોશિશ કરી. પણ ઠંડી ઘણી હોવાથી હોટલમાં આરામ કરી સવારે ચા-નાસ્તો કરી અમે **જાસપર** જવા નીકળ્યાં. બપોરે ત્રણ વાગે અમે **જાસપર** પહોંચ્યાં. ખૂબ જ તપાસનાં અંતે એક ઇન્ડિયન રેસ્ટોરન્ટ 'મૌર્ય'ની ભાળ મેળવી શક્યા. લખનૌનાં બે ભાઈઓ આ હોટલ ચલાવે છે. ક્યારેક જ કોઇ ઇન્ડિયનોને મળતા હોવાથી તેઓ ખૂબ જ ખુશ થયા. અમારા માટે સ્પેશિયલ પંજાબી ખાવાનું બનાવ્યુ. ફુડ સારું હતું. **જાસપર** એક લાખની વસતિ ધરાવતું ડુંગરાઓની તળેટીમાં આવેલું ગામ છે. ટૂરિસ્ટ પ્લેસ હોવાથી હોટલો અને મૉટલો ઘણી છે. કડકડતી ઠંડીએ અહીં અડીંગો જમાવી દીધો હતો. થર્મોવેર, વુલન સ્વેટર્સ, બ્લેન્કેટ પહેર્યા પછી હીટર ચાલુ હોવા છતાં શરીરમાંથી ધ્રુજારી જતી ન હતી. સૂવાની કોશિશ તો કરી પણ કાતિલ ઠંડી અને પવનનાં સુસવાટાને કારણે નિંદ્રા આંખોથી ઓજલ થઇ ગઇ હતી. હોટલની વિન્ડો કાચની હોવાથી આખી રાત સ્નો ફૉલને માણ્યો. દશ્ય ખૂબ જ નયનરમ્ય હતું. ધીમે ધીમે પડી રહેલા સ્નોફોલે બરફની જાજમ પાથરી દીધી હતી. સવારે ફ્રેશ થઇ નીચે નાસ્તો કર્યો. નિશ-દિન થઇ રહેલા સ્નોને કારણે ગાડીઓ બરફથી ઢંકાઇ ગઇ હતી. સવારે પ્રથમ ગાડી સાફ કરી, હીટર અને નેવીગેટર ચાલુ કર્યું. **નેવીગેટર એક એવું સાધન છે જે એક ગાઇડ જેવું કામ કરે છે. નહીં તો અજાણ્યા પ્રદેશમાં ગાડી લઇને એકલાં ફરવું અશક્ય જ છે. તેને ગાડીમાં આગળનાં કાચ ઉપર ફીટ કરી દો અને જે સ્થળે જવું હોય તે એડ્રેસ ફીડ કરી દેવાથી એની જાતે જ રાઇટ લેફ્ટ દિશા બતાવે અને સ્પીચ પણ આપે.** ટેમ્પરેચર માઇનસ ૧૨ ડિગ્રી હતું. નદીઓનાં પાણી થીજીને બરફમાં ફેરવાઇ ગયાં હતાં. સ્નો ફૉલ માણવા અમે આગળ તો નીકળ્યા, પણ અહીંથી અમારી કસોટીનો કપરો કાળ શરૂ થતો હતો. જાસપર જતા રસ્તામાં ખૂબ ઊંચા ઊંચા જંગલો બન્ને બાજુ અમારી સાથેને સાથે આગળ વધતા હતાં. અહીં જંગલમાં રીંછ અને હરણ જેવા પ્રાણીઓ વારંવાર દેખાતાં હતાં. અંધારું, ફૉગી વૅધર અને સ્નો ફૉલને કારણે રસ્તો ખૂબ જ ભયાનક લાગતો હતો. રોડ ઉપર જાડી બરફની ચાદર પથરાઇ ગઇ હતી. નો હોટલ, નો મોટલ, નો ટૂરિસ્ટ. ૧૫ થી ૨૦ કિલોમીટરનાં અંતરે પણ એકપણ ગાડી સામેથી આવતી ન હતી. રોડ ઉપર જામેલા બરફનાં થરને કારણે ગાડી ચલાવવી લગભગ અશક્ય હતી. તેમાં પણ સૂર્યનાં કિરણો પડવાથી બરફ પીગળતો અને ચળકતો દેખાય ત્યારે ગાડી સ્લીપ થઇ જવાનો ભય વધારે લાગે છે. અમે **આલ્વાટ**માં પ્રવેશ્યા બાદ **માર-મોર** સ્કી રિસોર્ટ તરફ જઇ રહ્યાં હતાં. ત્યાં તો અમારી નજર એક લેક લુઇનમાં બોર્ડ ઉપર પડી અને અમે લેકની મઝા માણવાનું રોકી ન શક્યા. અમે ગાડી રોડ ઉપરથી ઉતારી અને લેક તરફ જવા તો નીકળ્યા, પરંતુ એકાદ કિલોમીટર આગળ વધ્યા હોઇશું ત્યાં તો અમારી ગાડી એક ઝટકા સાથે બંધ પડી ગઇ. સ્ટાર્ટ કરવાની કોશિશ કરીએ તો ગાડી ગોળ ગોળ ફર્યા કરે, આગળ વધે જ નહીં. ગાડી રિવર્સમાં જાય તો લેકમાં ખાબકે એ ટેન્શન હતું. આઇસ બ્રેકિંગની ગાડી પણ દેખાય નહીં કે જે આઇસ તોડીને રસ્તો ક્લિયર કરી આપે. કોઇની હેલ્પ મળી શકે એમ ન હતું. અધૂરામાં પૂરું મોબાઇલ કવરેજ એરિયાની બહાર હોવાથી કોઇનો પણ કોન્ટેક્ટ થવો અશક્ય હતો. અડધા કલાકની મહેનત પછી પણ સફળતા ન મળતા અમે ગાડીમાંથી બહાર નીકળી, ગાડી લોક કરી, કડકડતી ઠંડીમાં ધ્રુજતા રૂનાં ઢગલા જેવા બરફની વચ્ચે ચાલવાનું શરૂ કર્યું.

મહા મુસીબતે અમે રોડ સુધી પહોંચ્યા. ટૂરિસ્ટોની અવર જવર નહિંવત હતી. અમે હેલ્પ માટે સિગ્નલ બતાવ્યું અને એક ગાડી તરત જ ઊભી રહી. તેમાં બે લેડી હતી જે **મારમોર** સ્કી રિસોર્ટમાં જ કામ કરતી હતી. તેમણે ગાડી ઊભી રાખી અમને તરત જ બેસાડ્યા અને રિસોર્ટ પર લઇ ગઇ. તેમનાં મોબાઇલથી ટોઇંગવાળાને ફોન કર્યો. **અડધા કલાકમાં હેલ્પ મળી ગઇ અને ટોઇંગવાળા ગાડી રિસોર્ટ પર મૂકી ગયા.** સ્કી એરિયા ખૂબ જ વિશાળ છે. શનિ-રવિ હોવાથી અગણિત ટૂરિસ્ટો સ્કીઈંગ કરતા બરફ ઉપર સરકી રહ્યાં હતાં. આકાશમાં હેલિકોપ્ટર ફરતા હતાં. હેલિકોપ્ટરમાં ટૂરિસ્ટો પેરા ગ્લાઈડીંગ કરતા હતા. આ દશ્ય શ્વાસને થંભાવી દેતું હતું. તે ઉપરાંત ઘણી ટૂર ગાઇડને સાથે રાખીને કરવાની હતી. આ ટૂરમાં ઉપયોગી સ્નો સ્યુટ, ન્યુ હેલ્મેટ, એક્સટ્રીમ વિન્ટરમાં પણ કામ આપી શકે એવા બુટસ વગેરે ટૂર ઓર્ગેનાઇઝર પ્રોવાઇડ કરે છે. આ ઉપરાંત ટ્રેકિંગ, વૅલી ટૂર, વાઇલ્ડ લાઇફ સ્નો મોબાઇલ વગેરે ખૂબ જ એડવેન્ચરસ હોય છે. કુદરતનો આ નજારો મન ભરીને માણ્યા બાદ અમે **બાંફ** જવા નીકળ્યા. *(ક્રમશઃ)*

*૭૧, યુગાંડા પાર્ક સોસાયટી, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : ૨૭૪૭૪૯૬૫, ૨૭૪૫૫૪૧૯*

**'મંગલ મંદિર'**
**સ્પોર્ટસ**

# '૪૭માં વિદેશ ગયેલી સૌથી પહેલી ટેસ્ટ-ટીમના ભરતી-ઓટ : 'ઝીરો'માંથી આજે 'હીરો'!

પંકજ



*વિદેશ ગયેલી સૌથી પહેલી ભારતની ટેસ્ટ ટીમ. ગઈકાલના 'ઝીરો'માંથી આજે 'હીરો.'*

માત્ર ૬૩ વર્ષ અગાઉ ઇન્ટરનેશનલ ટેસ્ટ ક્રિકેટના ક્ષેત્રે ભારત 'ઝીરો' હતું, આજે 'હીરો' બની ચૂક્યું છે. ૬ ડિસેમ્બર, ૨૦૦૯ના આઈ.સી.સી.ની ટેસ્ટ કુશળતાની ગણતરીમાં ભારતીય ટીમને 'વર્લ્ડ નંબર વન' તરીકે સ્વીકારી લેવાયું, જેની ખુશી લાખો દેશવાસીઓએ મનભર માણેલી.

આ નિમિત્તે ભારતના સૌથી પહેલા આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં થયેલા ફિયાસ્કાની યાદદાસ્ત તાજી થવી સ્વાભાવિક છે.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા સાંપડેલી. **આઝાદ ભારતની સૌથી પ-હે-લી ક્રિકેટ ટીમ વિદેશમાં, ઓસ્ટ્રેલિયામાં, ટુર્નામેન્ટ ખેલવા ૧૯૪૭ના ઓક્ટોબરમાં ગયેલી.** તે વખતના નેશનલ સિલેક્ટરો તરીકે સી.કે. નાયડુ, ડી.બી. દેઓધર, ડૉ. જહાંગીર ખાન અને પી.ઈ. પાલીઆ હતા.

ટૂરમાં જવાના ઓક્ટોબર '૪૭ના મહિનાથીયે ૩ મહિના અગાઉ, જુલાઈ '૪૭માં ટીમના ખેલાડીઓનું સિલેક્શન કરી લેવાયેલું. આ ટીમના કેપ્ટન તરીકે બીજું કોણ નિમાય? — રાઈટ, **વિજય મર્ચન્ટ કેપ્ટન તરીકે અને મુશ્તાક અલી વાઈસ કેપ્ટન તરીકે વરાયા હતા.** પ્લેયર્સનું સિલેક્શન અને વિદેશ જવાના કાર્યક્રમ વચ્ચે ત્રણ મહિનાનો પ્રમાણમાં લાંબાગાળાનો સમય એટલા માટે ઈરાદાપૂર્વક રખાયેલો કે જેથી મોટાભાગના ખેલાડીઓ, જેઓ લગભગ એમેચ્યોર્સ હતા અને જુદા જુદા સ્થળોએ પોતપોતાની નોકરીમાં હતા અને જુદા જુદા સ્થળોએ હતા, તેઓ સમયસર રજા મેળવી લઈ શકે અને અગાઉથી વિદેશ મુસાફરીની તૈયારી કરી શકે.

ટૂર માટે સિલેક્ટ કરાયેલા ખેલાડીઓમાંના અમુક પ્રાદેશિકતાવાળાઓને ફેવર કરાઈ હોવાનો ગણગણાટ અને પછી બૂમાબૂમ થવા લાગ્યા હતા. એવી ટીકા ટિપ્પણીઓનું ખંડન કરતા ક્રિકેટ કંટ્રોલ બોર્ડના તે વખતના અધ્યક્ષ (એશ્લી) ડી'મેલોએ પૂરા વિશાળ ભારતનો મોટો નકશો બતાવીને જાહેર કર્યું હતું કે જુઓ! દેશના દરેક વિસ્તારોમાંથી ખેલાડીઓની યોગ્ય પસંદગી કરાઈ છે.

પણ ત્યાંજ પ્રારબ્ધ આડું ફાટ્યું. ૧૫

*સાચ તરે અને જૂઠ ડૂબે.*

ઓગસ્ટે દેશના ભાગલા થશે તેમ જાહેર થયું. તેમાં લગભગ અર્ધું પંજાબ પાકિસ્તાનને સોંપાવાનું નક્કી થયું. **આગલી રાત સુધી નિસ્સાર જેવા અફલાતૂન બોલર ખેલાડીઓ હિંદુસ્તાની હતા તે રાત વચ્ચે વિદેશી - પાકિસ્તાની બની ગયા! ફઝલ મહમ્મદ જે પણ સિલેક્ટ થયો હતો, તેણે રાજીનામું આપ્યું.**

ઓસ્ટ્રેલિયાના ધૂરંધર ક્રિકેટ ડોન બ્રેડમેન અને તેની ટીમના ખેલાડીઓ અજેય મનાતા હતા. તેમને ભૂ પીતા કરી નાખવાના કોડ ભારતીય ટીમના બિન અનુભવી પણ ઉત્સાહથી છલકાતા ખેલાડીઓ સેવતા હતા. પણ પરિસ્થિતિમાં અનિવાર્ય પલટો આવ્યો. બધાને લાગવા માંડ્યું કે બ્રેડમેન કે તેની ટીમનો કોઈ વાળ પણ વાંકો નહીં કરી શકે.

એક બીજી પણ અણધારેલી ઘટના ઘટી. 'હિસ્ટ્રી ઑફ ઈન્ડિયન ક્રિકેટ'ના ખ્યાતનામ લેખક અને ઇંગ્લીશ ચેનલ - ઇંગ્લેન્ડની ભૂશિરના વિક્રમસર્જક તરવૈયા મિહીર બોઝે એમના પુસ્તકમાં આવી બધી ભરતી-ઓટના વિસ્તૃત વર્ણન કરેલાં છે. **અણધારેલી ઘટના એ હતી કે વિજય મર્ચન્ટ, મુશ્તાક અલી અને રૂસી મોદી – ત્રણેય ભારે કાબેલ ક્રિકેટરોએ પણ રાજીનામા આપ્યા!** આનો સાફ અર્થ એ થતો હતો કે ભારતીય ટીમની બેટિંગ સાઈડ સાવ વિકલાંગ બની ગઈ હતી.

વિજય મર્ચન્ટના સ્થાને કેપ્ટન તરીકે વરાયેલા લાલા અમરનાથની ટીમના ખેલાડીઓની વ્યવસાયિક પહેચાન અને વિવિધતા વિસ્મયજનક હતી. ચંદુ સરવતે વ્યવસાયે ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ હતો. વિજય હઝારે વાઘ જેવા વિકરાળ વન્ય પશુઓનો કાબેલ શિકારી હતો. સી.આર. રંગાચારી પોલીસ ઓફિસર હતો. હેમુ અધિકારી લશ્કરી જવાન હતો. એમ.એસ. રણવીરસિંહ એક દેશી નાના રજવાડાંનો પ્રિન્સ હતો. ટીમનો મેનેજર પંકજ ગુપ્તા - બી.સી.સી.આઈ. (બોર્ડ ઓફ ક્રિકેટ કન્ટ્રોલ ઓફ ઈન્ડિયા)ના સેક્રેટરી હોવાની સાથે બ્રિટિશ સરકારે એનાયત કરેલા એમ.બી.આઈ. (મેમ્બર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર) તરીકેનો ખિતાબધારી હતો.

સ્વતંત્ર ભારતની સૌથી પહેલી ઓસ્ટ્રેલિયા જઈ રહેલી ક્રિકેટ ટીમની પહેલી જ મેચમાં ફુરચા ઊડી ગયા હતા. ૦-૪થી ભારતીય ટીમ હારી હતી. ડોન બ્રેડમેન, આર્થર મોરીસ, લિન્ડસે હેસેટ જેવા ધૂરંધર બેટ્સમેન અને રેમન્ડ લિન્ડવૉલ, કેઈથ મિલર જેવા તાતા તિરંદાજ બોલરોનો સામનો કરવો ખાંડાના ખેલ હતા. બ્રિસ્બેન ખાતે રમાયેલી પહેલી જ મેચમાં બેઉ ઇનિંગ્સમાં ભારતીય ટીમ પૂરા ૧૦૦ રન પણ કરી શકી નહોતી! **પહેલી ઇનિંગના ટોટલ ૫૮ રનનો સ્કોર આજ દિવસ સુધીનો ભારતીય વિદેશી ટેસ્ટ ક્રિકેટનો નીચામાં નીચો સ્કોર રહ્યો છે.**

વિદેશ ગયેલી આ પહેલી જ ક્રિકેટ ટીમના અડધા જેટલા ખેલાડીઓ, તે પછીથી કોઈ જ ટેસ્ટ મેચમાં રમી શક્યા નહોતા. બે ખેલાડીઓ, ડાબોડી બેટ્સમેન ગુલ મોહમ્મદ અને ૩૯ની વયનો બોલર જે પૂરી ટીમમાં વધુમાં વધુ વયનો હતો, તે અમીર ઈલાહી, પછીથી ભારત છોડી પાકિસ્તાનમાં સ્થાયી થયા હતા.

**કેપ્ટન લાલા અમરનાથની લીડરશિપ ઉજ્જવળ હતી. બોલિંગ સરેરાશમાં તેણે ૧૩ વિકેટો ઝડપેલી.** એડીલેઈડ ખાતેની ટેસ્ટમાં દરેક ઇનિંગમાં સેન્ચુરી મેળવનાર વિજય હઝારે અસામાન્ય કેલિબરનો ક્રિકેટપટુ હતો. દત્તુ ફડકર, જેણે તોતિંગ બેટિંગ સરેરાશ નોંધાવી હતી, તે પણ ફાંકડો ઓલરાઉન્ડર હતો. એવો જ વિશિષ્ટ, અસામાન્ય ખેલાડી વિનુ માંકડ હતો. તેની અનેકવિધ સિદ્ધિઓને કારણે વિનુ માંકડનું નામ ક્રિકેટ વિશ્વમાં સોનેરી અક્ષરે છપાઈ ચૂક્યું છે. ખૂબ જાણીતા ક્રિકેટ ખેલાડી એમ.એસ. દુલીપસિંહજી (જામનગરના રાજવી પરિવારવાળા)ના પીતરાઈ એમ.એસ. રણવીરસિંહજીને પછીથી ટેસ્ટ ક્રિકેટમાંથી બાદ કરી નંખાયેલા. તેનું અંદરનું હકીકતી કારણ એક પ્રકારનું વૈમનસ્ય હતું. એમ.એસ. દુલીપસિંહજી, જેમણે ઇંગ્લેન્ડમાં ક્રિકેટ ક્ષેત્રે ભારે નામ કમાયેલું, તે આ ભારતીય ટીમ સાથે પ્રેસ રિપોર્ટર તરીકે જોડાયેલા હતા. જુદા જુદા કારણોસર લાલા અમરનાથને અને એમ.એસ. દુલીપસિંહજીને એકબીજા સાથે વાંકું પડતું હતું. તેનો ભોગ દુલીપસિંહજીના પિતરાઈ રણવીરસિંહ બનેલા. લાલાએ તે પછીની પાંચેય ટેસ્ટ મેચોમાંથી એકેયમાં રણવીરસિંહજીને પ્રવેશ જ આપ્યો નહોતો.

૧૯૪૭-૪૮માં પ્રસિદ્ધ થયેલી 'ઇન્ડિયન ક્રિકેટ' પુસ્તકની આવૃત્તિઓમાં જૂના કુશળ ક્રિકેટ ખેલાડી ઓસ્ટ્રેલિયન જેક ફિંગલપટને આવા ઘણા પ્રસંગોના રસપ્રદ વર્ણનો આમેજ કરેલા છે. વિનુ માંકડે બ્રાઉનને બે વખત રન-આઉટ કરાવેલો. **પછીથી એ રીતે રન-આઉટ થવાના કિસ્સાઓ 'માંકડ બ્રાંડ રન-આઉટ' તરીકે જાણીતા થયેલા.**

ભારતની આ પહેલી આંતરરાષ્ટ્રીય ટૂરના વર્ણનોને અંતે ફિંગલટને નોંધ્યું છે, ભારતીય ક્રિકેટ ખેલાડીઓમાં ઘણી સારી કાબેલિયતો છે. ઘણા સારા પ્રમાણમાં ગ્લેમર અને ખૂબીઓ છે. પણ ક્યારેક ક્યારેક ક્રિકેટની રમતના મૂળ ફન્ડામેન્ટલ્સની ખામીઓ વરતાય છે. ક્રિકેટમાં કુશળતમ બેટિંગનો સૌથી પહેલો મૂળભૂત નિયમ ડિફેન્સ (રક્ષણ) છે અને હુમલાને ખાળવાનો સૌથી પહેલો મૂળભુત નિયમ ફિલ્ડિંગ (મેદાન વ્યૂહરચના) છે."

'૪૭માં સૌથી પહેલીવાર વિદેશ જનારી આ ભારતીય ટીમ હતી, જેના પછીના પાંચેક વર્ષોમાં જ ભારતીય ક્રિકેટ ખેલાડીઓએ જરૂરી કૌવત પ્રાપ્ત કરી લીધું હતું. તેનો ઝળહળતો પુરાવો ફેબ્રુઆરી ૧૦, ૧૯૫૨ના તે વખતના મદ્રાસ - હવે ચેન્નાઈના ચેપોક મેદાનમાં ભારતીય ટીમે વિદેશી ઈંગ્લેન્ડની ટીમની છેલ્લી વિકેટ ઝડપી લઈને પેશ કર્યો હતો.

**તે વખતની ભારતીય વિજયી ટેસ્ટ ટીમના કદાચ એક જ ખેલાડી સાક્ષી આજે હયાત છે – સી. ડી. ગોપીનાથ.** એમના ક્રિકેટ સંસ્મરણો વાગોળવાની સાથે માણવા જેવા છે.

તે હવે પછીના કોઈ લેખમાં માણીશું.

*મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨*


# ભણતરનો તણાવ અને ઉપાય

ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)

તાજેતરમાં વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે. લગભગ દરરોજ છાપામાં વિદ્યાર્થીઓના આત્મહત્યાના કિસ્સાઓ છપાય છે. નેશનલ ક્રાઈમ બ્યૂરોનો રિપોર્ટ જણાવે છે કે ૨૦૦૬ના વર્ષ દરમ્યાન ૬૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી.

વિદ્યાર્થીઓમાં આત્મહત્યા ૨૧મી સદીની ગંભીર સમસ્યા છે. સંવેદનશીલ બાબત છે. માતા-પિતા તથા કુટુંબીજનોએ સમજણપૂર્વક સમસ્યાનો હલ શોધવો જરૂરી છે.

- **માનસિક સ્તરે ભણતરના તણાવની પ્રક્રિયા :**




(અ) જેમ માનસિક તણાવની માત્રા વધે છે તેમ શરૂઆતમાં ભણવાની ક્ષમતા વધે છે. દા.ત. પરીક્ષાની તારીખો જાહેર થયા બાદની પ્રક્રિયા. જેમ જેમ પરીક્ષા નજીક આવે છે તેમ તણાવની માત્રા વધે છે. વિદ્યાર્થી ભણવા માટે વધારે સમય ફાળવે છે. ભણવામાં એકાગ્રતા વધે છે. આને લીધે અભ્યાસમાં યાદશક્તિ વધે છે. (આકૃતિમાં "અ")

(બ) પરીક્ષાની તારીખ એકદમ નજીક આવે છે, તણાવની માત્રા વધે છે. ભણવાની ક્ષમતા સૌથી વધારે મહત્તમ સીમા પર પહોંચે છે. (ભણવામાં એકાગ્રતા તથા ભણવાનો ફાળવેલો સમય) આ બાદ તણાવ વધે છે. તો પણ ભણવાની ક્ષમતા એટલી જ રહે છે. (આકૃતિમાં "બ")

(ક) પરંતુ જો ભણવાની તણાવની માત્રા આનાથી પણ વધારે થાય તો ભણવાની ક્ષમતા ઘટે છે. ભણવામાં એકાગ્રતા ઘટી જાય છે. મન લાગતું નથી, યાદ ઓછું રહે છે. (આકૃતિમાં "ક") ભણવાના તણાવની આ નકારાત્મક અસર છે. આ નકારાત્મક અસરનું એક ગંભીર પરિણામ છે આત્મહત્યા.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
***એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.***
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાકૃષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
***એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,***
***એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક***
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

- **માનસિક તણાવની પ્રક્રિયા :**

અલગ અલગ વિદ્યાર્થીમાં ભણવાના તણાવની માત્રા અલગ અલગ હોય છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વ (ક્ષમતા, અભિગમ, અપેક્ષા, સહન શક્તિ, આત્મવિશ્વાસ વગેરે) પર માનસિક તણાવની માત્રા નિર્ભર રહે છે.

ભણતરના તણાવની પ્રક્રિયા અને માત્રા નીચેના સમીકરણ પર નિર્ભર રહે છે.

ભણતર અભ્યાસ
(વિદ્યાર્થીના કાબૂમાં નથી.)

↓

વ્યક્તિગત સંવેદનશીલ પ્રતિક્રિયા
(વિદ્યાર્થીના કાબૂમાં છે.)

↓

ભણવાના તણાવની માત્રા

ભણવાના તણાવની અસર વિદ્યાર્થી પર કેટલી તથા કેવી થશે એ વિદ્યાર્થીની વ્યક્તિગત પ્રતિક્રિયા પર આધાર રાખે છે. પ્રતિક્રિયા જો નકારાત્મક હોય તો ભણવાના તણાવની અસર વધી જાય છે. ભણવાના તણાવની અસર બહારના પ્રસંગો કે શું ભણવાનું છે એના કરતાં વિદ્યાર્થીના આંતરિક પરિબળો તથા ક્ષમતા પર વધારે આધાર રાખે છે. આ આંતરિક પરિબળો પર વિદ્યાર્થીનો કાબૂ હોય છે. આંતરિક પરિબળોનો વિકાસ કરી શકાય છે, ક્ષમતા વધારી શકાય છે. યોગ્ય હકારાત્મક વિદ્યાર્થી - માતાપિતાના સંબંધો આ વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

- **વિદ્યાર્થીઓમાં ભણવાના તણાવના લક્ષણો :**

૧. ભણવામાં રૂચિ ઓછી થઈ જાય છે.
૨. ભણવામાં મન લાગતું નથી.
૩. ભણવામાં એકાગ્રતા ઓછી રહે છે.
૪. ભણવામાં ગ્રહણશક્તિ ઘટી જાય છે.
૫. વાંચેલું યાદ રહેતું નથી, ભૂલી જવાય છે.
૬. વિદ્યાર્થી ભણવાને બદલે ઈતર પ્રવૃત્તિમાં (ટી.વી., રમવામાં, વાતચીત કરવામાં વગેરે) સમય વેડફે છે.
૭. મન અસ્વસ્થ, બેચેન રહે છે.

*કુમતિવાળા પંડિત કરતાં સુમતિવાળો અભણ વધુ સારો.*

૮. નાની નાની બાબતોમાં ચીડિયો સ્વભાવ થઈ જાય છે.

૯. આત્મવિશ્વાસ ઘટી જાય છે.

૧૦. પોતાના માટે હીનપણું કે નીચાપણું લાગે છે.

૧૧. મરવાના વિચારો આવે છે, 'જિંદગી જીવવા જેવી રહી નથી' એવા વિચારો આવે છે.

૧૨. કોઈક વખત આત્મહત્યાનો પ્રયાસ વિદ્યાર્થી કરે છે.

૧૩. શારીરિક તકલીફો થાય છે. વારંવાર માથું દુઃખે છે, પેટમાં દુઃખાવો રહે છે, ઊબકા આવે છે, ઊલટી થાય છે, નબળાઈ લાગે છે. આ શારીરિક તકલીફો માટે શારીરિક તપાસ, લેબોરેટરી તપાસ, એક્ષ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન વગેરે નોર્મલ હોય છે.

ઉપરના લક્ષણોમાંથી ૪ કે તેથી વધારે લક્ષણો વિદ્યાર્થીમાં હોય તો એ વિદ્યાર્થી ભણવાના તણાવથી પીડાઈ રહ્યો છે. મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી સારવારની જરૂરત છે. જેથી ભણવાના તણાવથી થતા ગંભીર પરિણામોમાંથી બચી શકાય. આગોતરા ઉપાય કરી શકાય. (Prevention is better.)

- **ભણવાની ક્ષમતા વધારવાના ઉપાયો :**

★ **આત્મવિશ્વાસ :** વિદ્યાર્થીને પોતાની ક્ષમતા પર આત્મવિશ્વાસ હોવો જોઈએ. વધારે પડતો કે અયોગ્ય આત્મવિશ્વાસ નહીં.

★ **હકારાત્મક અભિગમ :** અભ્યાસ પ્રત્યેનો હકારાત્મક અભિગમ હોવો જરૂરી છે. નકારાત્મક વિચારો તથા વલણની જગ્યાએ હકારાત્મક વિચારો તથા અભિગમ લાવવા જરૂરી છે. જરૂર પડે મનોચિકિત્સક કે કાઉન્સેલરની સેવા લેવી જોઈએ.

★ **ક્ષમતા પ્રમાણેની અપેક્ષાઓ :** પોતાની ક્ષમતા, ભણવામાં રસ, ધગશને ધ્યાનમાં લઈ અપેક્ષાઓ રાખવી જોઈએ તથા લક્ષ (Goal) નક્કી કરવું જોઈએ. ત્યારબાદ આ અપેક્ષાને પરિપૂર્ણ કરવા યોગ્ય મહેનત કરવી જોઈએ.

★ **અયોગ્ય સરખામણી ટાળો :** બીજા વિદ્યાર્થીઓ જોડે ભણવાની બાબતમાં સરખામણી કદી જ કરવી નહીં. પોતાનું લક્ષ પોતાની ક્ષમતા પ્રમાણે નક્કી કરો. હકારાત્મક અભિગમ રાખી, નક્કી કરેલ લક્ષ પ્રમાણે મહેનત કરવી જોઈએ.

★ **અગ્રતાક્રમ :** અભ્યાસ અને દરેક વિષયને યોગ્ય અગ્રતાક્રમ (Priority) આપો. દરેક વિષયને અગ્રતાક્રમ પ્રમાણે ક્રમવાર સમય ફાળવો. તથા એ પ્રમાણેની તૈયારી કરો.

★ **સમયપત્રક :** રોજનું સમયપત્રક બનાવો. અભ્યાસ, માનસિક શિથિલતા, કસરત, ઈતર પ્રવૃત્તિઓ માટે સમય નક્કી કરો. જરૂરત પ્રમાણે (પરીક્ષા નજીક આવતી વખતે) આ ફાળવેલા સમયમાં યોગ્ય ફેરફાર કરો. બને એટલું સમયપત્રકનું પાલન કરો.

- **માનસિક શિથિલતા (Relaxation) :**

૧. એકથી બે કલાકના અભ્યાસ બાદ ૫ થી ૧૦ મિનિટ મગજને આરામ આપવો જરૂરી છે. આથી મગજની કેન્દ્રિત કરવાની શક્તિ એકાગ્રતા (concentration power) જળવાઈ રહે છે.

૨. **નિયમિત શારીરિક કસરત :** દરરોજની ઓછામાં ઓછી ૧૫ મિનિટની શારીરિક કસરત જરૂરી છે. શારીરિક કસરતને લીધે શરીરમાં રાસાયણિક ફેરફારો થાય છે, હકારાત્મક હોરમોન્સનું પ્રમાણ વધે છે. જેથી ભણવાનો તણાવ ઓછો થાય છે.

૩. **પ્રાણાયામ :** નિયમિત રીતે પ્રાણાયામ, મેડિટેશન, યોગા, શવાસન કરવાથી તણાવ ઓછો થાય છે.

- **શારીરિક સ્વાસ્થ્ય :**

**૧. ખોરાક :** વર્ષ દરમ્યાન તથા ખાસ કરીને પરીક્ષાના સમયે પૌષ્ટિક, સમતોલ આહાર મહત્ત્વનો છે. ખોરાકમાં તાજાં લીલાં શાકભાજી, તાજાં ફળો દરરોજ લેવાં જોઈએ. આથી શરીર અને મગજ માટે જરૂરી તત્ત્વો મળી રહે છે. જે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે મદદ કરે છે.

**૨. ઊંઘ :** અભ્યાસ માટે પૂર્ણ ઊંઘ જરૂરી છે. પરીક્ષાના સમયે પણ પૂર્ણ વ્યવસ્થિત ઊંઘ ખૂબ જ અગત્યની છે. વિચાર કરો કે સચીન તેંડુલકર સેન્ચુરી કરતાં પહેલાં રાત્રે ઉજાગરા કરીને પ્રેક્ટિસ કર્યા કરે છે?

**૩. આંખોની સંભાળ :** અભ્યાસ કરતી વખતે (વાંચતી કે લખતી વખતે) વ્યવસ્થિત પ્રકાશ જરૂરી છે. રાત્રે નાઈટ લેમ્પના અજવાળામાં અભ્યાસ કરવાથી આંખોને તકલીફ થાય છે. અભ્યાસ કરતી વખતે (દિવસે કે રાત્રે) યોગ્ય પ્રકાશ જરૂરી છે.

**૪. અંગમરોડ (Body Posture) :** ટેબલ અને ખુરશી પર બેસી યોગ્ય અંગસ્થિતિ રાખી અભ્યાસ કરવો જરૂરી છે. સૂતા સૂતા વાંચવાનું ટાળવું જોઈએ.

- **માતા-પિતા વડીલોનો અભિગમ :**

૧. માતા-પિતા તથા વડીલોનો વિદ્યાર્થી પ્રત્યે હકારાત્મક અભિગમ હોવો જોઈએ.

૨. હકારાત્મક શબ્દો દ્વારા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવું જોઈએ. (ગ્લાસ અડધો ભરેલો છે, નહીં કે અડધો ખાલી છે.)

૩. દરેક વિદ્યાર્થીની અભ્યાસ કરવાની પદ્ધતિ વ્યક્તિગત રીતે અલગ હોય છે. અભ્યાસ કેવી રીતે કરવો, કયા સમયે કરવો એ બાબત વિદ્યાર્થીને સલાહ ન આપવી જોઈએ.

૪. બીજા વિદ્યાર્થીઓ જોડે સરખામણી ન કરો.

૫. પોતાની અપેક્ષાઓ વિદ્યાર્થી પર ન લાદો. એની જોડે ચર્ચા કરો. છેવટના નિર્ણય વિદ્યાર્થીને કરવા દો.

૬. વાતચીતનો દોર ખુલ્લો રાખો. વિદ્યાર્થીના મંતવ્યો ધ્યાનથી સાંભળો. એના પર નકારાત્મક પ્રતિભાવ

આપવાને બદલે શાંતિથી તમારા મંતવ્યો આપો.

૭. માનસિક હૂંફ આપો. પ્રેમભર્યો સંબંધ જાળવી રાખો.

● **પરીક્ષાના સમય દરમ્યાન :**

૧. રાત્રે સંપૂર્ણ ઊંઘ મળવી જોઈએ.

૨. પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલાં અભ્યાસ કરવાનું બંધ કરવું જોઈએ.

૩. પરીક્ષાના કેન્દ્ર પર સમયસર પહોંચી જવું જોઈએ.

૪. શક્ય હોય તો વિદ્યાર્થી જોડે કુટુંબીજનોએ પરીક્ષા કેન્દ્ર પર સાથે જવું જોઈએ. આ દરમ્યાન અભ્યાસની વાતચીત ટાળવી જોઈએ.

૫. પરીક્ષા શરૂ થતા પહેલાં પ્રાણાયામ (relaxation)ની કસરત કરવી જોઈએ.

૬. પ્રશ્ન પેપર શાંતિથી વાંચો.

૭. આવડતું હોય તથા ગુણાંક પ્રમાણે દરેક પ્રશ્નના ઉત્તર માટે સમય ફાળવો.

૮. જે પ્રશ્નોના જવાબ સારી રીતે આવડતાં હોય એ જવાબોને અગ્રતાક્રમ આપી જવાબો પહેલાં લખો.

૯. છેલ્લી ૧૦ મિનિટમાં લખેલા ઉત્તરો વાંચી જવા.

૧૦. પેપર પૂરું થયા પછી પેપર કેવું ગયું એ વિશે ચર્ચા કરવાનું ટાળવું જોઈએ.

● **ઉત્તરો લખવાની કળા :**

આજની પરીક્ષા પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીએ જવાબો કેવી રીતે આપ્યા છે એના પર ગુણાંક મળે છે. (performance at that time) માટે ઉત્તરો લખવાની કળા પર યોગ્ય ધ્યાન આપવું જરૂરી છે. નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખો :

૧. જવાબમાં યોગ્ય માહિતી અને મુદ્દાઓ આવરી લેવા.

૨. મુખ્ય શીર્ષક અને ઉપશીર્ષક નવા ફકરાથી શરૂ કરવા.

૩. મહત્ત્વના મુદ્દાઓ નીચે લાઈન કરવી.

૪. જરૂરી આકૃતિઓ દોરો.

૫. સુંદર, સારા અક્ષરો દ્વારા ઉત્તરો લખવા. જેથી પરીક્ષકને વાંચવામાં તકલીફ ન થાય.

૬. ઉત્તરપત્રના કુલ પાનાનો નંબર પ્રથમ પાના પર લખવો.

● **પરીક્ષાની પૂર્વ તૈયારી :**

આગલા વર્ષોનાં પ્રશ્ન પેપર્સના નિર્ધારિત સમયમાં ઉત્તરો આપો (Examination Trial) તમારા શિક્ષકને ઉત્તરો તપાસવા આપો. આ અનુભવથી વિદ્યાર્થીને શીખવા મળશે કે વિદ્યાર્થી નિર્ધારિત સમયમાં ઉત્તરો લખી શકે છે કે નહીં. નાની નાની ભૂલો પ્રત્યે શિક્ષક ધ્યાન દોરી શકશે.

● **સારાંશ :**

અહીં ચર્ચા કરેલ મુદ્દાઓ પ્રત્યે વિદ્યાર્થી તથા માતા-પિતા ધ્યાન આપશે તો વિદ્યાર્થી પરનો ભણવાનો તણાવ યોગ્ય માત્રામાં રહેશે તથા અપેક્ષિત પરિણામ મળશે. ભણવાના તણાવની નકારાત્મક અસરો નહીં થાય તથા ગંભીર પરિણામથી બચી શકશે. ■

*વિચાર, વાણી અને વર્તનની એકતા એટલે મહાત્મા.*

# કબજિયાત (Constipation)

• વૈદ્ય નવીનભાઈ ઓઝા •

એક જાણીતી કહેવત છે કે 'જેનો બગડ્યો ઝાડો, તેનો બગડ્યો દહાડો.'

ખરે જ, સવારે નસીબદારને જ ઝાડો સાફ આવે છે. મોટાભાગની વ્યક્તિઓને મળને બહાર કાઢવા માટે ચા, સિગારેટ અથવા જાતજાતની ફાકીઓ - ટીકડીઓનો આશરો લેવો પડે છે. કોઈ પણ મેગેઝિન કે વર્તમાનપત્રમાં સવારે ઝાડો સાફ લાવવાની ગેરંટી આપતાં ઔષધોની જાહેરાત આપણને અવશ્ય જોવા મળશે. તેના ઉપરથી કબજિયાતના રોગની વ્યાપકતાનો ખ્યાલ આવે છે.

કબજિયાતને બંધકોશ, મળાવરોધ, મળબંધ કે વિબંધ પણ કહે છે.

## ● કબજિયાતનાં મુખ્ય લક્ષણો :

૧. મળપ્રવૃત્તિ નિયમિત ન હોવી.
૨. મળપ્રવૃત્તિ સહેલાઈથી ન થાય.
૩. મળપ્રવૃત્તિ માટે સંડાસમાં લાંબો સમય બેસી રહેવું પડે.
૪. મળપ્રવૃત્તિ માટે ઘણું જોર કરવું પડે.
૫. મળપ્રવૃત્તિ થોડી જ થાય.
૬. મળત્યાગનો સંતોષ ન થાય.
૭. મળ કાળો, થોડો કઠણ અને દુર્ગંધવાળો હોય.
૮. કેટલીકવાર મળ લાકડા જેવો કઠણ થઈ જાય. તો કેટલીકવાર મળ બકરીની લીંડી જેવો ગંઠાઈ જાય.
૯. ચા કે સિગારેટ પીધા વગર મળપ્રવૃત્તિ ન થાય.
૧૦. મળત્યાગ માટે વારંવાર જુલાબનો આશરો લેવો પડે.
૧૧. મળપ્રવૃત્તિ રોજ ન થાય.
૧૨. ઘણીવાર તો હાજત લાગે, સંડાસમાં જવું પડે પણ લાંબો સમય બેસી રહેવા છતાં મળપ્રવૃત્તિ જ ન થાય.
૧૩. મળપ્રવૃત્તિની અલ્પતાને લઈને કોઠો ખાલી ન થાય.

## ● કબજિયાત શું છે?

શરીરનો એ ધર્મ છે કે તે બિનઉપયોગી કચરો સંગ્રહી રાખતું નથી. તેથી ખાધેલા ખોરાકમાંથી સારભાગ છૂટો પડી જાય છે અને મળભાગને બહાર નીકળ્યે જ છૂટકો થાય છે. પરંતુ આયુર્વેદ માને છે કે જ્યાં સુધી મળનું બરાબર પાચન ન થાય ત્યાં સુધી તે બહાર ધકેલાતો નથી. સ્વ. વૈદ્યરાજ પ્રભાશંકર ગઢડાવાળા કહેતા કે લીમડા ઉપર કાચી લીંબોળી હોય ત્યાં સુધી ગમે તેટલું વાવાઝોડું આવે તો પણ તે પડતી નથી. પરંતુ તે જેવી પાકે ત્યારે જરા પણ પવન ન હોય છતાં તરત જ ટપ દઈને નીચે પડે છે. મળનું પણ આવું જ છે. તે કાચો હોય ત્યારે બહાર નીકળતો નથી. છતાં તમે તેને બીજી રીતે એટલે પ્રયત્નપૂર્વક કાઢવા માંગો તો તે નીકળે ખરો પણ તમને તેનાથી સંતોષ ન થાય. પરંતુ જેવો તે પાકે કે તરત જ બહાર નીકળવા પ્રયત્ન કરે છે. તમે તેને રોકવા પ્રયત્ન કરો તો પણ તે ન રોકાય. તેથી કબજિયાત મટાડવા મળનું પાચન થવું જરૂરી છે. તેને માટે અગ્નિમાંદ્ય અને અજીર્ણ ન થાય તે જોવું જોઈએ.

## ● સહજ રીતે થતો મળત્યાગ :

આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી જરૂરી પોષકતત્ત્વો શરીર લઈ લે છે. પછી જે કચરો વધે તે મળસ્વરૂપે મળાશયમાં જમા થાય છે. આ આખી પ્રક્રિયા માટે લગભગ ૧૮ કલાક થાય છે. તમે સવારે ૧૦થી ૧૨ની વચ્ચે જમતા હો તો બીજે દિવસે ઊઠીને પથારી છોડ્યા પછી તમારે સંડાસ જવું જ જોઈએ. સંડાસ જવામાં થોડી વાર લાગે તો અકળામણ થવી જોઈએ. સંડાસ બેઠા કે તરત જ એક સાથે સારી રીતે બંધાયેલો, વધારે પડતી દુર્ગંધ વગરનો, એકસરખો, પૂરતા પ્રમાણમાં મળ નીકળી જવો જોઈએ. આવો મળ શહેરી સંડાસમાં પાણી નાંખતા જ સરકી જાય છે. મળની ચીકાશ ગુદાને બહુ ન લાગવી જોઈએ અને મળત્યાગ પછી અસાધારણ હળવાશ અનુભવાવી જોઈએ. જાણે શરીર હળવું ફૂલ થઈ ગયું હોય તેવું લાગવું જોઈએ. આને બિલકુલ સહજ રીતે થતો અથવા પ્રાકૃત મળત્યાગ કહી શકાય.

## ● કબજિયાતનાં કારણો :

ઉપર જણાવ્યા પ્રમાણે મળત્યાગ સાફ અને સંતોષકારક ન આવે તો કબજિયાત છે તેમ કહી શકાય. કબજિયાત થવાનાં કારણો નીચે પ્રમાણે છે :

૧. ઈલેક્ટ્રિક ઘંટીનો ચીકણો બારીક લોટ, ફોતરાં વગરની દાળ, પૉલિશ કરેલા ચોખા, થૂલા વગરનો લોટ, ચીકણો મેંદો, છાલ કાઢીને બનાવેલાં શાક, રેસા વગરના ખોરાકનો વધારે પડતો ઉપયોગ વગેરે કબજિયાતનાં આહારજન્ય કારણો છે.
૨. પાણી ઓછું પીવાની ટેવ.
૩. પરિશ્રમ વિનાનું બેઠાડું જીવન.
૪. મળત્યાગ માટે ચા કે બીડી-સિગારેટનો ઉપયોગ કરવાની ટેવ.
૫. વારંવાર જુલાબ લઈ મળત્યાગ કરવાની ટેવ.
૬. શરમ, સંકોચ કે કામને લઈને મળની હાજતને રોકી રાખવાની ટેવ.
૭. ચિંતા, ભય, ક્રોધ, આઘાત વગેરે માનસિક ભાવો.
૮. લાંબી માંદગીને લીધે શારીરિક દોષો વધુ પ્રમાણમાં પ્રકોપ પામ્યા હોય અને શરીરના બધા અવયવો પોતપોતાનું કામ બરાબર ન કરી શકતા હોય.

*કામ કેટલું થયું એ નહિ, કેવું થયું એ જોતા શીખો.*

૯. હરસ, મસા અને ભગંદર જેવા મળમાર્ગના રોગોને લીધે મળત્યાગ વખતે થનારી પીડાની બીકે મળને રોકી રાખવાની વૃત્તિ.

૧૦. વધુ પડતો પરિશ્રમ અને અપૂરતો ખોરાક.

આ બધામાંથી કોઈને કોઈ કારણે કબજિયાત થવાની શક્યતા ઊભી થાય છે.

- **કબજિયાતના પ્રકારો :**

કબજિયાતના બે પ્રકાર પાડવામાં આવે છે : (૧) બૃહદાન્ત્રી (Colonic), (૨) મળાશયી (Dyschezia)

૧. બૃહદાન્ત્રી પ્રકારના કબજિયાતમાં મોટા આંતરડાંની અંદરની પેશીઓની શક્તિ ઘટી ગયેલી જોવા મળે છે, જેને કારણે આંતરડાની ગતિ ઓછી થઈ જાય છે. વળી મોટા આંતરડાં કે મળાશયના ભાગમાં ગ્રંથિ કે મળના ગંઠાઈ જવાથી પણ કબજિયાત જોવા મળે છે. પ્રમાણથી ઓછું ખાવું, પૂરતા પ્રમાણમાં પાણી કે પ્રવાહી ન લેવું, થૂલાવાળો ખોરાક કે શાકભાજી ઓછાં ખાવાથી આ પ્રકારની કબજિયાત થતી જોવા મળે છે.

૨. મળાશયી પ્રકારના કબજિયાતમાં નાનપણથી જ સવારે મળપ્રવૃત્તિ જવાની ટેવ ન પડવાથી કાલાંતરે કબજિયાત થતી જોવા મળે છે. કારણકે આ એક પ્રતિવર્તિત (Reflex) ક્રિયા છે, જે યોગ્ય સમય અને નિયમ જાળવવાથી જ ઉત્પન્ન થાય છે. ઉદરપ્રદેશની પેશીઓની શિથિલતા, વૃદ્ધાવસ્થા, બહુપ્રસવા મહિલાઓમાં આવું થતું જોવા મળે છે. જેમને મળદ્વારમાં ચીરા (Anal Fissure) હોય અને મળપ્રવૃત્તિ વખતે થનારી વેદના કે બળતરાની બીકથી પણ મળપ્રવૃત્તિ રોકી રાખતાં હોય, કામકાજને લઈને જેઓ હાજત રોકી રાખતાં હોય તેમને આ પ્રકારની કબજિયાત થાય છે.

- **જુલાબ-રેચ :**

મળને સાફ લાવવા માટે બે જાતના જુલાબ હોય છે : (૧) પરગેટિવ (Purgative), જે મળને હડસેલો મારી ગડગડાટ સાથે પાતળો મળત્યાગ કરાવે છે. (૨) લેક્ઝેટિવ (Laxative), જે મળને સુંવાળો કરી ખૂબ જ સરળતાથી મળત્યાગ કરાવે છે. પરગેટિવમાં બે-ચાર ઝાડા થવાની સંભાવના હોય છે, જ્યારે લેક્ઝેટિવમાં એક કે બે ઝાડા થાય છે. પરગેટિવ કરતાં લેક્ઝેટિવ ઉપચાર વધુ હિતાવહ છે. પરગેટિવમાં નેપાળો, સોનામુખી, હરડે, નસોતર વગેરે તેમજ લેક્ઝેટિવમાં ઇસબગુલ, ગરમાળો, કાળી દ્રાક્ષ વગેરેનો સમાવેશ થાય છે.

પરંતુ કાયમી ધોરણે જુલાબ લીધે રાખવો તે નુકસાનકારક છે. આંતરડાં કંઈ ગટર નથી કે તેમાંનો કચરો જુલાબથી સાફ કરી દેવાય. જેને કાયમી અને જૂની કબજિયાત છે તેનો કાયમી ઉપાય કોઈ પણ પ્રકારનો જુલાબ નથી જ. પરંતુ જેઓને અઠવાડિયે કે પંદર દિવસે એકવાર પેટ સાફ લાવવા, લોહીબગાડ દૂર કરી ચામડીના રોગો મટાડવા કે બીજા કોઈ કારણે પ્રસંગોપાત જુલાબ લેવો હોય તો તેમને માટે કેટલાક નિર્દોષ જુલાબ નીચે પ્રમાણે છેઃ

★ હરડે ચૂર્ણ, ત્રિફલા ચૂર્ણ, સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ, શિવાક્ષાર પાચન ચૂર્ણ, પંચસકાર ચૂર્ણ, દીનદયાળ ચૂર્ણ, અવિપત્તિકર ચૂર્ણ, ઇસબગુલ ભૂંસી, નસોતર ચૂર્ણ, કાળી દ્રાક્ષ, ગરમાળાનો ગોળ, દિવેલ (એરંડતેલ) વગેરે આયુર્વેદીય જુલાબની દવાઓ છે.

★ નાનાં બાળકોને ગરમાળાનો ગોળ કે કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી, ચોળી, ગાળીને પીવડાવવી જોઈએ. તેનાથી પેટની ગરમી, લોહીબગાડ અને મળબંધ દૂર થાય છે.

★ વૃદ્ધો માટે દૂધમાં ઇસબગુલની ભૂંસી લેવી હિતાવહ છે.

★ આંખોના રોગીએ, ખીલવાળાએ અને ગરમીવાળાએ ત્રિફલા ચૂર્ણ લેવું ઉપયોગી છે.

★ લોહીબગાડ - હરસના રોગી માટે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ સારું છે.

★ અમ્લપિત્ત અને પિત્તના રોગી માટે પંચસકાર, અવિપત્તિકર કે કાળી દ્રાક્ષ લાભદાયક છે.

★ નેપાળો તો તીવ્ર વિરેચક છે. તે કોઈક વાર જ લઈ શકાય.

- **કાયમી ઉપાય :**

કબજિયાતના કાયમી ઉપાય તરીકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

સૌપ્રથમ તો ખોરાકમાં ફેરફાર કરવો જોઈએ. વાસી, વાયડો, ભારે, ચીકણો, તળેલો ખોરાક ન ખાવો. સુપાચ્ય, હલકો, સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો.

'કબ્જી કા ઉપાય સબ્જી' એટલે લીલાં પાંદડાંવાળી ભાજી કે તેનો સૂપ સાંજના ખોરાક સાથે લેવાથી મળ સાફ આવે છે.

ઉપવાસ દ્વારા પણ કબજિયાત મટાડી શકાય છે. માત્ર ઉકાળી, ગાળીને ઠંડું કરેલું પાણી પીને બે-ચાર ઉપવાસ કરવા જરૂરી છે.

સવારે વહેલું ઊઠવું, ઊઠીને પાણી પીવું, લાંબે ફરવા જવું, હળવો વ્યાયામ કરવો, યોગાસનો કરવાં, ઊંડા શ્વાસોચ્છવાસ લેવા વગેરેની ટેવ પાડવાથી કબજિયાત દૂર થાય છે.

- **ત્રણ પ્રયોગો :**

કબજિયાતના જૂના રોગને નાથવા માટે કાયમી ધોરણે નીચેના ત્રણ પ્રયોગો ઉપયોગી છે :

૧. સવારે વહેલા ઊઠી એક-બે ગ્લાસ પાણી પીવું. પછી ઘરની બહાર ફરવા નીકળી જવું. એકાદ માઈલ ચાલવાથી મળત્યાગની હાજત થશે.

૨. ખેડાણ થયા વિનાની જમીનની કાળી માટી લાવી, ચાળી, તેમાં પાણી રેડી, સારી રીતે મિશ્રણ કરી, પાતળા કપડાના ટુકડામાં વીંટાળી, ડૂંટી અને પેઢા વચ્ચે બાંધી દેવી. તે સૂકાઈ જતાં કાઢી લેવી. આ પ્રયોગ પેટ ખાલી હોય ત્યારે કરવો. થોડા દિવસ આમ કરવાથી કબજિયાતના જૂના રોગમાં ફાયદો જણાશે.

૩. આ પ્રયોગ રાત્રે સૂતી વખતે કરવાનો છે. અડધો શેર દૂધમાં એક ચમચી ઘી અને ચપટી ગંઠોડાનો ભૂકો નાખી, દૂધને ઉકાળવું. તે દૂધ હૂંફાળું ગરમગરમ પી જવું. દૂધ પીધા પછી પાણી પીવું નહિ. તેનાથી આંતરડાં અને મળાશયમાં રહેલો મળ સુંવાળો - ઢીલો બનીને બહાર આવવા લાગશે.

*સ્નેહની સૃષ્ટિમાં સોદાબાજી નહિ, સમર્પણ જ શોભે.*

• **નિસર્ગોપચાર :**

જીવન જીવવાની રોજિંદી સારી ટેવો અને નિસર્ગોપચારની દૃષ્ટિએ કબજિયાતના ઉપચારો અહીં આપ્યા છે. આ સુટેવો અને ઉપચારોથી કાયમી ધોરણે કબજિયાત મટે છે.

૧. **પૂરતી ઊંઘ :** કબજિયાતના રોગીએ પૂરતા પ્રમાણમાં ઊંઘ લેવી જોઈએ. માટે વહેલાં સૂઈ જવું અને વહેલાં ઊઠવું. પુખ્ત વયની વ્યક્તિએ ૮થી ૯ કલાકની ઊંઘ લેવી જોઈએ. પૂરતી ઊંઘથી પાચનશક્તિ સુધરે છે અને થોડા વહેલા ઊઠવાથી સારી રીતે મળત્યાગ થઈ જાય છે.

૨. **વ્યાયામ :** રોજ નિયમિત વ્યાયામ કરનારને કબજિયાત થતી નથી. કારણકે સાંજનું ભોજન રાત્રિ દરમિયાન પૂરેપૂરું પચતું નથી અને આમ કાચો રહે છે. નિયમિત વ્યાયામથી કાચો આમ પાકી જાય છે અને મળશુદ્ધિ થાય છે. ઉપવાસ કર્યો હોય તે દિવસે વ્યાયામ ન કરો તો ચાલે. પરંતુ જે દિવસે ખાવાનું હોય તે દિવસે તો વ્યાયામ કરવો જ જોઈએ. વ્યાયામથી ખોરાકનું પાચન થઈને મળ સાફ આવે છે. વ્યાયામ કરવાથી ઉદર પ્રદેશના નીચેના ભાગ અને મળાશયના સ્નાયુઓ તથા પેશીઓમાં સ્થિતિસ્થાપક્તા તથા દૃઢતા આવે છે, જેને કારણે યોગ્ય સમયે મળત્યાગની ટેવ પાડવાથી ખુલાસીને ઝાડો થાય છે.

૩. **લાંબું ચાલવું :** લાંબા અંતર સુધી ઝડપથી ટટ્ટાર ચાલવાની ટેવ પાડવાથી પેટ સાફ આવે છે. જેઓ આ રીતે નિયમિત ચાલવાનું રાખે છે તેમને મળત્યાગમાં તકલીફ પડતી નથી.

૪. **જોગિંગ :** જોગિંગ એટલે ધીમી ગતિની દોડ. યુવાનો માટે જોગિંગ ઉત્તમ છે. તેનાથી મળબંધ તૂટે છે. જેઓ બહાર જોગિંગ માટે જઈ શકતા ન હોય તેઓ ઘરમાં જ જોગિંગ કરે તો પણ પૂરો લાભ મળશે.

૫. **પાણી વધુ પીવું :** સવારે ઊઠીને તરત જ પાણી પીવું. જમ્યા પછી એક કે બે કલાક પછી પાણી પીવું. રાત્રે સૂતી વખતે પાણી પીવું. આમ, તરસ ન હોય છતાં પાણી પીવાથી મળ ઢીલો રહે છે અને સાફ આવે છે.

૬. **લીંબુ-પાણી :** સવારે ઊઠીને ગરમ પાણીમાં લીંબુ નિચોવીને પીવાથી પણ પેટ સાફ આવે છે. આમાં મધ (ઠંડા પાણીમાં) પણ મેળવી શકાય. આવું પીણું બપોરે કે રાત્રે પણ પી શકાય.

૭. **ભોજનમાં ફેરફાર :** ચક્કીનો પીસેલો લોટ ન ખાતાં ઘંટીનો હાથે દળેલો લોટ ખાવો. ઘઉંના ફાડા કે થૂલાની બનાવેલી વાનગી લેવી. લીલોતરી ભાજી વધુ પ્રમાણમાં ખાવી. ગ્રીન સૅલાડ (કચુંબર)નો ઉપયોગ વધુ કરવો. આ બધું પાચનતંત્ર સુધારી કબજિયાત મટાડે છે. ગાજર, કાકડી, ટામેટાં, કોથમીર, ફુદીનો, બીટ, મગફળી, નારિયેળનું કોપરું વગેરેનું સેવન અવારનવાર કરવું.

૮. **માટીનો પ્રયોગ :** સારી, સાફ કરેલી, કાંકરા-કચરા વગરની, બિનખેડાયેલી કાળી, ચીકણી માટીને એક-બે કલાક ઠંડા પાણીમાં પલાળી રાખવી. રાત્રે સૂતી વખતે (જમ્યા પછી બે કલાકે) આ માટીને પાતળા કપડામાં વીંટી પેઢા પર મૂકવી. તે મળાશયની ગરમી ચૂસી લઈ સવારે પેટ સાફ લાવશે.

૯. **સૂર્ય સ્નાન :** પેટ અને પેઢાના ભાગને થોડીવાર (૩૦ મિનિટ) સૂર્યનાં કિરણોનો સીધો તડકો આપવાથી મળવિસર્જન શક્તિ વધે છે. સૂર્યસ્નાન માટે સવારનો કે સાંજનો કુમળો તડકો લેવો.

૧૦. **ઠંડા પાણીએ નાહવું :** કાયમી ધોરણે ઠંડા પાણીએ નાહવાની ટેવ પાડવી.

૧૧. **ઠંડા - ગરમ પાણીનું ટબબાથ :** પહેલાં ઠંડા પાણીમાં કેડ ડુબાડી એક-બે મિનિટ બેસો. પછી તરત જ ગરમ પાણીના ટબમાં કેડ ડુબાડી એક-બે મિનિટ બેસો. આમ વારાફરતી ત્રણ-ચાર વાર કરવું. ટબ ન હોય તો ડુંટી નીચે લોટાથી વારાફરતી ઠંડું અને ગરમ પાણી રેડવું.

૧૨. **ઉપવાસ-એકટાણા :** પાચનતંત્રને આરામ આપવા અને પડી રહેલા ખોરાકનું પાચન કરવા માટે અઠવાડિયે એકાદ એકટાણું કે ઉપવાસ કરવો.

૧૩. **ફળાહાર :** અઠવાડિયે એકાદ વાર આખો દિવસ કે એક વખત ઋતુ ઋતુ પ્રમાણે મળતાં ફળો ખાઈને રહેવું.

૧૪. **ચાવીને ખાવું :** સારી રીતે ચાવીને ખાવાથી ખોરાકનું બરોબર પાચન થશે અને મળ સાફ આવશે.

૧૫. **નિયમિત જમો :** વારંવાર ન જમો. પરંતુ બે ટંક નિશ્ચિત સમયે નિયમિત જમો.

૧૬. **ભોજન વચ્ચેનું અંતર :** બે વખતના ભોજન વચ્ચે છ કલાકનું અંતર રાખવું જોઈએ. સાંજે જમ્યા પછી ત્રણ કલાક પછી ઊંઘવું. અર્થાત્ સાંજના ભોજન અને શયન વચ્ચેનો ગાળો ત્રણ કલાકનો રહેવો જોઈએ. આથી ખાધેલા ખોરાકનું વ્યવસ્થિત પાચન થશે.

૧૭. **મળદ્વારને દબાવવું :** જોર કરવા છતાં જો મળાશયમાંથી મળ બહાર ન આવતો હોય તો મળની પકડ ઢીલી કરવા મળદ્વાર પાસે ડાબી બાજુના સ્નાયુઓના ડાબા હાથે પકડી દબાવવા. આમ કરવાથી તરત જ મળત્યાગ થશે.

★

*જીતની બાર ખાના*
*ઉતની બાર પાખાના*
*જૈસા ખાના - વૈસા પાખાના.*

★

આહારનું સેવન કરનાર વ્યક્તિએ પોતાના જઠરના ત્રણ ભાગની કલ્પના કરવી : એક ભાગ ઘન પદાર્થો માટે, બીજો ભાગ પ્રવાહી પદાર્થો માટે તથા ત્રીજો ભાગ વાયુ, પિત્ત, કફ — એ ત્રણ દોષો માટે રાખવો જોઈએ. આ રીતે પ્રમાણસર ખાનાર વ્યક્તિને, પ્રમાણ બહાર ખાનાર વ્યક્તિને થનારાં નુકસાન થતાં નથી.

**પ્રેષક : શાંતિલાલ રામજી ગાલા**

*મન વિચાર અને માન્યતાઓથી મુક્ત હોય છે ત્યારે જ સાચી રીતે સક્રિય બને છે.*

*જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને પામવા માટે પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા કરવામાં આવે છે.*

# મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા

(લેખાંક-૫)

• શાંતિલાલ વ. શાહ •

શબ્દ જગતમાં આગળ વધતા પહેલાં એક વાચકની વાત કરી લઉં. એ મુરબ્બી વાચક મિત્ર છે, શ્રી સુરેન્દ્રરાય રાવલ. વય છે - ૮૩. એમણે ગુજરાતી ભાષાનો PANGRAM લખી મોકલાવ્યો છે, ૪૫ અક્ષરોનો! નવેમ્બર-૨૦૦૯ના લેખાંકમાં અંગ્રેજી PANGRAM ના બે નમૂના મૂકેલાં. PANGRAM એટલે, એક વાક્યમાં બધાં જ ૨૬ મૂળાક્ષરો સમાઈ ગયા હોય તેવું નાનું વાક્ય. એ બે નાના વાક્યો ફરી જોઈ લઈએ :

1. THE QUICK BROWN FOX, JUMPS OVER A LAZY DOG.
2. PACK MY BOX WITH FIVE DOZEN LIQUOR JUGS.

મુ. રાવલ સાહેબે જે ૪૫ મૂળાક્ષરોવાળી ગુજરાતી ભાષાનું પાનગ્રામ લખી મોકલાવ્યું છે તે જુઓ :

***"હે વીર ક્ષત્રિય, તને ખરી શાબાશી ઘટે, જેણે ભાષા, અખંડજ્ઞાન, ગઢમાં ચાલતાં ફળ, છંદ ને ઠગાઈને ઝડપથી સુધાર્યા."***

વાચક મિત્રોને ફરી વિનંતી. ગુજરાતી / અંગ્રેજી કોઈપણ, આવા નમૂના મને મોકલાવશો.

સુંદર શબ્દ-વાક્ય રચનાનો એક વધુ નમૂનો જોઈએ. આ વાક્યમાં પહેલો શબ્દ એક અક્ષરનો, બીજો બેનો, ત્રીજો ત્રણનો, એમ દરેક શબ્દ, આગળના શબ્દ કરતાં, એક એક અક્ષરો મોટો થતો જાય. ૧૫ શબ્દોના વાક્યમાં પહેલો શબ્દ એકાક્ષરી હોય તો છેલ્લો શબ્દ ૧૫ અક્ષરનો. Englishમાં આને RAHPHOLICS કહે છે. જુઓ :

I DO NOT KNOW, WHERE FAMILY DOCTORS ACCUIRED ILLEGIBLY PERPLEXING HANDWRITING NEVERTHELESS EXTRAORDINARY PHARMACEUTICAL INTELLECTUALITY.

(ભાવાનુવાદ : ડૉક્ટર સાહેબોના અક્ષરો વંચાય નહિ તેવા, ગરબડિયા ભલે હોય પણ તેઓ વૈદકશાસ્ત્રમાં જબરા નિષ્ણાત છે, તેની ના નહિ.)

## ● BLENDINGS અથવા દ્વિભાષી શબ્દો :

'દ્વિભાષી' શબ્દ! નવું તો જરૂર લાગે છે. આપણા દેશી અડધિયા શબ્દ સાથે અંગ્રેજી શબ્દનું અડધિયું મૂકીને નવો શબ્દ બનાવીએ તો તેમાં બે ભાષા ખરી કે નહિ? આવા મિશ્રણ (BLENDING) કરેલા શબ્દોને આપણે દ્વિભાષી શબ્દો કહીશું!

આવા દ્વિભાષી શબ્દો આપણી બોલચાલની ભાષામાં એવાં તો ઓતપ્રોત થઈ ગયા છે કે તેમાંનું દ્વિભાષીપણું ઓળખાતું જ નથી. દા.ત. લાઠી CHARGE / લાલી LIPSTICK. એવા, ક્યારેક રમૂજી લાગે તેવાં શબ્દોની નાની યાદી આ રહી : આ શબ્દો રૂઢ થઈ ગયેલાં, સ્વયં સ્પષ્ટ હોવાથી અર્થ કર્યા નથી. અને હા, આવા બીજા શબ્દો અનેક છે.

ઈસ્ત્રી-TIGHT, અવ્વલ-NUMBETR, કાચી JAIL, બીડી-BOX, ના PASS, બીડી BOX (MATCH BOX) (બીડી બાકસ!), પાટી PEN, છોટા સા BREAK, FILM જગત, TOLL નાકા, TICKET બારી, COURT કચેરી, CUTTING (અડધી) ચા, POLICE ચોકી, SHARE બજાર, DIAસ્થ (ડાયસ ઉપર, મંચ ઉપર) વગેરે.

ચૉબલને યાદ કર્યા વગર વાત અધૂરી રહેશે. આ શબ્દનું મિશ્રણ ખરેખર અચરજ પમાડે તેવું છે. ડબલ-ટ્રબલનું BLE અને ચૉપાટ કે ચૉપગાનું ચૉ ભેગા કરીને બનાવ્યું = ચૉબલ, ચારગણું! ALL WELLનું 'આલબેલ' કે MAN-OF-WARનું 'મનવાર' પણ આ જ કક્ષાનાં અપભ્રંશ થયેલા શબ્દો છે, અચરજ પમાડે તેવાં.

★ ★ ★

હવે જોઈએ HAVMOR અને ABHIASH જેવાં થોડાંક, ઠીકઠીક પ્રચલિત, અવારનવાર વપરાતાં શબ્દો. અહીં બે નદીઓ, બે વિશેષણો અથવા એવા બે શબ્દો જે નવા રૂપે દેખાય. અને એ નવું રૂપ જ એનું આગવું અંગ બની રહે.

એક બીજી વાત. આવા શબ્દો પાર વિનાના છે. ભાષાના વિસ્તાર સાથે અને વ્યવહારમાં વપરાતી શૈલીના વિકાસ સાથે આવા નવા શબ્દો રચાતાં જ જાય છે. અહીં રજૂ કરેલી યાદી નાની છે. આપણી વાત શબ્દોના શસ્ત્રોથી સજ્જ થવાની રહી છે, એટલે શરૂઆત શસ્ત્રથી કરીએ. ખરેખર તો અસ્ત્ર કહેવાય, જે ફેંકી શકાય છે.

★ **BRAHMOS (બ્રહ્મોસ) BRAHMPURTA + MOSCOW.** આ છે બે મહાનદીઓ. એક આપણી બ્રહ્મપુત્રા અને બીજી મૉસ્કો. એ રશિયાની મુખ્ય નદી છે. રશિયા અને ભારતે સંયુક્ત રીતે ઘણા પ્રયત્નો અને પ્રયોગો પછી આ બહુમૂલ્ય અસ્ત્ર (MISSILE) વિકસાવ્યું છે. આ આયુધને તાજેતરમાં જ આપણા લશ્કરે પોતાના

શસ્ત્રાગારમાં સમાવી લીધું છે.

★ **BUDAPEST (બુડાપેસ્ટ)** : હંગેરી (યુરોપ)ની બુડાને પેસ્ટ આ બે નદીઓ છે. બંનેની વચ્ચે વસ્યું છે, તે શહેર બુડાપેસ્ટ. મધ્ય યુરોપનું આ પ્રખ્યાત શહેર હંગેરીની રાજધાની છે.

★ **ADIDAS :** Mr. ADOLF DASSLER એ યુવાનનું નામ. તેણે પરિવારના ધંધામાંથી છૂટા થઈને પોતાના નામ (ADI + DAS)ના આગળના અક્ષરોમાંથી Brandname બનાવ્યું. (દેવકરણ નાનજી શેઠે 'દેના' નામ પસંદ કર્યું તેવી જ રીતે.)

★ **MOTOROLA :** MOTOR + VITROLA. અહીં BLEND કર્યો છે. મૂળ VITROLA કું. મોટરની STEREO SYSTEM વગેરે બનાવતી. પછીથી કું.નો વિસ્તાર થતાં MOTOR ઉદ્યોગમાં પડ્યા એટલે થયું MOTOROLA. સમય સાથે એનો વિસ્તાર વધે જ ગયો.

★ **AMRO BANK :** આપણી જયપુર ને બિકાનેર અથવા હોંગકોંગ ને સાંઘાઈ બેંકની જેમ આ AMRO માં બે શહેરો છે પણ બેંકના નામમાં શહેરોના ટૂંકાક્ષરો જ લીધા છે. હોલેન્ડના એ શહેરો છે – AMSTERDAM + ROTTERDAM. AM અને ROને ભેગાં કરીને સંયુક્ત નામ થયું, તે AMRO. આજે તો તેમાં પણ બીજી બેંકો જોડાતાં આ નામ વધુ લાંબુ બન્યું છે. GLOBALISATIONના આજના વખતમાં નાની મોટી કંપનીઓ આવા જોડાણો કરતી જ રહે છે. અને પરિણામે નામો લાંબા-ટૂંકા થતા જ રહે છે.

★ **EXIM BANK :** EXPORT + IMPORT માટેની બેંક.

★ **MOPED :** MOTOR + PEDAL નવા જમાનાનું આ દ્વિચક્રી વાહન યાંત્રિક હોવા છતાં સાદા પગના પૅડલથી પણ ચાલે. પેટ્રોલ નાંખો તો યાંત્રિક મોટર અને ઇંધણ ખલાસ થઈ જાય તો સાઈકલની જેમ પણ ચલાવી શકો, TWO IN ONE.

★ **VIGRA :** VIGOUR + NYGRA (ધોધ). આ (બ્રાન્ડની) દવા શોધાઈ ત્યારે તો ઘણી હલચલ મચી હતી. તેનાથી મળતી તાકાત (VIGOUR)ને નાયગરા ધોધ જેટલી જોમદાર - જોશદાર ગણાવાઈ હતી. મોંઘી પણ એવી જ હતી. પછીની વાતો ઇતિહાસ છે.

★ **SMOG :** SMOKE + FOG : દિલ્હીમાં ફેબ્રુઆરીમાં થયું હતું તેવું ધુમ્મસિયું વાતાવરણ તે SMOG. ક્યાંક તો રેલગાડીઓના જબરાં અકસ્માતો થયેલા. ગાઢ ધુમ્મસવાળું ધૂંધળું વાતાવરણ, તે સ્મૉગ.

★ **CULFEST :** CULTURAL + FESTIVAL : અર્થાત્ સાંસ્કૃતિક મનોરંજન. આપણી કૉલેજોમાં પાંચ-સાત દિવસના આવા ઉત્સવો ગોઠવીને વિદ્યાર્થીઓ થાક ને કંટાળો ઉતારતા હોય છે!

★ **EDUTAINMENT :** EDUCATION + ENTERTAINMENT : CULTFEST જેવું જ. આવો જ શબ્દ છે : INFOTAINMENT.

★ **GLOCAL :** GLOBAL + LOCAL. વૈશ્વિક છતાં સ્થાનિક! આવા શબ્દો ખાસ તો જાહેરખબરો માટે રચાતા હોય છે તે ક્યારેક ખરેખર રસિક હોય છે.

★ **BRUNCH :** BREAKFAST + LUNCH. નાસ્તો ને જમણ, બંને.

★ **TELECAST :** TELEVISION + BROADCAST. જૂના રેડિયોને નવા ટી.વી.નો સરસ સમન્વય સધાયો છે. ટી.વી.નું TELE અને રેડિયોનું BROADCAST. Boradcast થાય, પણ ટી.વી. ઉપર.

★ **TALKATHON :** TALK + MARATHON. રમત જગતમાં આજે ૨૬ માઈલ લાંબી દોડની હરીફાઈને MARATHON RUN કહેવાય છે. આ શબ્દ ઐતિહાસિક છે. ઇ.સ. પૂર્વેના પાંચમા સૈકામાં (આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે) મેરેથોનના મેદાનમાં પર્શિયા અને ગ્રીસના રાજ્ય સ્પાર્ટા વચ્ચે યુદ્ધ થયેલું. ૨૬ માઈલ દોડીને એક નાગરિક, ફિડીપિડિસે, પર્શિયાના ઓચિંતા હુમલાની ચેતવણી સમયસર પહોંચાડેલી અને પરિણામે પર્શિયાની મેરેથોન મેદાનમાં હાર થયેલી. ૨૬ માઈલની દોડ... એટલે લાંબી દોડ. આમ કોઈપણ લાંબા કાર્યને કે કોઈ લાંબીલચક બાબતને મેરેથોન કહેવાય છે. ખૂબ લાંબી વાતો એટલે મેરેથોન ટૉક. આ મેરેથોન જોડીને આવા શબ્દો પ્રયોજાય છે. દા.ત. WORKATHON, SMILEATHON, KISSATHON. આજે તો આ KISSATHONની (દીર્ઘચુંબન) હરીફાઈઓ પણ થાય છે!

★ **WORKAHOLIC :** WORK + ALCOHOLIC : સતત કામ કરવાની ધૂનવાળો. તેવું WALKAHOLIC. જેને સતત ચાલવાનું ગમે છે તે. અથવા એવું જ CHOCAHOLIC. જેને ચોકલેટ ખૂબ પ્રિય છે તે!

★ ★ ★

છેલ્લી વાત.

ભાષા કોઈપણ હોય, લાગણી વ્યક્ત કરવાની રીત, બોલવાની ઢબછબ વગેરેમાં ક્યારેક ગજબનું સામ્ય હોય છે. એક નાનો નમૂનો જોઈને આજની વાત પૂરી કરીએ.

અમુક તમુક, આલતુ ફાલતુ, ગાડી-ફાડી આવા શબ્દો આપણે વાપરીએ છીએ. આવું જ, અંગ્રેજી જબાનમાં પણ બોલાય છે! જુઓ :

TOY - BOY, SIN-BIN, EASY-PEASY, HI-FI. જેટલું અંગ્રેજી આપણે વાંચીએ છીએ તેટલું બોલતાં નથી. એટલે આ શબ્દો નવા લાગે છે. જો કે HI-FI (હાય-ફાય)નો પરિચય સૌને હશે.

★ ★ ★

S.O.S., NAMBY, KISS જેવા રસિક ટૂંકાક્ષરો (ACRONYMS) અને FAX, BRA, POP વગેરે જેવા CLIPPINGS અંગે આવતા અંકે.

આભાર. ***(ક્રમશઃ)***

***એ-૫, મલ્હાર એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.***
***ફોન : ૨૬૬૦૭૯૯૦***

# બાળ વાર્તા

## વિક્રમ અને વૈતાળ

**(પ્રકરણ-૧૧)**

બાળ દોસ્તો.... પરદુઃખભંજન રાજા વીર વિક્રમ હંમેશાં પારકાના દુઃખ દૂર કરવામાં જ રચ્યાપચ્યા રહેતા અને જ્યાં સુધી તેમણે પોતે કોઈ કામ માથે લીધું હોય તે પૂરું ન થાય ત્યાં સુધી તેમને ચેન પડતું નહીં. અહીં પણ નવ નવ રાત્રિથી પરેશાન થવા છતાં રાજા વીર વિક્રમ ફરી પાછા દસમા દિવસની મધરાત થતા ફરી સ્મશાનમાં પહોંચી જઈ સિદ્ધવડ પાસે આવી પહોંચે છે અને સિદ્ધવડ પરથી મડદું ઉતારી પોતાને ખભે નાખી બીજા હાથમાં ખુલ્લી તલવાર રાખી આગળ વધે છે.

આમ જોશભેર ચાલવાનું શરૂ કર્યા પછી જ્યાં થોડા આગળ જાય છે ત્યાં વૈતાળ એક નવી વાર્તા કહેવાની ચાલુ કરે છે.

એક મોટું નગર હતું. ધર્મનગર એનું નામ. આ નગરમાં એક હોંશિયાર બ્રાહ્મણ પાઠશાળા ચલાવતા હતા અને આ પાઠશાળામાં તેઓ વેદશાસ્ત્રોનો અભ્યાસ કરાવતા હતા. વેદશાસ્ત્રોનો અભ્યાસ કરવા નગરના તેમજ બહારગામના પણ અનેક વિદ્યાર્થીઓ આવતા અને આ વિદ્યાર્થીઓ અહીં રહીને અભ્યાસ કરતા અને ગામમાંથી ભિક્ષા લાવી પોતાનું ગુજરાન ચલાવતા અને ગુરુની પણ સેવા કરતા.

અભ્યાસ કરતા સર્વે વિદ્યાર્થીઓમાંથી મહાકાંત નામનો વિદ્યાર્થી ગુરુને ખૂબ પ્રિય હતો. ભણવામાં તો તે હોંશિયાર હતો જ પણ શરીરે પણ હૃષ્ટપુષ્ટ અને દેખાવડો હતો.

આ નગરમાં એક બ્રાહ્મણ વેપારી રહેતો હતો. તેના ઘેર રૂપરૂપના અંબાર જેવી મહાપ્રભા નામની કન્યા હતી. ભરયૌવનને પામેલ આ મહાપ્રભા દરરોજ પોતાને ઘેર ભિક્ષા લેવા આવનાર મહાકાંતને ભિક્ષા આપવા માટે પોતે જ બારણે આવતી અને મહાકાંતને ભિક્ષા આપતી. રોજબરોજના આ વ્યવહાર અને દેખાવડા અને તેજસ્વી મહાકાંતને તે મનોમન ચાહવા લાગી. દિવસો વીતતા ગયા અને એક દિવસ મોકો જોઈ મહાપ્રભાએ મહાકાંતને કહ્યું, ‘હું તમને ખૂબ ચાહું છું અને મનથી તો તમને વરી ચૂકી છું. હું પરણીશ તો તમારી સાથે જ... નહિ તો કુંવારી રહીશ.’

મહાકાંતે કહ્યું, ‘મારા મનની પણ આ જ સ્થિતિ છે. હું પણ તને ખૂબ ખૂબ ચાહું છું. જે દિવસે તને નથી જોતો તે દિવસે મને બિલકુલ ચેન નથી પડતું. પણ આપણા આ સ્નેહની વાત તું કોઈની સમક્ષ કરીશ નહીં.’

મહાપ્રભાને ત્યાં રોજબરોજનું ઘરકામ અને પરચૂરણ કામ કરવા એક વાણંદની છોકરી આવતી હતી. ઉંમરમાં બંને લગભગ સરખી ઉંમરની હતી. આથી તેમની વચ્ચે સહિયર જેવો સંબંધ હતો. કામકાજમાંથી નવરા થાય ત્યારે તેઓ પોતાની વાતો એકબીજાને કહેતી.

એક દિવસ મહાપ્રભાએ વાણંદની દીકરીને પોતાના મનની વાત જણાવતા કહ્યું કે, મારે ત્યાં રોજ ભિક્ષા લેવા માટે આવતા મહાકાંત નામના યુવાનને હું ખૂબ ચાહું છું અને મનથી તો હું તેને વરી જ ચૂકી છું. મહાકાંત પણ મને ખૂબ ચાહે છે. હવે તારે મારા પિતાજીને આ વાત ગળે ઉતારવાની છે. તેથી તેઓ રાજીખુશીથી અમારા લગ્ન કરાવી આપે.

વાણંદની દીકરી પણ ચતુર હતી. તેણે કહ્યું, આ તો પરદેશી પંખી... એની સાથે લગ્ન કરવાની વાત કેવી? એનો શો ભરોસો? એ તો એનો અભ્યાસ પૂરો થતા કાલે સવારે એના ઘેર પાછો જતો રહેશે. અને કાલે ઊઠીને કોઈ વાંધો પડ્યો તો? વળી આ વાત નગરમાં ફેલાશે તો તારી સાથે પરણશે કોણ? માટે તું મહાકાંતને પરણવાનો વિચાર તારા મનમાંથી કાઢી નાખ. એમાં જ તારી ભલાઈ છે.

મહાપ્રભાએ કહ્યું, આ ભવે તો હું તેને મનથી વરી જ ચૂકી છું. એના વિના બીજા બધા ભાઈ ને બાપ... પરણીશ તો એને જ. નહિ તો છેવટે બળી મરીશ. પણ બીજા સાથે લગ્ન તો નહિ જ કરું.

મહાપ્રભાનો આવો જવાબ સાંભળી વાણંદ પુત્રીએ પોતાના મનમાં નક્કી કર્યું કે મહાપ્રભાનો પ્રેમ કેવો છે તેનું પારખું તો મારે કરવું જ પડશે. જોઉં તો ખરી કે તે કેવી રીતે બળી મરે છે?

આ વાણંદ પુત્રી પણ પાઠશાળાના એક વિદ્યાર્થી સાથે પ્રેમ કરતી હતી. તે પોતાના પ્રેમીને મળી અને મહાપ્રભા તથા મહાકાંતના પ્રેમની વાત કરી. ત્યારબાદ આ બંને જણાએ મહાપ્રભાના પ્રેમનું પારખું કરવા એક યોજના બનાવી. તેમની યોજના પ્રમાણે બીજે દિવસે વાણંદ પુત્રીનો પ્રેમી મહાકાંતને ગુરુજીની સેવામાં રોકી પોતે ભિક્ષા લેવા માટે મહાપ્રભાને ત્યાં ગયો. મહાપ્રભા ભિક્ષા આપવા માટે તો આવી પણ ત્યાં મહાકાંતને ન જોતાં નિરાશ થઈ ગઈ અને આવેલ બીજા વિદ્યાર્થીને પૂછ્યું કે આજે મહાકાંત ભિક્ષા લેવા માટે કેમ નથી આવ્યો?

ભિક્ષા માટે આવેલ વિદ્યાર્થીએ કહ્યું, આજે તેની તબિયત સારી નથી. તેને તાવ આવે છે. આમ કહી ભિક્ષા લઈ તે ચાલ્યો ગયો. અહીં મહાપ્રભાને પણ ચેન પડ્યું નહીં. તે મનમાં ને મનમાં ઝુરતી રહી અને મુંઝાતી રહી.

ચાર-પાંચ દિવસ સુધી પેલો વિદ્યાર્થી જ મહાકાંતને બદલે મહાપ્રભાને ત્યાં ભિક્ષા લેવા માટે આવ્યો. આવી સ્થિતિ થતાં તે પોતાના રૂમમાં જઈ રડવા લાગી. એને મહાકાંતની તબિયતની ચિંતા થવા લાગી. આખો દિવસ એ ખાધાપીધા વગર પોતાના

*શહેર અને ગામડાં વચ્ચેનો ખાસ તફાવત – અજાણ્યાની પણ ઓળખાણ ગામડું કાઢે છે, જ્યારે શહેર જાણીતાની પણ ઉપેક્ષા કરે છે.*

ઓરડામાં ગુમસૂમ બેસી રહેતી. આમને આમ સાત દિવસ પસાર થઈ ગયા. ચિંતા અને દુઃખના કારણે મહાપ્રભાનું શરીર સાવ લેવાઈ ગયું. વળી વધારામાં તેની સખી વાળંદપુત્રી પણ સાત દિવસથી આવતી નહોતી.

આઠમે દિવસે સખી વાળંદ પુત્રી ત્યાં આવી અને બંને પોતાના ઓરડામાં બેસી વાતો કરી રહ્યા હતા. મહાપ્રભાએ કહ્યું, 'છેલ્લા સાતેક દિવસથી મહાકાંત ભિક્ષા લેવા આવતો નથી. તેના બદલે બીજો વિદ્યાર્થી ભિક્ષા લેવા આવે છે. મેં એને પૂછતાં તેણે કહ્યું કે તેની તબિયત સારી નથી. આથી પાંચ સાત દિવસથી મને ઊંઘ પણ આવતી નથી. ખાવા પીવાનું પણ ભાવતું નથી. કોઈ જાતની રુચિ રહી નથી. હું તો ઘણી બેચેન થઈ ગઈ છું.'

આમ વાળંદપુત્રી અને મહાપ્રભા વાતો કરી રહ્યા હતા ત્યાં તેમના ઘર પાસેથી કેટલાક ડાઘુઓ ઘર પાસેથી પસાર થવાનો અવાજ સાંભળી બંને તે જોવા માટે બારીએ આવ્યા. મહાપ્રભાએ પૂછ્યું કે આ કોણ મરી ગયું છે? વાળંદપુત્રી મજાકમાં બોલી કે ગઈકાલે મહાકાંતની તબિયત એકદમ વધારે બગડી જતાં તે ગુજરી ગયો છે અને તેને સ્મશાને લઈ જઈ રહ્યા છે. આ સાંભળતા જ મહાપ્રભા એકદમ બેહોશ થઈ ગઈ. વાળંદ પુત્રી પણ ગભરાઈ ગઈ પણ હિંમત રાખી તેણે મહાપ્રભાના મુખ પર ઠંડા પાણીનો છંટકાવ કર્યો અને મહાપ્રભાને હોશમાં લાવી. હોશમાં આવતા જ મહાપ્રભા ચોધાર આંસુએ રડવા લાગી. તેણે પોતાના હાથમાં પહેરેલી બંગડીઓ ભીંતે પછાડીને તોડી નાખી અને માથું પછાડવા લાગી. આમ કલ્પાંત કરતા કરતા અચાનક તેનું હૃદય બંધ પડી ગયું અને મહાપ્રભા મૃત્યુ પામી.

આ બધું ઘડીકવારમાં જ બની ગયું. વાળંદ પુત્રી પણ આ જોઈ એકદમ ડઘાઈ ગઈ. એના પસ્તાવાનો પાર ન રહ્યો. અંતે રડતી રડતી તે મહાપ્રભાના પિતા પાસે ગઈ અને મહાપ્રભાના મૃત્યુના સમાચાર આપ્યા. થોડીવારમાં તો આખા શહેરમાં મહાપ્રભાના મૃત્યુના સમાચાર ફેલાઈ ગયા.

મહાપ્રભાના મૃત્યુના સમાચાર મહાકાંતને સાંભળવામાં આવ્યા. તે પણ આવા સમાચાર સાંભળી ખૂબ અચંબામાં પડી ગયો. તેને તો આ વાત માન્યામાં જ નહોતી આવતી કારણકે છેલ્લા સાતેક દિવસથી તો તે મહાપ્રભાને ઘેર ભિક્ષા લેવા માટે પણ નહોતો ગયો. મહાપ્રભાના મૃત્યુના સમાચારે તે ખૂબ ગમગીન બની ગયો અને છેવટે તે પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવી બેઠો અને ઉઘાડા પગે દોડતો દોડતો તે મહાપ્રભાના ઘર તરફ ગયો. ગાંડાની માફક બેબાકળા બની દોડતા દોડતા તેને ત્યાં જ એક પથ્થરની ઠેસ વાગી અને તે પડી ગયો અને તેનું માથું મોટા પથ્થર સાથે અથડાયું અને પળવારમાં જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. આમ બે નિર્દોષ પ્રેમીઓ અચાનક જ મૃત્યુ પામ્યા.

અહીં વાર્તા પૂરી કરતા વૈતાળે કહ્યું, 'હે મહાબળવાન ન્યાયી રાજા! મહાપ્રભાના તથા મહાકાંતના મૃત્યુ માટે અપરાધી કોણ? વાળંદ પુત્રી કે તેનો પ્રેમી?'

વિક્રમ રાજાએ કહ્યું, 'આ બંનેના મૃત્યુ માટે અપરાધી તો વાળંદ પુત્રી જ છે. એણે અને એના પ્રેમીએ જ ભેગા મળી મશ્કરી કરવાનું નક્કી કરેલ. તેમજ મહાકાંત ગુજરી ગયો છે એ પ્રમાણેનું ખોટું કહેનાર પણ વાળંદ પુત્રી જ છે. આ ઉપરાંત વાળંદ પુત્રીનો પ્રેમી પણ અપરાધી જ ગણાય કારણકે ખરાબ કામ કરવામાં મદદ કરવી એ પણ ખરાબ કામ કર્યા બરોબર જ છે.

વૈતાળે કહ્યું, 'રાજન, તમારું કહેવું તદ્દન સાચું છે.' આટલું કહી વૈતાળ વિક્રમના ખભેથી છટકી સિદ્ધવડની ડાળીએ મડદું થઈ ઊંધા માથે લટકી ગયો.

બાળ દોસ્તો, ક્યારેય આ પ્રકારની મશ્કરી કરવી નહીં અને કરવામાં સાથ પણ આપવો નહીં. કોઇકવાર મજાક મજાકમાં પણ કોઈનો જીવ જઈ શકે....

હવે... વિક્રમ રાજા ફરી પાછા પોતાનો પ્રયાસ આગળ વધારશે કે કેમ? તે જાણવા માટે ફરી મળીશું આ જ સ્થળે.... પણ આવતા મહિને.... ત્યાં સુધી આવજો..... ■

*લાગણીરૂપી અશ્વની લગામ બુદ્ધિરૂપી સારથિને સોંપો.*

હળવાશની ક્ષણોમાં!

# તમે માંગો તે મળશે!

• ચિત્રસેન શાહ •

શું આપણે કોઈ કલ્પવૃક્ષની નીચે ઊભા છીએ કે જેથી જે માંગીએ તે મળી જાય? ના, જી આપણે એક શૉપ પાસે ઊભા છીએ કે જેની પર બોર્ડ લગાવેલ છે – 'માંગો તે મળશે.' આ શૉપની આગળના ભાગમાં પ્રોવિઝન સ્ટોર છે અને પાછળના ભાગે અંધારી આલમ જેવો માહોલ છે! આગળ એક નંબરનો બિઝનેસ અને પાછળ બે નંબરનો બિઝનેસ! તેના માલિકે શૉપનો કલર પણ એ જ રીતે કરાવ્યો છે – આગળ વ્હાઈટ અને પાછળ બ્લેક! પાછળના ભાગે બોર્ડ લગાવ્યું છે. જેના ઉપર લખ્યું છે 'અહીં ૫૦૦ રૂપિયામાં PAN કાર્ડ બનાવી આપવામાં આવશે. તે ઉપરાંત બર્થ સર્ટિફિકેટ, ડેથ સર્ટિફિકેટ, મેરેજ સર્ટિફિકેટ, ડાઈવોર્સ સર્ટિફિકેટ તેમજ કોઈપણ જાતની ડિગ્રી, માર્કશીટ વગેરે પણ મળી શકશે.' આમ તે મહાશયનો ડાઈવર્સીફાઈડ બિઝનેસ હતો જે ધમધોકાર ચાલતો હતો!

આ એ જગ્યા હતી કે જે અંગે ન્યૂઝ પેપરમાં વાંચી અમે પહોંચ્યા હતા! ન્યૂઝ પેપરવાળાઓ પણ ખૂણે ખાંચરેથી સનસનાટીભર્યા સમાચારો શોધી કાઢતા હોય છે! **તે સમાચાર પ્રમાણે શહેરમાં એક જગ્યાએ ૫૦૦ રૂપિયામાં તમે કહો તે નામનું PAN કાર્ડ મળી જતું હતું!** બરાક હુસેન ઑબામાના નામનું જોઈએ તો તે પણ મળી જાય!

PAN કાર્ડ

બરાક હુસેન ઓબામા;

વ્હાઈટ હાઉસ, યુ.એસ.એ.!

ઉપરોક્ત સમાચાર વાંચીને અમને પણ 'સ્ટીંગ ઑપરેશન' કરવાની ઈચ્છા થઈ! અમે પહોંચ્યા 'માંગો તે મળશે!' શૉપ પાસે. અમે જઈને કહ્યું, 'અમને પ્રાઈમ મિનિસ્ટરના નામનું PAN કાર્ડ જોઈએ છે, મળી શકશે?'

જવાબમાં તેણે શૉપ પરનું બોર્ડ બતાવતા કહ્યું, 'જુઓ શું લખ્યું છે? માંગો તે મળશે!'

આમ કહી તેણે અમને પૂછ્યું – 'બોલો, પ્રાઈમ મિનિસ્ટરનું નામ બોલો!' અમે હસીને કહ્યું - 'પ્રાઈમ મિનિસ્ટરના નામની તમને ખબર નથી?' જવાબમાં તે પણ હસીને બોલ્યો, 'સાહેબ, બાર ધોરણમાં ફેઈલ છું ને!' જોકે એ તો જનરલ નોલેજનો સવાલ હતો! નર્સરીમાં બેઠેલા બાળકને પણ આવડે!

આમ વાતચીત પછી PAN કાર્ડનો ઓર્ડર અમે આપી દીધો! અને થોડીવારમાં તો પ્રાઈમ મિનિસ્ટરના નામનું PAN કાર્ડ અમારા હાથમાં પણ આવી ગયું! અમને ઈચ્છા થઈ ગઈ કે એ PAN કાર્ડ અમે ફાઈનાન્સ મિનિસ્ટરને ત્યાં મોકલી આપીએ! જો તેમ કરીએ તો ફાઈનાન્સ મિનિસ્ટરને પણ ચક્કર આવી જાય અને બીજે દિવસે ન્યૂઝ પેપરમાં બોક્સમાં સમાચાર ચમકે–

**'પ્રાઈમ મિનિસ્ટરનું PAN કાર્ડ ફાઈનાન્સ મિનિસ્ટરને ત્યાં!'**

આમ પૈસાથી શું નથી મળતું અથવા શું નથી થઈ શકતું તે જ એક મોટો પ્રશ્ન છે! તેથી જ આપણો પાડોશી દુશ્મન દેશ આઈ.એસ.આઈ.(!) માર્કાની રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની અબજો રૂપિયાની બનાવટી નોટો વર્ષોથી આપણા દેશમાં ઠાલવે રાખે છે! આપણા આર્થિક તંત્રની કરોડરજ્જુ તોડવાના નાપાક ઈરાદા સાથે! આ તો સારું છે કે આપણી પાસે ડૉ. સિંહ જેવા આર્થિક બાબતોના ઓર્થોપેડિક સર્જનો હાજર છે. તેથી અર્થવ્યવસ્થા હજુ સુધી ટકી રહી છે! બાકી એક વસ્તુ તો ચોક્કસ બને જ છે કે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ આસમાને પહોંચાડવામાં આવી બનાવટી નોટોના સરક્યુલેશનમાં રહેલા જંગી જથ્થાનો ફાળો પણ મહત્ત્વનો હોય છે! ૫૦૦ કે ૧૦૦૦ની બનાવટી નોટો અર્થતંત્રમાં ઘુસાડવા માટે પગારદાર માણસો રાખવામાં આવે છે!

આવા પગારદાર માણસો કોઈ પણ નાની ખરીદી કે સેવા માટે ફટ કરતાક ને ૫૦૦ કે ૧૦૦૦ની નોટ કાઢે છે! એકવાર તો આવા પગારદાર માણસે બુટપૉલીશ કરાવીને ખિસ્સામાંથી પાંચસોની નોટ કાઢી! બૂટપૉલીશ વાળો છોકરો જોતો જ રહી ગયો! પાંચ રૂપિયા માટે પાંચસોની નોટ!

હવે આપણે 'માંગો તે મળશે' શૉપ પાસે જ છીએ! તે જગ્યા છોડતા પહેલાં અમે તે દુકાનદારને પૂછ્યું – 'અહીં હાસ્ય મળી શકશે?' 'હા, કેમ નહીં!' એમ કહીને એણે એક ચબરખી પર કાંઈક લખીને ચબરખી અમારા હાથમાં મૂકી. જે વાંચી અમે ખડખડાટ હસી પડ્યા! **ચબરખીમાં લખ્યું હતું - 'મોંઘવારીનો આંક ઘટ્યો - ખાંડ, તેલ, અનાજ વગેરે જીવન જરૂરિયાતની વસ્તુના ભાવ વધ્યા!'** આ છે – મોંઘવારીમાં પીસાતી પ્રજાને હસતી રાખવાનો સરકારી પ્રયાસ!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ જી સામે રાહુલભાઈ રેંતા. અનીંજી વઉ પંઢજે પુત્તર મોન્ટી કે થોડીવાર પેલા જ બાળ મંદિર મેં છડે આવઈ ને કલાક મેં ત છોરો પાછો અચેવ્યો... જરા તપાસ કર કુલા પાછો અચેવ્યો આય? માંદો નાય થ્યો ને?

બચુડો : તપાસ કરે ને ચેં. મોન્ટીજી તબિયત સારી આય... આંઉ અનકે પંઢકે જ પુછ્યો તડેં ચેં મુંકે લખધે નતો અચે, વાચીંધે નતો અચે... સાહેબ રાંધ કરેલા પણ નતા ડીંએ, કેં ભેરા ગાલીયું કરેલા પણ નતા ડીંએ. તડે આંઉ વઠે વઠે કંઈયા કુરો...? અતરે આંઉ પાછો હલ્યો આવ્યો....

## ખિલજા મ ભલા

પ્રવાસી : (હોટલના મેનેજરને) સાહેબ, તમારી હોટલમાં જમવાનો સમય શું છે?

મેનેજર : સાહેબ, નાસ્તો સવારે ૭ થી ૧૧, બપોરનં જમવાનું ૧૨ થી ૩ અને રાતનું ખાણું સાંજે ૬ થી ૧૦.

પ્રવાસી : ઓહ, તો તો મારી પાસે હરવા ફરવા માટે બહુ સમય નહીં બચે.

☺ ☺ ☺ ☺ ☺

જોઈતારામ : ડૉક્ટર સાહેબ, હું નેવું વર્ષ સુધી જીવી શકું એમ લાગે છે?

ડૉક્ટર : હાલમાં તમારી ઉંમર કેટલી છે?

જોઈતારામ : ૪૫ વરસ.

ડૉક્ટર : તમને દારુ પીવાની, જુગાર રમવાની, સિગારેટ પીવાની કે બીજી કોઈ ટેવ ખરી?

જોઈતારામ : ના. હું દારૂ પીતો નથી, જુગાર કદાપિ રમ્યો જ નથી અને ધૂમ્રપાનની મને સખત નફરત છે અને બીજી કોઈ ખરાબ લત નથી.

ડૉક્ટર : તો બીજા ૪૫ વરસ તમે કયા કારણસર જીવવા માંગો છો?

☺ ☺ ☺ ☺ ☺

કમાજી : હું દારૂની બિલકુલ વિરુદ્ધમાં છું. મારા પિતાજીનું મૃત્યુ દારૂને કારણે જ થયું હતું.

ધનાજી : શું એમને દારૂની લત હતી?

કમાજી : ના...ના... દારૂથી એમને સખત નફરત હતી. પણ રસ્તામાં જતા હતા ત્યારે ખટારામાંથી દારૂની બાટલીઓ ભરેલું બોક્ષ તેમના માથા પર પડ્યું હતું.

☺ ☺ ☺ ☺ ☺

નોકરી માટેનો ઉમેદવાર : શેઠજી, મને પૂરેપૂરી ખાતરી છે કે તમે મને નોકરીએ રાખી લેશો.

શેઠ : પણ બધું જ કામ જાતે કરવાની મને ટેવ છે.

ઉમેદવાર : એટલા માટે જ હું આપને ત્યાં નોકરીમાં જોડાવા માંગું છું.

☺ ☺ ☺ ☺ ☺

ચોપડી વેચનાર સેલ્સમેન : બહેન, તમે આ ચોપડી ખરીદી લો.... ઘરે મોડું પહોંચવાના ૫૦૦ બહાના.

બહેન : પણ મારે એનું શું કામ?

સેલ્સમેન : આજે સવારે જ તમારા પતિ આની એક કોપી લઈ ગયા છે.

☺ ☺ ☺ ☺ ☺

રોહિત : રીટાએ તારી સાથે સગાઈ કેમ તોડી નાખી?

મોહિત : કારણકે મારી પાસે પૈસા નહોતા.

રોહિત : પણ તારે કહેવું હતું ને કે મારા કાકા કરોડપતિ છે.

મોહિત : કહ્યું હતું... હવે એ મારી કાકી બની ગઈ છે.

☺ ☺ ☺ ☺ ☺

જગન : મારી પત્નીને કારણે હું લખપતિ બની ગયો.

છગન : એટલે તારી પત્ની તારા માટે ખૂબ નસીબદાર છે એમને?

જગન : ના... પહેલાં હું કરોડપતિ હતો.

☺ ☺ ☺ ☺ ☺

જતીન : અલ્યા, લગ્ન માટે શું વિચાર્યું?


યતીન : ગઈકાલે પેપરમાં જાહેરાત આપેલી 'પત્ની જોઈએ છે'

જતીન : કોઈ પ્રતિભાવ મળ્યો કે નહીં?

યતીન : મળ્યો ને...? ૧૦૦ ટપાલ આવી.... 'મારી પત્ની લઈ જાવ.'

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સંવાદિતા સુખ છે, વિસંવાદિતા વેદના છે.*




## ભારતીય પરંપરા

ફેબ્રુઆરી અંકમાં તંત્રીશ્રીએ આ વખતે ભારતીય પરંપરાને જ આડે હાથ લીધી છે!

મહદ્ અંશે વાત સાચી છે, છતાં એવું નથી કે પ્રાચીન ભારતમાં કંઈ જ નથી થયું. પ્રાચીન ઋષિઓએ ઘણું ચિંતન કર્યું છે. તેઓ સાધુઓ ન હતા. વૈજ્ઞાનિકો અને ચિંતકો હતા. તે વખતના અતિ સીમિત સાધનોના કારણે આગળ કામ થઈ શક્યું નહિ. કાળક્રમે ઋષિ સંસ્કૃતિનો અસ્ત થયો અને શ્રમણ સંસ્કૃતિ આવી. જ્યાં સંસાર જ અસાર હોય અને તેનો ત્યાગ કરવાની વાત હોય ત્યાં બીજું ચિંતન ક્યાંથી થાય? છેલ્લા પાંચેકસો વર્ષ આપણા ગુલામીમાં ગયા અને વિદેશમાં થયેલી મોટા ભાગની શોધ આજ અરસામાં થઈ છે.

આમ છતાં ગણિત અને ભાષાના ક્ષેત્રમાં આપણું યોગદાન વિશ્વસ્તરે સ્વીકારાયું છે. આજના ૧ થી ૯ના આંકડા, જેને યુરોપે ARABIC NUMERALS તરીકે સ્વીકાર્યા છે, એ આરબોને ભારતે આપ્યા હતા. એથી પણ વિશિષ્ટ શોધ એ '૦' (શૂન્ય), એ વિશ્વને ભારતની દેન છે. એ વખતે યુરોપ તો આંકડા I - II - III - IV એ રીતે લખતું હતું. આ આંકડા અને શૂન્ય વગર આજની વિરાટ ગણતરીઓ શક્ય જ ન બની હોત.

પ્રાચીન ભારતના ઋષિઓ બ્રહ્મગુપ્ત અને બોધાયન ગણિતશાસ્ત્રીઓ હતા. હાલમાં જ આપણા વૈજ્ઞાનિક વી. વી. રાવલ સાહેબના લેખમાં વાંચવામાં આવ્યું કે ભૂમિતિનો પ્રખ્યાત પ્રમેય (પાઈથાગોરસનો પ્રમેય) એ મૂળમાં બોધાયનની શોધ હતી. રાવલ સાહેબ પાસેથી વધારે જાણકારી મળી શકે.

ભારતની બધી જ ભાષાઓની મોટી બા સંસ્કૃત છે. આ એક સંપૂર્ણ ભાષા છે અને મુખ અને શરીરમાંથી આવી શકતા બધા જ ધ્વનિઓ એમાં આવી જાય છે અને જે લખાય છે એ ઉચ્ચાર બીજી કોઈ રીતે થઈ શકતો નથી. યુરોપીય ભાષાઓ, જે લેટિન ઉપરથી આવી છે એમાં આવી ખૂબીઓ છે જ નહિ. દક્ષિણ પૂર્વ એશિયાના મોટાભાગના દેશની ભાષાઓ ઉપર સંસ્કૃતની મોટી અસર છે. બર્મિષ ભાષા હું શીખ્યો ત્યારે જોયું કે લિપિ અલગ હોવા છતાં એના કક્કો મામૂલી ફરકને બાદ કરતાં પૂરેપૂરો સંસ્કૃત પ્રમાણે જ હતો. થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, કામ્પુચિયાની ભાષાઓ ઉપર આપણી અસર જગજાહેર છે જ, પણ લેટિનમાં પણ ઘણા શબ્દોના મૂળ સંસ્કૃતમાં મળે છે. દાખલો જોઈએ તો સંસ્કૃતમાં માતા, પિતા, ભાઈ, બહેન માટે માતૃ, પિતૃ, ભ્રાતૃ અને સ્વસૃ મૂળ ધાતુઓ છે જેને ઉપયોગમાં લેતાં માતર-પિતર, ભ્રાતર અને સ્વસર બને છે (વંદે માતરમ્) આ જ શબ્દો લેટિનમાં થઈને મધર, ફાધર, બ્રધર અને સિસ્ટર થઈને અંગ્રેજીમાં આવ્યા છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે.

લાહિરીભાઈએ આપેલ પૂરક માહિતી બદલ આભાર. ૪૨ વર્ષની ઉંમર સુધી ગુજરાત બહાર ફર્યા અને પૂર્વ ભારતમાં રહેવાથી એ સમયની માહિતી અને દક્ષિણ ભારતની માહિતી ઓછી હોય. પણ શંકરાભરણમ્ - મેં બે વાર જોઈ છે અને ફરી જોવા મળે તો જરૂર જોઉં!

છેલ્લે, પ્રશ્ન એ છે કે છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં સગવડો ખૂબ વધી છે અને આપણે ભોગવીએ પણ છીએ, પણ સામે સુખ અને શાંતિ વધ્યા છે ખરા?

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## વિરોધાભાસી લેખો

મંગલ મંદિરના ફેબ્રુઆરી અંકમાં પાના-૨૪ ઉપર શ્રી મુકુંદ મહેતાનો લેખ અને પાના-૩૩ ઉપર શ્રી પ્રવીણભાઈ શાહનો લેખ, બંને પૂરા વિરોધાભાસી! એકમાં કચ્છની પ્રગતિ અને બીજામાં દુર્ગતિ! સૌ સૌની દૃષ્ટિની વાત છે!

શ્રી પ્રવીણભાઈ જેવા સિદ્ધહસ્ત લેખકનું લખાણ આટલું એક તરફી જોઈને - વાંચીને આશ્ચર્ય થયું.

માન્યું કે ભ્રષ્ટાચાર લગભગ દરેક સરકારી કામમાં ઓછે કે વત્તે અંશે થાય છે, પણ તેથી માત્ર ભ્રષ્ટાચાર જ થયો છે એમ કહી શકાય? કંઈ જ સારું કામ નથી થયું? અને ભ્રષ્ટાચારના ડરથી કામ બંધ કરી શકાય? આપણી ગૃહિણીઓની જમાના જૂની કહેવત છે કે 'જ્યાં રંધાય ત્યાં દઝાય પણ ખરું.' આ કારણે ગૃહિણીઓ રાંધવાનું છોડી તો નથી જ દેતી.

આજથી ૧૦-૧૫ વર્ષ પહેલાંનું કચ્છ અને આજનું કચ્છ, જો જોઈએ તો ફરક સ્પષ્ટ નથી દેખાતો? રેલવે, રસ્તા, હોસ્પિટલ, હોટેલો, વિવિધ ઉદ્યોગો, પરિવહન, શિક્ષણ સંસ્થાઓ, પાવર વગેરે ક્ષેત્રોમાં ઓછી કે વધારે પ્રગતિ સ્પષ્ટ દેખાય જ છે.

વિગતોમાં ઉતરીએ તો —

**ખેતી :** કચ્છમાં કોઈ ખેડૂતે દેવાદાર થઈને આપઘાત કર્યો? કચ્છની કેસર કેરી અને દ્રાક્ષ વિદેશ જાય છે. કેટલાય પાક જે કચ્છમાં પહેલાં નહોતા થતા એ થવા લાગ્યા છે.

**જમીન :** પાણીના ભાવે (કચ્છમાં પાણી પણ ક્યાં સસ્તું છે?) કે દલા તરવાડીની જેમ જમીનો અપાઈ.

આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં કચ્છમાં જમીનની કિંમતો શું હતી? ઉદ્યોગો આવ્યા બાદ ભાવો વધ્યા છે. એક વાત આપણે સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ કે ઉદ્યોગપતિઓ નફો કરવા આવે છે, ધર્માદા કરવા નહીં. પાછલા ૪ વર્ષમાં કેમ કોઈ ઉદ્યોગો કચ્છમાં ન આવ્યા અને છેલ્લા ૧૫ વર્ષમાં જ આવ્યા? તેઓની પ્રથમ જરૂરિયાત - જમીન સસ્તી ન મળે અને કર રાહતો દ્વારા શરૂમાં નુકસાન ન થાય એની ખાતરી ન મળે તો કોઈપણ ઉદ્યોગપતિ શા માટે કચ્છ જેવા પછાત પ્રદેશમાં આવે?

**પાણી :** માત્ર ૧૫ વર્ષ પહેલાં કચ્છ સૌરાષ્ટ્રમાં શિયાળો ઉતરતા જ સેંકડો ગામડાંઓને ટેંકરો દ્વારા પાણી પહોંચાડવું પડતું હતું. આજે કેટલા ટેંકરો ચાલે છે?

*ઉરના ઉકેડાને સદવિચારના પાવડાથી ઉલેચો.*

**હસ્ત ઉદ્યોગ :** કચ્છની કલા કારીગરી વિશ્વપ્રસિદ્ધ થઈ ગઈ છે એ કહેવાની જરૂરત ખરી? કારીગર વર્ગ આજે સુખી છે એટલો અગાઉ ક્યારેય નહોતો. કેવા કેવા ભાવે વસ્તુઓ વિદેશ અને દેશમાં જાય એ જોવા ભુજોડી અને શ્રુજનની મુલાકાત લેવી જોઈએ.

**પર્યાવરણ :** નુકસાન થયું છે એ હકીકત છે, પણ કેટલુંક તો અનિવાર્ય છે. બંદર અને જેટ્ટી બનાવવા કિનારા ઉપરના ચેરના છોડવા કાપવા જ પડે. પાવર માટે કચ્છમાં લિગ્નાઈટ અને આયાતી કોલસા સિવાય બીજો વિકલ્પ જ નથી. છતાં પ્રજામાં આ અંગે જાગૃતિ છે. કોટીવૃક્ષ અભિયાન વગેરે સારું કામ કરે છે.

**ભૂકંપ :** ભૂકંપ બાદ ભ્રષ્ટાચાર થયો છે એ સર્વસ્વીકૃત હકીકત છે પણ ભૂકંપ પછી જે રીતે અને જે ઝડપથી કચ્છ બેઠું થયું (હવે દોડવા લાગ્યું છે એમ કહી શકાય) એની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઈ છે. આમાં ગુજરાત સરકારને પણ યશ આપવો પડે.

**નર્મદા યોજના :** એ ભૂલવું ન જોઈએ કે આપણે કરેલા કોર્ટ કેસના કારણે પણ કચ્છ કેનાલના કામમાં ઢીલ થઈ છે, નહિ તો ઝડપ થઈ શકી હોત.

ભ્રષ્ટાચારનો કે કરનારાઓનો બચાવ કરવાનો જરાય આશય નથી. અંક હાથમાં આવતા જેઓના લેખ સૌપ્રથમ વાંચતા હોઈએ એવા લેખકોમાંના એક લેખકે સમતોલપણે અને સૌમ્ય ભાષામાં રજૂઆત કરી હોત તો આનંદ થાત.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## મહિમા કોનો?

મંગલ મંદિરના ફેબ્રુઆરી અંકમાં પત્ર વિભાગમાં શ્રી મૂરજી ગડાનો પત્ર વાંચી ખૂબ આનંદની લાગણી થઇ. એટલા માટે નહીં કે તેમણે મારા મતને અનુમોદન આપેલ છે, પરંતુ એટલા માટે કે તેમણે આખીયે વાતને તાર્કિક રીતે સમજાવી છે.

પત્રની છેલ્લી ૩-૪ લીટીમાં તો તેમણે બિલકુલ નાજુકાઈથી છતાં ખૂબીપૂર્વક 'ક્ષત્રિય'પણાની વાતને વિચિત્ર અને અસ્વાભાવિક દર્શાવી આપી છે. બીટવીન ધ લાઈન જો વાંચતાં આવડે તો આખી વાત સ્પષ્ટ થઇ જાય છે.

જૈનોએ સત્તાવાર રીતે વર્ણ વ્યવસ્થાનો અસ્વીકાર કરેલ હોવાથી, અને ખુદ 'ક્ષત્રિય' શબ્દ જ વર્ણ વ્યવસ્થામાંથી જન્મેલો હોવાથી, જૈન ફિલસુફી અનુસાર અસ્વીકાર્ય બની જાય છે. ઉપરાંત તીર્થંકર બનવા માટે 'રાજા' હોવું એ વાત પણ જૈન ફિલસુફી અનુસાર વિસંગત છે. મહાવીર 'ક્ષત્રિય' ન હતા પણ 'મનુષ્ય' હતા. ગૌતમ સ્વામી વગેરે ગણધરો 'બ્રાહ્મણ' ન હતા પણ 'મનુષ્ય' હતા. મહાવીરે વર્ણભેદનો અસ્વીકાર કરેલો છે એટલે મહાવીરને ક્ષત્રિય કહેવા તથા અન્ય તીર્થંકરોને ક્ષત્રિય તરીકે ઓળખાવવા તે ખુદ મહાવીરની આજ્ઞા અને ઉપદેશની વિરુદ્ધ છે.

માનવ-માનવ વચ્ચેનો આવો કોઇ ભેદ મહાવીરને સ્વીકાર્ય ન હતો. શ્રી મૂરજીભાઇ ગડાનો પત્ર વાંચ્યા પછી હવે મને વિશ્વાસ છે કે આજથી કોઇ જૈન શ્રાવક-શ્રાવિકા તથા સાધુ-સાધ્વીજીઓ કે જેઓ મહાવીરને આદર્શ માનીને ચાલનારા છે તેઓ હવેથી ક્યારેય તીર્થંકરો માટે 'ક્ષત્રિય' તેમજ 'રાજા-સમ્રાટ ચક્રવર્તી' જેવા શબ્દોનો પ્રયોગ નહીં કરે. તીર્થંકરો તથા ગણધરો વગેરે બધાજ આપણા જેવા જ સામાન્ય માણસો હતા અને પોતાની સાધના તથા પુરુષાર્થના બળે કરીને તીર્થંકરના તથા અરિહંત કે ગણધરના પદની પ્રાપ્તિ કરી શક્યા હતા. મહિમા મનુષ્યનો છે, સાધનાનો છે, પુરુષાર્થનો છે, કોઇ એક જ્ઞાતિ-કોમ કે વર્ણનો નથી.

આટ આટલા વર્ષોથી જૈનોએ આવી અસ્વાભાવિક અને અન્યાયી વાત સ્વીકારી કેમ લીધી તે જ મારા માટે મોટા આશ્ચર્યની બાબત છે. હજાર બે હજાર વર્ષ પહેલાં જ આ વાતનો પ્રબળ વિરોધ થવો જોઇતો હતો.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## ડિસેમ્બર-૦૯/જાન્યુઆરી-૧૦ના અંકો

ડિસેમ્બર મહિનાના મંગલ મંદિરમાં પ્રગટ થયેલ લેખ 'પુનઃ સ્થાપન (લેખાંક-૨)' વાંચી અને એમ લાગે છે કે લેખક ભાઈને આવી સાચી વિગત કેવી રીતે મળતી હશે? ખરેખર લેખક પ્રવીણચંદ્ર શાહને ધન્યવાદ.

ચોપાનિયા, પેપર ઘણા વાંચું છું પણ આવા સાચી બનેલી વસ્તુના લેખ બહુ ઓછા હોય છે.

જાન્યુઆરી મહિનાના મંગલ મંદિરમાં પુનઃ સ્થાપન (લેખાંક-૩) વાંચ્યો. ખરેખર વાંચીને ચોપડી છોડવાનું મન નથી થતું. બીજીવાર, ત્રીજીવાર પણ વાંચ્યા જ કરીએ એમ લાગે છે.

*નાનાલાલ સી. શાહ - તીરૂનેલવેલી*

• • • • •

## દેવી પૂજા (મંગલ મંદિર – જાન્યુઆરી-૨૦૧૦નો અંક)

મંગલ મંદિર જાન્યુઆરી-૨૦૧૦ના અંકના પાના-૪૩ ઉપર દેવીપૂજા લેખ વાંચ્યો - માણ્યો.

અજ્ઞાનતાવશ મનમાં ઠસાઈ ગયેલી વાતો વટવૃક્ષ બની ગઈ છે. આવી યોગ્યતા વગરની કહેવાતી સંસ્કૃતિ ખરેખર માણસની બુદ્ધિને ગીરવે મૂકી દે છે. ક્યાં છે જ્ઞાનપ્રકાશ? ક્યાં છે સદ્‌ગુરુની દેશના?

આજે જ્યાં જુઓ ત્યાં ભોગ વિલાસની વૃદ્ધિ અને સંગ્રહાખોરીએ આમપ્રજાના પેટને પાટા બાંધવા પડે છે ત્યારે ક્યાં છે પડોશીની પીડા દૂર કરવાની દયા - માનવતા? હા! ધર્મશાસ્ત્ર વ્યાખ્યાનમાં દેખાય છે ખરા! પરંતુ ત્યાથી ઊઠ્યા એટલે એ જ્ઞાન ત્યાં જ પૂરું! કેવી છે માણસ નામના પ્રાણીની ચતુરાઈ! બસ એ જ શુષ્ક જ્ઞાને જ સીતા,

દ્રૌપદી, તારામતી, દમયંતીને અન્યાય કર્યો છે. આપની વેદનાને અનુમોદન. અભિનંદન.

*કાનજી મહેશ્વરી - ગાંધીધામ (કચ્છ)*

• • • • •

**ધર્મ અને શ્રદ્ધા (મંગલ મંદિર – ફેબ્રુઆરી-૨૦૧૦)નો અંક**

***શ્રી શાંતિલાલભાઈ સંઘવીને સંબોધાયેલ પત્ર***

કોઈએ હિંદુ પરિવારમાં જન્મ લીધો અને હિંદુ સંસ્કારિતાના મૂળિયા તેમના માનસપટ પર નંખાયા. કોરી સીલેટ પર જે ઘૂંટાયું, તે પથ્થર પર લકીર બની ગયું. પાછલા જન્મના સંસ્કારો ઉપરાંત પરમાત્માએ થોડી બુદ્ધિ પણ આ જન્મે આપેલ. પરિણામ સ્વરુપ અહીં તહીં વાંચન, વિચાર અને મનોમંથન ચાલ્યું. અહીં બુદ્ધિ અને સંસ્કારો વચ્ચે સંઘર્ષ શરૂ થયો.

જે ધર્મ વારસામાં મળેલ, તે હવે તર્કની કસોટી પર ઉતરતાં જણાયું કે 'અરે! આ તો ધર્મ ઓછો અને પાખંડ કે ધંધો વધુ છે.' ચિત્ત બીજા ધર્મો તરફ ખેંચાયું અને આખરે જણાયું કે ત્યાં પણ ધર્મની આડમાં લોકો દુકાનો ખોલીને જ બેઠા છે. હવે શરૂ થયો એક ઉકળાટ અને માનસિક સંઘર્ષ. સાથે સાથે શરૂ થઈ સત્ય શું છે, ધર્મ શું છે? તે જાણવાની એક તાલાવેલી અને અંધકારમાં ભટકાવ પણ. આ સમસ્યા દરેક બુદ્ધિમાન વ્યક્તિની છે. જે લોકો બુદ્ધિહીન છે તેમને કોઈ સમસ્યા નથી. તે લોકો લકીરના ફકીર છે. અને આવો વર્ગ બહુસંખ્યક પણ છે. તેથી તેમને તેમની બીમારીઓની ખબર પણ નથી પડતી. બીમારીને બીમારી તરીકે ઓળખાણ માટે પણ થોડા હોશની, જાગૃતિની કે બુદ્ધિમત્તાની જરૂર હોય છે. તમારા લેખોમાં થોડી જાગૃતિની ઝલક અને સાથે સાથે એક પીડા અને ભીતરી ઉકળાટ પણ દેખાય છે. મંગલ મંદિરના ફેબ્રુઆરીના અંકમાં આપનો લેખ 'ધર્મ અને શ્રદ્ધા'ના શીર્ષક હેઠળ છપાયો છે. અહીં રજૂ કરાયેલા આપના વિચારો અને દૃષ્ટિકોણ બાબતે અત્રે મારી સમજ પ્રમાણે કેટલીક રજૂઆત કરું છું. જે કદાચ આપને મંથનની નવી દિશા, નવો આયામ આપશે અને બળતા હૃદયને સાંત્વના પણ.

એવું કહેવાય છે કે 'અસત્ય પોતે પાંગળું છે, જેથી ચાલવા માટે તેને સત્યનો સહારો લેવો જ પડે છે.' જેમ કે ધંધો ચલાવવા ધર્મનું પાટિયું મારવું પડે, મેવા ખાવા સેવાનું, કામ વાસનાને ઢાંકવા પ્રેમનું કે પછી અશુદ્ધ ઘી વેચવા 'અહીં ફક્ત શુદ્ધ ઘી જ મળે છે'નું બોર્ડ મારવું પડે છે. આથી તમે જેને ધર્મ કહો છો તે બૌદ્ધ, ખ્રિસ્તી, મુસલમાન, હિંદુ, શીખ કે અન્ય તે બધા જ મારી સમજ મુજબ દુકાનોના પાટિયા જ છે. સાચા ધર્મને અને આ બધા કહેવાતા ધર્મોને નહાવા નિચોવવાનો પણ સંબંધ નથી.

ભગવાન બુદ્ધનું વચન છે, 'મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષ અને ધર્મનું ૭૦૦ વર્ષનું આયુષ્ય હોય છે' આ વક્તવ્ય એક જુદા સંદર્ભમાં આપેલ છે પરંતુ આજે ૨૫૦૦ વર્ષ પછી આપણે જોઈ શકીએ છીએ કે બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ એ મડદાઓ સિવાય અધિક કાંઈ નથી. (અન્ય ધર્મોની પણ આવી જ અવદશા છે.) લગભગ ૧૫૦૦-૧૮૦૦ વર્ષથી આ મડદા દુર્ગંધ મારી રહ્યા છે. એટલે આવા મૃત ધર્મો પાસે અપેક્ષાઓ રાખવી કે 'જીવન સુગંધથી ભરી દેશે' તે તદ્દન વ્યર્થ છે.

અહીં પ્રશ્ન એ થાય કે, 'તો પછી સાચો ધર્મ કયો?' 'ધર્મ કઈ બલાનું નામ છે?' મારી સમજ મુજબ 'ધર્મ છે સ્વની યાત્રાનું નામ, ધર્મ છે પ્રેમ, આનંદ અને હોશપૂર્વક જીવન જીવવાની કળા, ધર્મ છે ઉર્ધ્વ ગમનની પ્રક્રિયાનું નામ, ધર્મ છે જીવના શિવમાં રૂપાંતરણની પ્રક્રિયા, ધર્મ છે પરમાત્મા તરફ પહોંચવાના માર્ગનું નામ, ધર્મ છે શુદ્ધીકરણ, ધર્મ છે સડેલ અંગોને ઑપરેશનથી દૂર કરવાની વિધિ, ધર્મ છે આંખ પર પડેલી ધૂળની સફાઈ, ધર્મ છે ચિતવૃત્તિનો નિરોધ.

આપ લખો છો, 'ધર્મ શ્રદ્ધાનો નહીં પણ અભ્યાસ, સંશોધન અને જાણકારીનો વિષય છે.' નહીં, નહીં. ધર્મ કોઈ માહિતીઓ ભેગી કરી, તેનું એનાલીસીસ (પૃથક્કરણ) અને તારણો કાઢવાનું અને યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવવાનું કે આવી માહિતીઓને આધારે પ્રવચનો આપવાનું કે જ્ઞાન પ્રદર્શિત કરી વાહ વાહ મેળવવાનું કાર્ય નથી. ધર્મને સંબંધ છે 'સ્વ'ના અભ્યાસ સાથે. ધર્મને સંબંધ છે અંતર જગતમાં ઉતરી, ભીતરી સંશોધન સાથે, ધર્મને સંબંધ છે સ્વને, આત્માને કે પરમાત્માને જાણવા સાથે. ધર્મને ધાર્મિક પુસ્તકો, પ્રવચનોના અભ્યાસ સાથે કે આધુનિક અને અર્વાચીન ધર્મોના સંશોધન સાથે કે અલગ અલગ ધર્મના સિદ્ધાંતોની જાણકારી (માહિતી) સાથે કોઈ જ સંબંધ નથી.

મારી દૃષ્ટિએ ધર્મની સરળ વ્યાખ્યા છે, 'જે જોડે તે ધર્મ અને જે તોડે તે અધર્મ (રાજકારણ).'

જરા ધ્યાનથી જોશો તો જણાશે કે આપણે આપણી ઉપર અનેક લેબલો લગાવેલા છે. જેમ કે હું જૈન છું, કચ્છી છું, ગુજરાતી છું, ભારતીય પુરુષ છું કે સ્ત્રી છું, યુવાન છું કે આધેડ કે સિનિયર સિટીઝન. પરંતુ આ તમામ લેબલો વ્યક્તિ વ્યક્તિની અંદર ભેદ પેદા કરે છે અને રાજકારણીઓ તેનો કેમ લાભ ઉઠાવવો તેની કળા સારી રીતે જાણે છે. મારી દૃષ્ટિએ ધાર્મિક વ્યક્તિ તે જ છે જે તમામ લેબલોને ફગાવવા તૈયાર હોય. જેની નજરમાં ઊંચ-નીચ, પૈસાદાર-ગરીબ, જાત-પાત, સ્ત્રી-પુરુષ કે અન્ય તમામ ભેદ નીકળી ગયા હોય અને જેની આંખ ચોક્ખી થઈ ગઈ હોય. (તો જ પરમાત્માને જોઈ શકે.) જેનું હૃદય નિર્મળ અને શાંત હોય (તો જ પરમાત્માનું પ્રતિબિંબ તેમાં પડી શકે) તે વ્યક્તિ જ ધાર્મિક છે. ટીલા-ટપકા કે રામ રામની માળા ફેરવનાર કે રોજ મંદિરે જનાર કે 'ૐ નમઃ શિવાય'ના મંત્રનું રટણ કરનાર કે પાંચ ટાઈમનો નમાઝી વ્યક્તિ, એ આડંબરી તો હોઈ શકે પરંતુ ધાર્મિક ક્યારેય પણ નહીં.

સંત મિખાઈલ નેઈમીનું બહુ ખ્યાતનામ પુસ્તક છે 'મિરદાદનો ગ્રંથ (Book of Mirdad). તેમાં તેઓ કહે છે કે, 'હે મનુષ્ય, તું ભેદ પાડનાર ચાળણીનું નહીં પણ એકરસ (ધાતુઓને) કરનાર મુશનું કાર્ય કરીશ તો જ પ્રભુના મંદિરમાં તું પ્રવેશી શકીશ.'

આપણો રસ આપણી મૂર્ખામીઓમાંથી બહાર આવવામાં ઓછો

છે પણ આ મૂર્ખામીઓની અન્ય લોકો વાહ વાહ કરે તેમાં વધારે છે. આપણી બીમારીઓની પીડા આપણે અનુભવીએ છીએ પણ બીમારીઓમાંથી છૂટવામાં આપણો રસ ઓછો છે. વળી આપણી ચારેબાજુ બધા બીમાર લોકોની જ વસાહત છે. જેથી મોટેભાગે તો આપણી બીમારીઓ પણ આપણે ઓળખી નથી શકતા અને જ્યાં સુધી આપણને અહેસાસ ન થાય કે હું બીમાર છું ત્યાં સુધી આપણે ડૉક્ટર કે વૈદ્ય પાસે જતા પણ નથી. તેથી પ્રથમ તો આપણી બીમારીઓ અને તેની પીડાઓનું ભાન થવું જરૂરી છે. પછી તેના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો (સત્ ગુરુઓ) આપણને અવશ્ય મળી જાય છે. એક પગલું આપણે ધર્મના રસ્તે ભરીએ તો પરમાત્મા તરત જ હજાર પગલા ભરે છે એ સનાતન નિયમ છે.

અવ્યાખ્ય પરમાત્માની વ્યાખ્યા કોઈ ઋષિએ કરુણાવશ કરી છે. જેથી આપણા જેવા બેહોશીમાં જીવતા લોકોની અંદર પરમાત્માની એક અભિપ્સા, એક પ્યાસ જગાડી શકે. બાકી તો જેને રંગ નથી, રૂપ નથી, ગંધ નથી, સ્વાદ નથી કે આકાર નથી વગેરે વગેરે તે ઓળખવો કેમ? ઋષિએ કરેલ વ્યાખ્યા જે તે ઋષિ માટે ભલે યોગ્ય હશે, આપણા માટે નહીં. કબીર કહે છે ને કે : 'અંધે અંધા ઠેલીયા, દોનો પડ કુપંત.'

*શરદ શાહ - અમદાવાદ*

• • • • •

## ધાર્મિક ક્રિયાકાંડો

આપનો ફેબ્રુઆરી માસનો તંત્રીલેખ વાંચ્યો, ગમ્યો અને મને જ નહિં, મોટાભાગના વાંચકોને ગમ્યો છે. ગયા અંકમાં પણ આવો જ એક સંપૂર્ણ લેખ વાંચેલો. જૈન મેગેઝીનો પણ એકસરખા જ લેખ લખે છે. હું ઘણી જગ્યાએ જાઉં છું. ત્યાં એક દિવસ એવો નહીં હોય કે આપણા સમાજની પ્રવૃત્તિઓથી અન્ય લોકોને વાકેફ ના કર્યા હોય. અને જે તે કાર્યના વખાણ ના કર્યા હોય. હું પોતે તો સમાજને કાંઈ જ આપી નથી શકતો — સમય પણ નહીં. અને સમાજના આગેવાનો સતત પ્રવૃત્તિશીલ રહે છે. હું માનું છું કે માત્ર જૈન સમાજો જ નહિં પણ અન્ય ઘણા સમાજો આપણા સમાજની નોંધ લે છે અને અનુકરણ પણ કરે છે.

મૂળ મુદ્દા પર આવું તો અમે શા માટે આપણા સમાજથી આ પ્રવૃત્તિની શરૂઆત કરીએ, અમે શું માત્ર લેખો વાંચીને જ સંતોષ મેળવીશું? હું માનું છું કે આપ લોકો આ ઉંમરે પણ અમારા લોકો માટે ઘણું વધારે કરી રહ્યા છો. પણ આ જ તો સમય છે કે કોઈક આગેવાની લે, બાકી પાછળ લાઈન લગાવવા બધા જ તૈયાર છે. હું ખોટું ના લખતો હોઉં તો મારા જેવા બહુમતી યુવાનો ધર્મમાં પરિવર્તન લાવવા ઈચ્છે છે પણ યોગ્ય રસ્તો મળતો નથી કે લીડર મળતા નથી. આ માટે આપ શક્ય તેટલા જલદીથી નિર્ણય લેશો. આ પ્રવૃત્તિ માટે હું શક્ય એટલો સમય આપને આપીશ. આ માટે સમાજની દરેક વ્યક્તિ, આગેવાન કે સાધુ આચાર્યને વિશ્વાસમાં લેવા પડે. તેમની પાસે આપણે સાથી મળીને જઈશું - વિશ્વાસમાં લઈશું. બાકી માત્ર ધાર્મિક ક્રિયાકાંડો કરવાથી ધર્મ ક્યારેય આગળ નહીં આવી શકે. આ સમજે તો બધા જ છે પણ લોકો શું કહેશે તેની બીકે કોઈ જ બોલતું નથી. આપ આ બાબતે ઘણા જલદીથી નક્કી કરશો.

આજ સુધી મેં શ્રી કચ્છી જૈન સેવા સમાજને એક મિનિટ પણ નથી આપી. પણ આ પ્રવૃત્તિ માટે આપ કહેશો તેટલો સમય આપીશ.

*સ્નેહલ પી. શેઠ - અમદાવાદ*

• • • • •

## જાન્યુઆરીના અંક વિશે થોડુંક વધુ

જાન્યુઆરી-૧૦ના મંગલ મંદિરમાં વાંચવા જેવું, વાંચીને પોરસાવા જેવું, અર્થાત્ ખુશ ખુશ થઈ જવાય તેવું, વાંચીને વાગોળવા જેવું, મિત્રોને આગ્રહપૂર્વક કહેવા જેવું અને જાણે મારા જ વિચારોનો પડઘો હોય તેવું કેટકેટલુંયે તમે ગાગરમાં સાગર જેવું ઠાંસી ઠાંસીને ભરી આપ્યું છે! આપને અને તે સૌ લેખકોને ધન્યવાદ. આવાસ યોજનાના દિલાવર દાતાઓને નમન કરીને....

શરૂઆતનો જ આપનો, 'એક પ્રેરક કહાની'નો તંત્રીલેખ, ૧૫મી સદીથી ગઈકાલ સુધીની વિશિષ્ટ વ્યક્તિઓની 'આયુષ્ય યાત્રા' જેવો વિશિષ્ટ લેખ, થોડું પણ, ખંતપૂર્વક વિદ્યાર્થીઓ ભણે તે વાત, કરસેવા કરવા સૌ જૈનો પ્રેરાય અને શરૂઆત જૈન શ્રેષ્ઠીઓ કરે (આ કરસેવાને કેટલાક ભાષાંતાર બહાદુરો 'કાર સેવા' કહે છે, રામા, યોગા ને ગણેશા જેવું!) એવી નુક્તેચીની અને કોઈ દેવી દેવતાઓ આપણને મદદ કરવા હરગીઝ આવશે નહિ, આપણે જ આપણી નબળાઈ દૂર કરવા સખત પરિશ્રમ કરવો પડે. આ બધી વાતો મુ.શ્રી શાંતિભાઈએ કરી તે, સદીઓથી conditioned થઈ ગયેલા, જડ બની ગયેલા આપણા દિમાગ, જેને ધર્મ, શ્રદ્ધા, શાસ્ત્રો અને ચિત્રવિચિત્ર ક્રિયાકાંડને નામે પંડિતો અને ધર્મગુરુઓએ ગૂંગળાવી માર્યા છે, અને પરિણામે આપણે કોઈના દોરવાયા કીડી મકોડા અને મધમાખીઓની જેમ ટોળાશાહીમાંથી બહાર નીકળીને સ્વતંત્રપણે વિચાર, મંથન કે વાંચન કશું જ કરતા નથી, એવી વાતો કરતો રેશનાલિસ્ટ મુ.શ્રી મૂરજીભાઈ ગડાનો સરસ લેખ, શ્રી મહેન્દ્રભાઈ પટેલે સાચા અર્થમાં પ્રાતઃસ્મરણીય એવા સરકારી નહિ પણ લોકસેવકો જેવા સર્વશ્રી જગદિશન, રાવ, કિરણ બેદી અને ખેરખાં ખૈરનારને યાદ કરવા ઉપરાંત તંદુરસ્તી માટેની સોનેરી ચાવીના રૂપમાં ખોરાક લેવાની માત્રાની કરેલી ટીપ્પણી, ફિલ્મ જગતમાં પોતાની આગવી રીતે કાઠું કાઢનાર ગુજરાતી કલાકાર નંદિતા દાસના નાનાજી શ્રી સોપાન અંગેની, પાંચ દાયકા જૂના અતીતની સ્મૃતિ ઝંકોરતા શ્રી ભરત'કુમાર'નો લેખ, ભિન્ન સંસ્કૃતિ અર્થાત્ બિનહિંદુ પરિવારમાં પરણવાના આંધળુકિયા કરતી આપણી દીકરીઓને ઢંઢોળતા અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવા સક્રિય થવા પૂ. સાધ્વીજીઓને અને ચીલાચાલુ પ્રવૃત્તિઓને બદલે આવા સામાજિક અને અત્યંત જરૂરી વિષયો પરત્વે સજાગ થવાનો મહિલા મંડળોને અનુરોધ કરતાં શ્રી પન્નાલાલ છેડાનો લેખ, પ્રેરણાના પરબ જેવા સોનેરી સુવાક્યો અંગેનો શ્રી સંજયભાઈનો લેખ, બધું પાછું મળે, પણ સમય ફરી ન મળે તે ન જ મળે એવા

પ્રભુએ આપેલા મોટા ગુપ્ત ધનની સુંદર વાત, જે શ્રી મુકુંદભાઈ મહેતાએ કરી, આપણા સાચા રત્ન સ્વ. શ્રી લાલબહાદુરની યાદ આપતા શ્રી જિતેન્દ્રભાઈ અંતાણી, ઉપરાંત શ્રી ધન રામપરિયાએ રજૂ કરેલી એક નાના માણસની પ્રામાણિકતાની વિરલ વાત. સૌથી કિંમતી એવી તંદુરસ્તીની જાળવણી માટેના ડૉ. ગાલા અને ડૉ. મણિલાલ અને ડૉ. દીપ્તિના લેખો પણ એટલા જ કિંમતી છે.

છેલ્લે, મન બાગબાગ થઈ ઊઠે એવા એક નાના પણ શિરમોર લખાણની વાત. પાના-૧૪ ઉપર 'મન દુરસ્ત તો તન દુરસ્ત'ની જબરજસ્ત વાત સાવ સાદા-સરળ લખાણમાં શ્રી ગુલાબચંદભાઈ રાંભિયાએ કરી છે. આ મુદ્દો વિસ્તૃત છણાવટ કરવા જેવો છે.

એમણે મનની વાત માંડી છે. આ મન બહુ જબરું છે. એટલું જબરું કે તમારી તો ખરી પણ તમારા થનારા સંતાનોની તંદુરસ્તીની ચાવી પણ તમારા મન પાસે છે! સ્વાસ્થ્ય જાળવવા માટેનો આ એક મુખ્ય મુદ્દો હોવા છતાં આધુનિક તબીબી વિજ્ઞાને એને ચર્ચાનો કે પ્રચાર-પ્રસારનો મુદ્દો નથી ગણ્યો તે અચરજ પમાડે તેવું છે.

કદાચ હોમિયોપથિએ આ મનને પાયામાં મૂક્યું છે.

આજના તબીબી નિષ્ણાતો માંદા ન પડવાના ઉપાયોની ચર્ચાને બદલે માંદા પડ્યા પછી તમને બાદશાહ ઠાઠવાળી સારવાર આપવા કદાચ વધુ ઉત્સુક છે, કેટલું ઉમદા!

સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ખૂબ આવશ્યક છતાં સાવ સહેલાં જે નિયમો લેખમાં ગણાવ્યાં છે તે જ નિયમો માતા-પિતા બનવા જતાં પહેલાં યુગલો સઘન રીતે, દોઢ-બે વર્ષ સુધી અપનાવ્યા પછી જ સંતાનોનો વિચાર કરે તો અવશ્ય આખા પરિવાર માટે એ એક મોટો આશીર્વાદ થાય. આ દોઢ-બે વર્ષની તપશ્ચર્યા કે તાલીમ (ટ્રેઈનિંગ) ભવિષ્યમાં ઘણું સુંદર પરિણામ આપશે. શારીરિક અને ખાસ તો માનસિક રીતે ખડતલ સંતતિ કોને ન ગમે? આ વાતમાં થોડો પણ રસ પડ્યો હોય તો મંડી પડજો.

ગર્ભાધાનથી મૃત્યુ સુધીના ૧૬ સંસ્કારો તો પ્રચલિત છે જ પણ કેટલાક વિદ્વાનોએ, ગર્ભાધાનથી પણ પહેલાંનો ૧૭મો સંસ્કાર નોંધ્યો છે. આ સંસ્કાર માતા-પિતા થવા જનાર યુગલે સમજવાનો છે, આચરવાનો છે, અને સરવાળે ભવિષ્ય સુધારવાનું છે. પોતાનું અને આવનાર સંતાનનું પણ આ સંસ્કારમાં મન ઘણું ઘણું મહત્ત્વનું બની રહે છે. જિનેટીક વિજ્ઞાને જ્યારે હરણફાળ ભરવા માંડી છે ત્યારે કાં તો તેમના તારણોને આગ્રહપૂર્વક ન આવકારીએ? 'વડ જેવા ટેટા ને બાપ જેવા બેટા' આમ તો આપણે સદીઓથી બોલીએ છીએ. જો આ સત્ય છે, તો કાં બાપ બનતાં પહેલાં યુગલો ઉત્તમ માતાપિતા થવામાં થોડી પણ કચાશ છોડે? આપણા શહેરમાં નાકે નાકે મફત ચાલતી લગભગ ૧૧૦થી વધુ લાફિંગ ક્લબોની યાદ આવે છે?

હવે ફરીવાર શ્રી રાંભિયાનો લેખ (જાન્યુ. પાના-૧૪) વાંચી જાવ. અને આ બધું વાંચતી વખતે આજની મોંઘીદાટ મેડિકલ સારવારને નજર સામે રાખજો. અને હા, આપણી વાત તો ૧૫-૨૦ વર્ષ પછીની આવતી પેઢીની છે. એટલે ખર્ચમાં એનો ધરખમ વધારો પણ ગણજો! આજની થોડી અમથી તૈયારી / તાલીમ, એ આકરી હાડમારીમાંથી તમારા પરિવારને ઉગારી શકે તેમ હોય તો એથી વધુ રૂડું શું?

હવે અંતમાં એક નમ્ર વિનંતી. મારી મર્યાદિત જાણકારી અને તેથી પણ વધુ મર્યાદિત સમજણ મુજબ આ લખ્યું છે. વિદ્વાન અને અધિકૃત રીતે કહી શકે, લખી શકે તેવા વાચકો જરૂર આ બાબતે વધુ પ્રકાશ પાડે તો સૌ કોઈને લાભ થાય.

મને આ મુદ્દો છેડવાની તક આપી તે માટે અને અત્યંત ઉપયોગી, પ્રફુલ્લિત, રંગીન, રમૂજી, ખુશખુશાલ અને ચેતનવંતા 'મનડા'ની સુંદર રજૂઆત માટે ભાઈશ્રી રાંભિયાનો ઘણો આભાર.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

• • • • •

## ફેબ્રુઆરી-૨૦૧૦નો અંક

ફેબ્રુઆરીનો મંગલ મંદિર પોસ્ટ ખાતાની બલિહારીને કારણે ૧૫મીના સાંજના મળ્યો.

કચ્છ જે ભૂકંપજો ચિતાર, શ્રી રશ્મિન્ ખોનાની કચ્છી કવિતામાં ભૂકંપની તારાજીનો વિગતવાર અહેવાલ વાંચી હૃદય એક વખત ફરી ધડકન ચૂકી ગયું. આવી દુઃખદ વિષમ પળો કચ્છ અને કચ્છી કદી ભૂલી શકે તેમ નથી. સમગ્ર ચિતારને આબેહૂબ કચ્છી કાવ્યમાં કંડારવી કાબિલે તારીફ છે. શ્રી ખોનાને શાબ્બાશી.

અન્ય સામગ્રીમાં શ્રી પ્રવીણ શાહનો લેખ "ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ" સમગ્ર દેશમાં પ્રસરી રહેલા ભ્રષ્ટાચારના ભોરીંગથી કચ્છ પણ બાકાત નથી તેની પ્રતીતિ કરાવે છે.

કચ્છના રાજવંશની વંશાવલી નવી પેઢીને જાણવા પૂરતી ઠીક છે. બાપુના 'બા' શ્રી જિતેન્દ્ર ના. અંતાણીએ પૂ. કસ્તુરબાની વણજાણી, ઓળખાણ અને સંદર્ભે ઉત્તમ હકીકત પર પ્રકાશ પાડેલ છે.

ધર્મ અને શ્રદ્ધા, શ્રી શાંતિભાઈ સંઘવીએ ખૂબ જ મનનીય રીતે ધર્મ અને શ્રદ્ધા વચ્ચેનો તફાવત અને ધર્મ અને શ્રદ્ધાને એકબીજા સાથે સાંકળતા લોકોને બંને વચ્ચેનો તફાવત પારખી લેવાની લાલબત્તી દેખાડેલ છે. જે યથાર્થ અને વિચારવા જેવી હકીકત છે.

શ્રી ભરતકુમાર પ્રા. ઠાકરનો 'માતૃભાષાનું મહત્ત્વ ક્યારે સમજીશું?' આજના અંગ્રેજી ભાષાને ભૂતની પેઠે વળગી બેઠેલ, કહેવાતા પોલિસ્ડ વી.આઈ.પી. માતૃભાષા કરતાં વિદેશી અંગ્રેજી ભાષાને મહત્તમ પ્રાધાન્ય આપતી ઘેલછા, અવશ્ય દેશ માટે કેટલી હદે ખતરનાક નીવડી શકે છે તે દરેક દેશવાસીએ જેટલી બની શકે તેટલી ઝડપથી સમજી લેવાની તાતી જરૂર છે, એ શ્રી ભરતભાઈના લેખનું તાત્પર્ય છે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)***

• • • • •

ફેબ્રુઆરી-૨૦૧૦ના તંત્રીલેખમાંના શબ્દો "આપણે ક્રિયાકાંડો માં જ મશગૂલ છીએ" વગેરે વગેરે સચોટ - ધારદાર છે અને આપણા સમગ્ર ભારતના - સમાજની બોલકી પણ નબળી બાજુને છતી કરે છે. લખાણ હિંમતભરેલું છે જ.

કેટલીક વખત શ્રી શાંતિલાલ સંઘવીના સવાલો અને શ્રી મૂરજી ગડાના જવાબો રસપ્રદ હોય છે.

મંગલ મંદિરના અંકો ઘણા દળદાર હોય છે. કેટલાક લેખો તો જાણે વ્યવસાયિક મેગેઝીનોને લાયક હોય છે.

એકંદરે બૌદ્ધિક ધોરણ ઊંચું છે. ધન્યવાદ.

***તા.ક.*** *:* કરસેવા અંગે નીતિન સંઘવીનું લખાણ વાંચવા /વિચારવા જેવું છે. ડૉ. નીતા ઠાકરના લેખમાં નાની પક્ષના સાધુઓને અતડા ગણાવવામાં આવ્યા છે. નાની પક્ષની સ્થાપના શિથિલાચારના મુદ્દા પર થયેલ. એટલે નાની પક્ષ ને આઠ કોટી મોટી પક્ષ વચ્ચે ઐક્ય થાય એ નામુમકિન હતું. 'અતડા' શબ્દ મારા જેવા અનેકને ઠેસ પહોંચાડી શકે છે.

***કીર્તિચંદ્ર શાહ - મલાડ, મુંબઈ***

● ● ● ● ●

નમ્ર નિવેદન સાથે જણાવવાનું કે "શબ્દ-રમત" એવા પાને છાપો કે જેની પાછળ જાહેરાત હોય. કારણકે મને અંક બે દિવસ પહેલા જ મળ્યો. તો પાછળ જનરલ નૉલેજ આપો છો તે ક્યારેક વાંચવાનું રહી જાય છે. તો થઈ શકે તો તે પ્રમાણે કરી શકો તો વધારે સારું.

સૂચન બદલ ક્ષમા માગું છું. 'મંગલ મંદિર'ની દર મહિને રાહ જોઉં છું. માહિતીસભર અને જ્ઞાનવર્ધક સાથે ઘણું જાણવાનું મળે છે. તકલીફ બદલ ક્ષમા.

***મોના શાહ - હૈદ્રાબાદ***

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ જાન્યુઆરી-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામઃ*

| | | |
|---|---|---|
| ૧. | દેવી પૂજા | પાના-૪૬ |
| ૨. | આ લખાણ પાના નંબર-૪૧ ઉપર છે. | પાના-૪૧ |
| ૩. | સામાજિક કાર્યોમાં સામૂહિક ભાવના અને નિષ્ઠા પણ જરૂરી છે. | પાના-૧૦૭ |
| ૪. | ફકરા નંબર-૪ | પાના-૯ |
| ૫. | સોપાન ની | પાના-૪૦ |
| ૬. | ઈ.સ. ૧૮૯૩ અને ન્યુઝીલેન્ડમાં | પાના-૯૭ |
| ૭. | ઉદ્યાનમાં | પાના-૫૦ |
| ૮. | નવભારત સાહિત્ય મંદિર (મુંબઈ/અમદાવાદ) | પાના-૫૧ |
| ૯. | ડેવિડ ફ્રોસ્ટે | પાના-૪૮ |
| ૧૦. | માતા, પિતા અને ગુરુ | પાના-૪૯ |
| ૧૧. | અહીં કચરો ફેંકવો નહિ. ફેંકનારને દંડ થશે | પાના-૭૧ |

★

| | | |
|---|---|---|
| ૧. | નવલબહેન શાંતિલાલભાઈ શાહ | - અમદાવાદ |
| ૨. | જાગૃતિબહેન અરુણભાઈ જૈની | - અમદાવાદ |
| ૩. | ભારતીબહેન સુરેન્દ્રકુમાર જૈની | - અમદાવાદ |
| ૪. | કામિનીબહેન સ્નેહલભાઈ શેઠ | - અમદાવાદ |
| ૫. | શાંતિલાલભાઈ વ. શાહ | - અમદાવાદ |
| ૬. | નયનાબહેન અલ્પેશભાઈ ગાલા | - અમદાવાદ |
| ૭. | જયશ્રીબહેન ભરતભાઈ શાહ | - અમદાવાદ |
| ૮. | કૃપાલીબહેન ભરતભાઈ શાહ | - અમદાવાદ |
| ૯. | કલ્પનાબહેન શશીકાંતભાઈ ગાલા | - અમદાવાદ |
| ૧૦. | લીલાધરભાઈ એલ. વિસરીઆ | - મુંબઈ |
| ૧૧. | ભાગ્યવંતીબહેન અમૃતલાલભાઈ શાહ | - ચેન્નાઈ |
| ૧૨. | ચારુબહેન અમૃતલાલભાઈ સંઘવી | - અમદાવાદ |
| ૧૩. | મધુરીબહેન રમણિકલાલભાઈ ગોસર | - અમદાવાદ |
| ૧૪. | રમણિકલાલ કુંવરજીભાઈ ગોસર | - અમદાવાદ |
| ૧૫. | વર્ષાબહેન રવિલાલભાઈ પારેખ | - અમદાવાદ |
| ૧૬. | જ્યોત્સનાબહેન અરવિંદભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૭. | અમરભાઈ ઉમરશીભાઈ રાંભિયા | - નડિયાદ |
| ૧૮. | વિનોદ કે. મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |
| ૧૯. | શ્રીમતી દીપલ તુષાર શાહ | - અમદાવાદ |
| ૨૦. | કુ. મૈત્રી જયેશભાઈ શાહ | - અમદાવાદ |
| ૨૧. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક ફેબ્રુઆરી, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
૧૧ પ્રશ્નોમાંથી કોઈપણ ૮ ખરા ઉત્તર હશે તો બધા સાચા જવાબમાં ગણતરી થશે.

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર એપ્રિલ-૨૦૧૦ના અંકમાં

★ **સરનામું :**
ઉપર મુજબ વિભાગનું નામ કવર પર લખીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે સમયસર મોકલાવવા વિનંતી છે.

★

★ **માસ ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. 'ગામડાંઓની બદતર હાલતનો ચિતાર એ.સી. ઓફિસોમાં બેઠા બેઠા મેળવી શખાય નહીં.' આવું લખાણ કયા લેખમાં છે?

૨. 'કાંટા સાથે રહી, હસતા રહેવાનું ગુલાબ પાસેથી શીખો.' આ સુવિચાર કયા પાના પર છે?

૩. પાના નંબર-૫૫ ઉપર જે સંપ્રદાય વિશેની વાત છે તેનાં વર્તમાનમાં બિરાજતા પરમ પૂજ્ય આચાર્યશ્રીનું નામ અહીં જણાવશો.

૪. ગાંધીજીના ત્રણ ચિર સાથી કોણ?

૫. 'આલ ઇઝ વેલ'માં જ્ઞાન એટલે શું?

૬. એ જ રીતે બાળકો વિશે પણ આપણે ઘણું બધું શોધી કાઢવાનું હોય છે. બાળક એક કેવું રહસ્ય છે?

૭. કયા દેશમાં તબીબી વિજ્ઞાન (મેડિકલ સાયન્સ)નું શિક્ષણ પણ અંગ્રેજીમાં નહિ પરંતુ વિદ્યાર્થીઓની માતૃભાષાના માધ્યમ દ્વારા તે દેશની ભાષામાં જ અપાય છે?

૮. "ઈશ્વરના ઘરે દેર છે, અંધેર નથી." આ કહેવત સદાકાળથી પરમ સત્ય છે. — કયા લેખમાં આ કહેવતનો ઉલ્લેખ છે?

૯. ભારતમાં છેલ્લા સુધારેલા કાયદા અનુસાર લગ્નની વય પુરુષ અને સ્ત્રી માટે શું હોવી જોઈએ?

૧૦. બીજાને જે મળ્યું છે તે બીજાને મુબારક. મને મળ્યું છે તે જ મારે માટે પ્રમાણ. કયા લેખમાં આવું વાંચવા મળે છે?

૧૧. એક બહુ સહેલો અને સરળ રસ્તો છે..... દેહદાન. આ વાક્યના વચ્ચેના શબ્દો શું છે?

★

માસ ડિસેમ્બર-૨૦૦૯ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮. | કામિનીબહેન સ્નેહલભાઈ શેઠ | - અમદાવાદ |
| ૧૯. | નયનાબહેન અલ્પેશભાઈ ગાલા | - અમદાવાદ |
| ૨૦. | ચારુલતાબહેન અમૃતલાલભાઈ સંઘવી | - અમદાવાદ |
| ૨૧. | મહેન્દ્રભાઈ દામજીભાઈ છેડા | - અમદાવાદ |
| ૨૨. | કલ્પનાબહેન હરખચંદભાઈ શાહ | - અમદાવાદ |

*દરેકને અભિનંદન.... ખૂબ આભાર.*

**— દિનેશ મહેતા**

*દુનિયાના યાત્રાના ત્રણ ધામ : માતા - પિતા - ગુરુ.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*જાન્યુઆરી તથા ફેબ્રુઆરી-૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **શ્રી સ્વાશ્રય મહિલા મંડળ**
  અંજાર તાલુકા ઘટક,
  ગાયત્રી સોસાયટી, એકતા નગર રોડ,
  નયા અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **સોમચંદ ધરમશી નાગડા**
  ટી.સી.એક્સ., સાઉથ-૫૯,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
- **વિનોદ કાનજી મોરબિયા**
  C/o. દર્શનવુડ,
  મેઈન બજાર, મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
- **શ્રીમતી પ્રેમીલા એમ. શાહ**
  ફ્લેટ નં.-૧૩૧, એમ્બેસી હેરિટેજ એપાર્ટ.,
  ૮-મેઈન, મૈસુર લેમ્પ ફેક્ટરીની બાજુમાં,
  મહાબલેશ્વરમ, બેંગ્લોર-૫૬૦ ૦૦૩.
- **હરખચંદ મેઘજી કારાણી**
  ૨૦૧, રોયલ પ્લાઝા એપાર્ટમેન્ટ,
  ૪-૪-૯૩૩/૯૩૫, સુલતાન બજાર,
  હૈદ્રાબાદ-૫૦૦ ૦૯૫.

### ૩ વર્ષનું લવાજમ

- **શશીકાંત એમ. ઠક્કર**
  "દિનમાન", જૂના વાસ,
  માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.
- **શૈલેષ શિવલાલ શાહ**
  ૩, રામાલીંગા નગર સોસાયટી,
  ભારતી પાર્ક ચાર રસ્તા નં.-૫,
  ૨-લે આઉટ, સી.બી.ઈ.-૧૧,
  કોઈમ્બતુર-૬૪૧ ૦૧૧.
- **કાંતિલાલ વિશનજી દેઢિયા**
  ૨૬/૨૩૯, સત્યનગર-૨, ગુજ.હા.બોર્ડ,
  જીવન જ્યોત સિનેમા સામે,
  ઉધના રોડ, સુરત-૩૯૪ ૨૧૦.
- **શાંતિલાલ કલ્યાણજી લોડાયા**
  ઈ/૯, સુશીલ સોસાયટી,
  હરણી રોડ, વડોદરા-૩૯૦ ૦૨૨.
- **હેમંત એન. સંઘવી**
  ૪૦/૪૦૨૩, ટી.ડી. વેસ્ટ રોડ,
  એરનાકુલમ-૬૮૨ ૦૩૫.
- **કાંતિલાલ કુંવરજી સાવલા**
  બી/૧૨, રત્નદીપ,
  સેવારામ લાલવાણી જંક્શન,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **સંજય પ્રેમજી શાહ**
  C/o. લક્ષ્મી ટ્રેડર્સ, કલ્યાણ ભુવન,
  બંદર રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.

### ૫ વર્ષનું લવાજમ

- **દીપક દામજી પોલડિયા**
  ગુજરાતી ગલી,
  ફૈજપુર, જિ. જલગામ,
  મહારાષ્ટ્ર-૪૨૫ ૫૦૩.
- **મે. જોય બિલ્ડર્સ**
  ૩૦૬/૩૧૦, "માધવ", ત્રીજે માળ,
  સી/૪, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ,
  બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૧.
- **વસંતલાલ કેશવજી વોરા**
  બી/૨૧૪, ગોલ્ફ વ્યૂ એપાર્ટમેન્ટ,
  ઈન્ટરમિડિયેટ રિંગ રોડ,
  દોમલુર, બેંગ્લોર-૫૬૦ ૦૭૧.
- **ઝુમખલાલ જે. શાહ**
  ગોધરાઈ ફળિયા,
  માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
- **રસિકલાલ એમ. પૂજ**
  ૨૦૩, મીરા સાગર, બીજે માળ,
  નવરોજી લેન, પરમ કેશવ બાગ સામે,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
- **ધનલક્ષ્મી હેમચંદ ગડા**
  એ/૭૦૪, સતગુરુ શરણ-૨,
  ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૮૧.
- **વીરેન્દ્ર શામજી ગાલા**
  ૫૦૭, કુમકુમ કો.ઓ.હા. સોસાયટી,
  પ્લોટ નં.-૧૨, સેક્ટર નં.-૨,
  ચારકોપ, કાંદિવલી (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૭.
- **પ્રફુલભાઈ કે. ભેદા**
  ૩૩, શાંતિનાથ એપાર્ટમેન્ટ,
  રાજામાણેર શેરી, ટી. નગર,
  ચેન્નાઈ-૬૦૦ ૦૧૭.
- **ધનપતિ હીરજી શાહ**
  મેઈન બજાર,
  સાર્વજનિક હોસ્પિટલ પાસે,
  પો. કોઠારા, તા. અબડાસા
  કચ્છ-૩૭૦ ૪૬૫.

### આજીવન

- **ભાઈલાલ હીરજી વોરા**
  ૪૦૪, નટરાજ "એ",
  બીજે માળે, ફ્લેટ નં.-૩,
  એલ.એન. લાઈન, માટુંગા,
  મુંબઈ-૪૦૦ ૦૧૯.
- **વસંતલાલ ડી. વોરા**
  ૩૦૧, લક્ષ્મી પેલેસ, માલવિયા રોડ,
  વિલેપાર્લે (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૫૭.

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **સૂર્યકાંત દેવશી વોરા**
  ૧૦૩/શુભમ્, "એ" વિંગ,
  બંદર પાખાડી રોડ, ગણેશ ચોકની બાજુમાં,
  કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
- **પ્રવીણ નારાણજી દંડ**
  "નીલહંસ", પ્લોટ નં.-૨૬૦,
  વોર્ડ નં.-૩/બી, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે,
  આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.
- **તિલકચંદ કુંવરજી લોડાયા**
  મસ્તી/૧૦૨, અંકુર ગ્રાન્ડ,
  ૨૫૨, પૂનમલ્લી હાઈ રોડ,
  ચીલપૌક, ચેન્નાઈ-૬૬૬ ૦૧૦.
- **કિશોર ભવાનજી નાગડા**
  બી-૪૦૬, વિદ્યા નગર,
  એસ.બી.આઈ. ક્વાર્ટર્સ,
  એવરશાઈન નગર, મલાડ (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૪.
- **રાયચંદ શિવજી શાહ**
  ૩૧૩/૭૦૨, આનંદ લોક,
  રામનારાયણ નારકર રોડ,
  ઘાટકોપર (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૭૭.

*વિનય વિહિન વિદ્યા એટલે પરિમલ રહિત પુષ્પ.*

## ૩ વર્ષ માટે

- **દેવેન કનકચંદ્ર વ્યાસ**
  "સુદામા સદન",
  ૬૨, સ્વામિ વિવેકાનંદ નગર,
  હાઉસિંગ બોર્ડ પાસે,
  અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **વિશનજી રાયશી સાવલા**
  હવારે પારેખ ચેમ્બર્સ, એસ.ટી. સ્ટેન્ડની પાછળ, ઘાટલા વિલેજ રોડ, મોતીબાગ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૧.
- **પ્રીતેશ પ્રફુલચંદ્ર જૈન**
  પ્રીતમ ઈલેક્ટ્રોનિક્સ,
  બોહરા ગલી ચાર રસ્તા,ચોપડા,
  જિ. જલગામ, મહારાષ્ટ્ર-૪૨૫ ૧૦૭.
- **વિપુલ રજનીકાંત મોતા**
  દેવ ભવન નં.-૨/બી, ત્રીજે માળે,
  રૂમ નં.-૧૭, કામા ચાર રસ્તા,
  વી.લ. બોર્ડિંગ સામે, કામાગલી રોડ,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

## ૫ વર્ષ માટે

- **રસિકલાલ વીરજી છેડા**
  ૨૩/૪, "અંબે આશિષ",
  સૂઈ ફળિયા, રતાડિયા (ગણેશવાલા),
  તા. મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૧૦.
- **ગિરીશ રામજી ગાલા**
  બી-૩/૬, જીવનનગર હાઉ. સોસાયટી,
  મીઠાગર રોડ, મુલુંડ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૮૧.
- **જખુલાલ વી. સંઘવી**
  ૧૭-બી, ખુશાલ નગર,
  જૈન દાદાવાડી પાછળ,
  અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.

## આજીવન

- **બિપિન ચુનીલાલ શાહ**
  ઈશાંત ગેસ્ટ હાઉસ, મેઈન બજાર,
  મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
- **અશ્વિન નાનજી કુરિયા**
  ૨/૧૧, શુભમ્ કોમ્પ્લેક્સ,
  એરૂ ચાર રસ્તા,
  પ્રીતિ કોમ્પ્લેક્સની સામે,
  વીજલપુર, નવસારી-૩૯૬ ૪૫૦.
- **નવીનચંદ્ર શામજી સંગોઈ**
  મિસ્ત્રી બિલ્ડિંગ, ૧લે માળે, રૂમ નં.-૩,
  એસ.એચ. પરલકર રોડ, શિવાજી પાર્ક,
  મુંબઈ-૪૦૦ ૦૨૮.

## વલોવતન

*(અનુસંધાન : પાના નં.-૯૦ ઉપરથી ચાલુ)*

માંગવા કરેલી અરજી પર વડી અદાલતે ચુકાદો આપ્યો હતો તે અનુસાર કચ્છના આ બે ગામોની સીમમાં આવેલા ચાર ઉદ્યોગોને વ્યવસાય વેરા અને મિલકત વેરાની રકમ જે તે પંચાયતને ચૂકવવાનો આદેશ અપાયો હતો. આ ચુકાદાથી પોતાની સીમમાં ઉદ્યોગો ધરાવતા સંખ્યાબંધ ગામોને ફાયદો થશે.

★ માજી સાંસદ ઉષાબહેન ઠક્કરે રેલમંત્રી મમતા બેનરજીને લખેલા પત્રમાં કચ્છને અમદાવાદ સાથે સીધી રીતે સાંકળવા ગાંધીધામ - અમદાવાદ વચ્ચે ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવા માંગણી કરી હતી. તેમના જણાવ્યા અનુસાર આ ટ્રેન સાંજે પાંચ વાગે અમદાવાદથી ઉપડે અને ગાંધીધામથી રાત્રે ૧૧.૩૦ વાગે ઉપડે તો જ આ સેવા ઉપયોગી ગણાશે.

★ સ્થાનકવાસી છ કોટી જૈન લીંબડી અજરામર સંપ્રદાયની સાધ્વીઓ લીંબડી ખાતે દીક્ષા મહોત્સવમાં ભાગ લેવા વિહાર કરી રહ્યા હતા ત્યારે ધસમસતા આવેલા ટેમ્પોની હડફેટે સાધ્વીજીઓ આવી જતાં મૂળ કચ્છના બે સાધ્વીજીઓએ સ્થળ પર જાન ગુમાવ્યા હતા અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા હતા. જેમને અમદાવાદ ખાતેની સાલ હૉસ્પિટલમાં ખસેડાયા હતા. આ અકસ્માતથી જૈન સમાજમાં આઘાત સાથે રોષ ફેલાયો હતો અને અજંપાની લાગણી પ્રસરી હતી.

★ રાપર તાલુકાના ગાગોદર જૂથ ગ્રામ પંચાયતના તલાટી સહમંત્રી ભગવતરાય જયકિશન પટેલ લાંચ રુશવત વિરોધી બ્યૂરોએ ગોઠવેલા છટકામાં રૂા. ૧૫૦૦ની લાંચ લેતા પકડાઈ ગયા હતા.

★ કચ્છની ભૂમિને ચાહતી, મૂળ જર્મનીની અને ઈટાલીમાં રહેતી ૬૪ વર્ષીય નિવૃત્ત શિક્ષિકા જુટાબહેન લેઝાંગુએ રૂપિયા સવા પાંચ લાખ ખર્ચીને અંતરિયાળ એવા ખડીરના કેટલાક ગામોનો પીવાના પાણીનો પ્રશ્ન હલ કરી દીધો હતો. કચ્છમાં જુટાબહેન રબારી કે કોળી બહેનો પહેરે છે તેવી ગળામાં હાંસડી પહેરે છે, કચ્છી ભરત ગૂંથણના વસ્ત્રો પહેરે છે.

★ ભૂકંપ બાદ કરમુક્તિને પગલે કચ્છ ઉદ્યોગોથી ધમધમે છે. અત્યારે અંદાજે રૂા. ૫૦,૦૦૦ કરોડના ઉદ્યોગો કાર્યરત છે. રૂા. ૯૪,૦૦૦ કરોડના ઉદ્યોગો પ્રક્રિયામાં અને પાઈપ લાઈનમાં છે. આથી પ્રદૂષણ એ કચ્છ માટે અગત્યનો સવાલ છે. પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો પર નિયંત્રણ માટે વધુ નક્કર કાર્યવાહીની જરૂરિયાત છે.

★ ભુજની પેલિકન નેચર ક્લબ તરફથી વર્ષ ૧૯૮૭થી જળચર અને જળ આધારિત પક્ષીઓની ગણતરી શરૂ થઈ હતી. આ વખતે કચ્છમાં ભુજ, અંજાર, ગાંધીધામ તથા માંડવી તાલુકાના ૧૭ સ્થળો પર આ ગણતરી કરવામાં આવી હતી. આ ગણતરી દરમ્યાન ૬૫ જાતના પક્ષીઓ જોવા મળ્યા. જેમાં ૩૦ જાતના યાયાવર હતા. કુલ ૭૪૦૦ પક્ષીઓની ગણતરી થઈ. મોટાભાગના ડેમ, તળાવમાં પાણી ઓછા હોઈ ઓછા પક્ષી નોંધાયા હતા.

★ ગુંદાલા (તા. મુંદ્રા)માં રૂપિયા પાંચ લાખના ખર્ચે તળાવ સુધારણાનું કાર્ય શરૂ કરાયું હતું. આ તળાવને ઊંડું ઉતારવાથી પાણીની સંગ્રહ શક્તિ વધશે. તળાવની ફરતે વૃક્ષો વાવી રળિયામણું બનાવાશે અને આ સ્થળને પર્યટનધામ તરીકે વિકસાવાશે.

★ નલિયા (તા. અબડાસા)ની સીમમાં ગૌચર, સરકારી પડતર જમીનમાં મોટાપાયે પેશકદમી થતાં સ્થાનિક પશુધન માટે ચરિયાણનો પ્રશ્ન ઊભો થયો હતો. આથી જીવદયા પ્રેમી જાગૃત નાગરિકોએ ગૌચર જમીન ખુલ્લી કરાવવા ગૌચર જમીન બચાવ સમિતિ રચી લડત આપવાનો નિર્ણય કર્યો હતો.

***(નોંધ : તા. ૧૦-૨-૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર આ વિભાગમાં લેવામાં આવ્યા છે. – સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રત્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

***સંપત્તિની સાર્થકતા સેવા કરવામાં છે, બુદ્ધિની સાર્થકતા ભૂલ કબૂલ કરવામાં છે, સિદ્ધિની સાર્થકતા નમ્ર બનવામાં છે.***

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. આગિયા જંતુમાંથી નીકળતી ગરમી સામાન્ય મીણબત્તીના ૮૦,૦૦૦મા ભાગ જેટલી હોય છે.

૨. લિજ્જતદાર ચાની પીણાં તરીકેની શોધ આકસ્મિક રીતે પાંચ હજાર વર્ષ પહેલાં થઈ હતી. ચીનના સમ્રાટ શેન તુન્ગના સેવકો પ્રવાસ દરમિયાન એક ઝાડ નીચે પાણી ઉકાળી રહ્યા હતા, દરમિયાન ઉપરથી પાણીમાં પાંદડું પડ્યું અને એ પાણીનો સ્વાદ સારો લાગતાં ધીરેધીરે એનો પ્રચાર થયો હતો.

૩. સ્વિડનના સંશોધકોના મતાનુસાર અતિશય અવાજનું પ્રદૂષણ ધરાવતા રોડની નજીક રહેતા લોકોમાં બ્લડ પ્રેશરની સમસ્યા થવાની શક્યતા વધારે રહે છે.

૪. ઈરાનના પ્રાચીન રાજા અબ્દુલ કાસિમ ઇસ્માઇલ જ્યારે પણ પ્રવાસ કરતા અને જ્યાં પણ જતા, પોતાની સાથે પુસ્તકોની વિશાળ લાઈબ્રેરી સાથે લઈને જતા હતા.

૫. ● જમીન પર સૌથી ઝડપથી સરકતો સાપ આફ્રિકાનો બ્લેક મામ્બા છે.
● વિશ્વનો સૌથી ઝેરી સાપ "હાઈડ્રોફિસ બેલ્ચેરી" છે. જમીનના ઝેરી સાપ કરતાં એકસો ગણો વધારે ઝેરી છે.
● દુનિયાનો સૌથી વધુ લંબાઈનો અજગર છે કે જેની લંબાઈ દસ મીટર જેટલી હોય છે.
● સાપની જાતોમાં સૌથી બુદ્ધિશાળી સાપ "રેટલ બીયરિંગ પીટ વાઈપર" ગણાય છે.
● વિશ્વમાં જોવા મળતી સાપની અનેક પ્રજાતિમાં ભારતમાં લગભગ બસ્સો બાવન પ્રકારના અને ગુજરાતમાં માત્ર બાવન સાપની જાતો જોવા મળે છે. તેમાંય માત્ર પાંચ જાતના સાપ ઝેરી હોય છે. જેમાં કાળોતરો, ફુરસો, નાગ, ખડચીતરો અને કેટલાક દરિયાઈ સાપ પણ છે.
● છેલ્લે એક સરસ મજાની વાત એ છે કે સાપ મોટાભાગે ક્યારેય દૂધ પીતા નથી. પણ હા, ક્યારેક મુશ્કેલીના સમયમાં તરસ છીપાવવા પ્રવાહી તરીકે દૂધ પી લે છે.

૬. પૃથ્વી પર ૧૩-૯-૧૯૨૨ના રોજ લિબિયાના અલ-અઝીમીયા ખાતે ૫૭.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું કે જે પૃથ્વી પરનું આજ સુધીનું સૌથી વધુ તાપમાન હતું.

૭. પૃથ્વી પર સૌથી નીચું તાપમાન એન્ટાર્કિટકાના વોસ્તિક ખાતે ૨૩-૭-૧૯૮૩ના રોજ માઈનસ ૮૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.


૮. ફિલિપાઈન્સ દેશના બોહેલ પ્રાંતમાં જે પહાડો આવેલા છે તે ચોકલેટી હિલ્સ તરીકે ઓળખાય છે. આ પહાડો ઉપર સામાન્ય રીતે લીલું ઘાસ જ ઊગે છે પણ ઉનાળામાં એ ઘાસ સૂકાઈ ગયા પછી તે ચોકલેટી રંગનું દેખાય છે. કેટલાય કિલોમીટર સુધી ફેલાયેલા આ પહાડીઓ લાઈમ સ્ટોનની બનેલી છે. એટલે રંગ સિવાય એને ચોકલેટ સાથે સ્નાન સૂતકનો સંબંધ નથી.

૯. તમે એક દોઢ ફૂટથી અઢી ત્રણ ફૂટ લાંબા કાચબા જોયા હશે જે સામાન્ય છે. પણ સમુદ્રમાં આઠ ફૂટ જેટલા લાંબા કાચબા પણ હોય છે અને તેનું વજન ૭૦૦ કિલોગ્રામ જેટલું હોય છે.

૧૦. તમને જાણીને નવાઈ લાગશે કે ચીનના એક જનરલની સ્મશાનયાત્રા એક વર્ષ સુધી ચાલી હતી. આ સમય દરમિયાન ૩૦૦૦ કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું હતું.

## શબ્દ રમત-૪૬

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______

સરનામું : ______

______

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૩-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. કુમારિકાનું એક વ્રત, અલૂણાં (૪)
૪. મુખવાસમાં વપરાતું ફળ, ફોફળ (૩)
૭. સહેલાઈથી મળે એવું (૩)
૧૦. વાનર, વાંદરો (૨)
૧૧. જૂઠું બોલવાની ટેવવાળો (૩)
૧૩. સંચય, સંગ્રહ (૩)
૧૫. બાજુ, પક્ષપાત, ઉપરાણું (૪)
૧૬. આગ્રાની સુપ્રસિદ્ધ ઈમારત (૫)
૧૮. મધુર ધ્વનિ, પક્ષીઓનો ગુંજારવ (૪)
૨૦. હકીકત, બનાવ (૨)
૨૧. એક માછલી, ---- મારવી (૨)
૨૨. દૂધ ભાતની એક વાની (૨)
૨૩. મૃત્યુ પ્રસંગે સગો મૂકે છે તે (૫)
૨૪. મોહક, સુંદર (૪)
૨૬. અગ્નિ, દેવતા (૨)
૩૦. મુગટ, ફૂલોનો ગોટો (૩)
૩૧. ઉત્તમ, પતિ (૨)
૩૨. એક જાતનું ફરાળી ખાદ્ય (૪)
૩૪. મમત્વ, મારાપણું, સ્નેહ (૩)
૩૭. મશ્કરી, ટીખળ (૩)
૩૮. વાર્તા, વૃત્તાંત (૨)
૩૯. જગતમાં બધે જાણીતું (૫)
૪૦. ફળના રસનું બનાવેલું પીણું (૪)
૪૨. વિમાનને ચડવા ઉતરવાની પટ્ટી (અં.) (૩)
૪૪. દહીં-દૂધ પરની મલાઈ (૨)
૪૬. અભિમાન, ગર્વ (૨)
૪૭. શરીર, અવયવ (૨)
૪૮. શિરસ્તો, ધારો, દહીં વલોવવાનું સાધન (૩)
૪૯. લગામ, અંકુશ (૪)
૫૧. એક ફળ, સંતરું (૩)
૫૩. શોભા માટે બારણે બંધાતો હાર (૩)
૫૪. દહીંમાંથી પાણી કાઢી બનાવેલું ખાદ્ય (૩)
૫૫. પૂરજોશમાં, સપાટાબંધ (૫)
૫૭. પજવણી, અડપલું (૪)
૫૯. વિસાત, પૂંજી, પશુધન (૨)
૬૧. ધૂળનો કણ, કસ્તર (૨)
૬૨. નસ, વલણ, (૨)
૬૩. સમજણ, જ્ઞાન (૪)
૬૫. ડસવું, કરડવું (૩)
૬૭. લાંબા દાંડાનું ધાતુનું પાણી કાઢવાનું સાધન (૨)
૬૮. બહાદુર સ્ત્રી (૪)
૭૦. પત્તો, ખબર, શોધ (૨)
૭૧. જમીનનો માલિક (૫)
૭૨. મનની તંગ હાલત, માનસિક ખેંચ (૩)

### ઊભી ચાવીઓ

૧. ગરીબ, ગરજુ (૪)
૨. લેખણ, કરારની શરત (૩)
૩. પાયમાલ, ભારે પરેશાન (૩)
૫. પચવામાં મદદ કરતો રસ (૫)
૬. વાસ્તવિક (અં.) (૩)
૮. ટેવ, વ્યસન (૨)
૯. ગુજરાન, ખાધાધોરાકી (૬)
૧૦. પાટીદાર, ખેડૂત (૩)
૧૨. કરાર, સોદો (અં.) (૨)
૧૪. સુંવાળું, મુલાયમ (૩)
૧૭. ઘા, પ્રહાર (૩)
૧૯. ટાપટીપ, ભપકો, છેલાઈ (૪)
૨૫. દરરોજ (૪)
૨૬. આવવું અને જવું (૩)
૨૭. ડૂબેલું, લીન, મગ્ન (૩)
૨૮. અપાર, પુષ્કળ (૪)
૨૯. પોતાની જાતિનું (૪)
૩૦. હાર, પંક્તિ, છાપાની કૉલમ (૩)
૩૩. સંભાળ, સાચવણી (૩)
૩૫. કૃપા, દયા (૫)
૩૬. લજ્જા, પ્રતિષ્ઠા (૩)
૩૭. અભિપ્રાય, વોટ (૨)
૪૧. લાંછન, નામોશી પામેલું (૪)
૪૩. અસ્તવ્યસ્ત, છિન્નભિન્ન (૬)
૪૫. -- ખોદે તે પડે (૨)
૪૭. સ્વીકાર (૪)
૫૦. ઉશ્કેરાટ, ઝઘડો (૬)
૫૨. સુથારનું એક ઓજાર (૨)
૫૩. તોડવું-ફોડવું (૪)
૫૪. ઓળો, પ્રતિબિંબ (૪)
૫૫. ધર્મકાર્યમાં વીર, શહીદ (૫)
૫૬. ચાંદી, રૂપું (૩)
૫૮. પગલું (૨)
૬૦. વેલ (૨)
૬૪. સોબત, સાથ, મૈત્રી (૩)
૬૬. બધું, સઘળું (૨)
૬૭. દંભ, ઢોંગ (૨)
૬૮. પરાક્રમી પુરુષ, શૂર (૨)
૬૯. માતાના પિતા (૨)

## શબ્દ રમત-૪૫નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફે | ર | | ચ | ક | મ | ક | | અ | જ | ડ | | જ | શ | ન |
| ર | | શ | ર | મા | ળ | | ગ | ર | મા | ગ | ર | મી | | જ |
| ફા | ગ | ણ | | ડ | | સૂ | ર | જ | | ર | | ન | ઠા | રો |
| ર | | ગા | જ | | ક | ર | જ | દા | ર | | સ | દા | | ન |
| | ચો | ર | બ | જા | ર | | | ર | સો | ઈ | | ર | મૂ | જ |
| આ | થો | | ર | મ | ત | વી | ર | | ઇ | દ | | | ક | ર |
| ગ | | મે | દ | | બ | ર | ક | ત | | મુ | કા | મ | | |
| ગા | લ | | સ્ત | | | ગ | મ | ન | | બા | મ | | વા | સ |
| ડી | | વ્ય | | ય | યા | તિ | | | શા | ર | દા | | | વા |
| | ના | ભિ | | દા | દ | | | મ | | ક | ર | ક | સ | ર |
| રૂ | | ચા | | | ગા | દી | ન | શી | ન | | | ર | મા | |
| | ગે | ર | હા | જ | ર | | વ | ન | | ગં | | મ | જ | લો |
| અ | | | વ | ખ | | અ | લ | ગ | | ગા | ન | | સે | |
| લો | ક | સ | ભા | | કા | જ | | ન | મા | જ | | પ | વ | ન |
| પ | ણ | | વ | હે | લું | મો | ડું | | મા | ળ | | નો | ક | ર |

શબ્દ રમત-૪૪ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવેલ છે.

જે પૈકી બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :

૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. શ્રીમતી સરોજબહેન જયેશ શાહ - અમદાવાદ
૩. શ્રી રોહિત આર. ગાંધી - અમદાવાદ
૪. શ્રીમતી હેમાબહેન આર. દેઢિયા - અંધેરી, મુંબઈ
૫. શ્રીમતી વસંતબહેન એમ. મલ્લ - વલસાડ
૬. શ્રી સુનીલ ગોવિંદજી શાહ - અમદાવાદ
૭. શ્રીમતી અમિતા અતુલ મહેશ્વરી - અમદાવાદ
૮. શ્રી શાંતિલાલ વ. શાહ - અમદાવાદ
૯. શ્રીમતી મોના જિતેન્દ્ર શાહ - હૈદ્રાબાદ

*જવાબ મોકલનાર અન્યો :*

૧૦. શ્રીમતી કલ્પના હરખચંદ શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૧. શ્રી લીલાધર એલ. વિસરિયા - સાયન, મુંબઈ ૧ ભૂલ
૧૨. શ્રીમતી વર્ષાબહેન પારેખ - અમદાવાદ ૧ ભૂલ
૧૩. શ્રીમતી સેજલ પીયૂષ શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૪. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ ૧ ભૂલ
૧૫. શ્રી કિશોર જે. શાહ - ભુજ, કચ્છ ૨ ભૂલ
૧૬. શ્રીમતી દીપલ તુષાર શાહ - અમદાવાદ ૨ ભૂલ
૧૭. હર્ષા વિનોદ મોરબિયા - મુંદ્રા, કચ્છ ૨ ભૂલ
૧૮. શ્રી અરવિંદ જયંતીલાલ ભટ્ટ - અમદાવાદ ૩ ભૂલ
૧૯. શ્રી તારાચંદ વેલજી રતાણી - અમદાવાદ ૩ ભૂલ
૨૦. લીના તેજસ લોડાયા - અમદાવાદ ૪ ભૂલ
૨૧. મીના એન. છેડા - ભાંડુપ, મુંબઈ ૪ ભૂલ
૨૨. ગીતા દીપકભાઈ મહેતા - અમદાવાદ ૫ ભૂલ
૨૩. શ્રી શાંતિલાલ રતનશી શાહ - અમદાવાદ ૯ ભૂલ
૨૪. માધવી ધીરજલાલ મારુ - અમદાવાદ ૧૦ ભૂલ

જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૪૩ના નીચે મુજબના સભ્યોના ઉકેલ પાછળથી મળેલ છે તેમની નામાવલિ.

૧૦. પ્રવીણા રોહિત દેઢિયા - અમદાવાદ ૧ ભૂલ
૧૧. હેમાબહેન આર. દેઢિયા - મુંબઈ ૧ ભૂલ
૧૨. હર્ષા વિનોદ મોરબિયા - મુંદ્રા, કચ્છ ૧ ભૂલ
૧૩. શ્રી કિશોર જે. શાહ - ભુજ, કચ્છ ૨ ભૂલ
૧૪. શ્રીમતી મોના જિતેન્દ્ર શાહ - હૈદ્રાબાદ ૨ ભૂલ
૧૫. શ્રીમતી કલ્પના હરખચંદ શાહ - અમદાવાદ ૯ ભૂલ

## સુડોકુ-૧૦૦૨

ફેબ્રુઆરી-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૨નો ઉકેલ મોકલનારની નામાવલિ

*બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :*

૧. અનિલ પાસુભાઈ શાહનંદ - અમદાવાદ
૨. અમિત ધીરજલાલ મારુ - અમદાવાદ
૩. અમિતા મહેશ્વરી - અમદાવાદ
૪. એ. જે. ભટ્ટ - અમદાવાદ
૫. ઉષ્મા શાહ - અમદાવાદ
૬. ઉષા નીતિન હરિયા - વડોદરા
૭. જય એમ. વોરા - અમદાવાદ
૮. નીના અશોક ગોરજી - અમદાવાદ
૯. પંકજ લક્ષ્મીચંદ મોતા - અમદાવાદ
૧૦. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૧. બકુલ એચ. શાહ - અમદાવાદ
૧૨. મન વિપુલ ગડા - વડોદરા
૧૩. મિત વિપુલ ગોસર - અમદાવાદ
૧૪. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૧૫. મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ
૧૬. મીના એન. છેડા - મુંબઈ
૧૭. લીના તેજસ લોડાયા - અમદાવાદ
૧૮. રચના પીયૂષ પારેખ - અમદાવાદ
૧૯. વર્ષા પારેખ - અમદાવાદ
૨૦. સારિકા સંજય ગાલા - અમદાવાદ
૨૧. શાંતિલાલ રતનશી શાહ - અમદાવાદ
૨૨. સ્મિતા શાહ - અમદાવાદ
૨૩. વર્ષા વિનોદ મોરબિયા - મુંદ્રા, કચ્છ

*જવાબ મોકલનાર અન્યો :*

૨૪. મિત્તલ દર્શન સંઘવી - અમદાવાદ ૫ ભૂલ
૨૫. ચારુલતા અમૃતલાલ સંઘવી - અમદાવાદ ૬ ભૂલ

*સદા સન્માન કરો : માતા - પિતા - ગુરૂ.*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૦૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૩-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ એપ્રિલ-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

## ક્રમાંક - ૧૦૦૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | ૭ | | | ૧ | |
| ૬ | | ૫ | | ૮ | | ૯ | | ૭ |
| ૧ | | | | ૯ | | | | ૬ |
| | | ૮ | ૯ | ૨ | ૭ | ૬ | | |
| | ૯ | | ૮ | | ૫ | | ૪ | |
| | | ૨ | ૬ | ૪ | ૩ | ૧ | | |
| ૯ | | | | ૫ | | | | ૧ |
| ૨ | | ૧ | | ૩ | | ૫ | | ૯ |
| | ૮ | | | ૬ | | | ૩ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | ૯ | ૧ | | | |
| | | | ૨ | | ૬ | | | |
| | ૫ | ૯ | ૭ | | ૪ | ૨ | ૬ | |
| ૪ | | ૫ | ૬ | | ૮ | ૧ | | ૯ |
| | ૨ | | | | | | ૪ | |
| ૩ | | ૧ | ૪ | | ૯ | ૭ | | ૨ |
| | ૪ | ૩ | ૯ | | ૭ | ૬ | ૫ | |
| | | | ૮ | | ૨ | | | |
| | | | ૩ | ૪ | ૫ | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૭ | | ૪ | | ૩ | | |
| | | | | ૮ | | | | ૪ |
| ૧ | | ૫ | | ૩ | | ૮ | | ૨ |
| | | | ૪ | ૨ | ૮ | | | |
| ૭ | ૮ | ૪ | ૩ | | ૬ | ૫ | ૨ | ૯ |
| | | | ૯ | ૫ | ૭ | | | |
| ૪ | | ૧ | | ૬ | | ૯ | | ૩ |
| ૫ | | | | ૯ | | | | |
| | | ૨ | | ૭ | | ૧ | ૫ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૯ | | ૩ | | ૫ | ૬ | |
| | | ૮ | | ૬ | | ૭ | | |
| ૧ | | | ૮ | ૯ | ૭ | | | ૪ |
| | | | ૫ | ૪ | ૨ | | | |
| | | ૫ | ૭ | | ૩ | ૯ | | |
| | | | ૯ | | ૬ | | | |
| ૬ | | | ૧ | ૫ | ૪ | | | ૯ |
| | | ૪ | | ૨ | | ૬ | | |
| | ૯ | ૧ | | ૭ | | ૨ | ૪ | |

<u>**શરતો :**</u>

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

અર્ચિત બંગલો, સેતુ સોસાયટી, દેવકીનંદન દેરાસરની ગલીમાં, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
ફોન : ૨૭૯૧૧૮૦૦, ૨૭૯૧૨૦૦૦

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૩ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૪ | ૩ | ૭ | ૯ | ૮ | ૬ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૫ | ૮ | ૨ | ૪ | ૭ |
| ૩ | ૯ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ | ૭ | ૨ |
| ૪ | ૫ | ૮ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૯ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૯ | ૩ | ૮ | ૬ | ૪ |
| ૬ | ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૪ | ૫ | ૮ |
| ૫ | ૮ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૨ | ૩ |
| ૭ | ૪ | ૨ | ૩ | ૮ | ૫ | ૬ | ૯ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૧ | ૮ | ૪ | ૭ | ૫ | ૩ |
| ૧ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૨ | ૮ | ૪ |
| ૪ | ૫ | ૮ | ૩ | ૭ | ૨ | ૯ | ૧ | ૬ |
| ૨ | ૬ | ૧ | ૭ | ૪ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૯ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૭ | ૮ |
| ૮ | ૭ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૩ | ૭ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૧ |
| ૭ | ૪ | ૩ | ૮ | ૧ | ૫ | ૬ | ૨ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | ૫ | ૨ | ૯ | ૩ | ૮ | ૬ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૧ | ૬ | ૨ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૬ | ૭ | ૩ | ૮ | ૪ | ૯ | ૧ |
| ૮ | ૪ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૫ | ૩ |
| ૬ | ૩ | ૫ | ૧ | ૯ | ૪ | ૮ | ૨ | ૭ |
| ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૧ | ૬ | ૪ |
| ૧ | ૯ | ૩ | ૬ | ૭ | ૨ | ૫ | ૪ | ૮ |
| ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૫ | ૬ | ૧ | ૯ |
| ૫ | ૬ | ૪ | ૯ | ૮ | ૧ | ૭ | ૩ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૩ | ૫ | ૮ | ૬ | ૪ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૭ | ૩ |
| ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૯ | ૮ |
| ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૬ | ૨ | ૪ | ૭ |
| ૭ | ૩ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ | ૫ | ૧ |
| ૯ | ૭ | ૮ | ૫ | ૨ | ૩ | ૪ | ૧ | ૬ |
| ૪ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૭ | ૩ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૬ | ૭ | ૪ | ૫ | ૮ | ૯ |

સુડોકુ-૧૦૦૨ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં.-૮૬



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ કંડલા સંકુલ અને મુંદ્રા બંદરની સલામતી વ્યવસ્થા અંગે કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ (સી.આઈ.એસ.એફ.)ના ડાયરેક્ટર જનરલ એન. આર. દાસે જાત માહિતી મેળવી, આતંકવાદના ઝળુંબતા ભય સામે તમામ એજન્સીઓના અસરકારક સંકલનની હિમાયત કરી હતી.

★ જીવદયા ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરતી મુંદ્રા પાસે આવેલી ઍંકરવાલા અહિંસાધામની પ્રવૃત્તિઓને રૂપિયા સાડા ચાર કરોડના ખર્ચે વિસ્તારવામાં આવી છે. પશુઓની સારવાર અર્થે વિશાળ આઈ.સી. યુનિટ, મુલાકાતીઓ માટે ભોજનશાળા, ઓડિટોરિયમ, થિયેટર, બાલવાટિકા, મ્યુઝિયમ, ઔષધાલય, આંતરિક રસ્તા, પશુ વિહાર ગૃહો, નંદી સરોવર મધ્યે ચકલી ઘર, ઔષધવન અને વૃક્ષારોપણ સહિતની સેવાઓનું વિસ્તૃતીકરણ કરાયું છે.

★ ભારત સરકારના કાપડ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૦૮ના રાષ્ટ્રીય મેરીટ ઍવૉર્ડ માટે 'વોલ હેન્ગિંગ'ના ઉત્કૃષ્ટ નમૂના બદલ હોડકા ગામના કર્માબહેન મેરુ ગોરડિયાની પસંદગી કરાઈ છે.

★ પાણીની સારી આવક હોતાં અને પિયતની સગવડ થતાં પાવરપટ્ટી પંથકમાં એરંડાનો વિક્રમી પાક લહેરાઈ રહ્યો છે અને કાપણી થવા લાગી છે. આવા વખતે સમગ્ર પંથકમાં નીલગાયના ટોળાં ખેતરોમાં ઉતરી પાક પર ત્રાટકી ભારે સોથ વાળે છે. અને તેથી ખેડૂતોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

★ ભુજની એક ટ્રાન્સપોર્ટ કંપની પાસે સર્વિસ ટેક્સના કેસનો ડર બતાવીને રૂા. ૧ લાખની લાંચ લેનાર સેન્ટ્રલ એક્સાઈઝના ઓડિટ વિભાગના ત્રણ સુપ્રિન્ટેન્ડન્ટને સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સી.બી.આઈ.)ના લાંચ રુશવત વિરોધી શાખાએ રંગે હાથે ઝડપી લીધા હતા.

★ લોડર, ડમ્પર, ટ્રેક્ટર, જે.સી.બી. સાથે વહીવટી તંત્રે બન્નીની દબાણ થયેલી ભૂમિ પર ઊભા થયેલા વાડાઓના દબાણ દૂર કર્યા હતા.

★ અબડાસાને જોડતી કાંઠાળ પટ્ટીના મોડકૂવા - બાંભડાઈ સીમ વિસ્તારમાંથી જંગલ ખાતાએ ગોઠવેલી વૉચમાં જંગલી ભુંડના ત્રણ શિકારીઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. માંડવીના વતની દેવી પૂજકને ચાલીસેક કિ.મી. દૂરના રેઢા વિસ્તારમાં કેટલાક સમયથી શિકારી પ્રવૃત્તિથી મૂંગા જીવોને રહેંસી નાખતા હતા.

★ જાન્યુઆરીમાં ઉત્તર ભારત બરાબર ઠંડીમાં સપડાયું હતું. અબડાસામાં પણ ઠંડીની અસર પહોંચી હતી. મકર સંક્રાતિના દિવસે ૫.૬ ડિગ્રી નોંધાતા નલિયા સૌથી ઠંડું સ્થાન રહ્યું હતું.

★ રાજ્યના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતાનના મંત્રી ઝિમ્બાને ગુજરાતની યાદગીરી રૂપે કચ્છની ૧૭મી સદીની ભગવાન બુદ્ધની ધ્યાનસ્થ પ્રતિકૃતિ સ્મૃતિભેટ તરીકે આપી હતી.

★ કોમી એકતાના આદર્શ ગણાતા કચ્છના અંજારમાં અબોલ જીવોને કતલખાને લઈ જતા વાહનના મામલે કોમી તંગદિલી સર્જાઈ હતી. નાના ઝઘડાને મોટું સ્વરૂપ અપાતાં તંત્ર જાગી ઊઠ્યું હતું અને પરિસ્થિતિને ઝડપભેર થાળે પાડવામાં આવી હતી.

★ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજ્ય સરકાર દ્વારા ભુજમાં આયોજિત ગરીબ કલ્યાણ મેળામાં ભુજ, અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપરના જરૂરતમંદ રંક અને વિકલાંગ લાભાર્થીઓને રૂા. ૮૫ કરોડના સાધન સહાય અને ચેકનું વિતરણ કર્યું હતું.

★ મુંબઈથી પ્રગટ થતા માસિક સ્વબળના સ્થાપક મૂળ લાકડિયા (તા. ભચાઉ)ના કોરશી રાઘવજી ખીરાણી - કાકા કોરશીં - મુંબઈ ખાતે ૮૦ વર્ષની વયે અવસાન પામતા સાહિત્ય જગતે આંચકો અનુભવ્યો હતો. તેમણે ૪૪ વર્ષ સુધી સ્વબળની માવજત કરી હતી.

★ દિલ્હીમાં યોજાયેલી હેન્ડ બોલ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમમાંથી ગાંધીધામની શાળાના અરવિંદ કેરાઈ અને જીતેશ કેરાઈએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં તેમની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવી હતી.

★ અંજારમાં મળેલી કચ્છના મુસ્લિમોની બેઠકમાં પ્રતિજ્ઞા લેવાઈ હતી તે અનુસાર કચ્છના મુસ્લિમ સમાજનો કોઈ સભ્ય ગાયની કતલ કરશે નહીં અને કચ્છની કોમી એકતાને આંચ આવે તેવું કશું કરશે નહીં.

★ મકર સંક્રાંતિના પતંગ પ્રેમીઓના હાથે ધારદાર દોરથી ઘાયલ થતા નિર્દોષ પક્ષીઓની સારવાર માટે કચ્છ નેચર ક્લબ દ્વારા ભુજ ઉપરાંત માંડવી, મુંદ્રા અને અંજારમાં પણ પક્ષી સારવાર કેન્દ્રો ઊભા કરાયા હતા. જેમાં કુંજ અને કબૂતરોને બચાવાયા હતા.

★ રાપર તાલુકામાં વરસાદનું પ્રમાણ ઓછું રહેવાથી નબળું વર્ષ જતાં ઘાસચારાની અછત છે અને તેથી તે મોંઘો થયો છે. આ પરિસ્થિતિમાં રાપરની પાંજરાપોળમાં ઢોરોની સંખ્યા વધતી જાય છે. હાલ ૪૮૨૩ ઢોરોનો નિભાવ ત્યાં થઈ રહ્યો છે અને રોજનો પશુ નિભાવ ખર્ચ રૂપિયા ૮૦ હજારનો છે.

★ ભુજ રસ્તે આસંબિયા - કોડાય વચ્ચે આવેલા રક્ષિત જંગલ હેઠળના મોટા વૃક્ષોને જફા પહોંચાડવાના અપરાધમાં વન વિભાગે રૂા. ૫૧ હજારનો દંડ ફટકાર્યો છે. મહાકાય ટ્રેલરોએ વડ, લીમડો, ખીજડો વગેરે આઠ ઝાડોને ક્ષતિ પહોંચાડતા જંગલ ખાતાએ આવા કડકાઈ ભરેલા પગલાં લીધાં હતાં.

*સ્નેહની સૃષ્ટિમાં સોદાબાજી નહિ, સમર્પણ જ શોભે.*

★ ભુજ અને ગાંધીધામ જેવા શહેરોમાં ગેરકાયદે વસવાટ કરનારા અને બાદમાં ડિસેમ્બર-૨૦૦૬માં લખનૌ ખાતે પકડાયેલા જાસુસ મનાતા બે પાકિસ્તાનીઓને ભુજની અદાલતે અનુક્રમે દસ અને પાંચ વર્ષની સખત કેદની સજા કરી હતી અને ચાર મદદગારોને શંકાનો લાભ આપી છોડી મુક્યા હતા.

★ રાષ્ટ્રીય અર્થશાસ્ત્ર પરિષદ દ્વારા દર વર્ષે અપાતાં 'બેસ્ટ રિસર્ચ પેપર' માટેનો વર્ષ ૨૦૦૮-૦૯નો આશા સબલોક સુવર્ણ ચંદ્રક ઍવૉર્ડ સાંયરા (તા. નખત્રાણા)ની કુન્યા કુ. મુક્તિ મોહનભાઈ છાભૈયાને ફાળે ગયો હતો. ઓરિસ્સાની રાજધાની ભુવનેશ્વર ખાતે કે.આઈ.આઈ.ટી. યુનિવર્સિટી આયોજિત આ પરિષદમાં આ બહુમાન કરાયું હતું.

★ નખત્રાણા તાલુકાના દરેક ગામે રખડુ ઢોર તેમજ રોઝડાથી થતા નુકસાનની બૂમો આવે છે. આથી કિસાન સંઘે માલધારીઓને આવા ઢોરથી સાચવવા જણાવ્યું હતું. શિયાળુ પાકને આ રખડતા ઢોર ઘણું નુકસાન કરે છે.

★ દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ દ્વારા ક.વી.ઓ. મહાજન ભુજના પ્રમુખ તારાચંદભાઈ છેડાના પ્રમુખ સ્થાને વાપીમાં ૧૧મું સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. દહાણુંથી અંકલેશ્વર સુધીનું કાર્યક્ષેત્ર ધરાવતો આ સમાજ ૪૪૦ પરિવારોને સાંકળે છે.

★ પૂર્ણ થયેલા વર્ષ ૨૦૦૯માં કચ્છમાં ગુનાખોરીના આંકમાં ૨૦.૫૮% જેટલો ઘટાડો જોવા મળ્યો હતો. ધરતીકંપ પછી કચ્છમાં ઉત્તરોત્તર ગુનાખોરી વધતી જતી હતી, ત્યાં ૨૦૦૯માં તેમાં ઘટાડો નોંધાયો હતો.

★ કચ્છ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન વીસા શ્રીમાળી સમાજ દ્વારા ૧૭૦૦ પરિવારોને આવરી લેતી મેડિકલ વીમા યોજના શરૂ કરવામાં આવી હતી.

★ પાણી માટે તરસતા લખપત તાલુકામાં રૂા. ૨૦ કરોડના ખર્ચે ૬૦ કિ.મી.ની નવી પાણીની એક્સપ્રેસ લાઈન નાખવામાં આવશે. ૩૦ વર્ષ પહેલાં નાખવામાં આવેલી પાઈપ લાઈનમાં ક્ષારના કારણે પાણી વધારે દબાણથી અપાતું હોવાથી વારંવાર પાઈપ તૂટવાના બનાવો બને છે.

★ કચ્છના જિલ્લા ભાજપના અધ્યક્ષપદે અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાલીની વરણી થઈ હતી.

★ અલ કાયદા જેવા આતંકી જૂથો વિમાની હુમલા કરે તેવા ગુપ્તચર અહેવાલોથી તંત્ર સાબદું બન્યું છે. પ્રજાસત્તાક દિવસના એક દિવસ પૂર્વે જ પાકિસ્તાની સરહદ નજીકના નલિયા વાયુ મથકે રડાર પર ભારતીય હવાઈ સીમામાં સંદિગ્ધ વિમાનની ભાળ મળતાં સનસનાટી મચી ગઈ હતી. કેટલાક સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના કદાચ મૉક ડ્રિલ પણ હોય.

★ ભચાઉ વીસા ઓસવાળ મંડળ (મુંબઈ) સંચાલિત વીસા ઓસવાળ નિવાસ - ભચાઉ ધર્મશાળા ખાતે ભોજનાલયનું નિર્માણ થતાં તેનું ધામધૂમથી ઉદ્‌ઘાટન કરાયું હતું.

★ ૬૧મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાજ્યના ૧૩ પોલીસ કર્મીઓને રાષ્ટ્રપતિ દ્વારા પ્રશંસનીય સેવા પોલીસ મેડલ જાહેર કરાયા હતા. જેમાં કચ્છના નખત્રાણા વિભાગના નાયબ પોલીસ અધીક્ષક સી.ટી. સુથાર અને કચ્છ એસ.પી. કચેરીના બિન હથિયારધારી હેડ કોન્સ્ટેબલ કાનજી એ. આયડી (મહેશ્વરી)નો સમાવેશ થતો હતો.

★ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન (સી.જી.એફ.)એ તેની વેબસાઈટ પર ભારતનો વિકૃત કરેલો નકશો મૂક્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીર અને ગુજરાતના કચ્છ જિલ્લાને અને સૌરાષ્ટ્રના અમુક પ્રદેશને પાકિસ્તાનના ભાગરૂપે બતાવ્યા હતા. જો કે વિરોધ થતાં નકશાને સાઈટ પરથી પાછો ખેંચી લેવાયો હતો. ફેડરેશનના સી.ઈ.ઓ.એ ભૂલ બદલ માફી માંગી હતી.

★ કચ્છ જિલ્લાના પ્રથમ મહિલા પોલીસ મથકનો ભુજમાં પ્રજાસત્તાક દિને પ્રારંભ કરાયો હતો. આ મથકમાં એક ફોજદાર, બે સહાયક ફોજદાર, એક હેડ કોન્સ્ટેબલ અને ત્રણ કોન્સ્ટેબલની ફાળવણી કરાઈ હતી. આ મથકનો સમય સવારના ૮થી રાતના ૯ સુધીનો છે.

★ ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત કચ્છમિત્ર લોકવિજ્ઞાન કેન્દ્રના પ્રમુખ અને ખગોળ વિજ્ઞાની જે.જે. રાવલનું ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સન્માન કર્યું હતું અને તેમના સંશોધનને બિરદાવાયા હતા.

★ છેલ્લા દસેક મહિનામાં ઓસ્ટ્રેલિયામાં ભારતના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ હુમલાના ભોગ બની ચૂક્યા હતા. કચ્છના લગભગ ૬૦૦ વિદ્યાર્થીઓ અલગ અલગ યુનિવર્સિટી અને ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે અને બધા સલામત છે.

★ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જયનારાયણ વ્યાસે કચ્છના ગાંધીધામ તાલુકાના કિડાણા, લાયજા (તા. માંડવી) અને નારાયણ સરોવર (તા. લખપત)માં આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે મંજૂરી આપી હતી.


★ ગાંધીધામની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓના અધ્યક્ષ અને માજી ધારાસભ્ય શ્રીમતી નિર્મળાબહેન ગજવાણીએ જણાવ્યું હતું તેમ જૂન-૨૦૧૦થી ગાંધીધામમાં ૪૦ બેઠકોવાળી નર્સિંગ કૉલેજ શરૂ કરાશે જેમાં જનરલ નર્સિંગ એન્ડ મિડવાયફરી (જી.એન.એમ.) કોર્સ કરાશે.

★ નખત્રાણા, માંડવી, મુંદ્રા, અબડાસા અને લખપત એમ પાંચ તાલુકાના હજારો લાભાર્થીઓને રૂા. ૮૩ કરોડની વિવિધ પ્રકારની સહાય વિતરણના કલ્યાણ મેળાનું, રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું હતું અને અંદાજે ૨૫ હજારની મેદનીને નખત્રાણામાં સંબોધી હતી.

★ સમાઘોઘા - બરાયા (તા. મુંદ્રા) ગ્રામ વિકાસ સમિતિ અને આ બે ગામોના જાગૃત નાગરિકોએ રાજ્યની વડી અદાલતમાં દાદ

*(અનુસંધાન : જુઓ પાના નં.-૮૩ ઉપર)*

*જરૂરિયાતનો અતિરેક એ આપત્તિનો જનક છે.*



## સરનામા ફેરફાર

- **ચંદ્રકાંત લીલાધર શાહ**
  ૧૩, નારાયણ કુંજ, બાલ ભવનની પાસે, પોસ્ટ ઓફિસની પાછળ, ખોખરા, મણિનગર (ઈસ્ટ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.

## પુત્ર જન્મ

- **"જિનય" – મેહુલકુમાર ભોગીલાલ વેલજીભાઈ મહેતા**

## સગાઈ

- **શુક્રવાર, તા. ૧૧-૧૨-૨૦૦૯**
  **દર્પણ નીતા મહેન્દ્ર દામજી છેડા (સુથરી - અમદાવાદ)**
  **દર્શના ચંદન ચંદ્રકાંત જીવરાજ લોડાયા (રાપર - હુબલી)**
- **શુક્રવાર, તા. ૧૨-૨-૨૦૧૦**
  **ચિ. અંકિત ભોગીલાલ કાનજીભાઈ ત્રેવાડિયા (કાનમેર - અમદાવાદ)**
  **ચિ. બ્રિકીશા (સ્વીટી) જિતેન્દ્રભાઈ મોહનલાલ સંઘવી (ભચાઉ - ગાંધીધામ)**
- **રવિવાર, તા. ૨૧-૨-૨૦૧૦**
  **ચિ. દર્શિત કાંતિલાલ રામજીભાઈ સાહ (સાવલા) (અમદાવાદ-રામાણિયા)**
  **ચિ. દિવ્યા વસંતભાઈ મેઘજીભાઈ ગાલા (મુંબઈ - વાંકી)**

## અવસાન

- **મતુશ્રી હીરબાઈ હીરજી ઘેલાભાઈ વોરા** (ઉં.વ. ૭૨) (નારાયણપુર - અમદાવાદ)નું અમદાવાદ મધ્યે શુક્રવાર, તા. ૧૯-૧-૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
  તેઓશ્રીએ ચક્ષુદાન કરેલ છે.
  *સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

- **મેહુલકુમાર ભોગીલાલ વેલજીભાઈ મહેતા**ને ત્યાં ચિ. જિનયના જન્મ નિમિત્તે રૂા. ૧૦૦૧/-ની ભેટ મળેલ છે.
- **ચિ. અંકિત**ની સગાઈ નિમિત્તે શ્રી ભોગીલાલ કાનજીભાઈ ત્રેવાડિયા તરફથી રૂા. ૨૦૧/-ની ભેટ મળેલ છે.

*સમાજ તરફથી ઉપરોક્ત સર્વે ભેટોનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.*

## અભિનંદન



**શ્રદ્ધા સંજયભાઈ મોતા (સુથરી, અમદાવાદ)** C.A. ફાઈનલની પરીક્ષા પાસ કરેલ છે. અગાઉ ધોરણ-૧૦માં ૮૪.૧૪% તથા ધોરણ-૧૨માં ૮૪.૫૦% ગુણ પ્રાપ્ત કરેલ. બોર્ડમાં ૩૭મો નંબર મેળવેલ. T.Y.B.Com. ૭૧.૧% સાથે પાસ કરેલ. શ્રદ્ધાને વાંચનનો ખૂબ જ શોખ છે. તે સાથે મ્યુઝિક સાંભળવાનો પણ શોખ છે. હમણાં જોબ કરે છે અને હવે સાથે સાથે C.S. કરવા માંગે છે.

કુ. શ્રદ્ધા સંજયભાઈ મોતાને મંગલ મંદિરના અભિનંદન.

## સંગીત વૃંદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ પોતાના પરિવારમાંથી જ એક "સંગીત વૃંદ"ની સ્થાપના કરવાની ઈચ્છા ધરાવે છે.

જે લોકો રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૦ના ભક્તિ સંગીતના સ્મરણાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા તેઓને બરાબર ખ્યાલ હશે કે એક સક્ષમ સંગીત વૃંદ કેટલી ઉચ્ચ કક્ષાનું સંગીત પીરસી શકે છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ જ પ્રકારના એક સંગીત વૃંદની સ્થાપના કરવાની મહેચ્છા ધરાવે છે.

આ માટે સમાજને જરૂરિયાત છે, નીચે મુજબના કલાકારોની.

૧. ગાયક કલાકાર : પુરુષ / સ્ત્રી - બંને પ્રકારના.
૨. વાદ્ય કલાકાર : તબલા, મૃદંગ, કેશિયો, ફ્લુટ (પાવો), હાર્મોનિયમ, ઝાંઝ વગેરે પ્રકારના વિવિધ વાજિંત્રો વગાડનાર.
૩. સાઉન્ડ સિસ્ટમના જાણકાર.

સમાજ પરિવારના જે કોઈ સભ્યો આ "સંગીત વૃંદ"માં જોડાવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ તાત્કાલિક **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા**નો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

અમદાવાદ સ્થિત સમગ્ર કચ્છી સમાજના પરિવારોના સભ્યો પણ આ વૃંદમાં જોડાઈ શકે છે.

***સંપર્ક : શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા***
એ-૩, મનાલી એપાર્ટમેન્ટ,
અપંગ માનવ મંડળ પાછળ,
વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (રહે.) ૨૬૩૦ ૫૮૬૦, ૩૨૯૨ ૧૨૦૪

***તા.ક.*** : (૧) સંગીત વૃંદમાં રસ ધરાવનારે પોતાના નામો મોડામાં મોડા તા. ૨૦-૩-૨૦૧૦ સુધીમાં નોંધાવી દેવા જરૂરી છે. (૨) તા. ૨૧-૩-૨૦૧૦ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન પર સંગીત વૃંદની મળનાર મિટિંગમાં સૌએ હાજર રહેવા વિનંતી.

***માનદ્ મંત્રી,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.***

*ઠગારી આશા કરતાં ખુલ્લી નિરાશા ચડિયાતી છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

સમાજનો એકે-એક વિદ્યાર્થી પોતાના મનગમતા વિષયમાં આગળ વધી, એ વિષયની સર્વોપરિતા પ્રાપ્ત કરે તેવી ભાવના સાથે કામ કરવા પ્રયાસ કરતી આ સમિતિએ અનેક નિષ્ણાત લોકો સાથે ચર્ચા કરી તેમના અભિપ્રાયો મેળવી, તેના કેટલાક નિયમો પ્રસ્થાપિત કરી શકેલ છે. આ નિયમો અનુસાર, આગળ કામ કરવા આ સમિતિ પહેલ કરવા માંગે છે.

આ નિયમો અનુસાર માર્ચથી જૂન-૨૦૧૦ દરમ્યાન લેવાયેલ શાળાકીય પરીક્ષાના પરિણામો આવી ગયે, તે નીચે મુજબ આગળ વધવા માંગે છે.

ધોરણ ૪ તથા ૫ માં પાસ થયેલ દરેક વિદ્યાર્થીના પરિણામો મેળવી તેનો રેકોર્ડ રાખવો.

ધોરણ ૬, ૭ થતા ૮ માં પાસ થયેલ વિદ્યાર્થીઓની પરીક્ષાના પરિણામો મેળવવા અને ત્યારબાદ આ ધોરણના દરેક વિદ્યાર્થી તથા તેમના મા-બાપ / વાલીને બોલાવી તેમની સાથે ચર્ચા કરવી અને દરેક વિદ્યાર્થી સાથે કાઉન્સેલિંગ કરવું. આ સમયે જે-તે વિદ્યાર્થીના વાલીઓને ઉપસ્થિત રાખી તેમની સાથે જરૂરી આયોજનો કરવા. આ ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ પર સમગ્ર વર્ષ દરમ્યાન ધ્યાન રાખી, તેમને જોઇતી કોઇ પણ પ્રકારની મદદ કરવી અને તેઓ પોતાનો અભ્યાસ વ્યવસ્થિત રીતે આગળ ચલાવે તેવા પ્રયાસો કરવા.

હાલ પૂરતા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિણામો રેકોર્ડ કરવા. તેમની સાથે કાઉન્સેલિંગ તથા વિચાર-વિનિમય બીજા તબક્કામાં શરૂ કરવું.

કૉલેજ તથા આગળ ભણતા વિદ્યાર્થીઓના હાલ પૂરતા માત્ર પરિણામોનો રેકોર્ડ રાખવો. તેમની સાથેના વિચાર-વિમર્શ આગળના તબક્કે શરૂ કરવા.

ઉપરોક્ત નિર્ણયના અનુસંધાને, સમાજમાં અભ્યાસ કરતા બધા જ વિદ્યાર્થીઓના વાલીઓને વિનંતી સહ જણાવવાનું કે આ વર્ષે (વર્ષ ૨૦૦૯-૨૦૧૦) પરીક્ષાના પરિણામો આવી ગયા બાદ, પોતાના પાલ્યના પરિણામો (જો વિષયવાર માર્કસ હોય તો તે સાથે) અમને નીચેના સરનામે મોકલી આપવા કે જેથી આ સમિતિની કાર્યવાહી આગળ ચાલી શકે.

કન્વીનરશ્રી – શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ<br>
શ્રી કચ્છી જૈન સેવા સમાજ<br>
શ્રી કચ્છી જૈન ભવન<br>
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,<br>
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજના અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીના વાલીઓને ઉપરોક્ત યોજના અન્વયે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

આપશ્રીના પાલ્યની વ્યવહારિક જીવનમાં તરક્કી થતી રહે, તેવી ભાવના સાથે, આવો આપણે સહુ આગળ વધી આપણે આપણા પાલ્યની કારકિર્દી ઉજ્જવળ બનાવીએ.

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ.*

## લાઈબ્રેરી સમિતિ

### સભ્યોને ઘેર ઘેર વાંચવાની બુકો પહોંચાડવામાં આવશે

શ્રી કચ્છી જૈન ભવન પરની સમાજે સ્થાપિત કરેલ લાઈબ્રેરીમાંની વિવિધ પ્રકારની બુક્સોનો સભ્યો દ્વારા જોઈએ તે પ્રકારનો લાભ લેવાતો ન હોવાથી, લાઈબ્રેરી સમિતિ દ્વારા, સભ્યો જે માંગે તે પ્રકારની બુકો સભ્યને ત્યાં ઘેર ઘેર પહોંચતી કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણય લેવા પાછળની ભાવના એ રાખવામાં આવેલ છે કે સમાજના સભ્યો પોતાને રસ હોય તેવા પ્રકારનું ઇતર વાંચન વધુને વધુ પ્રમાણમાં ચાલુ રાખે અને પોતાનું જ્ઞાન વધારે.

આ માટે સમાજના સભ્ય હોય તેઓએ માત્ર રૂા. ૧૦૦/- ડિપોઝીટ સ્વરૂપે સમાજમાં જમા કરાવવાના રહેશે. લાઈબ્રેરીના સભ્ય બનવા માટે સભ્ય ફી તરીકે કોઈ જ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં. વાંચનની જરૂરિયાત ન હોય ત્યારે જે તે સભ્ય પોતાની ડિપોઝીટ પાછી મેળવી શકશે.

જેઓએ સભ્ય તરીકે ડિપોઝીટ ભરેલ હશે, તેઓને લાઈબ્રેરીમાં સંગ્રહાયેલ બુક્સનું એક લિસ્ટ રૂા. ૧૦/-નો ચાર્જ લઈને આપવામાં આવશે.

જેઓ પોતાના ઘરે બુક્સ મંગાવવા ઈચ્છતા હોય, તેઓએ આ અંગે થતા ખર્ચની સામે દર મહિને રૂા. ૫૦/- ભરવાના રહેશે. મુક્કરર કરેલ અઠવાડિયાના એક દિવસે સમાજ તરફથી એક ભાઈ તે સભ્યને ત્યાં જઈ, તેઓએ મંગાવેલ બુક પહોંચાડશે અને જૂની બુક પરત લાવશે. એક સમયે એક જ બુક આપવામાં આવશે. આ પ્રકારના ઓછામાં ઓછા ૧૦૦ સભ્ય બનશે તો જ આ પ્રકારની સેવા શરૂ કરવામાં આવશે. આ અંગે પોતાના નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૦ એપ્રિલ, ૨૦૧૦ની રાખવામાં આવેલ છે. સભ્યને ત્યાં વાંચવા માટે બુક પહોંચાડવાની સેવા ગુજરાત રાજ્યના સ્થાપના દિન તા. ૧ મે, ૨૦૧૦થી શરૂ કરવામાં આવનાર છે.

જેઓ લાઈબ્રેરીની બુક જાતે લઈ જવા માંગતા હશે, તેઓએ આ પ્રકારની માસિક ફી ભરવાની જરૂરિયાત રહેશે નહીં.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટે લાઈબ્રેરીના વાચક વર્ગ વચ્ચે જે હરીફાઈ યોજી ઈનામો એનાયત કરવામાં આવનાર છે તેઓ સમાજના સભ્ય પરિવારના હોવા જોઈએ અને લાઈબ્રેરીમાં બુક લેવા રૂા. ૧૦૦/-ની ડિપોઝીટ ભરેલ હોવી જોઈએ. ચાલુ વર્ષ માટે આ પ્રકારના સભ્યો નોંધવાની છેલ્લી તારીખ ૩૦-૪-૨૦૧૦ની રાખવામાં આવેલ છે.

હરીફાઈ અંગેની યોજના મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

જો સમાજની કારોબારી સમિતિ મંજૂર કરશે તો તરતમાં અંદાજિત રૂા. ૫૦,૦૦૦/-ની નવી બુક્સ ખરીદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

જો સભ્ય સૂચન કરે તે લાઈબ્રેરી સમિતિને અનુકૂળ રહેશે તો સભ્યોના સૂચન મુજબની બુક્સ પણ વસાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

શ્રી કચ્છી જૈન ભવન પરની લાઈબ્રેરીના સભ્ય બનવાનું અને ઘેર ઘેર બુક પહોંચાડવાની યોજનાનો લાભ લેવા સહુને અપીલ કરવામાં આવે છે.

*કન્વીનર - લાઈબ્રેરી સમિતિ*

*મનની શુદ્ધિ એ જ છે જીવનની સાચી સિદ્ધિ.*

## વિના મૂલ્ય નેત્ર નિદાન કેમ્પ

### (કેમ્પની તારીખ ૧૪-૨-૨૦૧૦)

કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા તા. ૧૪.૨.૧૦ સવારે ૯ થી ૧૨ ના રોજ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવેલ હતો.

કેમ્પને પ્રોત્સાહિત કરવા મેડિકલ કમિટીના કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયા, શ્રી કાંતિભાઇ વેલજી સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઇ ગોસર, શ્રી અશ્વિનભાઇ સાવલા, શ્રી હીરજી બાપા, શ્રી આણંદજીભાઇ, શ્રી રજનીકાંતભાઇ પારેખ વગેરેએ હાજરી આપી હતી.

કેમ્પનું કાર્ય કરતાં પહેલાં ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયાએ મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિનો ખ્યાલ આપી દરેક ઓપરેશનમાં દર્દીને રૂા. ૨૦૦૦ સુધી રાહત આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

એક દર્દીએ આવા કેમ્પનું નિયોજન કરવા માટે આનંદની લાગણી દર્શાવી આવાં કાર્યો કરતાં રહેવું જોઇએ તેવો અભિપ્રાય વ્યક્ત કરી કેમ્પની કામગીરીની પ્રશંસા કરી હતી.

કેમ્પમાં ૧૮૫ દર્દીઓએ નામ નોંધાવેલ હતા જેમાંથી ૧૪૭ દર્દીઓએ કેમ્પમાં આંખની તપાસ કરાવી નિદાન કરાવવાનો લાભ લીધો હતો. જે પૈકી કુલ ૨૭ દર્દીઓને આંખના મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાઇ હતી. જેઓના ઓપરેશન રાહત દરે આગામી દિવસો દરમ્યાન આ સેન્ટર પર જ કરવામાં આવશે. આંખના નિષ્ણાત ડૉ. દેવલભાઇ શાહ તથા ડૉ. લીનાબહેન કોઠારીએ સેવા આપી હતી.

કેમ્પનું કાર્ય સવારના ૯થી બપોરના ૧.૩૦ સુધી ચાલ્યું હતું.

***દેવીન્દ્રા શાહ - મેડિકલ ઓફિસર***

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### વાનગી હરીફાઈ

મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે નીચે પ્રમાણે બે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

**૧. ઝટપટ જૈન ફરસાણ (પોષક તત્ત્વ યુક્ત) :** આ વાનગી ઘરેથી બનાવીને લાવવાની રહેશે. ટેસ્ટ, ડેકોરેશન અને પોષક તત્ત્વને ધ્યાનમાં લઈને હરીફાઈના ત્રણ ઈનામ આપવામાં આવશે. દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામ આપવામાં આવશે. બનાવેલી વાનગીની રેસીપીની બે કોપી સાથે લઈ આવવી. તેમાં પોતાનું નામ લખવું નહીં.

**૨. જૈન વાનગીની રેસીપી :** જેમાં સ્પર્ધકોએ જૈન વાનગીની રેસીપી ફક્ત લખીને લાવવાની છે. (રેસીપીની બે કોપી લાવવાની રહેશે.) આ વાનગીની રેસીપી મૌલિક હોવી જોઈએ. પ્રથમ ત્રણ બેસ્ટ રેસીપીને ઈનામ આપવામાં આવશે. આ રેસીપીમાં પણ પોતાના નામ લખવા નહીં.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છનાર બહેનોએ પોતાના નામ તા. ૧૫-૩-૨૦૧૦ સુધી નીચેના સભ્યોને લખાવવા વિનંતી.

| | |
|---|---|
| શીલ્પિબહેન શાહ | ૨૬૬૨૦૧૯૯, ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| સ્મિતાબહેન શાહ | ૨૬૭૬૩૬૪૮ |
| પ્રફુલ્લા ગોગરી | ૨૬૬૪૧૬૯૦ |
| માલાબહેન શાહ | ૨૭૪૧૩૭૪૬, ૯૩૭૪૦ ૧૯૭૮૭ |

આ સ્પર્ધામાં અમદાવાદ - ગાંધીનગરમાં રહેતી બધી જ કચ્છી જૈન બહેનો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં કોઈ સભ્ય ફી નથી. કાર્યક્રમ નિર્ધારીત સમયે ચાલુ થશે. બપોરે ૩.૧૫ પછી આવનાર વ્યક્તિની વાનગી, ઈનામને પાત્ર નહીં ગણાય.

***તારીખ : ગુરુવાર, તા. ૧૮-૩-૨૦૧૦***
***સમય : બપોરે ૩.૦૦થી ૫.૦૦***
***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

***વસુમતી પી. હરિયા***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ (ફોન : ૨૬૯૩૭૫૪૫)***

## ગૃહઉદ્યોગ માટે તાલીમી કેન્દ્ર

સમાજના ભાઇ-બહેનો નાના પ્રકારના ગૃહઉદ્યોગો જેવા કે વિવિધ પ્રકારની ચોકલેટ, આઇસક્રીમ, ઠંડા પીણાં, છાશ, કોસ્મેટીક, કોમ્પ્યુટર, બ્યુટીપાર્લર (લગભગ ૧૦૦૦ થી પણ વધુ આઇટમો લિસ્ટમાં છે) વગેરે યોગ્ય રીતે બનાવવાનું અને તેના માર્કેટિંગનું જ્ઞાન મેળવી શકે એ માટે 'ધી સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ' (સીઇડી) ના સહકારથી એક તાલીમ કેન્દ્ર શ્રી કચ્છી જૈન ભવન-પાલડી અથવા તો શ્રી કચ્છી વિશ્રામગૃહ-શાહીબાગ ખાતે શરૂ કરવા માંગે છે.

આ તાલીમ તેના કોર્સની જરૂરિયાત મુજબ ૧૫ થી ૩૦ દિવસની હોય છે. તાલીમ બાદ જે લોકો પોતાના ગૃહઉદ્યોગ શરૂ કરવા માંગતા હોય તેમને લોન અપાવવા 'સીઇડી' યોગ્ય સહકાર પણ આપે છે.

દરેક બેચ ૩૦ વ્યક્તિનો રાખવામાં આવે છે.

જે ભાઇ-બહેનો આ પ્રકારની તાલીમ મેળવી, પોતાનો ગૃહઉદ્યોગ શરૂ કરવાની ઇચ્છા ધરાવતા હોય, તેઓએ મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પર વહેલાસર પત્ર દ્વારા જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

વહેલા તે પહેલાના ધોરણે આ પ્રકારની અરજીઓ સ્વીકારવામાં આવશે.

આવાસ યોજનાના લાભાર્થીઓ માટે નાનો ધંધો સાઇડમાં શરૂ કરવા માટે આ એક ઉત્તમ પ્રકારની યોજના છે.

સમાજના કોઇપણ ભાઇ-બહેનને આ તાલીમી યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*સદ્‌વિચાર એ સુખની છાયા છે.*

## યુવા વિકાસ સમિતિ

શું આપે મંગલ મંદિરના ફેબ્રુઆરી માસના પાના નં.-૧૩૨ ઉપર યુવા વિકાસ સમિતિની કોલમ વાંચી? નથી વાંચી? તો ફટાફટ ફેબ્રુઆરી માસનો અંક શોધો, વિગત વાંચો ને યોજેલ ઈનામી હરીફાઈમાં આપની કૃતિ લખીને મોકલાવી આપો. ઘણા બધા સભ્યોએ પોતાની મૌલિક કવિતા અને વાર્તા અમોને રવાના કરી દીધેલ છે. તો પછી તમે કેમ રહી ગયા? કશો વાંધો નહિ, હજી પણ સમય છે તમારી પાસે. તો કરી નાખો સમયનો સદુપયોગ. તમારી સુગમતા ખાતર આખર તારીખને પાંચ દિવસ લંબાવીએ છીએ. હવે છેલ્લી તારીખ ૨૦-૩-૨૦૧૦ને બદલે ૨૫-૩-૨૦૧૦ રાખેલ છે. હવે બહાનું ન કાઢતા કે સમય જ ન મળ્યો. આપશ્રીની સગવડતા ખાતર ગત માસની વિગત આ જ પાના પર બાજુની કોલમમાં ફરીથી લેવામાં આવેલ છે.

***આગામી કાર્યક્રમો***

પરીક્ષાની મોસમ નજીક આવી રહી છે. એટલે આ માસમાં અન્ય કોઈ હરીફાઈની જાહેરાત નથી કરતા પણ આગામી મંગલ મંદિરના અંકને વાંચવાનું ચૂકતા નહીં. તમારી પ્રતિભા (ટેલેન્ટ)ને બહાર લાવે તેવી ઘણી બધી હરીફાઈઓ લઈને અમે આપની સમક્ષ હાજર થવાના છીએ. પણ તે પહેલા તમારી ગીત-સંગીત - નૃત્ય બાબતની ખૂબીઓ અમોને સત્વરે મોકલાવી આપો. જેવી કે આપ સંગીતનું કોઈ વાદ્ય – તબલા, હાર્મોનિયમ, કેશિયો, સીતાર, ગીટાર કે અન્ય કોઈ વગાડી શકતા હો તો તેની વિગત... કે પછી આપ નૃત્ય (ફિલ્મી કે શાસ્ત્રીય - કથ્થક વગેરે)ના જાણકાર છો અથવા તો આપ સુમધુર અવાજના માલિક છો તે તમામ વિગત અમોને સત્વરે વિગતવાર લખી મોકલાવો. જેથી અમો આપની સમક્ષ તેવી હરીફાઈઓ ગોઠવીને હાજર થઈએ.

***આપની વિગત નીચેના સરનામે મોકલાવશો.***

કન્વીનરશ્રી - યુવા વિકાસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
કવર ઉપર **"ટેલેન્ટ ડેટા"** એવું લખવું જરૂરી છે.

***નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ

### યોજે છે...

**૧. શ્રીમતિ મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઇ વર્ષ ૨૦૦૯-૨૦૧૦**

આ કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સભ્યોએ પોતાની મૌલિક કૃતિ કે જે આ અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોવી જોઇએ, તા. ૨૦-૩-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "કાવ્ય સ્પર્ધા" માટેની કૃતિ એવું લખવું.

**૨. શ્રીમતિ મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઇ વર્ષ ૨૦૦૯-૨૦૧૦**

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકે પોતાની મૌલિક વાર્તા કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય તેવી, વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં, પાનાની એક સાઇડ પર સુંદર અને સુવાચ્ય અક્ષરોમાં તા. ૨૦-૩-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "વાર્તા સ્પર્ધા" માટેની કૃતિ એવું લખવું.

***ઉપરોક્ત બંને સ્પર્ધા માટેના નીતિ-નિયમો :-***

૧. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર સારા અક્ષરોમાં લખવું.
૨. બંને સ્પર્ધાની કૃતિઓ અલગ-અલગ કવરમાં મોકલવી.
૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૪. સ્પર્ધામાં વિજેતા કૃતિઓને "મંગલ મંદિર"માં પ્રકાશિત કરવામાં આવશે.
૫. કવર ઉપર લખવાની વિગત,
કન્વીનર શ્રી, યુવાવિકાસ સમિતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ,
શ્રી કચ્છી ભવન,
નવચેતન હાઇસ્કૂલની સામે, પાલડી,
અમદાવાદ
૬. આ સ્પર્ધાઓમાં અમદાવાદ અને ગાંધીનગરમાં જિલ્લામાં વસતા શ્રી કચ્છી જૈન પરિવારના સભ્યો જ ભાગ લઇ શકશે.

***નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## કોમ્યુનિકેશન ગેપ

એક પિતા પોતાના નાના બાળક સાથે ચાલી રહ્યો છે. બંને વચ્ચે વાતચીત થાય ત્યારે પિતાની આંખ અને બાળકની આંખ વચ્ચે એકાદ મીટર જેટલું અંતર હોય છે. પિતાની જીભ અને બાળકના કાન વચ્ચે પણ અંતર પડી જાય ત્યારે સમજુ પિતા વાંકો વળીને બાળક સાથે વાત કરે અને વહાલ કરે. આવું ન બને તો અંતર વધતું જાય. અને છેવટે ઘરડાંઘર સુધી વાત પહોંચે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેના કોમ્યુનિકેશન ગેપનું આ રહસ્ય છે.

## જીવનમાં મહાન ધ્યેય સિદ્ધિ

ઘણા માણસો એવી ફરિયાદ કરતા હોય છે કે અમારે પણ જીવનમાં ઘણું ઘણું કરવું હતું, પણ અમને તક જ ન મળી. અમારા સંજોગો જ એવા પ્રતિકૂળ હતા કે અમે કંઇ કરી શક્યા નહીં. આવી ફરિયાદ એ સ્વબચાવનું બહાનું છે. પોતાની જડતા અને આળસને ઢાંકવાનું સારામાં સારું આવરણ છે. જેમને પોતાનું જીવન બનાવવું છે, જીવનમાં મહાન ધ્યેયને સિદ્ધ કરવું છે તેઓ સાનુકૂળ સંજોગોની ક્યારેય રાહ જોતા નથી. તેઓ તો પોતાને જે પરિસ્થિતિ મળી છે, એ પછી ગમે તેવી પ્રતિકૂળ કેમ ન હોય, તેમાંથી જ પોતાનો આગળનો રસ્તો બનાવી લેતા હોય છે.

## અવયવદાન - ચક્ષુદાન સમિતિ

આપણા સમાજના શ્રી વિજય ભવાનજી દેઢિયા નિષ્ઠાપૂર્વક સેવા બજાવનાર, માનવસેવામાં હંમેશાં આગળ પડતા, શરીરનો બાંધો ઊંચો, તો સુવિચારો - સેવા પ્રવૃત્તિમાં સવાયા ઊંચા એવા શ્રી વિજયભાઈ, સમાજના કોઈના ઘરે મૃત્યુ પ્રસંગ હોય, અન્ય કાર્યકરો સાથે સાથે અચૂક હાજર જ હોય. પરિવારજનોના દુઃખમાં સહભાગી થાય, સાંત્વના આપે અને મરનારના પરિવારજનોની આવા સમયે સ્વાભાવિકપણે મતિ મૂંઝાઈ જાય, જલદી કંઈ સૂઝે નહીં, ત્યારે નાના મોટા કામોનો ભાર પોતાના માથે લઈ, એમને હળવા કરી નાખે.

સ્વ. શ્રી હીરબાઈ હીરજી વોરાના મૃત્યુ પ્રસંગે પણ શ્રી વિજયભાઈ ઉપસ્થિત હતા. તેમના કુટુંબીજનોના હૈયામાં ભારોભાર દુઃખ હતું તો સાથે સાથે કોઈને મદદ કરવાની ભાવના પણ હતી. તેમના કુટુંબીજનોની, સ્વ.ની ચક્ષુદાન કરવાની સંમતિ હતી. પણ કોઈ કારણસર ડૉક્ટરે ના પાડી કે ચક્ષુદાન ન થઈ શકે. કુટુંબીજનો સૌ નિરાશ થયા. આ સમયે વિજયભાઈએ સમયસૂચકતા વાપરી, તરત જ ફોનથી ચક્ષુદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈના જાણ કરી, વિગતથી વાકેફ કર્યા. શ્રી કમલેશભાઈએ ડીટેઈલ જાણી તરત તેમના પ્રયત્નો ચાલુ કરી દીધા. કલાક-દોઢમાં તો ડૉક્ટર તેમના આસિસ્ટન્ટ સાથે ઘરે આવી ગયા. ચક્ષુદાનની પ્રક્રિયા પૂરી થઈ ગઈ. કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ આનંદ થયો. શ્રેષ્ઠ કામ કર્યાનો આત્મસંતોષ સૌના મુખ પર છલકાતો હતો. હૈયામાં ભારોભાર દુઃખ હોય એવા પ્રસંગને પણ આત્મસંતોષ સાથે શોક હળવો કરવો એ તો ચક્ષુદાન કર્યે જ અનુભવાય.

આજે પણ સ્વ. શ્રી હીરબાઈ હીરજી વોરા અમદાવાદમાં જ બે અંધજનોની દીવાદાંડી બનીને તેમના અંધકારમય જીવનમાં ઉજાસ પાથરી રહ્યા છે.

એવાજ એક કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ, ગુજરાત ઠાકોર ક્ષત્રિય મંડળના ઉપપ્રમુખ અને શ્રી ક્ષત્રિય ઠાકોર સેવા મંડળના ટ્રસ્ટી વ્યવસાયે ઍડવોકેટ પણ હંમેશાં ન્યાયના પક્ષમાં જ ઊભા રહે, સવારથી કરીને મોડી રાત સુધી કામ, કામ અને કામ. કર્મ એ જ એમનો ધર્મ. એવા મણિનગરના સ્વ.શ્રી પ્રતાપરાય સોમાભાઈ સોલંકી પણ કમલેશભાઈ શાહના પ્રયત્નોથી ચક્ષુદાન કરીને કુદરતે અમદાવાદમાં જ બે અંધજનોના જીવનમાં ઉજાસ પાથરીને જીવિત રહ્યા છે.

વંદન છે આવા ઉચ્ચ મહાત્માઓને, ધન્ય છે આવા ઉચ્ચ વિચારો અને ઉમદા અભિગમ ધરાવતા તેમના પરિવારજનોને.

*કન્વીનર - અવયવદાન-ચક્ષુદાન સમિતિ*

*પાયજામાનું નાડું લબડતું રહે તોય કલાકો સુધી ખયાલ ન આવે. એકની એક વાત ફરી ફરી કહેવાયા કરે તોય ખયાલ ન આવે. સામો માણસ વાતમાં રસ ન લેતો હોય તોય પોતાની વાત કહેવાનો આગ્રહ રાખવામાં આવે ત્યારે માનવું કે ઉંમર વધી ગઈ છે અને સમજણ ઘટી ગઈ છે.*

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ

જુલાઈ-૨૦૦૯થી ફેબ્રુઆરી-૨૦૧૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળને મળેલી ભેટ તથા નકરાની યાદી.

૧. શ્રીમતી પ્રફુલ્લાબહેન પંકજભાઈ ગોગરી તરફથી એમના પુત્ર ચિ. સૌમિલને ૧૨મા ધોરણમાં ૮૭% મળ્યાની ખુશાલીમાં રૂા. ૧૦૧/-ની ભેટ.

૨. શ્રીમતી સવિતાબહેન પ્રભુલાલ વોરા તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે રૂા. ૫૦૧/-

૩. શ્રીમતી પ્રભાવતીબહેન વિજયસેન શાહ તરફથી ચિ. સાહિલની તપશ્ચર્યા નિમિત્તે રૂા. ૨૫૧/-

૪. શ્રી રમેશભાઈ ભવાનજી મૈશેરી તરફથી સ્વ. ચંદનબહેનના સ્વર્ગવાસ નિમિત્તે રાખેલ પ્રાર્થનાનો નકરો રૂા. ૫૦૧/-

૫. શ્રીમતી વર્ષાબહેન અનિલભાઈ છેડા તરફથી સ્વ. સોમચંદભાઈના સ્વર્ગવાસ નિમિત્તે રાખેલ પ્રાર્થનાનો નકરો રૂા. ૫૦૧/-

૬. શ્રીમતી ચંદનબહેન કુંવરજી નાગડા તરફથી એમની પૌત્રી ચિ. સુજલની સગાઈ નિમિત્તે રૂા. ૨૫૧/-

૭. શ્રીમતી જ્યોતિબહેન કિરીટકુમાર શાહ તરફથી એમના જન્મ દિવસ નિમિત્તે રૂા. ૧૦૧/-

૮. શ્રી બચુભાઈ રાંભિયા તરફથી એમના માતુશ્રી સ્વ. લક્ષ્મીબહેનના સ્વર્ગવાસ નિમિત્તે રાખેલ પ્રાર્થનાનો નકરો રૂા. ૫૦૧/-

૯. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી નવનીત ભવન આવાસ યોજનાના ઉદ્‌ઘાટન પ્રસંગે રાખેલ વાસ્તુપૂજા નિમિત્તે રૂા. ૧૦૦૧/-

૧૦. શ્રીમતી રમીલાબહેન સુરેશભાઈ કોઠારી તરફથી એમના સુપુત્ર ચિ. પિંકલના લગ્ન નિમિત્તે રૂા. ૫૦૧/-

૧૧. શ્રીમતી ચેતનાબહેન સંજયભાઈ મોતા તરફથી એમની સુપુત્રી ચિ. શ્રદ્ધા સી.એ.માં પાસ થયાની ખુશાલીમાં રૂા. ૨૫૧/-

૧૨. શ્રીમતી રતનબહેન કાંતિલાલભાઈ ફુરિયા તરફથી એમના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે રૂા. ૫૦૧/-

૧૩. શ્રીમતી સોનલબહેન જગદીશભાઈ શાહ તરફથી ચિ. નિરાલીની પદયાત્રાની ખુશીમાં રૂા. ૧૦૧/-

૧૪. શ્રીમતી જ્યોતિબહેન કિરીટકુમાર શાહ તરફથી સ્વ. કિરીટભાઈની શ્રદ્ધાંજલિ નિમિત્તે રૂા. ૫૦૧/-

ઉપરોક્ત સર્વે ભેટોનો શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ સાભાર સ્વીકાર કરે છે.

*ચંદ્રિકા દેઢિયા, પ્રમુખ - શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ*

*વિશ્વશાંતિની વાતો કવિતામાં શોભે એવી રાજકારણમાં ચાલતી નથી, કારણ કે વહેવારમાં તો હંમેશાં બળિયાના બે ભાગ હોય છે.*

*મનની શુદ્ધિ એ જ છે જીવનની સાચી સિદ્ધિ.*

## કચ્છી યેલો પેજીસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મિટિંગ રવિવાર, તા. ૭-૨-૨૦૧૦ના રોજ મળેલ હતી.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તરફથી 'કચ્છી યેલો પેજીસ'ના અનુસંધાને આવેલ પત્ર આ મિટિંગ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતો.

આ મિટિંગ સમક્ષ જણાવવામાં આવેલ હતું કે હાલે શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તરફથી 'કચ્છી યેલો પેજીસ' ડિરેક્ટરીનું કામ હાથમાં લેવાઇ રહેલ છે. આ ડિરેક્ટરીમાં અમદાવાદ સ્થિત દરેક કચ્છીના વ્યવસાયની માહિતી મૂકવામાં આવેલ હશે. અંદાજિત ૪૦૦ જેટલી વિવિધ કેટેગરી આ વ્યવસાયના અનુસંધાને બનાવવામાં આવેલ છે. પરિણામસ્વરૂપે જ્યારે આ ડિરેક્ટરી લોકોના હાથમાં આવશે ત્યારે અમદાવાદ સ્થિત કચ્છીઓ ક્યા ક્યા વ્યવસાયમાં કાર્યરત છે તેની સંપૂર્ણ માહિતી સાંપડી શકશે. દરેક કચ્છી પોતાની જરૂરિયાત મુજબના કચ્છી વ્યવસાયિકનો સંપર્ક સાધી શકશે અને તેના કારણે કચ્છીથી કચ્છીનું વ્યાપાર-વાણિજ્ય પણ વિકસી શકશે. વધારામાં આ ડિરેક્ટરીમાં કચ્છી બંધુઓ કે જેઓ સરકારશ્રીના વિવિધ વિભાગોમાં ઉચ્ચ સ્થાને બિરાજી કાર્યરત છે, તેની માહિતી પણ મૂકવામાં આવશે કે જેના કારણે જે-તે કચ્છીને સરકારશ્રીના જે-તે વિભાગની જરૂરિયાત પડે અને તે વિભાગમાં કચ્છી ઓફિસરનો સંપર્ક સાધવામાં આવે તો તે કામની સરળતા વધવાની શક્યતા વિશેષ પ્રમાણમાં બની શકે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને ટ્રસ્ટ મંડળે શ્રી કચ્છી સમાજ-અમદાવાદની કચ્છી યેલો પેજીસ પ્રવૃત્તિને બિરદાવેલ હતી અને એ પ્રવૃત્તિમાં સાથ આપવા નીચે મુજબની ત્રણ વ્યક્તિઓને તે જવાબદારી સુપરત કરવામાં આવેલ હતી, કે જેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્યોના ફોર્મ ભરાવવામાં ઉપયોગી થઇ શકે અને એ પ્રકારના ફોર્મ્સ ભરાવવામાં શક્ય બધા જ પ્રયાસો આદરે.

૧. શ્રી હીરજી પાસુ શાહ (કન્વીનરશ્રી)
૨. શ્રી કાંતિલાલ વેલજી સાવલા (સભ્ય)
૩. શ્રી કાંતિલાલ રામજી શાહ (શ્રી કે.આર. શાહ) (સભ્ય)

ત્યારબાદ ડિરેક્ટરીના ખર્ચને પહોંચી વળવા જાહેરાત એકત્રિત કરવામાં પણ સહભાગી બનવું જરૂરી બની રહેશે.

## રજનીશજીએ ઉદ્બોધેલા પ્રવચનમાંથી

સૌંદર્યનો કોઇ અર્થ હોતો નથી અને એટલા માટે તો એ સુંદર છે. તમે સૂર્યાસ્ત જુઓ છે અને ચકિત થાઓ છો. એનું સૌંદર્ય તમને મુગ્ધ કરે છે, પણ આવે વખતે કોઇ મૂરખ માણસ તમને એવો સવાલ પૂછે કે આ સૂર્યાસ્તનો અર્થ શું? તો તમારી પાસે એનો કોઇ જવાબ નથી. એક સુંદર ફૂલ, એક સુંદર ચિત્ર, કાનને અને પ્રાણને રોમાંચિત કરી મૂકે છે એવું સંગીત, કોઇ નાજુક સુંદર કવિતા- આ બધાનો અર્થ શું? તો આ પ્રશ્ન વિશે ચર્ચા ન કરી શકાય. આ બધાની વચ્ચે સતત જીવતા રહેવું અને દરેકમાં અર્થ ન શોધવો. માત્ર તર્કને રવાડે ન ચડવું, જે કંઇ આંખ સામે આવે એને મન ભરીને માણવું અને હૃદયથી જાણવું એનું નામ જિંદગી છે. ધર્મનું કામ તમને વિભિન્ન કરવાનું નથી, પણ તમને એક કરવાનું છે. કરુણતા એ છે કે ધર્મ તમને જુદા કરે છે. જે અખિલાઇનો અનુભવ આપે એને ધર્મ કહેવાય. સત્ય સત્ય જ છે. એ હિંદુ નથી કે ક્રિશ્ચિયન નથી.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી/ફેબ્રુઆરી - ૨૦૧૦

- **બુધવાર, તા. ૨૭-૧-૨૦૧૦**

☆ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર ‘તબીબી સહાય સમિતિ’ની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી અશ્વિનભાઇ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી નરેન્દ્રભાઇ ખોના, શ્રીમતી દેવીન્દ્રાબહેન શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. આજની સભામાં સાંજની હોમિયોપેથિક ઓ.પી.ડી. બંધ કરવા વિશે, ડૉક્ટર ઇન્સેન્ટિવ માટે થોડો અભ્યાસ કર્યા બાદ તેને રિવાઇઝ્ડ કરવા વિશે, ગાયનેક વિભાગમાં નવા ડૉક્ટરની નિમણૂક વિશે, રૂમ નં. ૩૦૪માં પાર્ટીશન કરાવી બે ડૉક્ટર બેસી શકે તેવી વ્યવસ્થા કરવા બાબતે, તા. ૧૪-૨-૨૦૧૦ના ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજવા માટે, મેડિકલ પી.આર.ઓ. નિનાદભાઇ દેસાઇ પાસેથી રિપોર્ટ મેળવવા બાબતે તથા પેઇન ક્લિનિક ચાલુ કરવા બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગઇકાલના ‘આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારોહ’ના કાર્યક્રમના અનુસંધાને વિવિધ કાર્યકરો વચ્ચે વિશ્લેષણાત્મક ચર્ચા ચાલતી રહી.

- **ગુરુવાર, તા. ૨૮-૧-૨૦૧૦**

☆ ભક્તિ સંગીતની કેસેટસ માટે શ્રી અશોક મહેતા તથા શ્રી રજનીભાઇ પારેખે, શ્રી ગિરીશભાઇ શાહને ત્યાં જઇ કેસેટસ બનાવવા વિશે જરૂરી નિર્ણયો લીધેલ હતા.

☆ પુરસ્કાર સમિતિના કન્વીનર શ્રી પંકજભાઇ ગોગરી સાથે તેમની સમિતિની ‘પારિતોષિક યોજના’ઓ વિશે શ્રી અશોકભાઇ મહેતાએ જરૂરી ચર્ચા કરેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૯-૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતે ‘ભવન સમિતિ’ તથા ‘ખરીદ સમિતિ’ની એક મિટિંગ મળેલ હતી. કે જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી રમણીકભાઇ ગોસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિનેશ મહેતા તથા શ્રી દિનેશ શાહ ઉપસ્થિત રહેલ હતા. ગીતા મંદિર પરના સેવા ભવનના ડૉમ સ્ટ્રક્ચરના થર્મોકોલ રિપેરિંગ, શ્રી કચ્છી જૈન ભવન પરના ફિઝિયોથેરાપી સેન્ટરમાં પડદા લગાવવા બાબત તથા અન્ય બાબતે જરૂરી નિર્ણયો લેવાયેલ હતા. ત્રણે ભવન પરના ટી.વી.ની યોગ્ય માવજત કરવાનું શ્રી દિનેશ શાહને જણાવવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૧-૨-૨૦૧૦**

☆ મુંબઇની વીસા ઓસવાલ સમાજની પત્રિકામાં ‘ઉદ્‌ઘાટન સમારોહ’ની વિગતો વિશે આપવામાં આવનાર જાહેરાતની વિગતો નવનીત પબ્લિકેશન્સના શ્રી શાંતિલાલભાઇ ગાલાની જરૂરી મદદ મેળવી, તેનું ફાઇનલ સ્વરૂપ આપવામાં આવ્યું.

☆ આજે રાત્રે શ્રી અશોક મહેતા તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી ભચાઉ-ભુજ-ભુજપુર-ભાડિયા-ભીધડા (બિદડા)ની એક દિવસની મુલાકાતે કચ્છ જવા નીકળ્યા.

- **મંગળવાર, તા. ૨-૨-૨૦૧૦**

☆ શ્રી અશોક મહેતા તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ ભચાઉમાં શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીની ‘અણુશક્તિ કેમિકલ્સ એન્ડ ડ્રગ્સ’ ફેક્ટરીની મુલાકાત લીધેલ કે જ્યાં લગભગ ૨૫૦ વર્કર્સ કામ પર લાગેલ છે. ત્યારબાદ તેઓએ ભુજ ખાતે અભિયાન સંસ્થામાં શ્રીમતી સુષ્મા આયંગર તથા શ્રી લાલ રાંભિયા સાથે (૧) બિહારમાં અંદાજિત રૂા. ૫ કરોડના ખર્ચે ૧૦૦ બેડની હોસ્પિટલ સ્થાપવા અંગે તથા (૨) ભુજપુરમાં બી.પી.એલ. વ્યક્તિઓ માટે ૯૦ મકાન બનાવવા અંગે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ શ્રી અશોક મહેતા, શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી તથા શ્રી લાલ રાંભિયા ભુજના ગડા ગામમાં આવેલ શ્રી હરીશભાઇ નાગડાની સર્જન બાયોટેક પ્રા. લિ. (ટીસ્યુ કલ્ચર લેબોરેટરી)ની મુલાકાત લીધેલ. ત્યારબાદ આ ટીમે ભુજપુર જઇ, ભુજપુર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મહેન્દ્રભાઇ ગઢવીની મુલાકાત લઇ, અહીં બનાવવામાં આવનાર ૯૦ બી.પી.એલ. કુટુંબોના મકાન વિશે વિગતવાર ચર્ચા કરેલ. ૯૦૦ ચો. ફૂટના પ્લોટ પર કમ્પાઉન્ડ વૉલ તથા ૨૦૦ ચો. ફૂટના મકાનના બાંધકામનો એસ્ટીમેટ જે રૂા. ૮૦,૦૦૦/- થાય છે, તે કઇ રીતે ઇકોનોમાઇઝ થઇ શકે, તેની ચર્ચા કરવામાં આવી. શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ આ પ્રકારના બાંધકામો ભુજપુર તથા નાના ભાડિયા સહિત પાંચેક ગામમાં શરૂ કરવાની મહેચ્છા વ્યક્ત કરેલ હતી. ત્યારબાદ નાના ભાડિયા જઇ ત્યાંની સ્કૂલની મુલાકાત લીધેલ. ત્યાંના પ્રિન્સિપાલ સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવી. શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી, શ્રી લાલ રાંભિયા, વગેરેના ગ્રૂપે અહીં જે આદર્શ શાળા સ્થાપી (ધોરણ ૮ થી ૧૨ના અંદાજિત ૪૦૦ વિદ્યાર્થીને વિના મૂલ્યે ભણાવવામાં આવે છે તેટલું જ નહીં, પરંતુ આજુબાજુના ગામોમાંથી ભણવા આવતી કન્યાઓને તેમના ટ્રાવેલ ખર્ચના ૫૦ ટકા, સામેથી શાળા તરફથી ચૂકવવામાં આવે છે.) તથા ગામમાં કરેલ ગટર યોજના વગેરેની માહિતી મેળવી તાજ્જુબ થઇ જવાય તેવી

*પાપને છુપાવવું કે પાપને સહી લેવું એ મહાપાપ છે.*

વિગતોની નોંધ કરવામાં આવી. ત્યારબાદ બિદડા જઇ બિદડા સર્વોદય હોસ્પિટલમાં વિજય છેડા, શ્રી લીલાધરભાઇ ગડા, શ્રી જયંત ગડા વગેરેની મુલાકાત લઇ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર તા. ૩-૨-૨૦૧૦**

☆ શ્રી આણંદજીભાઇ વીરા તથા શ્રી અશોક મહેતાએ આજરોજ શણગાર ડેકોરેટર્સવાળા શ્રી સમીરભાઇ શાહ સાથે બેસી, 'આવાસ યોજના-ઉદ્‌ઘાટન સમારોહ'ના તેમના ડેકોરેટર્સ તરીકેના આવેલ બિલ અંગે ચર્ચા કરી, આ બિલના એમાઉન્ટને શક્ય ઘટાડવા ચર્ચા કરેલ હતી. જમણવાર સમિતિના કન્વીનર શ્રી કિશોરભાઇ લાલકાએ શણગારના જમણવાર અંગેના બિલની ચર્ચા શ્રી સમીરભાઇ સાથે કરેલ હતી.

- **બુધવાર, તા. ૩-૨-૨૦૧૦**

☆ આજરોજ 'ભવન સમિતિ'ના શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઇ પારેખ તથા શ્રી બાબુભાઇ મહેતાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગની મુલાકાત લઇ, લિફ્ટ રિપેર થયા બાદની તેની પરિસ્થિતિ, લિફ્ટનું લાઇસન્સ, ઍક્વાગાર્ડની સર્વિસ વગેરે બાબતે યોગ્ય નિર્ણયો લઇ, ત્યાંના સ્ટાફને જરૂરી સૂચનો કરેલ હતા.

- **ગુરુવાર, તા. ૪-૨-૨૦૧૦**

☆ બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી તરફથી 'નોઇઝ પોલ્યુશન' બાબતે ફરિયાદ થયેલ હોવાથી પોલ્યુશન કંટ્રોલ બોર્ડના શ્રી તાવડિયા તથા શ્રી પરમાર ભવન પર આવેલ હતા. શ્રી અશોક મહેતાએ તેમની સાથે ચર્ચા કરેલ હતી. કીચનની એક્ઝોસ્ટ ડક્ટની મોટરનો અવાજ ઘટાડવા તેઓએ જણાવેલ. સીસ્ટમ ડિઝાઇનના શ્રી કુશાંગભાઇને બોલાવી આ બાબતે જરૂરી પગલાં લેવા તેમને જણાવવામાં આવ્યું.

☆ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન (પશ્ચિમ ઝોન)માંથી શ્રી ઉમેશભાઇ વગેરે અમુક બાંધકામ હટાવાયું કે નહીં તેનું નિરીક્ષણ કરવા શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. શ્રી કાંતિભાઇ સાવલાએ તેમની સાથે ચર્ચા કરેલ હતી. શ્રી હિમાંશુ નાણાવટીએ પણ આ બાબતે ભવન પર આવી જરૂરી ચર્ચા કરેલ હતી.

- **શનિવાર, તા. ૬-૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ દંડ, શ્રી કાંતિભાઇ સાવલાને ત્યાં જઇ, તેમના પુત્રવધૂશ્રીએ યોજેલ મહિલા સંમેલનની વિગતો જાણી. મ્યુનિસિપાલિટીમાં અભ્યાસ કરતા બાળકોના ગણિત, અંગ્રેજી વગેરે વિષયે વિદ્યાર્થી વધુ પારંગત થાય તે માટે કરવામાં આવનાર ખર્ચની સામે ફંડ એકત્રિત કરવાનો આ સંમેલનનો હેતુ હતો. આ સંમેલનમાં સામાજિક પ્રતિષ્ઠા ધરાવતા ઘરાનાની અનેક બહેનો ઉપસ્થિત રહેલ હતી.

- **રવિવાર, તા. ૭-૨-૨૦૧૦**

☆ આજરોજ ટ્રસ્ટ મંડળની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે અંદાજિત ૧૫ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારોહના યોજાઇ ગયેલ કાર્યક્રમોનું વિહંગાવલોકન કરવામાં આવેલ હતું. આવાસ યોજનાના સંતોષજનક બાંધકામ માટે તેની સમિતિના કાર્યને બિરદાવવામાં આવેલ હતું. ઉદ્‌ઘાટન સમારોહ સારી રીતે સંપન્ન થતા તેની પાછળ મહેનત કરનાર સર્વ કાર્યકરોને ધન્યવાદ આપવામાં આવેલ હતા. ૧૦૮ જૈન વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલ પ્રોજેક્ટ હાથ પર લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેડિકલ સેન્ટર માટે નવું સોનોગ્રાફી મશીન તથા નવું એક્સ-રે મશીન ખરીદી લેવા નિર્ણય લેવામાં આવેલ હતો. આવતા દિવસોમાં કચ્છની બહાર વસવાટ કરતા ગુજરાતભરની કચ્છી જૈન સંસ્થાઓનું એક સંમેલન, શ્રી કચ્છી જૈન ભવન, અમદાવાદ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૮-૨-૨૦૧૦**

☆ આવાસ યોજનાના બાકી રહેતા ૪ ફ્લેટસની સામે આવેલ ૧૦ જેટલી નવી અરજીની ચકાસણી કરવા, આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નવીન વેરશી હરિયા, શ્રી હસમુખભાઇ ખાંડવાલા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર એકત્રિત થયેલ હતા. દરેક અરજીની ચકાસણી કર્યા બાદ, સહુથી વધુ જરૂરિયાતવાળી ૪ અરજી નક્કી કરવામાં આવેલ હતી અને પ્રથમ આ ૪ વ્યક્તિઓને તા. ૧૩-૨-૨૦૧૦ના શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજે બપોર પછી શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી જયેશ શાહ (મુદ્રા પ્રિન્ટર્સ) ઇન્ડોસેમ હાઉસમાં શ્રી શાંતિલાલ છગનલાલ શાહ પાસે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની જાહેરાતની મેટર લેવા રૂબરૂ ગયેલ હતા. આ સમયે શ્રી શાંતિભાઇ સાથે અનેકવિધ પ્રશ્ને રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૧૦-૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કાંતિભાઇ સાવલાએ આવાસ યોજનાના મુંબઈ સ્થિત અનેક ડૉનર્સને આવાસ યોજનામાં સહકાર આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવા ફોન કરેલ હતા. તેઓને આપેલ ડોનેશન્સ સામે બનાવવાની રસીદના નામો અને ઘરનું સરનામું પણ માંગેલ કે જેથી તેમના ઘેર મંગલ મંદિર મોકલી શકાય. આ સમયે રાયધણજરવાળા શ્રી મીઠુભાઇએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓના ઊંડાણમાં ઊતરી ખૂબ જ પ્રોત્સાહજનક વાતો કરેલ હતી.

- **શનિવાર, તા. ૧૩-૨-૨૦૧૦**

☆ આવાસ યોજનાના બાકી રહેતા ૪ ફ્લેટ્સ સામે આજે નવી આવેલ ૧૦ અરજીમાંથી તથા બાકી રહેતી અરજીઓમાંથી ૪ લાભાર્થીને ભવન પર બોલાવવામાં આવેલ હતા. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ.

*પુસ્તક કરતાં અનુભવની શાળામાં વધુ જ્ઞાન મળે છે.*

ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહ્યા હતા. બે લાભાર્થીને ફ્લેટ ફાળવવામાં આવેલ હતા. બે ની અરજી આગળ ચર્ચા-વિચારણા કરવા પેન્ડિંગ રાખવામાં આવેલ હતી.

☆ આજરોજ આવાસ યોજનાના મ્યુનિસિપલ સાથેની બાકી રહેતી કાર્યવાહી કરવા શ્રી લક્ષ્મીચંદ વીરા સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહ, શ્રી અમૃતલાલ ગજ્જર પાસે ગયેલ હતા અને તેમની સાથે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

☆ મંગલ મંદિર માટે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે જરૂરી સ્થાનિક ફોન કરી, કેટલીક જાહેરાતો અંગે નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૧૪-૨-૨૦૧૦**

☆ આજે શ્રી હરખચંદ સાવલા તથા શ્રી બકુલ ગાલા (દુબઈ - છસરા) સાથે કેટલીક જનરલ ચર્ચા કરવામાં આવેલ હતી. અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

☆ શિક્ષણ તથા ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન કે. શાહ સાથે શ્રી અશોક મહેતાએ જરૂરી ચર્ચા કરી, આ સમિતિની વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની કાર્યવાહીની રૂપરેખા નક્કી કરવામાં આવેલ હતી અને તે પ્રમાણે મંગલ મંદિરના માર્ચ-૨૦૧૦ના અંકમાં જરૂરી વિગતો પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૧૫-૨-૨૦૧૦**

☆ શ્રી અશ્વિનભાઈ ઝિંઝુવાડિયા આજે મુંદ્રા - કચ્છથી શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને શ્રી અશોક મહેતાએ ગુજરાતભરની નર્મદા કેનાલ યોજના વિશે ચર્ચા કરેલ હતી. આ બાબતે તેઓની સમિતિએ તૈયાર કરેલ ૨૫૦ પાનાના રિપોર્ટ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૮-૨-૨૦૧૦**

☆ આજરોજ સુરતથી શ્રી કિરણભાઈ ધરમશી પારેખ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. સુરતમાં ઊભા કરવામાં આવનાર સંકુલ અંગે શ્રી અશોકભાઈ મહેતાએ તેમની સાથે જરૂરી વિગતોની ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા સાથે શ્રી અશોક મહેતાએ સમાજવાડી સમિતિની આગળની કાર્યવાહી બાબતે તથા ભદ્રેશ્વર પ્રોજેક્ટ અંગે કેટલીક નિર્ણયાત્મક ચર્ચાઓ કરેલ હતી.

- **શનિવાર, તા. ૨૦-૨-૨૦૧૦**

☆ આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે ઈતિહાસ આલેખન અંગે ડૉ. કાંતિભાઈ ગોર તથા શ્રી શશીકાંત ઠક્કર સાથે ચર્ચા કરેલ હતી.

☆ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે ભુજ ખાતે શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા સાથે ભુજમાં આર્કિટેક્ચરલ કૉલેજના પ્રોજેક્ટ રિપોર્ટ અંગે જરૂરી ચર્ચાઓ કરેલ હતી.

☆ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે આજે કચ્છ મ્યુઝિયમ - ભુજની મુલાકાત લઈ, ત્યાંના ક્યુરેટર શ્રી સતીસ સદાશિવન સાથે મ્યુઝિયમમાં જર્જરિત થયેલ કચ્છ ગેઝેટ્સના ૬૦ વોલ્યુમ બાબતે જરૂરી ચર્ચા કરેલ હતી. વર્ષ ૧૮૩૨થી વર્ષ ૧૯૬૦ સુધીના ૬૦ વોલ્યુમ માટે હવે પછી ડિજિટલ ડી.વી.ડી. બનાવી, તેને પ્રિઝર્વ કરવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. અમદાવાદના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર કચ્છ આર્ટ ગેલેરી કઈ રીતે બનાવી શકાય અને તેમાં કચ્છ વિશેની કઈ માહિતીઓ તથા ફોટા મૂકી શખાય એ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. આ અંગે માધાપર સ્થિત ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ સાથે પણ મુલાકાત ગોઠવી, જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૨૨-૨-૨૦૧૦**

☆ આજરોજ ગર્લ્સ હોસ્ટેલ માટે ૧૨૬૦ ચો.વારનો એક પ્લોટ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ ડ્રાઈવ-ઈન રોડ પર જોઈને તેના જરૂરી પેપર્સ મંગાવેલ હતા. એ પેપર્સ આવી ગયે આગળની કાર્યવાહીની ચર્ચા-વિચારણા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## યોગ અને પ્રાણાયામ — જૈન માર્ગીની પરિસ્થિતિ

પ્રાચીનકાળથી જ જૈનમાર્ગી સાધુ-સાધ્વીઓ યોગ અને પ્રાણાયામ જાતે કરતા નથી અને પોતાના શિષ્યો તથા અનુયાયી શ્રાવક-શ્રાવિકાઓને પ્રાણાયામ કે યોગ કરવાનો ઉપદેશ પણ આપતા નથી. એક સજ્જને મને કહેલું કે જૈન માર્ગમાં પ્રાણાયામ અને યોગનો નિષેધ કરવામાં આવ્યો છે.

જો આ વાત સાચી હોય તો આ પ્રકારના નિષેધનું કોઈક વૈજ્ઞાનિક કારણ જરૂર હોવું જોઈએ.

આજે સમગ્ર જગતમાં યોગ અને પ્રાણાયામનો એક અસરકારક શારીરિક તથા માનસિક મુશ્કેલીઓના ઉપચાર તરીકે સ્વીકાર થવા લાગ્યો છે. ઈસ્લામ માર્ગીઓ શરૂઆતમાં યોગ અને પ્રાણાયામને અન્ય માર્ગીઓનું સર્જન છે એમ માનીને એની ઉપેક્ષા અને ઈન્કાર કરતા હતા તેઓ પણ હવે આ એક પ્રકારની શરીર તથા મનને ફાયદાકારક કસરત છે એને મજહબ સાથે કશોજ સંબંધ નથી એમ સ્વીકારતા થયા છે.

અને એટલે જૈનમાર્ગીઓના ઈન્કારનું વૈજ્ઞાનિક કારણ જાણવા મળે તે જરૂરી છે. જે સજ્જન-સન્નારીને આ વિષયમાં કશી જાણકારી હોય તો તે સૌ જૈનોના લાભાર્થે મંગલ મંદિરને લખી જણાવવા ખાસ અપીલ છે.


***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*સન્માન કરાય તો કરજો, અપમાન તો ન જ કરજો.*


# ઉડતી નજરે....

## જાન્યુઆરી-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............<br>કે જેમાંથી | **૭,૮૩૪** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ **૩૬૭** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ **૨૧** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ............ **૨૬** | |
| | (ગ) | સોનોગ્રાફી ............ **૪૨૬** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ............ **૧૨** | |
| | (ચ) | બોડી ચેક-અપ ............ **૨૦૨** | |
| | (છ) | અન્ય ............ **૬,૭૮૦** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ............ **૯૧.૫૬%** | **૨,૦૯૦** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૮૫૯** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ............ **૮૧.૫૭%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૬૨૩** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ............ **૫૪.૩૯%** | |
| ૫. | | જાન્યુઆરી-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | **૧૧,૪૦૬** |



આંખમાં કંઈ પડે તો ખરાબ
આંખ ક્યાં લડે તો ખરાબ
આંખ જાય તો પણ ખરાબ
આંખ આવે તો પણ ખરાબ
આંખ મિંચાય તો પણ ખરાબ
ચક્ષુદાન કરવા જ – આંખ ન ઉઘડે તો પણ ખરાબ.



**ચક્ષુદાન – મહાદાન**

*ગયા અંકમાં આપેલ ચક્ષુદાન - દેહદાનના ફોર્મ્સને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જો આપશ્રીએ ફોર્મ ન ભર્યા હોય તો વહેલીતકે ભરી શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવી આપવા વિનંતી કરવામાં આવે છે.*

*કન્વીનર, અવયવદાન-ચક્ષુદાન સમિતિ*

*ગુણવાન બનવું હોય તો ગુણગ્રાહી બનતા શીખો.*